કુમાર

સંસ્થાપક: રવિશંકર રાવળ · વર્ષ ૫૨મું · અંક ૧૦મો · ઑક્ટોબર ૧૯૭૫ · સળંગ અંક ૬૨૨

તંત્રી · બચુભાઈ રાવત



મહાશક્તિ · ચિત્રકાર: વાસુદેવ સ્માર્ત · ચિત્રપરિચય માટે જુઓ આ અંકની 'કલાવાર્તા'

કુમાર

ઑક્ટોબર ૧૯૭૫ · અંક ૬૨૨

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧
વાર્ષિક લવાજમ: રૂ.૨૪-૦૦; પરદેશ: રૂ.૪૦ યા પાઉન્ડ ૨ યા ડૉ. ૫-૫૦; છૂટક નકલ: રૂ.૨-૫૦

વાચકો લખે છે...

દીપાવલી-મંગલમ્

धान्यानां कणिशैः रम्या
धरा पुलक-संकुला ।
सरसी च कुमुदाकीर्णा
निजामोदं प्रकाशते ॥

मुग्धा केदार-मञ्चेषु
गायन्ती गोप-नन्दिनी ।
शारदी संपदा भव्या
जायतां शर्म दायिनी ॥

यशो वै वर्धतां शश्वत्
जनानां शील-शालिनाम् ।
गंधाढ्यैः दीपपुष्पैश्च
महितं भुवनत्रयम् ॥

प्रज्ञा-प्रकाश-विशदं सुधियां मतो वै
सारस्वती विजयते सुषमा निकामम् ।
रम्या मही विलसतां फल पुष्प-वृन्दैः
दीपावली सुमनसां मुदमातनोतु ॥

(पोरबंदर) —विद्यालंकारः शंकरदेवः ।

ગાયકવાડ

'શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ' (પ્રા. નરોત્તમ વાળંદ–અંક ૬૧૯) ગમ્યું; પણ 'ગાયકવાડ' શબ્દ વિશે જિજ્ઞાસા રહી ગઈ. 'મરાઠાવાડ'ની માફક 'ગાય-વાડ', 'સાવંત-વાડ' એમ સંભવતઃ સ્થાન વિશેષ પરથી 'ગાયકવાડ' હશે. કોઈ મિત્ર પ્રકાશ પાડશે તો આનંદ થશે.

પ્રસ્તુત ચરિત્રમાં 'સયાજી વૈજ્ઞાનિક કોશ', 'મરાઠી જ્ઞાનકોશ' તથા 'પારિભાષિકશબ્દકોશ'-ના ઉલ્લેખો પણ રસપ્રદ બની રહ્યા. (આપણે ત્યાં હમણાં 'સંબોધિ' એપ્રિલ '૭૫માં તથા 'વિદ્યાપીઠ' મે-જૂન '૭૫માં આવા કોશો વિષે વિસ્તારથી છે) આ કોશોનો સમાવેશ 'સયાજી-શાસન શબ્દ કલ્પતરુ'માં થાય છે કે બધા સ્વતંત્ર કોશો છે?*

(પોરબંદર) —નરોત્તમ પલાણ

[* અમારી માહિતી પ્રમાણે 'સયાજી શાસન શબ્દ કલ્પદ્રુમ' એ administrative terms—રાજવહીવટી અંગ્રેજી શબ્દો માટેના ગુજરાતી-મરાઠી-હિંદી પર્યાયોનો કોશ છે.]

ગુપ્તકાળનાં શોભાંકનોની ચર્ચા કરતાં શ્રી જગદીશ ગાંધીએ 'કુમાર' માર્ચ '૭૫માં રાજવંશોનો જે તે કાળ દર્શાવ્યો તે અપૂર્ણ અને ખોટો હોવાની વાત શ્રી ઢાંકી 'કુમાર' જુલાઈ '૭૫માં કરે છે પણ તપાસ કરતાં જણાય છે કે આ બાબતમાં શ્રી ઢાંકી જ યોગ્ય નથી. તેઓશ્રી અતિશય ઝીણું કાંતવા ગયા છે, પણ શ્રી ગાંધીનો હેતુ જે તે રાજવંશ ક્યાંથી ક્યાં સુધી હતો તે દર્શાવવાનો જણાતો નથી. શ્રી ગાંધી તો એક બિન્દુ દર્શાવીને કહેવા માગે છે કે આ સમયમાં મધ્યકાલીન શોભાંકનો પાંગર્યાં. વળી શ્રી ઢાંકી 'ઇતિહાસાનુસાર' જે કાળક્રમ રજૂ કરે છે તેમાં પણ ભૂલ થઈ છે. દા. ત. ચંદેલને શ્રી ઢાંકી ૯મીથી ૧૨મી સદી ગણાવે છે પણ ચંદેલનો છેલ્લો રાજા હમ્મીરવર્મન ૧૪મી સુધી ચાલુ છે! (જુઓ, એન સી બોઝ: 'History of the Candellas.') શ્રી ગાંધીએ 'બંગાલ: સેન' સૂચવ્યું તો શ્રી ઢાંકી કોઈ મહાન ભૂલ કાઢતા હોય તેમ પોતાની તાલિકામાં 'સેન' કરે છે! અને આમ કરવાથી બીજી ભૂલ પેસી ગઈ છે. 'સેન'થી 'બંગાલ: સેન' તેમજ બંગાલ: સેન'ના કર્ણાટકી પૂર્વજો એવા 'મૈસૂર: સેન' બન્ને સૂચવાઈ જાય છે અને 'મૈસૂર: સેન' ૧૨મી સદીમાં નથી વળી શ્રી ગાંધીને બંગાળમાં તપતા ઉપર આવેલા એવા 'બંગાલ: સેન' જ અભિપ્રેત છે.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

સિદ્ધરાજની પદયાત્રા

સિદ્ધરાજની પદયાત્રા વિષે શ્રી મધુસૂદન ઢાંકી 'હેમચંદ્રથી લઈ અન્ય પ્રબંધકારોનાં સિદ્ધરાજે શત્રુંજય તેમજ ગિરનારની યાત્રા કર્યાનાં પ્રામાણ્ય વિધાનો છે.' ('કુમાર' ૬૧૧) એવી જે વાત રજૂ કરે છે, તેની તપાસ કરતાં સિદ્ધરાજની પદયાત્રા વિષે 'દ્વયાશ્રય' સર્ગ: ૧૫માં આચાર્ય શ્રી હેમચંદ્રનું આવું વિધાન પ્રાપ્ત થાય છે: 'સિદ્ધરાજ પગે ચાલીને લંકાધિપતિ વિભીષણ સાથે ગિરનાર ગયો ને ત્યાં નેમિનાથની પૂજા કરી. પછી વિભીષણને રજા આપી પોતે તે જ રીતે પગે ચાલીને શત્રુંજય ગયો.' પૌરાણિક માન્યતા મુજબ હનુમાન, અશ્વત્થામા વગેરેની જેમ વિભીષણને પણ કલ્પજીવી (એક કલ્પ જીવનારા) માનવામાં આવે છે એટલે વિભીષણ સિદ્ધરાજને રસ્તામાં મળી ગયા! સિદ્ધરાજ વિભીષણની સાથે જ પદયાત્રા કરતો ગિરનાર ઉપર નેમિનાથનાં દર્શને આવ્યો! શ્રી ઢાંકી આને પ્રામાણ્ય વિધાન માને છે!!

(પોરબંદર) —નરોત્તમ પલાણ

'કુમાર' નવેમ્બર '૭૪ 'વાચકો લખે છે'માં શ્રી મધુસૂદન ઢાંકીએ ગિરનાર પરનું નેમિનાથ મંદિર સૌરાષ્ટ્રના દંડનાયક સજ્જને ઈ. ૧૧૨૯માં બંધાવ્યાની વાત જૈન ગ્રંથોને આધારે કરી. માત્ર ગ્રંથો, અને તેય કાવ્યગ્રંથો ને તેય ધાર્મિક હેતુથી લખાએલા ગ્રંથોને પ્રમાણભૂત માની શકાય નહિ. આપણે ત્યાં એક કરતાં વધારે વાર, અનેક ઇતિહાસલેખકો દ્વારા આવા ગ્રંથોના પ્રમાણત્વ વિષે શંકા કરાએલી છે. જો શ્રી ઢાંકી એ મંદિરને પુરાતત્ત્વની દૃષ્ટિએ ઈ. ૧૧૨૯નું સિદ્ધ કરી દર્શાવે તો સ્વીકાર્ય બને.

અત્યાર સુધી જે હકીકત છે તેની વાત કરું તો ગિરનાર ઉપરથી હજુ સુધી આ સમયનો એક પણ લેખ પ્રાપ્ત નથી, તેમજ ગિરનારના આ નેમિનાથ મંદિરને ડૉ. બર્જેસ તથા ડૉ. સાંકળિયા જેવા તજ્જ્ઞો ઈ. સ. ૧૨૭૮ના ત્યાં પ્રાપ્ય એક લેખને આધારે રિપેર થયાનું કહે છે. અતઃ સાંપ્રત નેમિનાથ મંદિર ઈ. સ.ની તેરમી સદીના અંત ભાગનું છે.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

'મગી' બ્રાહ્મણો

આજે ભારતમાં પ્રચલિત સૂર્યપૂજામાં બે પરંપરાઓ દેખાય છે: ભારતની પોતાની જ પ્રાચીન કાળથી ઊતરી આવેલી સૂર્યપૂજા અને પાછળથી—ઈ. સ.ની આજુબાજુ—ઈરાનથી આવેલી સૂર્યપૂજા. ભારતીય પૂજા આકાશસ્થિત દેવતાની હતી, ઈરાનવાળી પૂજામાં સૂર્યની 'મૂર્તિ'નો પણ સમાદર હતો. આજે આ બન્ને એકબીજામાં વણાઈ ગએલા સ્વરૂપે દેખા દે છે.

ઈ. સ.ની આજુબાજુ ઈરાનથી જે સૂર્યપૂજા આવી તેની સાથે થોડાક પારસીઓ પણ આવ્યા. આ પારસીઓને અહીંના લોકોએ 'મગી' બ્રાહ્મણ તરીકે ઓળખાવ્યા. આ પારસીઓએ ધર્મપરિવર્તન નથી કર્યું. પણ તેઓનો ધર્મ અહીંના સૌરપંથી બ્રાહ્મણોના ધર્મ જેવો હોવાને કારણે તેઓ તે વર્ગ સાથે વિશેષ હળતા-મળતા થએલા સૂર્યપૂજા ને બીજા અનેક ધાર્મિક ક્રિયાકાંડો પારસી ને હિન્દુમાં સમાન છે. આથી બ્રાહ્મણ સાથે ભળવામાં કે ભેળવવામાં બેમાંથી કોઈ પ્રજાને ધર્મપરિવર્તનની કઠિનતાનો સામનો કરવો પડ્યો નથી (બન્ને ધર્મની પરસ્પર સમાનતા માટે 'ગુજરાતી સાહિત્ય પરિષદ' ૧૮મું અધિવેશન, નવસારીનો અહેવાલ જોવો.)

શ્રી પ્રફુલ્લ રાવલે અંક ૬૨૦માં 'ઉચ્ચસ્થાને બિરાજતા બ્રાહ્મણોએ પોતાની જ્ઞાતિમાં એ પરદેશીઓને કેવી રીતે સમાવિષ્ટ કર્યા હશે?' એવા કરેલા પ્રશ્નના ઉત્તરમાં, મારી જાણ મુજબ, હાલને તબક્કે તો આટલું જ કહી શકાય.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

ભગવાન મહાવીરનાં માતા

અંક ૬૨૦માં શ્રી કિશોર સી. ઠાકર 'ભગવાન મહાવીરનાં માતા ક્ષત્રિયાણી ત્રિશલાદેવી કે બ્રાહ્મણી દેવાનંદા?' એવો જે પ્રશ્ન કરે છે તેના ઉત્તરમાં જણાવવાનું કે ભગવાન મહાવીર ઈ. સ. પૂર્વે છઠ્ઠી સદીમાં થએલી ઐતિહાસિક વ્યક્તિ છે, પણ આજે પ્રચલિત તેમનું જીવનચરિત્ર પછીથી ઘડી કાઢવામાં આવ્યું છે.

જૈન, બૌદ્ધ, હિન્દુ પરસ્પર હરીફ ધર્મો હતા. હિન્દુ ધર્મે ભગવાન શ્રી કૃષ્ણનું જે આકર્ષક જીવન-ચરિત્ર સર્જ્યું તેને કારણે તે ધર્મ અતિ લોકપ્રિય બનવા લાગ્યો. હિન્દુ ધર્મની સામે આ હરીફાઈમાં ટકવા માટે જૈન ધર્મે શ્રીકૃષ્ણને અનુસરતું મહાવીરનું ચરિત્ર રચ્યું છે. ભગવાન શ્રીકૃષ્ણને જન્મદાત્રી તથા પાલક એવી દેવકી અને જશોદા એમ બે માતાઓ છે, આવી જ રીતે ભગવાન મહાવીરને ગર્ભધારિણી તથા પાલક એવી દેવાનંદા બ્રાહ્મણી અને ક્ષત્રિયાણી ત્રિશલાદેવી એમ બે માતાઓ છે.

શ્રીકૃષ્ણકથામાં બલરામનું ગર્ભપરિવર્તન, જશોદાની નવજાત પુત્રીનું પરિવર્તન અને ખુદ શ્રીકૃષ્ણનું દેવકીથી જશોદા પાસે પરિવર્તન છે, આવી જ રીતે મહાવીરનું પણ દેવાનંદાથી ત્રિશલામાં ગર્ભપરિવર્તન છે અને ત્રિશલાના પુત્રીગર્ભનું દેવાનંદામાં પરિવર્તન છે: અતઃ મહાવીરનાં માતા તરીકે બન્ને નામ યોગ્ય છે.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

તુક્કો !

'કુમાર'માં ચાલી રહેલી ઇતિહાસ-પુરાતત્ત્વ વિષયક ચર્ચાઓ બાબત અંક ૬૨૦માં શ્રી દેવજીભાઈ વાજા 'ઇતિહાસ પુરાતત્ત્વમાં નર્યા તુક્કાઓ ન ચાલે' એવું વિધાન કરી 'ઇતિહાસ-પુરાતત્ત્વના અનુભવીઓ આ વિવાદને હાથમાં લે' એવી જે ઈચ્છા વ્યક્ત કરે છે તેથી ભારે આશ્ચર્ય થાય છે! એમ લાગે છે કે તેમણે આવા અનુભવીઓનાં થોડાંક નામો ગણાવ્યાં હોત તો તેમનું કહેવું તુક્કો બનતાં બચત!

હકીકત તો એ છે કે 'કુમાર'માં ચાલી રહેલી ચર્ચાઓમાં ભાગ લેનાર: ડૉ. સાંકળિયા, ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, શ્રી ઢાંકી, શ્રી મણિભાઈ વોરા, શ્રી કે. કા. શાસ્ત્રી, શ્રી કચનપ્રસાદ છાયા, ડૉ. પ્રવીણ પરીખ ઇતિહાસ-પુરાતત્ત્વના અનુભવી સજ્જનો છે. શ્રી વાજાના પત્રમાં ઇતિહાસ-પુરાતત્ત્વના ક્ષેત્રમાં હાલ કોણ કોણ અનુભવી છે તે પરત્વેનું અજ્ઞાન છે.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

જૈન તીર્થંકર અને ભગવાન મહાવીર

જુલાઈ અંકમાં 'જૈન તીર્થંકર' વિષેનો પત્ર વાંચ્યો. એમાં શ્રી પલાણે "બાથી 'જૈન ધર્મના ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથે પ્રસારેલો જૈન ધર્મ' ને 'અગાઉના ૨૩ તીર્થંકરોએ પ્રબોધેલો જૈનધર્મ' જેવાં વિધાનો ઐતિહાસિક નથી.' એવો મત દર્શાવ્યો છે. તે મત હાલ પ્રાપ્ય માહિતી પ્રમાણે ઉચિત લાગે છે. અગાઉના ૨૩ તીર્થંકરોનાં જીવન વિષેની શ્રદ્ધેય ને પ્રમાણભૂત માહિતી પ્રાપ્ય છે ખરી? એ સર્વેના અસ્તિત્વનું ઐતિહાસિક પ્રમાણ છે? આ પ્રશ્નોનો જવાબ જૈન વિદ્વાનો વિશેષ પ્રમાણભૂત રીતે આપી શકે. વર્ષો પહેલાં પાર્શ્વનાથના અસ્તિત્વ વિષે પણ શંકા ઉદ્‌ભવી હતી. તે કાળે ડૉ. યાકોબીએ ઐતિહાસિક દૃષ્ટિએ એ પરત્વે સંશોધન કરીને, કેટલાંક સમર્થ પ્રમાણો દ્વારા પાર્શ્વનાથની ઐતિહાસિકતા સિદ્ધ કરી બતાવી હતી. ત્રેવીસ તીર્થંકરો વિષે પણ ઐતિહાસિક સંશોધનની આવશ્યકતા ખરી.

થોડુંક ઉમેરણ: શ્રી ધીરુભાઈએ ભગવાન મહાવીરના જીવન વિષે જે માહિતી આપી છે તેમાં તેમના સાધક જીવનમાં પ્રથમ સાથે રહેનાર ને પછીથી પ્રતિપક્ષી થનાર ગોશાલકનો તેમજ તેમના જ શિષ્યસમુદાયમાંથી વિચારભેદે છૂટા પડીને વિરોધી પથ પ્રવર્તાવનાર તેમના જ જમાઈ ક્ષત્રિયપુત્ર જમાલીનો ઉલ્લેખ નથી. જૈન ધર્મના વિરોધક તરીકે ઉભયનો ઉલ્લેખ અનિવાર્ય નથી, પરંતુ તેમાંથી છૂટા પડી 'આજીવક સંપ્રદાય'ના પ્રચારક બન્યા હતા તે વિશેષ નોંધનીય છે.

(…મ) —પ્રફુલ્લ રાવલ

નેમિનાથ

જુલાઈના અંકમાં શ્રી નરોત્તમ પલાણનો પત્ર વાંચ્યો. તેમાં ચોવીસ તીર્થંકરના સ્થાને માત્ર ચાર જ તીર્થંકર ઇતિહાસસિદ્ધ છે તેમ જણાવ્યું છે; પરંતુ મહાવીર અને પાર્શ્વનાથ કરતાં નેમિનાથના ઐતિહાસિક હોવા વિષે શંકાથી પર રહેવું ઐતિહાસિક લાગતું નથી. મને એમ લાગે છે કે કૃષ્ણ ભગવાનની અતિ ખ્યાતિને સ્થાને નેમિનાથની કથા જૈન પ્રચારકોએ ઊપજાવી કાઢી હોય. કૃષ્ણ અને નેમિનાથ વચ્ચે જો કોઈ સમાનતા હોય તો વૈષ્ણવ ધર્મના ઉપાસકો જેમ બલરામને સ્મરણમાં રાખે છે તેમ નેમિનાથને કેમ નથી રાખતા? વળી, જૈન ધર્મની એક ખાસ ખાસિયત રહી છે કે તે ઘણુંખરું આ રીતે લાગતું-વળગતું ભેળવી દે છે.

(વીરમગામ) —કિશોર સી. ઠાકર

વડોદરાનું પ્રાચ્યવિદ્યામંદિર

'કુમાર' જુલાઈ ૧૯૭૫ના અંકમાં પ્રો. નરોત્તમ વાળંદે લખેલું શ્રીમંત સયાજીરાવ ગાયકવાડનું સુવાચ્ય જીવનચરિત્ર વાંચ્યું. સયાજીરાવ ગાયકવાડના સમગ્ર ચરિતને સુશ્લિષ્ટ સંક્ષેપમાં પ્રો. વાળંદે સમાવ્યું છે. સયાજીરાવના જીવનકાળમાં તેમજ વડોદરા રાજ્યનું વિલીનીકરણ થયું ત્યાર પહેલાં એમનાં અનેક જીવનચરિત્રો અંગ્રેજી, ગુજરાતી અને મરાઠીમાં લખાયાં છે, પણ એમની વિસ્તૃત પ્રમાણોપેત જીવનકથા તટસ્થ ઐતિહાસિક દૃષ્ટિએ લખવાનો સમય હવે પાકી ગયો ગણાય.

પ્રો. વાળંદે લખેલા ઉપર્યુક્ત જીવનચરિત્રમાં અપાએલી સયાજીરાવે પ્રેરેલી સંશોધન-પ્રકાશન-પ્રવૃત્તિને લગતી કેટલીક હકીકતો સુધારવી અપેક્ષિત હોઈ, એ પ્રત્યે વાચકોનું ધ્યાન દોરવા માટે આ પત્ર લખું છું. એથી પ્રો. વાળંદના લેખની ઉપયોગિતા વધશે એમ માનું છું. એ લેખમાં પૃ ૨૬૫-૬૬ ઉપર નીચેની કંડિકા છે:

'ઉચ્ચ કક્ષાના પ્રશિષ્ટ સાહિત્ય અને સંશોધનના પુસ્તક-પ્રકાશનની પ્રવૃત્તિને ઉત્તેજન આપવાના હેતુથી ઈ. સ. ૧૯૧૫માં ઓરીએન્ટલ લાયબ્રેરીની સ્થાપના કરવામાં આવી. પછીથી આ સંસ્થાને મધ્યવર્તી પુસ્તકાલયથી અલગ પાડીને તેનું નામ 'પ્રાચ્યવિદ્યામંદિર' અપાયું. આ સંસ્થા તરફથી અપ્રાપ્ય ગ્રંથોનું અંગ્રેજીમાં પુનર્મુદ્રણ કરવા "ગાયકવાડ ઓરીએન્ટલ સીરીઝ" શરૂ થઈ. ભાષાન્તરશાખા દ્વારા સંસ્કૃત, પ્રાકૃત અને અન્ય ભાષાના ગ્રંથોનું પ્રકાશન શરૂ થયું. એક "સંસ્કૃત પુસ્તકાલય"ની સ્થાપના પણ કરવામાં આવી.'

સંસ્કૃત પુસ્તકાલય એ વડોદરાના મધ્યવર્તી પુસ્તકાલય 'સેન્ટ્રલ લાયબ્રેરીના એક ભાગ તરીકે હતું અને ત્યાં સંસ્કૃતાદિ ભાષાના મુદ્રિત અને હસ્તલિખિત ગ્રંથોનો સંગ્રહ કરવામાં આવ્યો હતો. 'ગાયકવાડ્ઝ ઓરીએન્ટલ સીરીઝ'ના પ્રકાશનનો આરંભ પણ ત્યાંથી થયો હતો. સયાજીરાવ ગાયકવાડે સંસ્કૃત લાયબ્રેરિયન સ્વ. ચિમનલાલ દલાલને પાટણ ને જેસલમેરના હસ્તલિખિત ગ્રંથભંડારોની તપાસ માટે મોકલ્યા હતા, દલાલે જે અહેવાલ રજૂ કર્યો એના પરિણામે એ સીરીઝનો આરંભ થયો અને એનો પહેલો ગ્રંથ રાજશેખરકૃત 'કાવ્યમીમાંસા' સને ૧૯૧૬માં પ્રકટ થયો. એ સીરીઝ 'અપ્રાપ્ય ગ્રંથોનું અંગ્રેજીમાં પુનર્મુદ્રણ કરવા' માટે નહિ, પણ સંસ્કૃતપ્રાકૃતાદિ ભાષાઓના વિરલ ગ્રંથોના પ્રકાશન માટે શરૂ થઈ હતી; જો કે એવા કેટલાક ગ્રંથોનાં અંગ્રેજી ભાષાન્તરો એમાં પછીથી બહાર પડેલાં છે. 'ભાષાન્તર શાખા દ્વારા સંસ્કૃત, પ્રાકૃત અને અન્ય ભાષાના ગ્રંથોનું પ્રકાશન શરૂ થયું' એમ કહેવું બરાબર નથી. ભાષાન્તર શાખાનો આરંભ વિશેષતઃ અંગ્રેજી પુસ્તકોનાં ગુજરાતી ભાષાંતર છપાવવા માટે—એટલે કે નવું જ્ઞાન ગુજરાતીમાં ઉતારવા માટે થયો હતો, અને 'શ્રી સયાજી સાહિત્યમાળા' એ શાખા દ્વારા શરૂ થઈ હતી. સને ૧૯૨૭માં સંસ્કૃત પુસ્તકાલયને સે

પાડી 'ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ' (પ્રાચ્યવિદ્યામંદિર) એ સંશોધન સંસ્થા અલગરૂપે શરૂ કરી અને 'ગાયકવાડ્ઝ ઓરિયેન્ટલ સીરીઝ'નું પ્રકાશન પણ તે સંસ્થાને સોંપાયું. વિદ્યાધિકારી કચેરી સાથે સંલગ્ન ભાષાન્તર શાખા પણ ૧૯૩૧માં પ્રાચ્યવિદ્યામંદિરને સોંપાઈ. ઈ. ૧૯૪૯માં વડોદરા રાજ્યનું વિલીનીકરણ થતાં ને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સ્થાપના થતાં ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ એ યુનિવર્સિટીની અંગભૂત સંસ્થા બની, એ ઇતિહાસ તો પ્રમાણમાં તાજો છે.

(વડોદરા) —ભોગીલાલ જ. સાંડેસરા

પુણે (પૂના)ના સ્વ. પ્રો. ત્રિવેદી


'કુમાર' જુલાઈ '૭૫ના અંકમાં શ્રી રવિશંકર રાવળના રસમય અને વિવિધ માહિતીપ્રચુર આત્મકથાનક પ્રકરણમાં નિર્દેશેલા પુણેના પ્રો. જયશંકર ત્રિવેદી (પ્રો. જે. પી ત્રિવેદી અથવા ત્રિવેદીસાહેબના ટૂંકા નામથી સર્વત્ર પરિચિત) જેમનું આદર્શ આતિથ્ય સર્વવિશ્રુત બનેલું, તેઓ પુણેના ઍગ્રિકલ્ચર (એન્જિનીઅરિંગ નહિ) કૉલેજમાં પ્રોફેસર હતા. સરકારી કૉલેજમાં છતાં પૂરા દેશભક્ત. યરવડામાં જેલવાસી બનેલા સત્યાગ્રહીઓની તેઓ ખૂબ સારસંભાળ રાખતા. કવિઓ, લેખકો અને કેળવણીકારો ને દેશનેતાઓને માટે તેમનું ઘર અતિથિધામ જેવું હતું. જેલનિવાસી સત્યાગ્રહીઓની ઝીણી ઝીણી બાબતની સંભાળ માટે અવારનવાર તેઓ પોતાની મોટરમાં યરવડા જતા. આથી બ્રિટિશ સરકારની તેમના ઉપર વક્રદૃષ્ટિ રહેતી, તે એટલે સુધી કે તેમના ઘરની આસપાસ સી. આઈ. ડી.ના માણસો સતત નજર રાખતા. રાજદ્વારી કેદીઓ સાથે આવો ગાઢ સંબંધ રાખવા બદલ સરકારી નોકરીમાંથી તેમને શા માટે છૂટા ન કરવા એ બાબત એક વખત સરકારે ખુલાસો માગ્યો. આનો ત્રિવેદીસાહેબે વિવેકી છતાં નીડર ને સ્પષ્ટ ઉત્તર લખ્યો કે 'અત્યારની રાજદ્વારી ચળવળમાં હું ભાગ લેતો નથી. પણ ગાંધીજીને મારા પિતાતુલ્ય ગણું છું અને સઘળા આશ્રમવાસીઓને મારાં કુટુંબીજન ગણું છું. વળી જેલમાંના ઘણા કેદીઓ સાથે મારો મિત્રતાનો સંબંધ છે. મારા આ સંબંધોને રાજદ્વારી બાબતો સાથે કશી લેવાદેવા નથી. મારા એ ખાનગી સંબંધો હું સરકારના કહેવાથી છોડી શકું નહિ.' આ પત્ર પોતાની કૉલેજના પ્રિન્સિપલ સાથે સરકારને મોકલાવ્યો. પ્રિન્સિપલ અંગ્રેજ હતો, છતાં ત્રિવેદીસાહેબની સચ્ચાઈ ને નિષ્ઠા માટે તેને અનહદ માન હતું. એ પત્રમાં પોતાના તરફથી તેમણે ઉમેર્યું કે 'પ્રો. ત્રિવેદી બહુ સાચા, પ્રામાણિક ને વફાદાર ગૃહસ્થ છે. વળી પૂના શહેરમાં અને ખાસ કરીને અહીંની કૉલેજના પ્રોફેસરો ને વિદ્યાર્થીઓના એટલા પ્રીતિપાત્ર છે કે સરકાર તેમની સામે કશાં પગલાં ભરશે તો વિના કારણ આફત વહોરશે. આવા વિષમ સમયમાં તેમની સામે પગલાં ભરવાથી ઍગ્રિકલ્ચર કૉલેજ તો બંધ જ થઈ જશે એવો મને ભય છે.' કહેવાની જરૂર નથી કે સરકારે આગળ કશું જ પગલું ન ભર્યું. તેમનું વર્ધામાં મૃત્યુ થયું (૧૯૪૧) ત્યારે તેમને અંજલિ દેવા ગાંધીજી સેવાગ્રામથી વર્ધા આવેલા, ને પોતાની ખાદીની શાલ એમના મૃત દેહને ઓઢાડેલી.

(પુણે) —શશિન ઓઝા

અમારે ત્યાં

બે ગર્ભગૃહવાળું વીરમેશ્વર મંદિર—એક શિલ્પસમૃદ્ધિ

ગુજરાતના પ્રખર ચિત્રકાર શ્રી રવિશંકર રાવળ પોતાના 'આત્મકથાનક'માં નોંધે છે કે વીરમગામનું તળાવ ને તેના કાંઠે બાંધેલી દેરીઓ વગેરે પ્રાચીન સ્થાપત્યના નમૂનાઓએ મને ખરા ઇતિહાસનું દર્શન આપ્યું. એ તળાવ તે મુનસર. સ્થાનિક તેમજ ગુજરાતમાં મહદ્અંશે પ્રચલિત દંતકથાનુસાર એ સિદ્ધરાજ અથવા મીનળદેવીએ બંધાવ્યું છે. પરંતુ 'ગુજરાતમાં જે પ્રાચીન સ્થાનના કર્તાનો પત્તો ન મળે તેનું કર્તાપણું લોકો સિદ્ધરાજને માથે આરોપે છે.' (જુઓ: ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ' પૃ. ૨૬૧.) અને અહીં પણ એવું જ



બન્યું છે. પરંતુ આ ટૂંકી નોંધનો વિષય એ નથી. અલબત્ત, તેના સંદર્ભની આવશ્યકતા ખરી. અહીં પ્રસ્તુત છે વીરમેશ્વર ને સુમલેશ્વરના મંદિરનું કથચિત્ત્વ. ગુજરાતના પ્રખર ઇતિહાસજ્ઞ ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ 'ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ'માં નોંધ્યું છે, કે "રાણા વીરમે ધૂસડી ગામમાં વીરમેશ્વર અને સુમલેશ્વર દેવની પ્રતિષ્ઠા કરી. આ મંદિરોનો પત્તો લાગતો નથી." આ ધૂસડી ગામ પાછળથી વિરમદેવ રાજાના નામ પરથી વીરમગામ તરીકે ઓળખાવા લાગ્યું. આજે પણ એ નામનું અસ્તિત્વ જાળવતું 'ધુસડિયા મેદાન' અહીં આવેલું છે. શ્રી શાસ્ત્રીજીએ જે 'મંદિરોનો પત્તો લાગતો નથી' નોંધ્યું છે એમાંના એક મંદિરનું આ ચિત્ર છે. આ મંદિર મુનસરના કાંઠે આવેલું છે. વીરમેશ્વર અને સુમલેશ્વરનાં આ મંદિરો બે ગર્ભગૃહવાળાં છે. એમાં વચ્ચે એક મજિયારો મંડપ છે. દૂરથી દૃષ્ટિ કરતાં આ મંદિરોના સ્થાપત્યની સુંદરતાનો ખ્યાલ આવી જાય છે. શિલ્પખચિત આ મંદિરો તેરમા સૈકાના પ્રારંભકાળનાં હોય તેમ લાગે છે. આ બે મંદિરો બાંધનાર રાણા વીરમ રાણા લૂણપસાકનો પુત્ર હતો.

(વીરમગામ) —પ્રફુલ્લ રાવલ

૧૯૩૨માં ફર્ગ્યુસન કૉલેજના પ્રિન્સિપલ

'કુમાર' જુલાઈ '૭૫ના માધુકરી વિભાગમાં ગુજરાતના મુખ્ય પ્રધાન શ્રી બાબુભાઈ જશભાઈ પટેલનું જીવનવૃત્ત આલેખાયું છે તેમાં તે વખત (૧૯૩૨)ના ફર્ગ્યુસન કૉલેજના પ્રિન્સિપલ તરીકે મૅકેન્ઝીનો નામોલ્લેખ કર્યો છે. મને તેમાં કંઈક સરતચૂક હોવાનો ભય લાગે છે. ઈ. ૧૮૮૫માં ફર્ગ્યુસન કૉલેજ સ્થપાઈ ને વામન શિવરામ આપ્ટે એના પ્રથમ પ્રિન્સિપલ બન્યા એ પછી આજ સુધીમાં ડૉ. રૅંગ્લર પરાંજપે, ડૉ. રૅંગ્લર જી. એસ. મહાજનીથી માંડી સર્વશ્રી ડી. ડી. કર્વે, કે. ગે.ર, માર્ડણકર, ઢવળે ડાભોળકર અને હાલ પ્રા. બાળ ગાડગીળ (માર્ચ ૧૯૭૫થી) વગેરેએ પ્રાચાર્યપદ શોભાવ્યું છે. ફર્ગ્યુસન કૉલેજમાં એક પણ યુરોપિયન પ્રિન્સિપલ આવ્યા નથી. હું માનું છું શ્રી બાબુભાઈ પટેલ વખતે ડૉ. મહાજની ફર્ગ્યુસન કૉલેજના પ્રાચાર્ય હતા. ફર્ગ્યુસન કૉલેજની લાયબ્રેરીની બારીમાંથી કૉલેજની મુલાકાતે આવેલા અંગ્રેજ ગવર્નર પર ગોગટે નામના વિદ્યાર્થીએ ગોળી છોડી તેનો જાન લેવાનો નિષ્ફળ પ્રયાસ કરેલો, એ પ્રસંગ પણ એ અરસામાં જ બનેલો.

(પુણે) —શશિન ઓઝા

શ્યામજી કૃષ્ણ વર્મા અને માંડવી

શ્યામજી કૃષ્ણ વર્મા વિષે ૩-૪ માસ પર 'કુમાર'માં લેખ આવેલ તેમાં તેમના નામ સાથે વર્મા શબ્દનો પ્રયોગ કેવી રીતે થયો તે બાબત નિષ્ફળ કલ્પના કરતી જણાઈ છે. હું કચ્છ-માંડવીનો રહેવાસી છું. ત્યાં પ્રચલિત પ્રથાની રૂએ જણાવું છું કે માંડવીમાં પુરોહિત પૂજા કરાવે ત્યારે યજમાનના નામ સાથે 'શર્મા' અથવા 'વર્મા'નો ઉમેરો કરે છે. દા. ત. બ્રાહ્મણ હોય તો કૃષ્ણશંકર શર્મા અને ક્ષત્રિય હોય તો કૃષ્ણ વર્મા, એ રીતે નામોચ્ચાર કરે છે.

ભાટિયા કે લોહાણા કે ભણશાલી ક્ષત્રિય ગણાતા હોવાથી શ્યામજી કૃષ્ણ વર્મા એ નામમાં વર્મા શબ્દનો પ્રયોગ સુસ્થાને છે.

માંડવીથી થોડે દૂર દરિયા કિનારે રાવળપીર આવેલ છે. ત્યાં રેતમાં 'મની પ્લાન્ટ' જેવી એક વેલ થાય છે. ત્યાં તેને રાવળપત્રી કહે છે. ત્યાં રેતી એટલી ઊડે કે તેની નીચે જગ્યાઓ દટાઈ ગએલ છે. રાવળપત્રી રેતીમાં એવી રીતે પ્રસરે છે કે તેનાથી રેતી ઊડતી અટકે છે. રેતીના 'ઢગ'ને ૩-૪ ફૂટ ઊંડે ખોદીએ તો અંદર સહેજ ભિનાશ અને ઠંડક હોય છે એ ભેજ ઉપર રાવળપત્રી પોષાય છે અને લીલી રહે છે. ઘણાં વર્ષ પહેલાં શ્યામજી કૃષ્ણવર્મા એ રણને વધતું અટકાવવા અને લીલોતરીના વિકાસને વધારવા આ વેલનો બહોળો ઉપયોગ કરવા રાજ્યને ભલામણ કરેલી એવું સાંભળ્યું છે.

માંડવી ગામમાં 'શ્યામજી કૃષ્ણ વર્મા માર્ગ' આવેલ છે. ત્યાં એક મોટો ડેલો છે. તે સોદાગરનો ડેલો કહેવાય છે. મૂળ સુંદર સોદાગરના વંશજનો એ ડેલો છે. આજે પણ એમના વંશજ હયાત છે અને મોઝાંબિકમાં ધંધો કરે છે. તેમનું તારનું સરનામું પણ 'સોદાગર' છે. સુંદર સોદાગરને સ્વપ્નમાં આવેલા મહાદેવનું મંદિર પણ માંડવીથી થોડે દૂર આજે પણ ઊભું છે.

માંડવીના જહાજવાડામાં મહાસાગરમાં સફર કરતી લાકડાની 'બૂટ' બંધાતી હતી તે ઘણાં વર્ષ પહેલાં મેં મારી નજરે જોએલી છે. બૂટ એટલે આગબોટના આકારનું બે કૂવાવાળું લાકડાનું મોટું વહાણ. આજે પણ વહાણના બાંધકામ માટે એ જ હાજવાડો સરકારમાન્ય છે.

માંડવીના નાખવા અને માલમ પણ નામીચા સાગરખેડુ થઈ ગયા છે. ફિનલે જૂથની હાલની મિલોના અધ્યક્ષ શેઠ રતનસી મૂલજી પણ માંડવીના છે, તેમના વડવાઓ અને મહાન તાતા સાથેના તેમના વેપારી સંબંધનો જાણવાજોગ ઇતિહાસ છે. એ રીતે માંડવી સાથે ઘણો ઇતિહાસ સંકળાએલો છે.

(કચ્છ-માંડવી) —માધવસિંહ મૂલજી

ધ્યાન, આસન અને ગુજરાતનો યુવાન

એપ્રિલ અંકમાં શ્રી દામુભાઈ શુક્લનો 'ધ્યાન' પરનો લેખ ખરેખર ગમ્યો. વિજ્ઞાનની સહાયથી માણસ સગવડની દૃષ્ટિએ સંપન્ન થતો ગયો પણ તેની માનસિક તાણ ગઈ કાલના માણસ કરતાં આજે વધી છે તેથી ધ્યાનની જરૂર આજના માણસને વધુ છે. શ્રી દામુભાઈનો એ લેખ વાંચ્યા પછી યોગાસનોની અનન્ય વ્યાયામપદ્ધતિ પુસ્તિકા પણ મંગાવી મેં વાંચી.

આ જ ગાળામાં એક યોગાનુયોગ બન્યો. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ નેતૃત્વ અને યોગનો એક શિબિર ઉનાળાની રજામાં રાખ્યો હતો અને તેમાં નેતૃત્વના સંચાલક તરીકે બે'ક મિત્રો સાથે હું પણ હતો. પ્રાતઃકાળે ત્યાં આસનોનો વર્ગ રહેતો. કૉલેજના વિદ્યાર્થીઓને તેમાં ખૂબ જ રસ પડચો એ હું જોઈ શક્યો. આજે સૌથી મોટી ફરિયાદ લોકોને દેહની છે. જીવનપદ્ધતિ સાવ બદલાઈ ગઈ ત્યાંથી માંડી ઊતરતી કક્ષાનો ખોરાક ને તંદુરસ્તી વિષેની અજ્ઞાનતા એણે મોટો ભાગ ભજવ્યો. પ્રત્યેક યુનિવર્સિટીના યુવકોની તંદુરસ્તી વિષેના અહેવાલ જોવા જેવા હોય છે. ભારતની આવતી કાલની પેઢીની તંદુરસ્તી આ અહેવાલમાં જોવા મળે છે.

આના મૂળમાં એક વાત રહેલી છે કે આપણી આસન-પદ્ધતિથી આજનો યુવાન જરાય પરિચિત નથી. મહારાષ્ટ્રમાં વ્યાયામ માટે આગ્રહ જોવા મળે છે તેમાં વ્યાયામશાળાઓ મોટો ભાગ ભજવે છે. ગુજરાતમાં સ્વ. અંબુભાઈ પુરાણીના પ્રયત્નોને કોઈ વેગ આપશે? ગુજરાતના યુવકને આપણી પુરાણી આસન-પદ્ધતિથી કોઈ પરિચિત કરશે? 'કુમારે' આ માટે પ્રયત્ન કર્યો છે તે બદલ અભિનંદન.

આર્યભટ્ટ પરનો લેખ ગમ્યો. માહિતી હજુ વધુ આપી શકત એમ અન્યત્ર આર્યભટ્ટ પરના લેખો પરથી લાગે છે. 'આર્યભટ' છપાયું છે તે બરાબર છે? મને લાગે છે કે મૂળ નામ 'આર્યભટ્ટ' હતું. સાચું શું?

(વલસાડ) —નરેશ ભટ્ટ

[* ખરું નામ 'આર્યભટ' જ છે. એના પરથી એના ગ્રંથ 'આર્યભટીય' તરીકે ઓળખાય છે. અહીં 'ભટ' શબ્દ શાખ કે અવટંકના રૂપમાં વપરાએલો નથી. 'ભટ' અને 'ભટ્ટ' બંને અલગ શબ્દ હોવાનું તો જાણતા હશો. 'ભટ' શબ્દ પગારદાર સૈનિક, સેનાનાયક અને એક મત પ્રમાણે બ્રાહ્મણ પિતા તથા નિમ્ન માતાના સંતાન માટે વપરાય છે. જ્યારે 'ભટ્ટ' એ રાજવી માટે નિમ્નજનો દ્વારા વપરાતા સંબોધન તરીકે વપરાય છે. ભાટ-ચારણ કવિ તથા વિદ્વાન બ્રાહ્મણ માટે પણ એ સંબોધન અને ઓળખ તરીકે વપરાય છે. જો કે 'આર્યભટ' નામમાં 'ભટ' કે 'ભટ્ટ' સાથેનો કોઈ સંબંધ જાણમાં નથી, પણ આ નામમાં ભટ્ટ તો નથી જ]

આંખનું અનુપમ ઔષધ

બે ત્રણ વરસ ઉપર મારી ડાબી આંખમાં મોતિયાનું ઑપરેશન અમદાવાદની નગરી આંખની હૉસ્પિટલમાં કરાવ્યું ત્યારે ડૉક્ટરે કહ્યું કે 'તમારી જમણી આંખમાં પણ મોતિયો આવે છે એટલે તમારે પાંચ છ મહિનામાં ફરી ઑપરેશન માટે આવવું પડશે જ.

એ અરસામાં દિવાળી ઉપર આવેલા 'વીણેલાં મોતી' માસિકના અંકમાં આંખ અને મોતિયા માટે 'બોરિક પાઉડર' વાપરવાની ભલામણ કરવામાં આવી હતી. (ઍસિડ) બોરિક આંખમાં મેશ કે સુરમાની જેમ આંજવાથી મોતિયો ઊતરી જાય છે તેમજ આંખનું તેજ વધે છે એમ સ્વાનુભવનાં વર્ણન એમાં એક વૈદ્યે આપ્યાં હતાં.

મેં નગરી હૉસ્પિટલમાં જઈ આંખના ડૉક્ટરને 'બોરિક પાઉડર' આંખમાં આંજવા બાબત પૂછ્યું તો તેમણે પણ ભલામણ કરી કે 'બોરિક પાઉડર આંખમાં આંજો એથી કાંઈ નુકસાન નહિ થાય પણ લાભ જ થશે.' ને તે પછી મેં રોજ રાત્રે આંખમાં બોરિક પાઉડર આંજવો શરૂ કર્યો.

બે-ત્રણ મહિના બોરિક પાઉડર નવા આવતા મોતિયાવાળી આંખમાં આંજ્યા પછી હું ડૉક્ટરને આંખ બતાવવા ગયો તો ડૉક્ટરે આશ્ચર્ય વચ્ચે જમણી આંખનો મોતિયો અદૃશ્ય થયાનું જણાવ્યું, ને કહ્યું કે, બંને આંખમાં બોરિક પાઉડર આંજ્યા કરો તો કાંઈ વાંધો નથી.

મેં બંને આંખોમાં તે પછી બોરિક પાઉડર આંજવો શરૂ કર્યો. આંખની ઝાંખપ પણ થોડી ઓછી થઈ ગઈ ને ચશ્માં વગર વાંચવા લખવાનું શરૂ કર્યું. વળી, બોરિક પાઉડર આંજવાથી ચશ્માંનો નંબર ઊતરી ગએલો માલૂમ પડચો.

મેડિકલ સ્ટોરમાંથી ચોખ્ખો શુદ્ધ 'બોરિક પાઉડર' લાવીને તેને બારીક કપડાથી વસ્ત્રગાળ કર્યા પછી આંખમાં રાત્રે સૂતી વખતે કાજળ આંજીએ તે પ્રમાણે આંજવો. થોડી વાર જરા બળતરા બળ્યા પછી આંખમાંથી ગરમ પાણી નીકળી જશે ને ઠંડક થશે. સવારે ઊઠતાં આંખો સ્વચ્છ ને તેજસ્વી લાગશે. આ નિર્દોષ અને સરળ ઉપાયનો આંખના ને ખાસ કરીને મોતિયો આવતા બીમારો લાભ લે.

આ મારો જાત અનુભવ અહીં રજૂ કર્યો છે.

નગરી હૉસ્પિટલના આંખના ડૉ. દૂધિયાની પણ આંખમાં બોરિક આંજવાની ભલામણ હતી. ભાવનગરના વૈદ્યરાજ રસિકલાલ શેઠનું પણ આંખમાં બોરિક પાઉડર આંજવાથી મોતિયો ઊતરે છે એમ કહેવું છે. બીજા ડૉક્ટર-વૈદ્યો અને અનુભવીઓ પણ પ્રજાને જાહેરમાં જણાવે તો વિશ્વાસ બેસે અને મોતિયાના અનેક દર્દીઓને લાભ થાય.

(સાબરમતી) —ઈન્દ્રવદન દેસાઈ
(ડૉ. દિગ્ગેન્દ્ર)

ગોંડલના ભગવતસિંહજી

'કુમાર'ના '૭૨ના જુલાઈ અંકમાં પ્રકટ થએલું સાહિત્યની દુનિયામાં આદર્શ રેખાચિત્રનો નમૂનો પૂરો પાડતું ગોંડલના ભૂતપૂર્વ મહારાજા ભગવતસિંહજીનું વિશિષ્ટ વ્યક્તિચિત્ર એટલા ખાતર પ્રશસ્ય ગણાય તેવું છે કે તેમાં નિષ્પક્ષપાત નજરે ગુણદોષનું આલેખન કરવા-

માં આવ્યું છે. વ્યક્તિચિત્ર દોરનારા લેખકો ઘણીખરી વાર સદ્‌ગુણોનું નિરૂપણ કરવા જતાં કેમ જાણે તે વ્યક્તિ દેવ સરખી હોય એવી રજૂઆત જાણતાં અજાણતાં કરી બેસે છે. પરન્તુ પ્રસ્તુત વ્યક્તિચિત્રના આલેખનમાં એ સદ્‌ગત મહારાજાના માનસમાં ઘર કરી રહેલાં બે દૂષણોનો ઈશારો કરીને તે તરફ અંગુલિનિર્દેશ કરવામાં આવ્યો છે એ ખરેખર લેખનને શોભા આપે એવી હકીકત છે. એવાં દૂષણોનો ઉલ્લેખ આજસુધી કોઈ લેખકે કરવાની હિંમત દાખવી નહોતી. એ દૂષણો એટલે એ મહારાજાનું અંગત જીવન અને ખુન્નસભરી કિન્નાખોરી-જેને પરિણામે એમના કેટલાયે સદ્‌ગુણો ઢંકાઈ જતા હતા, તે એટલે સુધી કે લીંબડીમાં ભરાએલા સાહિત્ય-સંમેલનના સભાપતિના છપાએલા ભાષણમાં 'ભગવદ્‌ગોમંડલ' માટેનાં પ્રશંસાવચનોને એ સમયે પ્રચારખોરીને વરેલા કેટલાક રાજકારણીઓએ વંચાતાં અટકાવવાની એ પ્રમુખને ફરજ પાડી હતી [જુઓ 'નવચેતન' ૧૯૩૪, ફેબ્રુ. પૃ. ૪૫૫]. એ જમાનો જ એવો હતો કે એ ભગવતસિંહજીના જીવનનાં એ દૂષણોને પરિણામે એમને માટે પ્રશંસાબોલ ઉચ્ચારનાર વ્યક્તિ હાંસીને પાત્ર ઠરે એવો વર્તાવ દેખા દેતો હતો. હવે એ વ્યક્તિચિત્રમાં આલેખાએલા એમના પ્રસ્તુતમાં રહેલા સદ્‌ગુણોની સાથે સાથ નીચે જણાવેલી બે ઘટનાઓનો ઉલ્લેખ થઈ રહે તો એ રેખાચિત્ર સર્વાંગસંપૂર્ણ થઈ રહે એમ લાગે છે.

૧) દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીની રંગભેદ સામેની લડત આર્થિક ભીંસના કારણે ભાંગી પડવાની અણી પર આવી રહી હતી તે સમયે એ મહારાજાએ પાંત્રીસ હજાર રૂપિયાની માતબર કહી શકાય એવી રકમની મદદ ગાંધીજીને મોકલી આપીને એ લડતને સાચું જીવનદાન આપ્યું હતું, તેને લગતી વાત શ્રી ઉમાશંકર જોષીએ 'ગાંધીકથા'માં આલેખી બતાવી છે [જુઓ 'સંસ્કૃતિ': ૧૯૬૯, જુલાઈ; પૃ. ૨૪૫]. એવી સમયસરની મદદ વગર એ લડતનું પરિણામ કોણ જાણે કેવું યે આવ્યું હોત! પોતાની એ લડતની સફળતાના યશનો યોગ્ય હિસ્સો ગોંડલના રાજવીને ફાળે જતો હતો એવું માનનારા ગાંધીજીએ સને ૧૯૧૫માં ભારતમાં પાછા ફરતાંવેંત પહેલ પ્રથમ એ મહારાજાને મળવા જવાનો કાર્યક્રમ ગોઠવી દીધો હતો. પરિણામે સને ૧૯૧૫ના જાન્યુઆરીની પંદરમી તારીખે આખું ગોંડલ ગાંધીજીના સ્વાગત માટે આનંદથી થનગની રહ્યું હતું. ગોંડલ સ્ટેશન પર ભવ્ય સ્વાગત અપાયા પછી ગાંધીજીને ચાર ઘોડાની ગાડીમાં બેસાડીને સરઘસ આકારે ગોંડલના રાજરસ્તાઓ પર ફેરવવામાં આવ્યા હતા, અને ભગવતસિંહજી તેમના કુટુંબસહિત એક જગ્યાએથી એ અનોખું દૃશ્ય નિહાળી રહ્યા હતા.

૨) સને ૧૮૯૮માં ઑસ્ટ્રિયાની રાજધાની વિયેનામાં 'ઑલ ધ વર્લ્ડ હાઈજિનિક કૉન્ફરન્સ' બોલાવાઈ હતી ત્યારે તેના સરનશીન તરીકેનું માનભર્યું સ્થાન એ સર ભગવતસિંહજીએ શોભાવ્યું હતું. જગતભરના આરોગ્યને લગતી એ મહાસભાનું સભાપતિપદ એક ભારતીયજનને—ખાસ કરીને ભગવતસિંહજીને અપાય એ ખરેખર એમના જીવનની પ્રગતિનું સર્વોચ્ચ સોપાન ગણાય. એ મહાસભાના પ્રમુખ તરીકે તેમણે આપેલા મનનીય વ્યાખ્યાન વાંચવાની જિજ્ઞાસા સંતોષવા ઇચ્છનારે, દરિયાપારના દેશોમા ભારતની રાષ્ટ્રીયતાના પ્રચાર માટે વર્ષો સુધી ઇંગ્લૅંડમાંથી પ્રકટ થએલા હિંદી રાષ્ટ્રીય મહાસભાના 'ઇન્ડિયા' નામના મુખપત્રના સને ૧૮૯૮ની ફાઈલ તપાસી લેવી. એવું કરનારો વાચક એ વાચનથી અહોભાવનો અનુભવ સહેજે કરી શકશે.

આ બે ઘટનાઓ સર ભગવતસિંહજીના યશદેહની કલગી સમાન છે એ વાતની ભાગ્યે જ કોઈથી ના પાડી શકાશે.

(મુંબાઈ) —ત્રિભુવન વીરજીભાઈ હેમાણી

કેટલીક સરતચૂક

૧) અંક ૫૬૧: સન ૧૮૪૫માં જન્મેલા ફિરોઝશાહ મહેતાએ બાવીસેક વર્ષના યુવાન વયે ઇંગ્લૅંડમાં ઇસ્ટઇન્ડિયા એસોસીએશનને ઉપક્રમે યોજાએલા સભામાં 'કેળવણીના મૂળ તત્ત્વો' પર ઊંડો અભ્યાસ દાખવતુ ભાષણ આપ્યું ત્યારે તે સભામાં લૉર્ડ મૅકૉલે ઉપસ્થિત હતા એવો ઉલ્લેખ કરવામા આવ્યો છે તે સરતચૂક છે; કારણ કે એ મૅકૉલે તો સને ૧૮૫૯માં સ્વર્ગે સિધાવી ગયો હતો.

૨) અંક ૬૧૭: બહુમતિ નિર્ણય એવો છે કે મહાવીરનો જન્મ ઇ. પૂર્વે ૫૯૯માં ચૈત્ર સુદ નોમે થયો હતો: પરન્તુ આજે મોટે ભાગે એમનો જન્મદિન ચૈત્ર સુદ તેરશનો છે એવું વિશેષે કરીને માન્ય થએલું છે એ ભુલાઈ જાય છે.

૩) અંક ૬૧૦: પૃષ્ઠ ૩૪૩ ઉપર શ્રી નરોત્તમ પલાણના 'પુરાતન'માંથી 'સૌરાષ્ટ્રે રખડવાની મોજ' શીર્ષક વિસ્તૃત ઉપયોગી અવતરણ આપવામાં આવેલ છે, જેમાં સૌરાષ્ટ્રની જુદી જુદી નદીઓ અને તેમનાં કોતરોના ઉલ્લેખ કરતી વખતે સૌરાષ્ટ્રની સૌથી લાંબી નદી ભાદરના નામની બાદબાકી શા માટે કરવામાં આવી છે તે સમજાતું નથી. ૧૯૦ માઈલના વિસ્તારવાળા લાંબા પટમાં થઈને વહેતી ભાદરનાં રોમાંચ અનુભવાવે એવાં કોતરો બીજી નદીઓનાં કોતરો કરતાં કોઈ અંશે ઊતરતાં નથી એ સમજી લેવા જેવું છે.

૪) અંક ૬૧૭માં ડૉ. મોતીચંદના જીવનચરિત્રના લેખકનું નામ ગુજરાતીમાં મધુસૂદન ઢાંકી દર્શાવાયું છે, છતાં પણ એ 'ઢાંકી' શબ્દની જોડણી અંગ્રેજીમાં Dhaky પ્રમાણે લખાય એ યોગ્ય ગણાય ખરું?

(મુંબાઈ) —ત્રિભુવન વીરજીભાઈ હેમાણી

ગાજર વિષે કંઇક વધુ

અંક ૫૫૪માં ખાદ્ય પદાર્થ તરીકે ગાજરની ઉપયોગિતા દર્શાવવાનો પ્રયત્ન ખરેખર પ્રશસ્ય છે. સૌરાષ્ટ્રમાં 'લોદરિયાં' તરીકે ઓળખાવાતાં એ ગાજરને 'ઢોરના ખોરાક' તરીકે ઉલ્લેખીને તેની અવગણના કરવામાં આવે છે એ જાણીતું છે. એમ થવાનું કારણ એટલું જ છે કે ગાજરમાં તામ્ર તેમ જ વિટામિન 'એ' હોય છે એ વાતથી કેળવાએલાઓનો મોટો ભાગ ભાગ્યે જ પરિચિત હોય છે. ગાજરના રસનું પાન કરનારાઓમાંનો એક હું છું અને મને તે પ્રયોગ પૂરેપૂરો ફાયદાકારક સમજાયો છે. પરન્તુ પ્રકટ થએલા લખાણમાં ગાજરનાં 'છીર' અને 'શાક'ને બદલે રસ જ આપવો વધુ હિતાવહ છે એ વાંચ્યા પછી 'છીર'નો અર્થ સમજવા માટે 'સાર્થ જોડણી કોશ' તપાસતાં તે શબ્દ જ તેમાં સંગ્રહાએલો દેખાતો નથી; એમ હોઈ અનુમાન કરવાનું રહે છે કે એ 'છીર' એટલે ગાજરનો છીનેલો કે ખમણેલો ચૂરો. છતાં પણ એ બાબત કોઈ જાણકાર સ્પષ્ટતા કરે એ જરૂરી છે.

નાનપણમાં જોએલું ને અનુભવેલું કે રાઈને ખાંડીને તેનો બારીક લોટ થાય એટલે તેમાં કાચી કેરીનું ખાટું પાણી નાખી એ રાઈના લોટના રગડામાં રગદોળીને લીલાં મરચાંનું અથાણું કરવામાં આવતું, તે પદ્ધતિએ ગાજરનાં ચીરિયાંનું પણ અથાણું કરવામાં આવતું અને એ ગાજરમાં રહેલા પોષણકારક તત્ત્વનો લાભ લેવામાં આવતો. પરન્તુ આપણે સુધારાની ફૅશનના સકંજામાં ફસાતા ગયા તેમ તેમ અન્ય કેટલીક હિતકારી ચીજોની માફક 'રાયતાં મરચાં' અને ગાજરનાં 'રાયતાં ચીરિયાં' આપણાં અથાણાંમાંથી મોટે ભાગે અદૃશ્ય થઈ ચૂક્યાં છે એ ખરેખર આપણું દુર્દૈવ છે.

(મુંબાઈ) —ત્રિભુવન વીરજીભાઈ હેમાણી

ક. દ. ડા.ની જન્મતારીખ

'કુમાર': માર્ચ, '૭૧માં કવિ દલપતરામની જન્મતારીખ તરીકે તા. ૨૪-૧-૧૮૨૦નો ઉલ્લેખ છે (પૃ. ૯૦); 'ગ્રન્થ અને ગ્રન્થકાર'ના દશમા પુસ્તકમાં પણ એ જ તારીખ નોંધાએલી છે (પૃ. ૪૬). પરન્તુ એ બન્ને ચરિત્રકોનાં આલેખન તેમ જ સંકલનનો મદાર જે પુસ્તક પર છે તે કવિ ન્હાનાલાલ કૃત 'કવીશ્વર દલપતરામ'ના પ્રથમ ભાગમાં તે તારીખ ૨૧-૧-૧૮૨૦ની જણાવી છે (પૃ. ૮). એમ હોઇ સાચી

તારીખની ચોકસાઈભરી સ્પષ્ટતા જરૂરી ગણાય. એ જ કવીશ્વરની સ્વર્ગારોહણની તારીખ ૨૫-૩-૧૮૯૮ની છે તેનું સમર્થન કવિ અજરામર આત્મારામ રાજગોરે નીચેના દોહરામાં કરેલું છે તે સંગ્રહી લેવા માટે નોંધપાત્ર છે:
'ઈસ્વી સન અઠાણું ને, માસ તૃતીય ગેહ,
તારીખ પચીસમી દિને, કવિ દલપત તજી દેહ.'
(મુંબાઈ) —ત્રિભુવન વીરજીભાઈ હેમાણી

'અજવાળી રાત'

'કુમાર' મે '૭૧માં શ્રી પીતામ્બર પટેલ રચિત 'અજવાળી રાત'નો પરિચય અપાયો છે (પૃ. ૧૯૬), જે વાંચતાં ઘડીભર તો એવો ખયાલ આવી જાય છે કે આપણા સર્જકોની કલ્પનાશક્તિ બૂઠી થતી જાય છે અને એ શક્તિએ તેમને છેહ દીધો છે. એમ ન હોય તો એકનું એક શીર્ષક વાપરવાને તેઓ કેમ તૈયાર થાય? ગુજરાતી સાહિત્યની દુનિયામાં એકનાં એક શીર્ષકનો ઉપયોગ અનેક લેખકો કંઈ પણ રોકટોક વિના કરતા રહ્યા છે તેવું જ પ્રસ્તુત 'અજવાળી રાત' માટે બનવા પામ્યું છે; કારણ કે 'કુમાર'માં પ્રકટેલી લોકકથાઓનો એક સંગ્રહ કુમારકાર્યાલયે વર્ષો પહેલાં પ્રકટ કર્યો હતો. આપણા લેખકો તેમની પ્રેરણાને તેમ જ કલ્પનાશક્તિને જરા સરાણે ચડાવતા રહે તો કેવું સારું! એવું કંઈક થાય તો એકના એક શીર્ષકનો વધુપડતો વપરાશ સહેજે ઓછો થઈ જાય અને એવાં શીર્ષકોની બોલબાલા પણ નષ્ટ થવા પામે.
(મુંબાઈ) —ત્રિભુવન વીરજીભાઈ હેમાણી

સાચું શું?


'શ્રેયાર્થીની સાધના' (બીજી આવૃત્તિ પૃષ્ઠ ૨૬૬)માં ઉલ્લેખ છે કે 'આશ્રમનો ઘુવડ' એવા તખલ્લુસથી કિશોરલાલ મશરૂવાળાએ 'કાગડાની નજરે' શીર્ષક લેખમાળા લખી હતી. મારી પાસે એવી નોંધ છે કે એ તખલ્લુસ 'આશ્રમવાસી ઉલ્લુ' એ પ્રમાણે હતું. તો તેમાં સાચું શું એ બાબત કોઈ જાણકાર ખુલાસો કરે.
(મુંબાઈ) —ત્રિભુવન વીરજીભાઈ હેમાણી

મશરૂવાળાનું એક પુસ્તક

'શ્રેયાર્થીની સાધના'માં નોંધ છે (પૃ. ૨૫૮) કે સન ૧૯૩૨-૩૩ની જેલ દરમિયાન ટૉલ્સટૉયનાં 'ધ લાઈટ શાઈન્સ ઈન ડાર્કનેસ'નું વેશાન્તર તૈયાર કર્યું. પણ તેનું ગુજરાતી શું તે જણાવાયું નથી. કોઈ જાણકાર ખુલાસો કરે.
(મુંબાઈ) —ત્રિભુવન વીરજીભાઈ હેમાણી

ગ્રહોનાં કદ

'કુમાર'માં છેલ્લા થોડા સમયથી ડૉ. ય. ગુ. નાયકની લેખમાળા 'આપણા ગ્રહો' પ્રસિદ્ધ થાય છે. આ જાતના લેખમાંથી ઘણી ઉપયોગી માહિતી મળે છે. ખાસ કરીને વિદ્યાર્થીઓ માટે આવા લેખ ખૂબ જરૂરી છે. આ જાતના લેખને વધારે લોકભોગ્ય બનાવાય તો વધારે સારું. જેમ કે ઉપરના લેખમાં ગ્રહોના કદ માટે મોટા આંકડાઓ આપવાથી વાચકને સંપૂર્ણ ખયાલ



આવતો નથી. આ માટે કોઈક સાદાં ઉદાહરણ અથવા Self-explanatory આકૃતિઓ આપવાથી સચોટ રીતે ખયાલ આપી શકાય છે. આ સાથે આવી એક આકૃતિ મોકલાવું છું. જેની મદદથી સૂર્યના કદની સરખામણીમાં અન્ય ગ્રહોનાં કદ કેટલાં નાનાં છે તે ખૂબ સચોટ રીતે સમજી શકાય છે. આશા છે કે આ આકૃતિ આપને ઉપયોગી થશે.
(બૅંગલોર) —પરંતપ પાઠક

બહુશ્રુત બાબુભાઈ

જુલાઈના 'કુમાર'માં માધુકરીમાં ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી માનનીય બાબુભાઈ જશભાઈ પટેલના જીવનને સ્પર્શતો લેખ વાંચ્યો. ગુજરાતી અને સંસ્કૃત ભાષાઓ પ્રત્યેની એમની અભિરુચિ અંગે બે પ્રસંગો નોંધવા જેવા છે.

અમારી વડોદરાની પ્રેમાનંદ સાહિત્ય સભામાં તા. ૧૦-૯-૧૯૬૭ના દિને એમણે 'સાહિત્યના સંસ્કાર જનતાને કેવી રીતે પહોંચાડવા?' એ વિષય પર જુદા જુદા ગ્રંથોમાંથી અવતરણો ટાંકીને એક મનનીય પ્રવચન આપેલું; અને સંસ્કૃત વિદ્વત્-સભા, વડોદરાના ૧૮-મા વાર્ષિક ઉત્સવ પ્રસંગે તા. ૨૭-૮-૬૭ના દિને 'સંસ્કૃત સાહિત્ય' એ વિષય પર અતિથિવિશેષ તરીકેનું લગભગ એક કલાક સુધીનું એમનું અસ્ખલિત વ્યાખ્યાન (સંસ્કૃત ભાષામાં) એમની સંસ્કૃત ભાષા પરની પકડ અને પ્રભુત્વની પ્રતીતિ કરાવે છે. આમ આપણા સાદાઈને વરેલા મુખ્ય મંત્રીશ્રી ઉભય ભાષાઓના સાહિત્યમાં બહુશ્રુત છે, એ સમગ્ર ગુજરાતીભાષી પ્રજા માટે ગૌરવરૂપ છે.
(વડોદરા) —હરિભાઈ દેસાઈ

મધુસૂદન ઢાંકી

માર્ચ '૭૫ અંકના 'વાચકો લખે છે' વિભાગમાં 'ઠાકુર ચંદ્રસિંહમાં સુધારો' શિર્ષક હેઠળ પ્રકટ થયેલા શ્રી મધુસૂદન ઢાંકીના પત્રમાં મારા લખાણ પ્રત્યે પ્રગટ કરેલા તેમના પક્ષપાત અને પ્રશંસા બદલ કૃતજ્ઞતા અનુભવું છું.

શ્રી ઢાંકીને ગયે વર્ષે અમદાવાદમાં નિરાંતે મળવાની સંધિ પ્રાપ્ત થઈ હતી. તેમની અધિકારી કલમે લખાતા શિલ્પ, સ્થાપત્ય, સંગીત આદિ વિષયોના લેખોનો હું ભક્ત છું. આપણે ત્યાં ગુજરાતીમાં આવું તલાવગાહી, સન્નિષ્ઠ, વૈજ્ઞાનિક ચકાસણીવાળું, કાવ્યમય અને હકીકતનિષ્ઠ લખાણ જવલ્લે જ જોવા મળે છે. સવિશેષ તો સંગીત જેવી અમૂર્ત સૂક્ષ્મ કલાના તેઓ ઉચ્ચ કક્ષાના ઉપાસક છે. હિંદુસ્તાની તેમજ કર્ણાટકી સંગીતની તેમની સમજ માનપ્રેરક છે અને તેમની પાસેથી તે તે પ્રકારો વિષે વધુ અને વધુ અભ્યાસપૂર્ણ લેખો 'કુમાર' મેળવે તેવી વિનતિ.

(લંડન) —સુનીલ કોઠારી

'પ્રકાશની ગાયો'

ઘણા લાંબા સમયે 'કુમાર'માં 'પ્રકાશની ગાયો' જેવું ચિત્ર પ્રગટ કર્યું તેથી આનંદ થયો. હાલમાં તો મૉડર્ન આર્ટની બોલબાલા છે. આડાઅવળા લીટા અને છાંટાં ચકરડાં કર્યાં તેને લોકો 'મૉડર્ન આર્ટ' કહે છે. તેનો રસાસ્વાદ લેવાનો, કે સમજવાનો કે તેને જોઈને 'સમસંવેદન'ના અનુભવ કર્યાનો દાવો કરવાનું અમારા જેવા માટે મુશ્કેલ છે. કાળના ગર્ભમાં એ બધું કેટલું ટકશે એ પણ એક વિચારણીય મુદ્દો છે. પણ 'પ્રકાશની ગાયો' અત્યંત મનોહર અને વેદના ઋષિઓએ તેમના મંત્રમાં જે ભાવના પ્રકટ કરી હતી તેને સાર્થક કરે એવું ચિત્ર લાગ્યું.

ઘરમાં મઢાવીને રાખી શકાય એ રીતે એને છાપીને વેચાણમાં મૂકો તો તે આવકારપાત્ર ગણાશે.*

(મટવાડ) —લલ્લુભાઈ મકનજી

[* એ ચિત્ર શ્રી અરવિંદ આશ્રમના કૉપીરાઈટથી રક્ષિત હોઈ અમારે માટે એ શક્ય નથી.]

ડૉ. જયંત પાઠકનું જન્મસ્થાન

શ્રી ચંપકલાલ મહેતા 'કુમાર' માટે અનેક વ્યક્તિઓની મુલાકાત લઈ 'મારી માન્યતા' વિભાગમાં તેમનાં મંતવ્યો રજૂ કરે છે તે એક ઉત્તમ કાર્ય ગણી શકાય. એ સંક્ષિપ્ત મુલાકાતમાંથી પણ ઘણુંઘણું મળી રહે છે.

ઑગસ્ટ '૭૫ના અંકમાં ડૉ. જયંત પાઠકની મુલાકાત આપેલી છે. તેમના ટૂંકા પરિચયમાં જન્મસ્થાન રાજગઢ લખેલું છે, પરંતુ તેમની સ્મૃતિકથા 'વનાંચલ'માં ગોઠ ગામનો નિર્દેશ છે. અલબત્ત, જન્મ અંગે ચોક્કસ જણાવ્યું નથી, પરંતુ પાંચમા પ્રકરણમાં જણાવે છે કે કવિના દાદા કાલોલથી પાલ્લીગામમાં આવે છે અને પછી ગોઠ ગામમાં સ્થાયી થાય છે. રાજગઢ તો ગોઠ ગામનો મહાલ છે તેવું જણાવે છે. તો ખરેખર શું છે? કે પછી હકીકતદોષ છે?

(રાજકોટ) —રવજીભાઈ ડોબરિયા

કલાકાર મહેન્દ્ર મિસ્ત્રી

ચિત્રરસિક અનેક વાચકોને 'કુમારે' ચિત્રનો સાચો પરિચય કરાવ્યો છે. સ્કેચથી માંડીને વિવિધ રંગીન ચિત્રો દરેક અંકનું આકર્ષણ હોય છે. તેમાં પણ જે ચિત્રકારોને નામથી પણ ન ઓળખતા હોઈએ તેવા યુવાન ચિત્રકારોનો પરિચય 'કુમાર' સિવાય મળવો સંભવિત નથી. અનેક યુવાન ચિત્રકારોને પ્રકાશમાં લાવવાનો યશ 'કુમાર'ને નિઃશંક આપી શકાય.

ઑગસ્ટ ૧૯૭૫ના અંકમાં યુવાન કલાકાર મહેન્દ્ર મિસ્ત્રીનો પરિચય અને તેમનાં ચિત્રો ખૂબ ગમી ગયાં. તેમની વિશિષ્ટ શક્તિ સ્કેચમાં જણાય છે. બહુ જ ઓછી રેખા દ્વારા

તારીખની ચોક્સાઈભરી સ્પષ્ટતા જરૂરી ગણાય.
ચિત્રનિર્માણ વધારે શક્તિ માગી લે છે. ઢળકતા મોર અને આરામ લેતા બળદના સ્કેચ ચિત્તને આકર્ષી ગયા. આટલી નાની ઉમરમાં એમણે જે પ્રગતિ સાધી છે તે બદલ અનેક અભિનંદન. 'કુમાર' આગળ હજુ અપેક્ષા રાખીએ કે મહેન્દ્ર મિસ્ત્રીના વધુ સ્કેચ અનુકૂળતાએ પ્રકટ કરે. યુવાન કલાકારોનો પરિચય કરાવવા બદલ 'કુમાર'ને પણ અંતરનાં અભિનંદન.

(રાજકોટ) —રવજીભાઈ ડોબરિયા

નવી ટૂંકી વાર્તા

અંક ૬૧૩માં શ્રી બહાદુરશાહ પંડિતની 'નવી ટૂંકી વાર્તા' વિષેની લઘુ વિવેચના વાંચી. એમાંનો કટાક્ષ સુંદર છે, છતાં તટસ્થતાનો અભાવ સ્પષ્ટ વર્તાય છે. એમાં નવી ટૂંકી વાર્તા પરત્વેની સૂઝ કે પૂર્વગ્રહનું દર્શન સવિશેષ થયું. ભાષાની જેમ સાહિત્ય પણ સતત પરિવર્તનશીલ છે. સતત નૂતન વિભાવનાઓ, ભાવનાઓ કે લેખનની રીતિ–શૈલી પરિવર્તન પામતી જાય છે. વળી વિકસિત સાહિત્યમાં આ પરિવર્તન આવશ્યક પણ છે. જગતના વિકસિત સાહિત્ય પર દૃષ્ટિપાત કરીશું તો જણાશે કે આ પ્રકારની રીતિ ઠીકઠીક પ્રમાણમાં પ્રયોજાએલી છે. એ રીતિમાં સત્ત્વ હશે તો તે સ્થિર રહેશે, અન્યથા સર્વ કાળપ્રવાહમાં વિલીન થઈ જશે તેમાં શંકાને સ્થાન નથી. પણ તેનો નિર્ણય કાળક્રમે થશે. નવી ટૂંકી વાર્તાઓની અસર (કેટલીક બાબતમાં) આ ટૂંકા લેખમાંથી શોધી શકાય! શ્રી પંડિતને અવારનવાર કૌંસનો વિનિયોગ કરવો પડ્યો છે (અલબત્ત-સ્પષ્ટીકરણ માટે) શું એ તેની અસર નથી? વિસ્મરણ તો એ થયું છે કે વાર્તાકાર કરતાં વિવેચકોની ક્ષતિ સવિશેષ કેમ નથી દેખાઈ? વિવેચકોની નિદ્રાને કારણ આ સ્થિતિ આવીને ઊભી છે.

(વીરમગામ) —પ્રફુલ્લ રાવલ

પોંડિચેરી આશ્રમ

'કુમાર'માં પ્રસિદ્ધ થતી લેખમાળા 'ગુજરાતમાં કલાનાં પગરણ'માં પોંડિચેરી અને ત્યાં આવેલા શ્રી અરવિંદના આશ્રમની વાત વાંચી ઘણો ખેદ થયો. ખરેખર તો એ આશ્રમની નિયમિતતા, રિવાજો ને કામકાજને સમજવા અનુસરવા એ શ્રી અરવિંદના મહાકાવ્ય 'સાવિત્રી'ને ભૂલ વિના સમજીને વાંચવા સમાન છે. એક-બે દિવસમાં ત્યાંની દિનચર્યા સમજાય નહિ. શ્રી પુરાણીએ એમ કહ્યું હોય કે પોતે જ્યાં પોતાનું સર્વસ્વ ત્યાગી આવ્યા છતાં પોતના મહેમાનને એક રાતનું ભોજન કરાવી ન શક્યા એનો એમને ખેદ છે તો એ એમની ભૂલ; કારણ કે એ ત્યાં કોઈ શરતથી પોતાનું સર્વ ત્યાગી નહોતા આવ્યા ને આશ્રમના નિયમો એ વખતે ખૂબ કડક હતા અને પ્રથમ શ્રી માતાજીની રજા

ની નજરે' શીર્ષક લેખમાળા લખી હતી મારી
લેવી પડતી. લેખમાં ત્યાંની સ્વચ્છતા, શિસ્ત, ભણતર વગેરે વિષે લખવાને બદલે સામાન્ય મુસાફરની જેમ જે વિચારો દર્શાવ્યા તેમાં ઘણી ઉતાવળ લાગી અને એવી જ ઉતાવળ કરી આશ્રમને સમજવામાં.

(અમદાવાદ) —તુષાર મહેતા

ડાકણિયો ટેકરો

ઘણાં વર્ષોથી 'કુમાર'ના અમે નિયમિત વાચક છીએ. 'કુમાર' બહુ જ ગમે છે. હમણાં હમણાં તેમાં ચાલતી પત્રચર્ચાને કારણે સવિશેષ રસિક જણાય છે. 'કુમાર'નો વાચકવર્ગ બહુશ્રુત છે તેમાં તો ના પાડી શકાય તેમ નથી જ. 'સિંહસંવત'ની ચર્ચા બંધ કરી તે ન ગમ્યું. તેમજ પક્ષીઓનો પરિચય વિશેષ આવે એમ ઈચ્છીએ છીએ.

૧) અમારા ગામની બાજુમાં રેલવે સ્ટેશન પાસે જે ટેકરો છે તે 'ડાકણિયા' તરીકે ઓળખાય છે તથા જે માતાજીનું સ્થાનક છે તેને 'ખોડિયાર' કહે છે. ખોડિયાર માતા હમેશાં સફેદ કપડામાં રહે એ તેની માન્યતા છે. આ ટેકરાનું નામ 'ડાકણિયો' કેમ પડ્યું? કદાચ કોઈ ડાકણના સંબંધે હોય તો આ માતાને ડાકણ સાથે શો સંબંધ હશે તે સમજાતું નથી. આ ટેકરા ઉપર દર ઋષિપંચમીએ ત્રણ દિવસનો મેળો ભરાય છે. અમે કોઈ આ વિષે કંઈ જાણતાં નથી. ઋષિપચમીનો મેળો અહીં જ શા માટે? જૈન ધર્મના લોકો ઋષિપંચમી 'ઋષભપચમી' કહે છે. તો ઋષભપંચમી ખોડિયારના ટેકરે શા માટે ઊજવવામાં આવતી હશે? કોઈ વાચક આનો ઇતિહાસ કહેશે તો આભારી થશું.

૨) હમણાં મૅક્સમૂલરનો કોઈ ઉત્સવ ઊજવાઈ રહ્યો છે તેનું સાહિત્ય વાંચવાની ખૂબ જ ઇચ્છા થાય છે. તો કોઈ વાચક મૅક્સમૂલરનું કર્યું, અને કેટલું સાહિત્ય ગુજરાતીમાં આવ્યું છે તેની જાણ કરશે તો ખૂબ જ આનંદ થશે.

(ભાયાવદર) —વિલસ જાવિયા


કલાપરિચયના લેખો

'કુમાર'માં ક્રિકેટ, નૃત્ય કે ખગોળ વિષયક ટેકનિકલ જ્ઞાનવાળા લેખો રજૂ થાય છે તો ફોટોગ્રાફી અને ચિત્રકળા જેવી કળાઓ કેમ બકાત રહી જાય છે? 'ચાલો ક્રિકેટની કૉમેન્ટરી સાંભળીએ' જેવો; વિવિધ ટેકનિકલ પાસાંઓને આવરી લેતો ફોટોગ્રાફી ને ચિત્રકળાવિષયક લેખ રજૂ થાય તો તે ઘણા આશાસ્પદ વાચકો કલાકારોને ઉપયોગી થઈ પડશે. ફક્ત કલાત્મક ચિત્રો ને ફોટા આપવાથી ભાવિ નાગરિકોના કેળવવાનો 'કુમાર'નો હેતુ પૂર્ણપણે સિદ્ધ થતો નથી.

(સુરત) —જયદીપ એમ. દેસાઈ

[* પાછલે ફઈલો જોવાની તસ્દી લીધી હોત તો આ પત્ર લખવો ન પડત.]

આવતો નથી. આ માટે કોઈક સારાં ઉદાહરણ



પૃથિવી-ઉદ્ધાર (ફોટો • ચંદ્રકાન્ત ઝવેરી) ઇલોરાની શૈલ ગુફાઓમાંનું વરાહાવતારનું એક સુંદર શિલ્પ (વધુ પરિચય માટે જુઓ પૃ. ૪૩૧ ઉપર)



અર્જુન / ઉશનસ્

· શિખરિણી–સૉનેટ ·

ઘણી યે વેળા મેં શરમ 'નુભવી છે, મુજ પિતા,
તમારી સંમુખે નત થઈ, પદોને પકડી લૈ,
નરી આજીજીથી કગરી કગરી કાકલૂદીથી
ગૂંચાયા પ્રશ્નોનો મુજ જીવનભારો તમ પીઠે
ચડાવી વામાં, વણુ કશું કર્યે, દૈન્યથી નર્યા.
અને આવી વેળે મુખ નીરખ્યું છે મેં તમ, પિતા,
જરા સંતાપાયું, કરચલીવળ્યું, ને તમ તનુ
પીઠે વેંઢારેલા મુજ વજનથી બેવડ વળ્યું.

તમારા એ એવા ભગતકુળનો એક ગણુતાં
મને આવે લજ્જા: તમ મુખની રેખા મુજ મુખે,
અને તો યે આવો ?! તમ સુત હું, સૂઉં કયમ સુખે?
તમારી અર્ધી જ્યાં ફિકર ઊલટી મેં લીધી ઘટે.
વિચારું: એ કેવો અરજુન? ન કો દૈન્ય, ડર કો,
તમારી ઇચ્છાના તત ધનુષમાં સજ્જ શર કો.

ઊંબરમાં હેબાતી વાગ્દત્તા / વિનોદ જોશી

ખમ્મા રે તને ખમ્મા રે મારા ઘરના ઉંબર ખમ્મા રે...
(મારા) અંગૂઠાનું જાજો સત્યાનાશ રે તને ખમ્મા રે...

ઝાંઝરનાં બે ઝૂમખડાંમાં લોલ વછૂટયા કંપ,
(મૂઈ) ઘૂઘરિયુંએ માર્યા હૈયે ડંખ રે તને ખમ્મા રે...

ઝગમળ બેડું નંદવાણું ને રઝળી ગઈ ઈંઢોણી,
(અને) પણે બુઝારે અમથો ટહુકે મોર રે તને ખમ્મા રે...

ભુસાંગ દઈને ગોકણુમાં મારા ચાં દોસૂરજ પડતા,
(હવે) લાભ-શુભની દીધી એને આણુ રે તને ખમ્મા રે...

તોરણુ ઝૂલે બેઉ આંખમાં બારસાખ છે ખાલી,
(અમે)આસોપાલવ આજ પગથિયે વાવ્યા રે તને ખમ્મા રે...

કુંવારકાનું ગીત / હરીશ મીનાશ્રુ

· ગાન ·

એન વેન દર્પણુ સંગાથે, સૈયર, હું તો વળગી વાતે;
સોળ સજી શણુગાર મ્હેંકતું સોળ વરસનું પારિજાતે.

અરુંધતીના એક ઇશારે ઝલમલ ઊઠયાં પગલાં સાતે,
હથેળિયુંના શમણે છલકયાં કંકુથાપા માઝમ રાતે.

સાવ કુંવારા શ્વાસ ફોરતા રજનીગંધાની સોગાતે,
સરવા કાને ચાંદ ઝળુંબે, જોજે, કરતી અમથી વાતે!

શબ્દ / કનુભાઈ જાની

· વ્યસ્ત હરિગીત ·

શબ્દને ચાંપો ભલેને,
સાતમે પાતાળ,
કોંટો ફૂટશે!

જળ હજી તળમાં ભર્યાં!
માટીના કણુ કણુ હજી યે
કયાં ભિંજાવું વીસર્યા?
આભલું કયારે ય તે
શું વરસવાનું ચૂકશે?
સાતમે પાતાળ ધરબાએલ કોંટો ફૂટશે!

કોઈ માંધાતાતણું ફરમાન માની
કોઈ સરવાણી કદી સૂકી નથી!
હુકમનામાથી પવનની પાતળી કો'
લ્હેરખી યે કોઈ દી ઝૂકી નથી!
આગ વરસે ઉનાળાભર તો ય
ધરતીએ કદી લીલાશ કાયમની કદી મૂકી નથી!
બી કદી યે કૉળવું ના ભૂલશે.
સાતમે પાતાળ ધરબો તો ય કોંટો ફૂટશે!

માનવીનો ના જરી સંચાર જ્યાં
ત્યાં ચણાવી મ્હેલ એકલદંડિયો,
ગોંધજોને ઉપલે મજલે વળી એ કન્યકા;
ખાઈ, ફરતો કોટ ઊંચો, લોહનાં તાળાં,
ભીડેલાં બાર મસ મોટાં,
બરાબર ચોત્રીસે ઘંટા ખડો પ્રહેરો,
—કશું ના ચૂકશો!
તિમિરનો ચોફાળ કરીને
અંજવાળું બાંધજો!
પવન–કિરણો હરપળે અહીંતહીં બધેથી ફૂટશે!
સાતમે પાતાળ ધરબાએલ કોંટો ફૂટશે!

શબ્દ તો છે કિરણુ સાગરપારનું!
શબ્દ મોતી મૌનના ભંડારનું!
શબ્દ પાણી વજ્રકેરી ધારનું!
મંત્રનું બળ, મુક્તિના ઉચ્ચારનું!
જો સુદર્શન અંગુલિથી છૂટશે–
સાતમે પાતાળ ધરબાએલ શબ્દ વછૂટશે.

◁ **પ્રતીક્ષા** કલાકાર: ઇન્દ્ર દુગડ (બ્લૉકો: કલાકારના સૌજન્યથી)

'शस्त्रबल से दुनिया को जीतने के प्रयास कईयों ने किये हैं, लेकिन प्रेम से, धर्मशक्ति से जिन्होंने दुनिया को प्रभावित किया, उन में अहिल्याबाई ही एक ऐसी निकली, जो भारत के सब प्रांतों को धर्म, बुद्धि और प्रेम से जीत सकी।... हिंदुस्तान के इतिहास में वह एक बडा प्रयोग था। ...भारत के समूचे ज्ञात इतिहास में भी अहिल्याबाई का स्थान मैं अद्वितीय मानता हूँ।

आचार्य विनोबा भावे

મલ્હારરાવ હોળકરનું અવસાન થયું ને પુત્રવધૂ અહિલ્યાબાઈએ એમનું સ્થાન લીધું. એ વખતે હોળકરની તિજોરીમાં આશરે સોળ કરોડ રૂપિયા હતા. રઘુનાથરાવ–રાઘોબા–પેશવાને કાને આ વાત ગઈ. એમને નાણાંની ભીડ હમેશાં રહેતી, એટલે એમણે સંદેશો મોકલ્યો: 'લશ્કરના ખર્ચ માટે પૈસાની બહુ જરૂર છે. આપ થોડા મોકલી આપો.' બાઇએ જવાબ મોકલ્યો: 'એ બધું ધન મેં દાનધર્મ માટે રાખ્યું છે. લશ્કર માટે મારાથી એ ન અપાય. પણ હું એ દાન તરીકે આપવા તૈયાર છું. ખુશીથી લઈ જાઓ. કેમ કે એ બધું આપનું જ છે ને!'

આખરે હોળકર પેશવાના સેવક તો ખરા જ; સ્વામીના આદેશનો અનાદર ન જ થવો જોઈએ.

પેશવાનો કડક પ્રત્યુત્તર આવ્યો: 'તમારું કહેવું સ્વીકારી શકાય તેવું નથી. અમારી વાત તમે ન માનો તો અમારે હાથમાં શસ્ત્ર લેવું પડશે.' અહિલ્યાબાઈ તરફથી જવાબ મળ્યો: 'ક્ષમા કરશો. દાનધર્મનાં જ એ દ્રવ્ય વાપરી શકાય. આપ લડાઈ કરવા માગતા હો તો હું શું કહું? હું લડાઈ માટે તૈયાર છું. મને હરાવો, પછી બધું આપનું જ છે.'

બીજે દિવસે પેશવા રણમેદાન જોવા ગયા. અહિલ્યાબાઈની ફોજમાં એકે પુરુષ ન હતો. જ્યાં નજર જાય ત્યાં દાસીઓ જ દેખાય! સલાહકારોએ પેશવાને કહ્યું: 'સ્ત્રીઓ સાથે યુદ્ધ ન કરાય!' પેશવા બાઇને મળવા ગયા. બોલ્યા: 'આમ તે લડાઈ થતી હશે? તમારા લશ્કરને બોલાવો. અહીં તો સ્ત્રીઓ જ દેખાય છે!'

'અહીં હું સ્ત્રી રાજ કરું છું. આ જ મારું લશ્કર. મને હરાવો અને ધન લઈ જાઓ. મારે મોટા લશ્કરનું શું કામ હોય?' બાઈ બોલ્યાં.

પેશવાએ માફી માગી. સ્વામી સેવિકા આગળ નમ્યા: 'ઇચ્છા થાય તેમ દાનધર્મ કરજો. હું ક્યાંકથી પૈસા મેળવી લઈશ.' અને વિદાય થયા.

અહિલ્યાબાઈમાં આવી આત્મશ્રદ્ધા અને દુર્દમનીય તેજ ક્યાંથી આવ્યાં હશે? એમનું આખું જીવન દેવપૂજા અને ધર્મકાર્યને વરેલું હતું. વૈયક્તિક જીવનમાં એમને ક્યાં ય સુખનો અંશ મળ્યો ન હતો. માથે રાજ ચલાવવાની જવાબદારી હતી. રાજ્યની ધુરાનો ભાર સહન કરવા એમણે આધ્યાત્મિક બળ કેળવ્યું હતું. રાજ્યમાં પ્રજાના મનમાં બાઈ પ્રત્યે શ્રદ્ધા હતી. બાઈ કોઈ દિવસ અન્યાય નહિ કરે એવો વિશ્વાસ લોકોને હતો. એમની નિષ્પક્ષપાતી વૃત્તિ વિષે બધાને ખાતરી હતી. બાઈનું વર્તન પ્રજાએ હમેશાં જોયું હતું. બધું જ નિર્મળ હતું—ગંગાજળ જેવું. સમકાલીન પત્રવ્યવહારમાં એમને 'ગંગાજળનિર્મળ' એ વિશેષણથી બિરદાવવામાં આવ્યા છે.

મુલકમાં શાંતિ હતી. પ્રજાની હાલત સારી હતી. મુકરર સમયે મહેસૂલ દરબારમાં આવતું. મહેસૂલ સ્વીકારવા ખુદ અહિલ્યાબાઈ હાજર રહેતાં. સાથે કોઈ વિદ્વાન શાસ્ત્રીને રાખતાં. પૈસા એમની સામે મૂકવામાં આવે કે તરત કહેતા: 'મૂકો એના પર તુલસીપત્ર. પ્રજા પાસેથી ધન આવ્યું છે. મારાથી એ લેવાય નહિ. એમાંનો એકએક પૈસો દાનધર્મમાં જ વપરાવો જોઈએ. પ્રજાનો પૈસો પ્રજાહિત માટે જ ખર્ચવો જોઈએ.' નવવધૂ અહિલ્યાબાઈ ઇંદોર આવ્યાં ત્યારથી પ્રજા એમને આમ જોતી આવી હતી.

પહેલા બાજીરાવ પેશવા એક વાર લડાઈઓ પતાવી પૂના પાછા ફરતા હતા. સાથે મિત્ર મલ્હારરાવ હોળકર હતા. ચોંડી ગામમાં દાખલ થયા ત્યાં મહાદેવના મંદિરમાં દર્શને ગયા. મંદિરમાં એક બાલિકા દેખાઈ. એ સુંદર ન હતી, પણ એનામાં કોઈ વિલક્ષણ તેજ બાજીરાવને દેખાયું. તપાસ કરાવતાં ખબર પડી કે ગામના પટેલ માણકોજી શિંદેની એ પુત્રી હતી. શિંદે એટલે હોળકરની ન્યાતના જ! બાજીરાવ પેશવાએ શિફારસ કરી: 'કેવી સારી છોકરી છે! એને પુત્રવધૂ બનાવો તો?' મલ્હારરાવ કબૂલ થયા. ઈ. ૧૭૩૭માં ધામધૂમથી લગ્ન થયાં. અહિલ્યાબાઈ બાર વર્ષનાં હતાં અને પતિ ખંડેરાવ ચૌદ વર્ષનો હતો! પેશવાઓના ચોપડામાં ૨૦મી મેને દિવસે નોંધ લખવામાં આવી: 'રૂપિયા ૨૭૨૫ મલ્હારજી હોળકરને. વહુને ઘરેણાં માટે સોનું તોલા ૨૦૦, ભાવ તેર રૂપિયા દસ આના; અને દંપતીને વસ્ત્રો રૂપિયા ૪૦૨ અને ૧૫ આના!'

વહુ સારાં પગલાંની નીવડી. પ્રતિદિન મલ્હારરાવનો ઉત્કર્ષ થતો ગયો. પરિણામે સાસુ ગૌતમાબાઇનો અને સસરાનો પ્રેમ એણે મેળવી લીધો. અહિલ્યાબાઈ સુશીલ હતી અને લખી-વાંચી જાણતી હતી એના પતિ ખંડેરાવને લખવા-વાંચવાનો કક્કો પણ આવડતો ન હતો! એ માત્ર સિપાઇગીરી સમજતો! પણ તેથી પોતાની પત્ની સામાન્ય સ્ત્રીઓ કરતાં કંઈક વિશેષ છે એટલું એ સમજી શકતો. મદિરા અને પ્રમદા એ એના જીવનના મુખ્ય રસ હતા. સમાનશીલ મિત્રો મેળવવાની મુશ્કેલી રાજવીઓને હોતી જ નથી. છોકરો હાથમાંથી ગયો એની પૂરી ખાતરી થઈ ત્યારે મલ્હારરાવે વહુને પુત્રને ઠેકાણે માની એને રાજકારભારના પાઠ શીખવવાની શરૂઆત કરી, ને દરબારના મુલકી કામમાં અહિલ્યાબાઇને ફાવટ આવતી થઈ. ગૃહસૌખ્ય બિલકુલ ન હતું. ખંડેરાવનો મિજાજ બહુ ખરાબ. વાતવાતમાં ગુસ્સે થાય દારૂ અને ભાંગનું સેવન તો અવિરામ ચાલતું હોય. ખર્ચનું કોઈ ઠેકાણું નહિ. આચરણ પણ એવું જ. ઉદાસી વૃત્તિથી અહિલ્યાબાઈ રહેતાં. સાસુ–સસરાની સેવા કરતાં; અને અંબાદાસ પુરાણી હતા એમની પાસેથી પરમ સાધના માટે એટલે કે મોક્ષસાધના માટે એમણે મંત્ર અને જાપ સ્વીકાર્યા. પણ સાસરિયામાં જપજાપ ચોરીછૂપીથી કે યુક્તિથી કરવા પડતા. મહિનામાં બે ત્રણ વાર પતિનું તેડું આવતું ત્યારે આખો દિવસ વ્રતસ્થ રહેતાં. આમ એમનું લગ્નજીવન સ્નેહવિરહિત હતું. પોતાનાં બે બાળકો માલેરાવ અને મુક્તાબાઈ ખાતર અહિલ્યાબાઈ બધું સહન કરતાં હતાં. ઈ. ૧૭૫૪માં કુંભેરીના કિલ્લાને ઘેરો પડયો હતો ત્યારે દારૂના નશામાં ચકચૂર બની મોરચા સામે ઊભા રહેલા ખંડેરાવ તોપના ગોળાથી તત્કાળ મરી ગયા અને અહિલ્યાબાઈનું સૌભાગ્ય નંદવાઈ ગયું!

પતિના નિધન પછી સહગમન કરવાનો એ સમયની કુળસ્ત્રીઓનો રિવાજ હતો. અહિલ્યાબાઇ એ સતી થવાની બધી તૈયારીઓ કરી. એમને જીવવામાં આમે ય રસ હતો જ નહિ. પણ પુત્રવધૂ સતી થાય એ સસરાને જરા ય ન ગમ્યું. એ બોલ્યા: 'છોકરો જીવતો હતો ત્યારે ય નકામો જ હતો. તું જ બધી વ્યવસ્થા સંભાળતી હતી તારું સૌભાગ્ય હણાયું છે; પણ તું હવે મારો ખંડુ છે, મારું સૌભાગ્ય છે. મહેરબાની કર અને સતી થવાનો વિચાર માંડી વાળ અને મારું સૌભાગ્ય ચાલુ રહેવા દે.' સસરાની કાકલૂદીભરી આજીજીનો અનાદર અહિલ્યાબાઈથી થઈ શક્યો નહિ.

માલેરાવ હોળકર પિતાના મૃત્યુ બાદ નવા સૂબેદાર બનવાના હતા. શુભ મુહૂર્ત પર વિદ્વાન અને પવિત્ર પુરોહિતે એને માથે સરપાવ મૂકયો. માલેરાવ સામે નજરાણાં ખડકાયાં. જેમની પાસેથી નજરાણાં આવ્યાં હતાં એમને પાછું કંઈક આપવાની ફરજ દીકરો કેવી રીતે પાર પાડે છે તે અહિલ્યાબાઈ પડદા પાછળ બેસી આશંકાથી જોઈ રહ્યાં હતાં. પુત્રનાં લક્ષણ એમણે પારણામાંથી જ જોઈ લીધાં હતાં. સૂબેદારીની જવાબદારી

હોળકર ઘરાણાની અભાગી પાર્શ્વભૂમિ ઉપર પ્રકટેલી એક દિવ્ય ચરિત્રજ્યોત

અલ્પશિક્ષિત જાતિમાં જન્મ, વિક્ષિપ્ત દુર્વર્તના પતિનો સંતાપ, તારુણ્યમાં જ વૈધવ્ય, દુરાચારી પુત્રનું દુઃખ અને સતી થએલી પુત્રીના વિયોગ છતાં નિસ્પૃહ ભાવે મલ્હારરાવ હોળકરની સૂબેદારીનો ગૌરવપૂર્ણ દક્ષતાથી વહીવટ કરનાર, સમકાલીન રાજવીઓમાં આદરણીય અને પ્રજાની પ્રેમાળ માતા. ભારતભરનાં ઉદ્ધ્વસ્ત હિંદુ ધર્મસ્થાનકોની પોતાના સમયની સર્વસમર્થ ઉદ્ધારક, મહેશ્વરની પુણ્યશ્લોક શાસક. આ આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષમાં જેની ૨૫૦મી જન્મજયંતીનો સુભગ યોગ રચાયો છે.

હવે માથે આવ્યા બાદ પુત્રના વર્તનમાં કંઈક ફેર પડશે એની એમને આશા હતી ત્યાં પેલા સચ્છીલ વૃદ્ધ પુરોહિતના ચહેરા પર વેદનાના ઓળા દેખાયા. શું થયું ખબર પડી નહિ. પછી જાણવા મળ્યું કે બ્રાહ્મણને ભેટમાં જરીની શાલ ઓઢાડી એમાં વીંછી મૂકવામાં આવ્યા હતા! ભોળા બ્રાહ્મણે એ બરોબર ઓઢી લીધી ત્યાં વીંછીએ ડંખ માર્યો. બીચારો ડોસો ચીસ સરખી પણ પાડી શક્યો નહિ. દરબારમાં લોકોને કેવું લાગત એણે ચીસ પાડી હોત તો! અહિલ્યાબાઈએ નિસાસા નાખ્યા.



ગંગાજળ નિર્મળ પુણ્યશીલ માતુશ્રી

અહિલ્યાબાઈ હોળકર

લેખક • પ્રો. વસંત જોષી

માલેરાવનું વર્તન બગડતું ગયું. દુર્ગુણોમાં એ બાપ કરતાં યે ચઢિયાતો નીકળ્યો. ખુશામતિયાઓ હમેશાં એને વીંટળાએલા રહેતા. દારૂના નશામાં એ બીભત્સ શબ્દો બોલતો અને એવા ચાળા કરતો કે સારા અધિકારીઓ એની હાજરીમાં જતાં સંકોચ અને ક્ષોભ અનુભવતા. ખરાબ ચારિત્ર્યની સ્ત્રીઓની અવરજવર એના ખાનગી નિવાસમાં વધી. અહિલ્યાબાઇને બધું શાંતિથી જોવાનું હતું. એવામાં માલેરાવના મિત્ર-પરિવારમાં ક્યાંકથી એક માંત્રિક આવી ચડ્યો. એની મદદથી મેલી મંત્રવિદ્યાના પ્રયોગો શરૂ થયા. ત્યાં કોઈએ ખાનગીમાં માલેરાવને કહ્યું કે માંત્રિક એક દાસીના પ્રેમમાં પડ્યો છે. સૂબેદાર ગુસ્સે થયા. વાત સાચી હતી કે નહિ એ શોધવાની એણે પરવા કરી નહિ. એક દિવસ માંત્રિક આવ્યો ત્યારે 'આવો, આવો' એમ એને આવકારવામાં આવ્યો ને ગાદી પર એણે આસન લીધું ત્યાં એના પર વીંછી છોડવામાં આવ્યા. ડંખથી છળી ઊઠીને એ ચીસાચીસ કરતો હતો ત્યાં માલેરાવની આજ્ઞાથી એના પર ઉપરાઉપરી ચાબુકના ફટકા પડવા લાગ્યા. 'હું નિર્દોષ છું' એવો આક્રોશ કરતો રહ્યો, પણ કોઈને દયા આવી નહિ. આખરે: 'ફરી વીનવું છું. મને મારશો નહિ—હું નિરપરાધ છું. પણ તમે સાંભળતા જ નથી? ઠીક ત્યારે, હવે કાન ઉઘાડા રાખી બરોબર સાંભળી લેજો. હું માંત્રિક છું. વેર લઈશ ભૂત થઈ તને હેરાન કરીશ.' માલેરાવના બીભત્સ શબ્દોની સાથે એ લોહીલુહાણ માંત્રિકને સેવકો બહાર લઈ ગયા અને એને ખલાસ કર્યો.

તે જ સાંજના માલેરાવનું માથું દુઃખવા માંડ્યું, શરીરમાં તાવ ભરાયો. દોસ્તો ધીમેધીમે સરકી ગયા. અહિલ્યાબાઇને સમાચાર મળ્યા. ગમે તેવો તો યે આખરે પુત્ર ખરો ને? બાઈસાહેબ ઉજાગરો કરી એની પાસે બેઠાં ધન્વંતરીઓ દવા આપવા આવ્યા. મંત્રતંત્ર, બાધાઆખડી—થઈ શકે તે બધું કરવામાં આવ્યું, પણ નિષ્ફળ. સૂબેદારનો સરપાવ પહેર્યાને માંડ સાત-આઠ મહિના વીત્યા હશે. એટલામાં શું ને શું થઈ ગયું! પતિ સાથે સતી થયાં હોત તો આ જોવું પડત નહિ. માલેરાવને કોઈ બચાવી શક્યું નહિ. એની બે બાળપત્નીઓએ સતી થવાની તૈયારી કરી. આવી નિર્દોષ બાલિકાઓ સતી થાય એ અહિલ્યાબાઈથી જોવાતું ન હતું. પણ એમને જીવતી રાખવાથી ક્યાં એમનો ભવ સુધરવાનો હતો? અનિચ્છાએ અહિલ્યાબાઇએ એમને અનુમતી આપી.

અહિલ્યાબાઈ હવે સાચા અર્થમાં ઇંદોરનાં સૂબેદાર બન્યાં હતાં. બધી સત્તા એમના હાથમાં હતી. એ કરે તે કાયદો એવી પરિસ્થિતિ ઊભી થઈ હતી. એમની સત્તામાં ભાગ પડાવવા હોય અથવા તો ખરેખર એમને માટેની લાગણીઓથી હોય, લોકો એમને વણમાગી સલાહ આપવા લાગ્યા. એક વિશ્વાસુ સલાહકારે સૂચન કર્યું: 'બાઈસાહેબ, દત્તક પુત્ર લેવો આપના હિતમાં છે.' જવાબ મળ્યો: 'તમે મારે માટે સદ્ભાવ રાખો છો એ જાણતી હતી, પણ આટલો બધો વિચાર કરી રહ્યા છો એની આજે જ ખબર પડી.' 'માસાહેબ, એક સારો છોકરો મેં જોઈ રાખ્યો છે. કહો તો—' અહિલ્યાબાઈ ગુસ્સો છુપાવી શક્યાં નહિ. એ તાડૂકી ઊઠયાં: 'યાદ રાખજો, અહીં નોકરી કરવી હોય તો મારી કોઈ ખાનગી વાતમાં

તમારે માથું મારવાનું નથી. મારા નિર્ણયો લેવા હું પૂરતી સમર્થ છું.' બાઈનું આ રૂપ સલાહકારે કોઈ દિવસ જોયું ન હતું. આ પ્રસંગ પછી દત્તક વિષેની બધી ખટપટો બંધ પડી ગઈ.

કન્યા મુક્તા પહાડ જેવા યશવંતરાવ ફણસે સાથે પરણી હતી. અહિલ્યાબાઈના ભગ્નજીવનમાં એ એક જ આશા હતી. યથાકાલ મુક્તાએ પુત્રને જન્મ આપ્યો ત્યારે અહિલ્યાબાઈએ ધન્યતા અનુભવી. સર્વશક્તિમાન ભગવાન કાશીવિશ્વેશ્વરની કૃપાથી આ દૌહિત્ર અવતર્યો એવી દૃઢ માન્યતાથી બાળકનું નામ કાશીનાથ રાખવામાં આવ્યું. પ્રચારમાં એનું 'નાથેરાવ' થયું ને આખરે 'નાથ્યાબા' તરીકે એ ઓળખાવા માંડયો.

પતિ-પુત્ર તરફથી અંશમાત્ર સુખ મળ્યું ન હતું. દૌહિત્ર તરફથી કંઈક મળશે એવી આશા હતી. પણ નસીબ રૂઠયું હતું ત્યાં પામર માનવી શું કરે? દાદાના બધા જ ગુણ નાથ્યાબામાં ઊતરી આવ્યા હતા. નાનપણથી જ એણે પણ બધાં વ્યસનો જોડે પરિચય કેળવી લીધો હતો. એ સમયના રિવાજો અનુસાર એને નાની વયે પરણાવવામાં આવ્યો. લગ્ન પછી એ સુધરવાને બદલે બગડતો ચાલ્યો. પત્નીને એ ચાબુક વડે મારે છે એનો પુરાવો અહિલ્યાબાઈને મળ્યો. ફરી એક વાર આશાના મિનારા ધૂળ ભેગા થઈ ગયા. એમાં વળી નાથ્યાબા માંદો પડયો ત્યારે વૈદ્યોએ ક્ષયનું નિદાન કર્યું અને ઈ. ૧૭૯૦માં નાથ્યાબા અકાળે ગુજરી ગયો.

અહિલ્યાબાઈની ઇચ્છા એને દત્તક પુત્ર તરીકે લેવાની હતી, આમ જાણે હોળકરના વંશ પર અશનિપાત થયો. નાથ્યાબાના પિતા પહાડ જેવા યશવંતરાવ ફણસે પુત્રશોકથી એક વર્ષની અંદર મૃત્યુ પામ્યા, અને અહિલ્યાબાઈની જીવનસર્વસ્વ એની દીકરી મુક્તાબાઇને મૃત પતિ સાથે સતી થવાની ફરજ પડી. મુક્તાબાઈની સહગમન કરવાની તૈયારી જોઇને અહિલ્યાબાઈના મનમાં શું થયું હશે એની કલ્પના જ કરવી રહી. એક તો જમાઈના નિધનનું દુઃખ અને એમાં એકની એક દીકરી, એની વૃદ્ધાવસ્થાની લાકડી, એ પણ સહગમનની તૈયારી કરવા લાગી ત્યારે અહિલ્યાબાઈનું હૃદય હચમચી ઊઠયું. છોકરી હવે પોતાને કાયમને માટે છોડીને જાય છે એ ખયાલ મનમાં આવતાંની સાથે એ પોતાનું રાણીપદ ભૂલી ગઈ અને ગોકળગાયથી ય દીન બની ગઈ. મુક્તાબાઈ સહગમન ન કરે એ ખાતર અનંત પ્રયત્નો એણે કર્યા. પણ દીકરીનો નિશ્ચય દૃઢ હતો. આખરે અહિલ્યાબાઈએ સાષ્ટાંગ નમસ્કાર કરીને દીકરીના પગ પકડયા. કહ્યું: 'તું ઈશ્વરમાં સાચેસાચ શ્રદ્ધા ધરવાતી હોય તો મને. તારી માને, આ રીતે નિરાશ્રિત છોડી જઈશ નહિ!' પણ મુક્તાબાઈ અહિલ્યાબાઈની જ પુત્રી હતી. પુત્ર ગયે, પતિ ગયા, હવે વૃદ્ધ મુમૂર્ષુ મા ખાતર જીવવાનું? અને મા પણ એટલાં વૃદ્ધ અને થાકેલાં કે એ બે ચાર વર્ષ પણ જીવવાનાં નથી. અને પછી આપણે પાછાં એકલાં! નિરાધાર! જીવવાનું કોને માટે? આ તકનો લાભ લઈ સતી થવું સારું. આમ વિચારી એણે નિશ્ચય કર્યો. અહિલ્યાબાઈની વિનતિ તરફ ધ્યાન આપ્યું નહિ.

સતી જોડે અહિલ્યાબાઈ સ્મશાનમાં ગયાં, અને એની પાસે જ ઊભાં રહ્યાં. પણ એમના પગ ધ્રૂજતા હતા. બે બ્રાહ્મણોએ બન્ને બાજુથી એમને પકડી રાખ્યાં હતાં. અસાધારણ મનોનિગ્રહથી એમણે પોતાનો જીવ મૂઠીમાં રાખ્યો હતો. પણ જ્યાં ચિતા સળગી ત્યાં એમણે ચીસ પાડી, અને બ્રાહ્મણોના હાથમાંથી છૂટી ચિતા તરફ દોટ મૂકી! મહા મુશ્કેલીએ લોકોએ એમને રોકયાં ત્યારે તેઓ મૂર્છામાં પડયાં. ઈ. ૧૭૯૫ના ઑગસ્ટ મહિનાની તેરમી તારીખે એમનું અવસાન થયું. એ પવિત્ર શ્રાવણ માસ હતો, એ વાતનો એમને સંતોષ રહ્યો હશે.

અહિલ્યાબાઈના વ્યક્તિગત જીવનની અને સુખની આમ હોળી થઈ. આવી દુઃખી સ્ત્રીએ રાજ કેવી રીતે ચલાવ્યું હશે? એક ધર્મપરાયણ સ્ત્રી તરીકે અહિલ્યાબાઈએ પ્રતિષ્ઠા મેળવી હતી. એમણે રાજકારણ કેવી રીતે ચલાવ્યું એ વિષે ઇતિહાસના અભ્યાસકો પણ ખાસ જાણતા ન હતા. રાજકારણની ઉપેક્ષા કરી અહિલ્યાબાઈએ દાનધર્મ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું એવો ઠપકો પણ ઇતિહાસકારોએ આપ્યો હતો. નવું સંશોધન પુરવાર કરે છે કે અહિલ્યાબાઈને રાજકારણમાં સારી ફાવટ હતી અને યુદ્ધકલામાં પણ એ નિપુણ હતાં.

પતિના મૃત્યુ પછી સહગમનનો ઈરાદો માંડી વાળ્યા બાદ અહિલ્યાબાઈએ રાજકારભારમાં બરોબર રસ લેવા માંડયો હતો. સૂબામાં કયા પ્રાંતોમાંથી સારી આવક થાય છે એ વિષે એમણે દફતરી તપાસ કરાવી ખાનદેશ, નેમાડ, માળવા, હાડોળી, ધુંદાડ, બુંદેલખંડ, અંતર્વેદ, મેવાડ વગેરેનાં મહેસૂલ વિષે ચોક્સ માહિતી મેળવી. સૂબામાં છ કિલ્લા હતા. એ બધામાં બંદોબસ્ત સારો રાખવાની વ્યવસ્થા કરી. અનુભવી અને વિશ્વાસુ માણસોને એકેક ખાતું સોંપી બધું ઠીક રાખવા એમને સમજાવ્યા. સામાન્ય પ્રજાના દિલમાં બાઈસાહેબ વિષે સદ્‌ભાવ અને સહાનુભૂતિ હતાં જ, તેમાં આદર અને અહોભાવનો ઉમેરો થયો.


બાઈએ ધનમાત્ર પર તુલસીપત્ર મૂકયું હતું. સરકારી તિજોરીની વાર્ષિક આવક સાડા ચુમોતેર લાખ હતી. બધું વ્યવસ્થિત થયા પછી આવક વધવા લાગી. બાઈના અધિકારીઓને કડક આદેશો હતા કે અન્યાય કે લૂટ કે સિતમભર્યા સાધનો વડે ખજાનામાં પાઈ પણ ન આવવી જોઈએ. જમીનમહેસૂલ અને અન્ય કરોની બાબતમાં વ્યવસ્થિત કાયદાઓ કરી આપ્યા હતા, અને અધિકારીઓ પણ ગણ્યાગાંઠયા અને પરીક્ષા કરી ચૂંટીને લેવામાં આવતા હતા. બાઈના મનમાં ધનનો લોભ જરા ય ન હતો, તો પણ હિસાબની બાબતમાં બાઈ બહુ જ ચે રહેતાં. દરેક કોડીનો હિસાબ એમની દેખરેખ હેઠળ રાખવામાં આવતો અને ખર્ચ પણ એમની અનુમતિથી જ થાય એવો એમનો આગ્રહ રહેતો.

બાર જ્યોતિર્લિંગ અને સાત સ્થાનકોની યાત્રા કરવાનો બાઈએ સંકલ્પ કર્યો. મંડળી લઈ બાઈ નીકળ્યાં. માળવાની હદમાં જ અં કાપતાં હતાં. કાજળકાળી ભૂમિ, મોર-સારસ જેવાં સુંદર પક્ષી અને ઘેઘૂર વૃક્ષો જોઈ આંખો જાણે ધરાતી ન હતી 'આ બધી પ્રભુની કૃપા' એમ બાઈ વારંવાર કહેતાં. પણ વાતાવરણમાં ફેર પડયો હોય એમ જણાયું. ભૂમિ એ જ, પ્રજા પોતાના છત્ર નીચેની, છતાં લોકો ભયગ્રસ્ત શા કારણસર દેખાતા હશે? કયાંક અનિષ્ટ તો છુપાયું ન હતું? રસ્તામાં કોઈ ગામ આવે ત્યારે તપાસ કરવાનું બાઈને ઉચિત લાગ્યું. પણ ઘાટમાં થઈને જવાતું હતું. ઘાટ નીચે જ આરામ કરવાની જગ્યા મળવાની શકયતા હતી. ઘાટમાં વસ્તી હતી ભીલ લોકોની. 'બધા અનાડીઓ!' કારભારી બોલ્યા. 'પણ પ્રજાજનો અમારાં જ ને?' બાઈએ કહ્યું. આમ વાતો ચાલતી હતી ત્યાં ભીલોએ બાઈના લોકોને ઘેરી લીધા, અને એમની પાસેથી 'ભીલ કોડી' કરની માગણી કરી! બાઈએ ભીલોના નેતાને બોલાવ્યો. એને શિખામણ આપી: 'કાંડાંમાં બળ હોય તો સારાં કામ કરી આજીવિકા મેળવવી જોઈએ. આમ લૂટ કરવી નહિ.' ભીલ ભાષા સમજ્યો, પણ સ્ત્રીના શબ્દોને ગણકારવાની જરૂર એને લાગી નહિ. સ્ત્રી એટલે બીકણ. દાટી આપે. ઘેરો ચાલુ રહ્યો. બાઈએ હુકમ કર્યો અને લશ્કરને બોલાવી એની કુમકથી ભીલોને સીધા કર્યા. નેતાઓ પગે લાગ્યા ત્યારે બાઈએ એમને મુક્ત કર્યા. અધિકારીઓને હુકમ કર્યો કે ભીલોને ખેતીનાં ઓજારો આપવાં, એમને માટે કૂવા ખોદાવવા. અને બીજી બાજુ ભીલોને યાત્રાળુઓના સંરક્ષણની જવાબદારી સોંપી બાઈ આગળ ગયાં. જાણે ચોરોના હાથમાં તિજોરીની ચાવીઓ આપતાં ગયાં!

મહાદજી શિંદે એ સમયના મહાન લડવૈયા અને ગ્વાલિયરના સૂબા. હોળકર અને શિંદેજાની દોસ્ત. શિંદેને કોઈએ ઠસાવ્યું કે બાઈ પોતાનાં સાસરિયાંને અન્યાય કરી રહ્યાં છે. એમણે બાઈ પાસે દૂત મોકલ્યો. સંદેશાનો સાર એ હતો કે ધર્માદામાં આટલું ખર્ચ કરો છો તો દોલતનું શું થશે? બાઈએ સ્પષ્ટ જવાબ આપ્યો: 'મારી પાસે સરકારની કોડી નથી.

મહેશ્વર

મધ્યપ્રદેશમાં ઈંદોરથી લગભગ નેવું કિ. મી. દૂર નર્મદા અને મહેશ્વરી નદીના સંગમ સ્થાન પર મહેશ્વર એક પ્રાચીન સ્થાન છે. કાર્તવીર્ય સહસ્રાર્જુનની આ નગરી : રાવણ સાથે દ્વંદ્વ કરી અંણે અને અહીં બંદી બનાવી રાખ્યો હતો. અવતીના દક્ષિણ ભાગની આ રાજધાની, શંકરાચાર્ય અને મંડનમિશ્રે અહીં શાસ્ત્રચર્ચા કરી હતી. એમ અનેકવિધ ઉલ્લેખો આ નગરી વિષે રામાયણ, મહાભારત, વિષ્ણુ અને મત્સ્ય-પુરાણ વગેરેમાં મળે છે. આ પ્રાચીન માહિષ્મતી નગરીને બૌદ્ધ ગ્રંથો માં 'મહિસ્સતી' તરીકે ઓળખાવી છે. હૈહયોની અહીં રાજસત્તા હતી.



સાતમી સદીમા વિંધ્યાદિત્યે એમને હરાવ્યા પછી હૈહયો એના પ્રતિનિધિ તરીકે આ નગરી-નો વહીવટ સંભાળતા.

નવમી સદીમાં પરમારોએ માળવા પર જીત મેળવી આ નગરી હાથ કરેલી. એ પછી એનું ગૌરવ ઘટતું જઈ મુસલમાન સુલતાનોના સ-મયમાં નર્મદાકાંઠા પરના એક સીમા-છાવણી જેટલું જ એનું મહત્ત્વ રહેલું. ઈ. ૧૪૨૨માં ગુજરાતના અહમદશાહ પહેલાએ માળવાના હોશંગશાહ પાસેથી એ જીતી લીધું. અકબરના યુગમાં માળવાના સૂબાની હકુમત તળે મહાલ-નું એ મુખ્ય કેન્દ્ર બન્યું ને ચોલીમહેશ્વર તરીકે ઓળખાવા લાગ્યું. ચોલી ત્યારે નાગરિક વહી-વટનું ને મહેશ્વર લશ્કરી છાવણીનું મથક હતું.

ઈ. ૧૭૩૦ના અરસામાં મલ્હારરાવ હોળકરે એ હાથ કર્યું. પણ એના અવસાન પછી અહિ-લ્યાબાઈએ એને પોતાની રાજધાની બનાવતાં ધીરેધીરે પુનઃ એનું ગૌરવ અને સમૃદ્ધિની વૃદ્ધિ થવા લાગી. અનેક નવા આવાસો ને દેવસ્થાનો બંધાયાં. અહિલ્યાબાઈ પછી તુકોજીરાવે પણ અહીં જ પોતાનું વહીવટી કેન્દ્ર રાખ્યું, પણ ત્યાર પછી ઈ. ૧૭૯૮માં જશવંતરાવે અહીંનો રાજનિધિ વેડફવા સાથે પોતે બહુધા રામપુર ને ભાણપુરમાં રહેવા માંડતાં મહેશ્વરનું મહત્ત્વ ઘટતું ચાલ્યું. એ પછી મંદસોરની સંધિ બાદ ઈંદોરને રાજધાનીપદ મળતાં એ સમયના અં-ગ્રેજ અધિકારી માલ્કમની નોંધ પ્રમાણે અહીં ઈ. ૧૮૨૦માં માત્ર પાંત્રીસ હજાર ઘર અને સત્તરેક હજારની વસ્તી રહી હતી.

આવી અનેક ચડતીપડતીના કારણે મહેશ્વર-ની ઘણી અસલિયત હવે રહી નથી. અને કિલ્લો પણ મુસ્લિમ સમયનો છે, પણ અગાઉ હિંદુ રાજમા એ ગઢ તો હશે જ. ઈ. ૧૫૬૩, ૧૬૮૨ અને ૧૭૧૨ના સમયની મસ્જિદો પણ અહીં છે, પણ નર્મદા પરનું સંગમતીર્થ હોઈ સંખ્યાબંધ હિંદુ મંદિરો અહીં છે. આ સૌમાં અહિલ્યાબાઈ અને તુકોજીરાવના સ્મરણમાં જશવંતરાવે ઈ. ૧૭૯૯માં બનાવવા માંડેલી ને ઈ ૧૮૩૩માં એનાં પત્ની કૃષ્ણાબાઈએ પૂરી કરાવેલી અહિલ્યાબાઈની છત્રી અત્યંત સુંદર છે. નદીકિનારા પરથી આરંભાતી સોપાનશ્રેણીની ટોચે એનું શોભનમંડિત સ્થાપત્ય અતીવ સુંદર લાગે છે. મંદિરમાં સ્થાપિત શિવલિંગની પાછળ અહિલ્યાબાઈની પૂર્ણકદની પ્રતિમા છે. આ ઉપરાંત, ઈતોજી કે વિઠોબાની સમાધિ તથા જૂનો રાજમહેલ તથા હોળકર કુટુંબના ઈષ્ટ-દેવનાં સ્થાનકો વગેરે પ્રેક્ષણીય છે.

અહિલ્યાબાઈના સમયના સમૃદ્ધિકાળથી ખ્યાત અહીંની 'મહેશ્વરી' સાડીઓ અને રેશમી કિનારનાં ધોતિયાં સુખ્યાત છે. (-સં)

સરકારી ખજાનાના હિસાબ ગમે ત્યારે તૈયાર હોય છે. દીવાનને હિસાબ સોંપ્યા છે. મારી પાસે રાજનો પૈસો છે એવું દીવાન બતાવી શકશે તો એકને બદલે પાંચ પૈસા મારા સ્ત્રી ધનમાંથી હું આપીશ. મારા પેટ માટે હું ખાઉં છું એ પણ સરકારનું હોતું નથી. તેમ છતાં બદદાનતથી કોઈ છળ-પ્રપંચ કરે તો અમારી પાસે પણ દારૂગોળો હોય છે જ. એ મારો નિશ્ચય છે. સ્ત્રી છું પણ હાથ જોડીને એમ નહિ વીનવું કે મારી રક્ષા કરો.'

મહાદજીને સંદેશો મળ્યો. થોડોક સમય શાંત રહ્યા. એક દિવસ લાગ જોઈ ને બોલ્યા : 'જુઓ, બાઈસાહેબ ! અમે રહ્યા પુરુષ. મનથી નિશ્ચય કરીએ તો તમારા જેવી અબળાની શી વલે થાય એનો જરા વિ-ચાર તો કરો!' બાઈના ક્રોધની સીમા ન રહી. બોલ્યા : 'સ્ત્રીજાત વિષે તમારા શા ખયાલ છે ? યાદ રાખો, જે દિવસે તમારાં લશ્કરો ઈંદોરની દિશામાં કૂચ કરશે તે દિવસે જે હાથીની સોનાની અંબાડીમાં બેસાડી તમને અહીં લાવવામાં આવ્યા છે તે જ હાથીને પગે બાંધેલી સાંકળો વડે ઘસડાતા ન લાવું તો હું હોળકરની પુત્રવધૂ નહિ ! મનમાં ઝેર હતું તે તમે ઓકયા. પણ યાદ રાખજો, એ રીતે વર્તવાની ભૂલ કરો તો તમને માર્તંડના સોગંદ છે ! ભૂલ તમે કરશો અને પ્યાદા હજારો મરશે ! સત્યા-નાશ થશે મજાનું !' સ્તબ્ધતાથી શિંદેએ સાંભળી લીધું. બાઈની હા-જરીમાંથી નીચી મૂંડીએ ચાલતા થયા. લોકોના મનમાં બીક હતી : શિંદે કેવે ભરાયા છે; હવે શું થશે ? પણ બાઈ જાણે કંઈ જ ન બન્યું હોય તેમ સ્વસ્થ હતાં. બીજે દિવસે મહાદજી શિંદેના પત્ર આવ્યો : 'અમારાં જન્મદાત્રી માતુશ્રી હયાત હોત તો અમને જે આશરો મળત તેના વિના આજ લગી અમે અનાથ હતા. પણ ગઈ કાલની સાંજે એ અમારું અનાથપણું ખલાસ થઈ ગયું છે.' આમ બાઈ પાસેથી પ્રેરણા મેળવી મહાદજી શિંદે અધિક મહાન બન્યા !

મલ્હારરાવ હોળકરે જયપુર નરેશ માધોસિંહને મદદ કરેલી. બદલામાં એણે રામપુરા હોળકરને નજર કરેલું. રામપુરા જયપુરના આધિપત્ય હેઠળ હતું અને ચંદ્રાવત રાજપૂતો એ સંભાળતા. પોતાનો પ્રદેશ આમ કોઈ ને અપાય એ ચંદ્રાવતોને ગમ્યું તો નહિ; પણ હોળકર કડક માણસ એટલે રાજપૂતો ગમ ખાઈ બેઠા. મલ્હારરાવના અવસાન પછી એમણે ગરબડ શરૂ કરી. બાઈ સામોપચારમાં માને, એટલે એમણે રાજપૂતોને એકત્રીસ ગામ આપ્યાં. રાજપૂતોને લાગ્યું કે બાઈ સામે વધારે પગલાં લેવામાં વાંધો નથી. એમણે ઈંદોર પર ચડાઈ કરી. પણ બાઈ જેનું નામ ! પોતે ખુદ છાવણીમાં હાજર થયાં. લડાઈ કરી, રાજપૂતોને હરાવ્યા, અને દેશભરમાં બાઈનો ધાક બેઠો.

અંગ્રેજો વ્યાપાર અર્થે ભારતમાં આવેલા. પણ અહીંની ખટપટો ને અંધાધૂંધી જોઈ એમની આકાંક્ષાઓ વધી. અહીંની અરાજકતાનો લાભ ઉઠાવવાની લાલચ થઈ. કમભાગ્યે અહીંના લોકોને અંગ્રેજોની રમત સમજાઈ નહિ. અહિલ્યાબાઈ જેવાં અલ્પસંખ્ય લોકોની દૂરદૃષ્ટિ ભાવિનું ચિત્ર જોઈ અકળાઈ ઊઠતી હતી. અહિલ્યાબાઈના પત્રોમાં અંગ્રેજો વિષે ઉલ્લેખો છે તેના પરથી એમનાં મંતવ્યો સ્પષ્ટ થાય છે. વાઘ જેવાં હિંસક પશુઓ સાથે લડાઈ કરવી સારી એ જાનવર એના ભક્ષ્યને એકદમ મારી નાખે. પણ રીંછ બહુ ભયંકર પ્રાણી હોય છે. શિકારને બાથમાં લે અને એને ગલીપચી કરી રીબાવી રીબાવી મારે. અંગ્રેજો રીંછ જેવા છે. એ સમયે વૉરન હેસ્ટિંગ્સ કેવી રમતો રમી રહ્યો હતો તે ઇતિહાસના અભ્યાસકોને યાદ હશે જ. અંગ્રેજોનું માનસ અહિલ્યાબાઈ ઓળખી શકયાં હતાં.

અહિલ્યાબાઈની ખ્યાતિ રાજકર્તા સ્ત્રી તરીકે જેટલી હતી તેના કરતાં

વધારે એક ધર્મપરાયણ સ્ત્રી તરીકે આખા ભારતવર્ષમાં હતી. આ લોકો મારા અને પેલા પારકા, આ પ્રાંત મારો અને બીજા બધા પારકા એવા વિચારો અહિલ્યાબાઈના મનમાં કદી આવ્યા નહિ. એમને મન આ-સેતુ-હિમાચલ ભારતવર્ષ એક દેશ હતો અને એમાં નિર્વિઘ્ન ફરી તીર્થયાત્રા કરવાનું બધાને અનુકૂળ બને એવી એમની ઇચ્છા હતી. સ્ત્રીધનમાં એમને કરોડો રૂપિયા મળેલા. એ રકમનો ઉપયોગ એમણે ધર્મકાર્યો માટે કર્યો. કોઈને પણ આશ્ચર્ય થાય કે આ સ્ત્રીમાં ભારતીયતાની સૂઝ ક્યાંથી આવી? જુદાંજુદાં તીર્થસ્થાનો કે મંદિરો વિષેની માહિતી એણે ક્યાંથી મેળવી હશે? એનું દાતૃત્વ માળવા પૂરતું મર્યાદિત રહ્યું નહિ. શૈવોને જ નહિ પણ અન્ય પંથોને પણ એમને ત્યાં મદદ મળતી. મુસલમાનોનાં પીર-દરગાહ ને મુલ્લાં-મૌલવીઓને પણ એમણે મુક્ત હસ્તે દાન દીધાં. કેટલાં યે વર્ષોથી મુસલમાનો ભારતમાં જ્યાં જ્યાં ફરી વળ્યા હતા ત્યાં ત્યાં એમણે દેવસ્થાનોનો વિધ્વંસ કર્યો હતો. યાત્રા દરમિયાન એ બધી દુર્દશા જોઈ અહિલ્યાબાઈએ એવાં સ્થાનોનો પુનરુદ્ધાર કરવાનો નિશ્ચય કર્યો હોય તો નવાઈ નહિ! ઈ. ૧૬૬૭માં ઔરંગઝેબના ભૂતશિકન અમલદારોએ કાશીનું વિશ્વનાથ મંદિર ધૂળભેગું કરી દીધું હતું. પછી સવાસો જેટલાં વર્ષ વિશ્વનાથ મસ્જિદની આડે વનવાસી થયા હતા. ઈ. ૧૭૮૫ના અરસામાં અહિલ્યાબાઇએ ટેકથી એકાવન ફીટ જેટલું ઊંચું નવું મંદિર બંધાવ્યું. પછી હેસ્ટિંગ્સે ત્યાં નગારખાનું રચાવ્યું, મહારાજા રણજિતસિંહે સુવર્ણકલશ ચડાવ્યો, બાયજાબાઈ શિંદેએ મંડપ બંધાવ્યો અને નેપાળનરેશે નંદીની પ્રતિષ્ઠાપના કરી. પણ આરંભ તો અહિલ્યાબાઈના કાર્યથી જ થયો એ ભૂલવું ન જોઈએ. કાશીમાં એમણે જગમોહન ને દંડપાણિ જેવાં મંદિરો પણ બંધાવ્યાં. જૂના ઘાટોની મરામત કરાવી, નવા ઘાટ બંધાવ્યા. લોલાર્ક કુંડ જેવા કુંડોની રચના કરાવી. બ્રહ્મપુરીઓ વસાવી બ્રાહ્મણો માટે રહેઠાણોની અનુકૂળતા કરાવી. કલકત્તાથી વારાણસી લગીની પાકી સડક અહિલ્યાબાઈએ જ કરાવી.

પ્રાચીન સપ્તપુરીઓ, બાર જ્યોતિર્લિંગ અને ચારે ધામ તીર્થો એવાં હિંદુ ધર્મનાં સ્થાનો બધાં દૂબળાં બની ગયાં હતાં એમાં એમણે પ્રાણ પૂર્યા. એમના અમલ દરમિયાન મળેલી શાંતિને લીધે યાત્રાઓ જરા સુકર બની. યાત્રિકોના સંઘ દેશમાં નિર્ભયતાથી ફરવા લાગ્યા. અહિલ્યાબાઈએ પોતાનાં પુણ્યકાર્યોથી પવિત્ર કરેલાં સ્થળોની નામાવલિ જોઈએ તો મન આદરથી ઝૂકી જાય—પૈઠણ, પંઢરપુર, પરળી, પરશુરામક્ષેત્ર, પ્રયાગ, જગન્નાથપુરી, નાસિક, ત્ર્યંબકેશ્વર, રામેશ્વર, ઘૃષ્ણેશ્વર, ગયા, અયોધ્યા, અમરકંટક, સોમનાથ, મથુરા, પુષ્કર, બ્રહ્માવર્ત—નામ કેટલાં ગણાવીશું? મંદિરો બંધાવ્યાં, ઘાટ બંધાવ્યા, કુંડ-પુષ્કરિણીઓ ખોદાવી ધર્મશાળા-પાંથશાળા, આરોગ્યશાળાઓ બંધાવી, રસ્તાઓ બંધાવ્યા, યાત્રાળુઓ આરામ કરી શકે એવી અમરાઈઓ ને બગીચાઓ કરાવ્યાં, કૂવા ખોદાવ્યા, પરબો બેસાડી, અન્નછત્રો અને સદાવ્રતો શરૂ કર્યાં, માથે ભાર લઈ જતા ગરીબ મજૂરો ઘડીભર ભાર ઉતારી આરામ કરી શકે એ હેતુથી ઊભા ઓટલા—વિસામા બનાવડાવ્યા. સંતર્પણો ને અનુષ્ઠાનો તો આખું વર્ષ ચાલતાં. શ્રાવણ માસમાં તો હદ થઈ જતી. કરોડ લિંગાર્ચના, સહસ્રભોજનો, શિવકવચપાઠ અને સૂર્યનમસ્કારોનાં આવર્તનો—કેટલું, કેટલું ધર્મકાર્ય થતું!

કેદારનાથ, બદ્રિનાથ, ગંગોત્રી આપણને આજેય દુર્ગમ લાગે છે. બસો વર્ષ પહેલાં ત્યાં જવાના માર્ગ કેવા હશે? સર જૉન માલ્કમે લખ્યું છે કે ૧૮૧૮માં એનો પોલિટિકલ આસિસ્ટંટ કૅપ્ટન ડી. ટી. સ્ટુઅર્ટ ઘણી મુશ્કેલીઓ વેઠી કેદારનાથ સુધી પહોંચ્યો ત્યારે ત્યાં પણ એને અહિલ્યાબાઈએ બંધાવેલાં ધર્મશાળા અને કુંડ દેખાયાં! દેવપ્રયાગ જેવા દુર્ગમ તીર્થ પર એમણે શરૂ કરાવેલું સદાવ્રત સારી પેઠે પોતાની ફરજ અદા કરતું હતું!

મહાશિવરાત્રિ ને શ્રાવણી સોમવાર જેવા શૈવ પર્વો પ્રસંગે દેશમાંનાં બધાં જ શિવતીર્થો પર અભિષેક માટે ગંગાજળની કાવડો મોકલવાની વ્યવસ્થા અહિલ્યાબાઇએ કરી. રોજ કાશીનું ગંગાજળ સેતુબંધ રામેશ્વરને મળે અને રામેશ્વરનું સાગરતીર્થ કાશીના વિશ્વનાથને મળે એવો બંદોબસ્ત એણે કરાવ્યો! ચંદ્ર-સૂર્ય ગ્રહણોને દિવસે અપાર દાન થતું. ખાસ કરીને કુરુક્ષેત્ર પર સોના રૂપાની તુલા કરવામાં આવતી. ચિખલદા, સુલપેશ્વર, મંડલેશ્વર, નીલકંઠ મહાદેવ, ઓંકાર, માંધાતા આદિ જેવાં કેટલાંયે સ્થળો અહિલ્યાબાઈની ધર્મપરાયણતાની સાક્ષી આજેય પૂરે છે.

મહેશ્વર એ નવું પાટનગર એમણે વસાવ્યું. પ્રાચીન માહિષ્મતી નગરીએ જાણે નવો અવતાર લીધો. હથોડા અને છીણીને રોજનું કામ મળ્યું. જયપુરની પાષાણની મૂર્તિકળાને ઘણું પ્રોત્સાહન મળ્યું. વસ્ત્રદાન હમેશાં થતું એટલે મહેશ્વરમાં સાડીઓ બનવા માંડી. આજેય મહેશ્વરી સાડીઓ મહારાષ્ટ્રમાં વખણાય છે. ગ્વાલિયર રાજમાં આલમપુર ગામમાં એમણે હરિહરેશ્વરનું મંદિર રચાવ્યું. રોજ પોતાના હાથથી બ્રાહ્મણોને દાન આપતાં. ગરીબોને અન્ન વસ્ત્ર પ્રદાન કરતાં. કહેવાતું કે વરસાદની ઋતુ ન હોય તો પણ દેશમાં ત્રણ ઠેકાણે કીચડ જામતો: અહિલ્યાબાઈ અને માધવરાવ પેશવાને બારણે દાનો પર જળ મુકાતું ત્યારે, અને ન્યાયાધીશ રામશાસ્ત્રી પ્રભુણેને બારણે કડક પરીક્ષાને કારણે બ્રાહ્મણોની આંખોમાં આંસુ ઊભરાતાં ત્યારે! બ્રાહ્મણોને એ પોથીઓ દાન કરતાં એટલે મહેશ્વરમાં લહિયાઓના ધંધાને સારી તકો મળતી. પોતાની ગ્રંથશાળા માટે પણ તે પુસ્તકો ખરીદતાં. પણ એ દેવ બ્રાહ્મણોની સેવામાં જ રોકાએલાં રહેતાં નહિ. પ્રજા માટે એમણે ઘણાં કામ કર્યાં. એમના રાજમાં કોઈ ભૂખ્યું રહેતું નહિ. એ સમયના જાણીતા શાયર પ્રભાકરે લખ્યું છે: 'દીનદૂબળાંના સંસાર ચલાવે છે એ માતા.' પ્રજા રાણીને 'મા' કહીને બોલાવે એનાથી રૂડું શું? માત્ર માનવ પ્રજાજનો જ નહિ, સ્થળચર જળચર પ્રાણીઓને પણ તે બાળકોની જેમ સાચવતાં.

આમ ધર્મપરાયણતાથી કાર્યો કરતાં અહિલ્યાબાઈ સ્વભાવે અત્યંત વિનયી અને નમ્ર હતાં. એક વાર તુકોજીરાવ હોળકરના મનમાં થયું કે બાઈની ધર્મશીલ વૃત્તિના ગૌરવના સ્મારક તરીકે એમની સંગેમરમરની પ્રતિમાઓ દેશમાં બધે સ્થાપવી. બાઈ ગુસ્સે થયાં. એક બ્રાહ્મણ પોતાનું લખેલું સ્તુતિકાવ્ય એમને વાંચી સંભળાવવા આવ્યો. બાઇએ કાવ્ય સાંભળ્યું, એની પાસેથી માગી લીધું અને એને કહ્યું: 'મારા જેવી પામર સ્ત્રીનાં વખાણ કરવા કાવ્ય લખવામાં સમય બરબાદ કર્યો તેના કરતાં પ્રભુ-પ્રશસ્તિનું કોઈ કાવ્ય લખ્યું હોત તો?' અને બ્રાહ્મણને કાઢી મૂક્યો; કાવ્ય નદીમાં પધરાવી દીધું.

ભારતવર્ષમાં અહિલ્યાબાઈની પ્રતિષ્ઠા પ્રતિદિન વધતી હતી. એમની સહનશીલતા, ધર્મનિષ્ઠા, રાજકારણનું ચાતુર્ય, પ્રજાના માનસ પર એમણે પાડેલી અસાધારણ છાપ—બધાંનાં દેશમાં વખાણ થતાં રઘુનાથરાવ (રાઘોબા) પેશવાનાં પત્ની આનંદીબાઈસાહેબ અહિલ્યાબાઈની પ્રશંસા સાંભળી અદેખાઈથી બળતાં. કહેવાતું હતું કે આનંદીબાઈ એ સમયની અત્યંત સુંદર સ્ત્રીઓમાંનાં એક હતાં. બીજી કોઈ સ્ત્રીનાં વખાણ એમનાથી કેમ સંભળાય? અને એ સ્ત્રી પણ કેવી? ન્યાતે ભરવાડ, એક સૂબેદારની વિધવા પુત્રવધૂ! અધૂરામાં પૂરું પતિ પાછળ સહગમન કરવાને બદલે ઘરમાં પાછી આવેલી! વળી પુત્રને ગુમાવી બેઠેલી! છતાં નાક બહુ ઊંચું રાખે. આનંદીબાઈએ પતિને પૂછ્યું: 'શું બધા લોકો ગાંડા થઈ ગયા છે કે પેલી બાઈથી પ્રભાવિત થયા છે?' પતિએ જવાબ આપ્યો: 'એ સ્ત્રી અસામાન્ય છે.'

આનંદીબાઈનું કુતૂહલ વધ્યું. ઈંદોર જવાનું નિમિત્ત શોધવા લાગ્યાં. થોડા સમયમાં મળી ગયું. પતિ જોડે ઈંદોર ગયાં. અહિલ્યાબાઈને કહેવડાવ્યું. પોતાનું અપ્રતિમ સૌન્દર્ય જોઈ અહિલ્યાબાઈ ઝંખવાણાં પડશે એવું અરમાન આનંદીબાઈના દિલમાં હતું. (અનુ. પૃ. ૪૦૫)

એક ટુકડો આકાશ

લલિતકુમાર બક્ષી

ગામની સીમમાં પગ મૂક્યો તો મન કેવું ભાવુક થઈ ઊઠયું! રેલલાઈન હજુ આવી નથી, પણ હવે જલદી આવી જશે; કદાચ એકાદ વર્ષમાં જ; ને પછી અહીં આ તરફ ક્યાંક સ્ટેશન બનશે. ઉતારુઓની અવરજવર વધી જશે. નવી સડક તો બંધાઈ ચૂકી છે. એસ.ટી.ની બસો દોડાદોડ કરે છે. માનસના પટની રેતીમાં બૉક્સાઈટ મળ્યું છે. મોટું કારખાનું નંખાવું શરૂ થઈ ગયું છે. બે-પાંચ ડેવલપમેન્ટ સ્કીમ્સ બાબત પણ એણે શહેરી અખબારોમાં વાંચ્યું હતું. એ ખુશ થયો હતો. એના ગામનું મહત્ત્વ વધી રહ્યું છે.

છેલ્લાં પાંચ વર્ષોમાં એનો સંબંધ ગામમાં ચાલતી ગતિવિધિઓથી લગભગ કપાઈ ગયો છે—દોર તૂટી ગએલા પતંગની જેમ. તૂટી ગએલા દોરને ફરી સાંધવાના હેતુસર રજા મળતાં જ એ સીધો ચાલ્યો આવ્યો છે—એક ચુંબકીય આકર્ષણથી ખેંચાઈ આવ્યો હોય એમ. જૂની જાણ-પહેચાનો પર ફરી વળેલી ધૂળ ખંખેરીને સંબંધ ફરી તાજા કરી લેવા છે. ગામના નવા પરિવેશથી તદ્દન બેખબર રહ્યો હોવાનું પ્રાયશ્ચિત્ત કરવું છે. બધું કહી દઈને ય એ છે તો એના ગામનો જ.

અહીં ચોમાસુ મેઘ વરસે ત્યારે માનસ બેઉ કાંઠે છલકાઈ ઊઠે. ભીની માટી હવામાં ભીની ગંધ તરતી મૂકે. માટીની ગંધની યાદ એણે એના સાંકડા શહેરી કમરામાં, આઠ બાય દસના ઘેરાવામાં સંઘરી રાખી હતી—જાણે એક અમૂલ્ય ખજાનો હોય. ચોમાસું તો છે નહિ, નહિતર નદીનાળાં છલકાતાં હોત ને નવી સડકે આવવું પડયું હોત. ગામમાં ભીની માટી સિવાય પણ બીજું ઘણું છે. ખરે બપોરે આંબાવાડિયામાં હરતોફરતો સન્નાટો, ને વાડીમાં હિલોળા ખાતી વરિયાળી, ને કોસનું ઠંડું મીઠું પાણી, ને પીળી પરિચિત ધૂળ...મળશે, એ જ તો સામાં મળશે. ઉપરાંત, જેમનાથી એ હજુ પરિચિત નહોતો થયો એ નવાં તત્ત્વોની પણ ભેટ-મુલાકાત થશે.

શહેરમાં તો સાંભળ્યું હતું કે હવે ગામના છોકરા બુશશર્ટ પૅન્ટ પહેરે છે. સાંજ ઢળ્યે પાન ચાની દુકાને ઊભા રહી લિજ્જતથી સિગારેટ પીએ છે. ખેર, એથી બહુ મનદુઃખ નહોતું થયું. એક આખા દેશના બદલાઈ રહેલ માહોલમાં એના ગામનો ગણેશ કે મંગો આધુનિકીકરણની થોડે સમીપ આવે તો ભલે આવે. એણે મહાનગરની એની નાની કોટડીમાં બેસીને છેલ્લા થોડા દિવસ ગામનાં જ સ્વપ્નાં જોયાં હતાં. આશ્ચર્ય પણ થયું હતું કે પાંચ વર્ષ અને પંદરસો માઈલનો ગાળો વિસરાએલા ગામને કેવું આંખો સમક્ષ લાવીને ઊભું કરી દે છે.

ખોડો લીમડો. ને પીર બાસ્સાની આંબલી. ને બાવાનો ઓટલો (કયા બાવાનો?). હાથીની ખાડ. ભમ્મરિયો કૂવો. એણે કહ્યું, ગામ આખર ગામ છે. અહીં માત્ર માણસને કે ગાયભેંસને જ નહિ, ચોરા-ચબૂતરાને ને ઝાડપાનને પણ નામ અપાય, જેમ ઘરના દીકરાને અપાય. સંબંધોના તાણાવાણા જીવિત-અજીવિતો વચ્ચે વિસ્તરતા એવા તો ગૂંથાઈ રહે કે ખોડા લીમડાની ને ભમ્મરિયા કૂવાની વાતો માઈલો દૂર બેસીને ય તમારા પોતાના કોઈ કાકામામાની વાત કરતા હો એમ નામ દઈને કરાય. આ લીમડો લીમડો છે તો શું થઈ ગયું? એ લીમડાના થડે હાથ દઈને ઊભો તો અદમ્ય ઇચ્છા થઈ આવી કે એનાં મૂળિયાંની ધૂળ લઈને માથે ચડાવું, કોઈ જૈફ વડીલની ચરણધૂલી ચડાવતો હોઉં એમ. ચપટી ધૂળ હાથમાં લઈ એણે હથેળી વચ્ચે દાબી. કરકરી ધૂળનો સ્પર્શ સુંવાળો લાગ્યો. ધૂળ પાછી ફેંકી દેવાની ઇચ્છા ન થઈ.

ગામને નીરખવા જેટલી જ અધીરાઈ મા પિતાજી સમક્ષ જવાની છે. ફરજ એ ચૂક્યો નથી. એ બાબત નિશ્ચિંત છે. કમાતો થયો કે અર્ધો પગાર નિયમિત મોકલતો રહ્યો. એને થોડો ઓવરટાઈમ, એકાદ ટ્યુશન, નોકરી ઉપરાંત પણ કંઈક કરવું પડયું. એણે કર્યું. બસો રૂપરડીમાં એકલા રહીને ય શહેરી ખર્ચો ને ગામ પણ મોકલવાનું. મહેનત વધુ પડે. પણ કંઈક અતિરિક્ત ન કરે તો આ જમાનામાં...! શહેરની પસીનો રેલાવતી દોડધામથી તો અહીં રહીશ એટલા દિવસ મુક્તિ મળશે. માનસનાં પાણીની ભીની સપાટી પરથી તરતી આવતી હવાને ઘૂંટ પર ઘૂંટ પીતો હોય એમ મોં ફાડીને એ શ્વાસોમાં ઉતારી ગયો.

પિતાજીનો ઘરડો ધ્રૂજતો હાથ એના માથા પર ફર્યો. પિતાજીના હાથ પર નસો ફૂલી આવી છે. માની કમરનું દર્દ પહેલાં કરતાં વધુ હેરાન કરે છે. મા લાકડીને ટેકે ચાલે છે. આત્મીયતાનો એક અદૃષ્ટ તાર ખંડિયેર જેવા ઘર સાથે પણ ગૂંથાઈ ગયો છે. એ ખિન્ન થઈ ઊઠયો. ઘર પર વર્ષો પહેલાં કોઈ એક રંગ ચોપડયો હતો એના પોપડા ઊખડી ગયા છે. ઓરડાની દીવાલમાં કોળ ને ઉંદરે મોટાં બાકોરાં પાડયાં છે. ઉપર મેડા પર તો વધુ બાકોરાં હશે. છાપરું એક બાજુ ધસતું આવે છે. કદાચ, આવતું ચોમાસું નહિ જીરવે. પિતાજીના નિચોડાઈ ગએલા ચહેરા પર અસંતોષની રેખા એણે હમેશાં જોઈ છે. શહેર ગયો ત્યારે જોઈ હતી, આજે પણ જુએ છે. પિતાજી બોલતા નથી, પણ એમની પીળી પડી ગએલી આંખો ઘર પર અટકી રહે છે ત્યારે માત્ર ચિંતા જ વ્યક્ત નથી થતી, કોઈ કર્તવ્ય અપૂર્ણ રહી ગયું એની વ્યથા પણ વ્યક્ત થાય છે. આજે તો હવે લડથડી ગએલા ઘરને ફરી ઊભું કરવાની શારીરિક કે માનસિક એકે ય શક્તિ એમનામાં રહી નથી. એ જાણે છે કે પિતાજી ઘરને પુનર્જીવન આપી શક્યા હોત જો એનું ભણતર આડે ન આવ્યું હોત તો. હવે એના પ્રતિ જાણે કંઈ આશાભરી મીટ માંડીને બેઠા છે! એણે કહ્યું—ચુપકીદી તોડવા: 'ઘણા મોટા કોળ થઈ ગયા છે.' કહ્યા પછી લાગ્યું, નાહક બોલ્યો. ખુદ જોઈ શકે છે. પિતાજી જુએ છે, સૌ જુએ છે. ઉલ્લેખ કરવાથી મનને દુઃખ પહોંચવાનું. એમની હયાતિ દરમિયાન પોતે ઘર ફરી ઊભું કરી શકશે?—મા પિતાજી વાસ્તુને દિવસે નવા ઘરના બારણામાં ઊભાં રહી ગામવાસીઓને આવકારે એવું કંઈક? એ અભીપ્સા પૂરી કરવી આકાશકુસુમવત્ વાત છે. ખાટલા પર બેઠો બેઠો એ પગ નીચેની ધૂળમાં ધીરે ધીરે ખસતી ગોકળગાયને જોઈ રહ્યો, જોતો રહ્યો.

ઘર બહાર નીકળ્યો તો, ગામના બદલાતા ચહેરાથી પરિચિત થવાની ઇચ્છા લઈને. સામે ફેલાએલા આકાશમાં ઢળી આવતી સંધ્યાની લાલિમા મળી. શહેરમાં તો સાંજ હતી જ નહિ, બત્તીઓ જલી ઊઠતી ત્યારે સાંજ પડી ગઈ એમ કહેતા. કોઈ લંગોટિયો મળી જાય તો ઘણી ઘણી વાતો થાય. છોકરા આ ચોરા પર દીવાબત્તી થયે રમવા આવતા, ધૂળ ઊડતી, પકડદાવ ચાલતો, રમનારાની કિલકારીઓ સંભળાતી. એ ચોરો જોઈને વધુ ખિન્ન થયો. પાડે પીપળના વૃક્ષની ડાળ અર્ધી તૂટીને લટકી રહેલી—કે કોઈએ કુહાડાનો ઘા મારીને તોડી હોય. દસ કદમ દૂર નવી ઈમારતનાં ઈંટ, રેતી, બાલુ ખડકાયાં હતાં. પાસે પાટિયા પર ચીતર્યું'તું એ એણે વાંચ્યું: Site for Citizens' Cooperative... હતું તો ત્રણ ભાષામાં. એ શહેરથી આવ્યો હતો એટલે અંગ્રેજી વાંચ્યું. એના ગામમાં કંઈક નવું ઊભું થતું હતું એ ખયાલે જૂનું મીટતું હોવાનો ગમ ઘડીક હળવો કર્યો. એ સમજ્યો. ઓટલો ને પીપળો થોડા દિવસનાં મહેમાન છે. નવું નવું હોઈને ય જૂના સાથે બંધાએલા તાર કોઈ એક ઝાટકે કાપી નાખતું હતું. જાણે અહીં ઊભા રહેવું ન ગમતું હોય એમ એણે કદમ ઉઠાવ્યો ત્યાં તો—

કોઈનો હાથ પીઠે અડચો. એણે મોં ફેરવ્યું. ગણેશ હતો. પાંચમી સુધી સાથે ભણ્યા'તા. પછી ગણેશે છોડી દીધું. ભણીને શું કરવાનું—એ કહેતો. ખરી વાત એ હતી કે ગણેશ ઠોઠ હતો. પણ દોસ્તી રહી. ગામની દોસ્તી શાળા સુધી જ સીમિત નથી રહેતી. એ શહેર ગયો એ દિવસે ગણેશ ઝાંપા સુધી આવ્યો હતો. ગણેશનો મેલડિયો-ઘેલડિયો વેશ બદલાઈ ચૂક્યો હતો. આંગળીઓ વચ્ચે દાબી રાખેલી સિગારેટ એણે જોઈ. પૂછવાનું મન થયું: ક્યારથી ગણેશ? પૂછ્યું નહિ. ગણેશ વચ્ચે જમીનનો ફાંસલો રાખીને વાત કરતો હતો. મુઠ્ઠી વાળીને ગણેશે જોરદાર કસ ખેંચ્યો. શહેરમાં લોકો આ રીતે સિગારેટ નથી પીતા. હવામાં ધુમાડાનો ગુબાર ઊડયો. 'ક્યારે આવ્યો, ક્યાં?' ને વળતા પ્રશ્ને જ ગણેશે પૂછી નાખ્યું: 'ત્યાં કેટલા કમાય છે?' કદાચ, ગણેશને ખબર હતી કે એને કેટલા મળે છે. પિતાજીએ કહ્યું હશે. એને આશ્ચર્ય થયું. ગણેશ ભેટી નથી પડચો કે હાથ પકડીને મિત્રોને ઘેર નથી લઈ જતો. એણે તો આશા રાખી હતી કે બધા એકઠા થઈશું ને કાકાના ચબૂતરા પર બેસી જૂના દિવસોની જેમ વેલજીની દુકાનેથી ભજિયાં મંગાવી એ ગામ આવ્યો છે એની ખુશી મનાવીશું.

'ખબર છે તને, મેં જૂનું ઘર પાડીને નવું ચણાવવું શરૂ કરી દીધું છે. આવજે કોઈક દિવસ...' વણપૂછ્યે ગણેશ કહી રહ્યો હતો.

શહેરની નોકરી લાગી ત્યારે મિત્રોને ઈર્ષ્યા થઈ હતી. આજે એની વ્યર્થતા ઉઘાડી પાડતો ગણેશ કહેતો ગયો: 'હવે તો ગામમાં વધુ કમાણી છે. આ તરફ ઘણા નવા પ્રોજેક્ટ નંખાવા શરૂ થઈ ગયા છે. આ સહકારી મંડળીનો પૂરો ઠેકો લીધો છે. આવતો રહે, તને પણ ક્યાંક ગોઠવી દઈશું. પંચાયતમાં આપણા દળનો ગજ છે. બધું એમ જ ચાલે છે દોસ્ત...' આંખ મિચકારતો ગણેશ વિલનને શોભે એવું કુટિલ હાસ્ય વેરી આગળ વધી ગયો. એની પીઠ પાછળ એ અવાક્ થઇને જોતો રહ્યો. ગણેશ તો ઠોઠ હતો. એણે નવું ઘર ચણાવવું શરૂ કરી દીધું છે! 'આવજે કોઈક દિવસ પંચાયતમાં આપણા દળનો ગજ છે. બધું એમ જ ચાલે છે, દોસ્ત...' આ કંઈક જુદું જ નીકળ્યું, અણધારેલું. આધુનિકીકરણ, ઔદ્યોગીકરણની સાથે આ પણ આવ્યું છે? કમાઈ પર એનો આંક માપીને ગણેશે એને ઉતારી પાડચો હતા, એનો માનભંગ કર્યો હતો. એ સમસમી રહ્યો. મારા ગામના લોક આવા તો નહોતા.

માનસવાળી સડકની ધારે માણેકચોક પહોંચ્યો. વીજળીની નવી ઊભી કરેલી બત્તીઓ મળી. ચાની હોટલ. પાનની દુકાન. લાલ રંગની દીવાલોવાળા મકાનમાં બૅંક. ને લોકોની અવરજવર. અહીં ચોકમાં માઈક ગોઠવાતું હતું. એક જણને પૂછ્યું. ગામમાં કોઈ અજાણ્યું નહોતું. 'અરે, તું? ક્યારે આવ્યો શહેરથી?'

એ ભાઈએ કહ્યું: 'લે, કોઈ આવવાના છે ભાષણ કરવા. તૈયારી એની ચાલે છે—' ચોક ભણી ઊડતી નજર નાખી લઈ: 'કોઈ ને કોઈ આવે જ છે. વખત મળ્યે સાંભળી આવીએ. બાકી, આજકાલ બજારકામમાં ક્યાં ફુરસદ છે? પહેલાં તો કથા-ભવાઇ આવતી કે અચૂક જતા—'

બચપણના દિવસોની અધીરાઇ એને યાદ આવી. અહીં માણેકચોકમાં જ તરગાળા ભવાઈ ખેલતા. મા પાસેથી એક આનો લઈને દોડતો પહોંચી જતો. છોકરા ઓછા પૈસા આપે તો પણ બરાબર જોઈ શકે માટે આગલી હારમાં બેસાડતા. ભવાઈઆ નવાનવા વેશ રમતા. એના દિલમાં ફરી એક વાર ભવાઈવાળા દિવસ જીવતા કરવાની ઇચ્છા જાગી ઊઠી. એને થયું એ લોકોને કહે કે ફરી ભવાઈ લાવોને: આપણી લોકકળા છે. પણ એની ભાષા મૂગી થઈ ગઈ હતી.

'કહો, શહેરમાં શા હાલચાલ છે? કેટલા મળે ત્યાં?' એક વાર ફરી 'કેટલા મળે!' એ હચમચી ઊઠયો. શું થઈ ગયું છે એના ગામને. મળતા હતા એ કહ્યા, તો-'બસ, એટલા જ? કંઈક આડા હાથનું પણ હશેને? શહેરમાં રહીને તો જરૂર—'

એના ગામે પણ ડૉ. જૅકિલની જેમ કોઈ ઝેરી રસાયણ પી લીધું છે કે ચહેરો ઝડપથી વિકૃત થતો જાય છે? ચહેરા પરથી ભોળી આત્મીયતા ભૂંસાઈ ગઈ છે, લગભગ. અહીં પણ એ માપદંડ આવી પહોંચ્યા, જે અત્યાર સુધી શહેરોમાં જ હતા એવો ખયાલ એ સેવતો હતો. ગામ ખોડો લીમડો ને પીર બા'સ્સાની આંબલી મટી જઈને મૅન્યુઅલ સ્કીમ ને ઈન્ડસ્ટ્રીઅલ પ્લાન્ટ બની જશે. કોઈ ને કોઈ નિષ્ણાત નવા પ્રોજેક્ટની વાતો કરવા હર સપ્તાહ આવશે. આ અજનબી દેખાતી ભીડમાં એ જાણે એવા બિંદુ પર આવીને ઊભો રહી ગયો છે, જ્યાં નથી એનામાં 'કેટલા પેદા કરો' એ માપદંડ પર મૂલ્યાંકન સ્વીકારી લેવાનું સાહસ કે નથી જર્જર આત્મીયતાને હજુ પણ વળગી રહેવાની સ્થિતપ્રજ્ઞ ધીરજ. એને લાગ્યું એ અંતરિયાળ ઝૂલતો ત્રિશંકુ છે.

ઘેર પાછો ફરીને એ ચૂપચાપ સૂઈ ગયો. બહાર આંગણામાં ખાટલો ઢાળેલો હતો. ગામમાં હતો ત્યારે પણ એને બહાર સૂઈ રહેવું ફાવતું, આકાશ તળે. ઉપર ચાંદની ઝળૂંબતી હતી—સફેદ ચાંદની, ખુલ્લું આકાશ હતું—નજર પહોંચે ત્યાં સુધી ખુલ્લું. શીતળ હવા વહેતી મળી—વૃક્ષોની એકમેકમાં ગૂંથાએલી ડાળીઓમાં થઈને વહેતી. શહેરમાં એ ઝંખતો રહેતો. આમાંનું કશું નહોતું મળતું. ને નહોતું મળતું એટલે જીવનમાંથી કશુંક ઓછું થઈ ગયું એમ એને લાગતું. એક ખૂણો જાણે ખાલી રહેતો. ગામમાં આવીને ચાંદની ને આકાશ મળ્યાં તો ખરાં. પ્રકૃતિએ ધોખો નથી દીધો. માણસમાં પરિવર્તન આવી ગયું છે. તને, પણ ક્યાંક ગોઠવી દઈશું—'વળો નવો માહોલ એમાં તક જોઈને એ બધ બેસી જઈ શકે? એણે કહ્યું: જેટલા દિવસ ગામમાં રહીશ. લોકોથી દૂર રહીશ. નહિતર, વળી, એ જ પ્રશ્નો: કેટલા મળે છે? કંઈ આડા હાથનું? ફલાણાએ ઘર બંધાવી લીધું, તેં શું કર્યું? એનું પોતાનું ગામ જ એને ઉઘાડો કરી મૂકે છે. ગામની આ નવી, નિર્મમ સ્મૃતિ સાથે લઈ જવા એ તૈયાર નથી. બપોર આંબાવાડિયામાં, સાંજ માનસને કિનારે, ને શક્ય એટલો જલદી શહેર પાછો જઇશ.

ઠંડી હવાની લહેરખીઓ તળે આંખ ક્યારે લાગી ગઇ, કોણ જાણે. મોડી રાતે નીંદર અચાનક ભાંગી ત્યારે, કદાચ, બે વાગ્યા હતા. તરસ લાગી હતી. જીનો બંધ નહોતો. આડો કરેલો હતો. મા અને પિતાજી અંદર સૂઈ રહેતાં. ખુલ્લામાં સૂઈ રહે તો પિતાજીને શરદી પકડાઈ જાય છે. જૂની ખાંસી પાછી ઊંઠે.

જીનાની જાળીમાંથી ચળાઈને ચાંદની પડતી હતી. ગાર-લીંપી ભોંય પર નાનામોટા સફેદ ટુકડાની ભાત આલેખાઈ હતી. પૂરતો પ્રકાશ હતો. છતાં, ફાનસ બળતું જોયું તો એને આશ્ચર્ય થયું. તગારામાં ગારોમાટી લઈ પિતાજી દીવાલમાં કોળે પાડેલાં બાકોરાં પૂરતા હતા. તગારા પાસે મા બેઠી હતી. 'ભાઈ જુએ છે તો એના દિલને દુઃખ પહોંચે છે.' —મા કહેતી હતી. ટેવ પ્રમાણે પિતાજી કશું બોલ્યા નહિ. માટી પૂરતા રહ્યા. પણ, માની વાતના અનુસંધાનમાં એમનું માથું હળવેથી હાલ્યું. દીકરો નામોશી અનુભવે એની વ્યથા પીડે છે-પિતાજીને પણ. નવી છોળે ગામલોકોની જબાન કાતર કરી મૂકી છે. આ બે વૃદ્ધ ચહેરા ફાનસના પીળા પ્રકાશમાં યે મમતાભર્યું ગાંભીર્ય વેરી શકે છે. મા-પિતાજીને સંતોષ મળે એવા શબ્દ તે હમેશાં શોધતો રહ્યો છે. શબ્દ એને હાથ લાગ્યા નથી. હવે લાગે છે શબ્દ નિરર્થક છે. એમની સમજદારી વધુ પીઠ છે.

એ ચૂપચાપ ખસી ગયો. એણે જીનો ઉઘાડચો નહિ. પાછો જઈને સૂઈ ગયો. એણે ઉપર જોયું. ઉપર એના ગામનું એક ટુકડો આકાશ ઝળુંબતું હતું—ધીર, ગંભીર, પિતાજી જેવું, પરિચિત. □

આ વર્ષના નવેમ્બર માસમાં જેની સ્થાપનાને પૂરાં એક સો વર્ષ થશે એ, અમેરિકામાં પ્રકટીને ભારતમાં પાંગરેલી બ્રહ્મવિદ્યા ને ભ્રાતૃભાવની સંસ્થા

થીઓસૉફિકલ સોસાએટી

લેખક · ચંપકલાલ મહેતા




▷ થીઓસૉફીનો તમામ સાર પ્રકટ કરતી એ સંસ્થાની ધ્યાનમુદ્રા

ઓગણીસમી સદીના અર્ધાર્ધમાં પશ્ચિમમાં જડવાદ અને અંધ શ્રદ્ધાનું પ્રાબલ્ય જામતું જતું હતું, તો પૂર્વમાં નિષ્ક્રિયતા અને ધર્મની વ્યગ્રતા તથા વ્યસ્તતા વ્યાપક બન્યાં હતાં. આવા બંધનાત્મક ધર્મના વલણ સમયે ધર્મના પુનરુત્થાન કાજે આંતરરાષ્ટ્રીય આધ્યાત્મિક સંસ્થા થીઓસૉફિકલ સોસાએટીની સ્થાપના ન્યૂ યૉર્ક ખાતે ઈ. ૧૮૭૫ના નવેમ્બરની ૧૭મી તારીખે થઈ. એના મૂળ સ્થાપકો કર્નલ ઑલ્કૉટ અને રશિયન બાનુ બ્લૅવેટ્સ્કી. આ વર્ષે આ સોસાએટીની શતાબ્દી જગતભરમાં ઊજવાઈ રહી છે ત્યારે એ સંસ્થાનો પરિચય મેળવવો સમુચિત લેખાશે.

અમેરિકામાં સ્થપાએલી આ સંસ્થાનું આંતરરાષ્ટ્રીય કેન્દ્ર તો બન્યું ભારતમાં મદ્રાસ ખાતે અધાર; અને ભારતમાંની તમામ શાખાઓનું કેન્દ્ર બન્યું કાશી—બનારસ, આજનું વારાણસી. એના તમામ પ્રમુખો ભારતનું ગૌરવ ને એનું આધ્યાત્મિક વલણ જાણીને ભારત તરફ સવિશેષ આકર્ષાએલા અને સમયાનુસાર ભારતમાં આવીને વસેલા. સંસ્થાના પ્રથમ પ્રમુખ (ઈ. ૧૮૭૫થી ૧૯૦૭) કર્નલ ઑલ્કૉટ સૌમ્ય, શાંત, સ્નેહાળ, અધ્યાત્મરંગી ને આદર્શવાદી હતા. એમનું પ્રસિદ્ધ પુસ્તક 'ધી ઓલ્ડ ડાયરી લીવ્ઝ' એમની જીવનપ્રવૃત્તિ પર સુરેખ પ્રકાશ પાડે છે. તો બીજી બાજુ સાહસિક, ગુપ્ત જ્ઞાનનાં સંશોધક, તેજસ્વી બુદ્ધિપ્રતિભા અને પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવનારાં માદામ બ્લૅવેટ્સ્કી આ સંસ્થાનાં ત્યારે સંચાલક બનેલાં. જગત અને જીવનના વ્યાપક સ્વરૂપને યથાર્થ રીતે પિછાનવા 'ધ સેક્રેડ ડૉક્ટ્રીન' નામક એમનું પુસ્તક ખૂબ ઉપયોગી છે. સંસ્થાનાં બીજાં પ્રમુખ (૧૯૦૭થી ૧૯૩૩) હતાં ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના અગ્રણીઓમાંનાં એક અને હોમરૂલ લીગનાં સ્થાપક એવાં વિરલ વ્યક્તિ ડૉ. ઍની બેસન્ટ. બર્નાર્ડ શૉ, ચાર્લ્સ બ્રૅડલી, લોકમાન્ય ટિળક, પંડિત મોતીલાલ નેહરુ, સરોજિની નાયડુ, પુરુષોત્તમ ઠાકોરદાસ, મહંમદઅલી ઝીણા જેવી દેશપરદેશની પ્રતિભાશાળી અનેક વ્યક્તિઓ એમનાથી પ્રભાવિત થએલી. ભારતને એમણે પોતાની માતૃભૂમિ બનાવેલી. ભારતીય શ્વેતનારીપોશાકમાં એ જાજ્વલ્યમાન લાગતાં. વાણી અને કલમ બંને પર એમનું અદ્‌ભુત પ્રભુત્વ હતું. એમણે કરેલો ગીતાનો અનુવાદ જાણીતો છે. ઍની બેસન્ટના સહાયક બિશપ લેડબિટર દિવ્ય દૃષ્ટિવાળા, જન્મજન્માંતરના થર ઉકેલનાર, સંશોધનાત્મક વૃત્તિવાળા, આકાશિક અવતરણના અભ્યાસી અને પ્રભુના માણસ હતા. શ્વેત દાઢીમાં શોભતા એ પ્રાચીન ઋષિ જેવા લાગે. સંસ્થાના ત્રીજા (૧૯૩૩ થી ૧૯૪૫) પ્રમુખ શિક્ષણશાસ્ત્રી, મોહક વ્યક્તિત્વવાળા ડૉ. એરુન્ડેલ કેટલોક સમય ઈન્દોર રાજ્યના કેળવણી ખાતાના નિયામકપદે પણ હતા. (એમનાં પત્ની રુક્મિણીદેવી કલા, સંગીત અને ખાસ કરીને નૃત્ય તરફ વધુ ઢળ્યાં. એમણે આપણી પ્રાચીન નૃત્યકલા ભરતનાટ્યમની તાલીમ લઈ ચિદંબરમમાં પ્રથમ સ્ત્રી નૃત્યકાર તરીકે જાહેરમાં રજૂ થઈ એક ક્રાન્તિ જગાવી અને 'કલાક્ષેત્ર' નામની અદ્યારની વિખ્યાત કલાપીઠ સ્થાપી.) ચોથા પ્રમુખ (૧૯૪૫ થી ૧૯૫૩) સી. જિનરાજદાસ કલા અને સૌંદર્યના પૂજક તથા પ્રચારક, સોળ ભાષાના જાણકાર અને સાહિત્યના રસિયા જીવ હતા. પાંચમા પ્રમુખ (૧૯૫૩

> 'ગાંધીજીના આગમન પૂર્વે થીઓસૉફી સંપ્રદાયે આ દેશમાં કેટલુંક સુંદર કાર્ય કર્યું છે, તેની જાણ ઘણાને નથી. રૂઢિચુસ્ત જમાનામાં ઇંગ્લૅન્ડથી આવેલાં શ્રીમતી ઍની બેસંટે ભારતના વિવિધ ધર્મો, વાડાઓ અને મતમતાંતરો વચ્ચે, કોઇનો યે વિરોધ કર્યા વિના, સર્વ સદ્‌ગુણો અને સત્પુરુષોને સન્માનતું આ ભ્રાતૃમંડળ સ્થાપી અભ્યાસ, ચિંતન ને આત્મશુદ્ધિનો માર્ગ ઉઘાડ્યો હતો. તેમાં જાતિવાદની તકરારો નહોતી, પૂર્વ જન્મો અને કર્મોના પરિપાકનો સ્વીકાર હતો, છતાં સભ્યતા, સંસ્કાર અને સદ્‌વિદ્યા માટે નિયમિત આગ્રહ અને પરિશીલન હતાં. તેના અનુયાયીઓ રાજકાજની પક્ષાપક્ષીમાં પડતા નહિ, પણ ભગવત્-ભજન કે પ્રજાશિક્ષણ અને સેવાનાં કાર્યોમાં નિષ્ઠાપૂર્વક કામ કરતા અને તેનો ઉપદેશ આપતા. આથી દેશી રાજ્યોમાં કે બ્રિટિશ હકૂમતમાં તેમના અનુયાયીઓમાં ઊંચા પદાધિકારીઓ, પ્રૉફેસરો ને શિક્ષણવેત્તાઓ સમાન ભાવે હળતા-મળતા રહેતા. મુસ્લિમ, પારસી, હિંદુ કે યહૂદી હોય કે યુરોપિયન હોય તેમની વચ્ચે માનવ-સમાનતાનું વ્યાપક વાતાવરણ જામ્યું હતું.'
>
> —('સ્મૃતિચિત્રો'માં શ્રી રવિશંકર મ. રાવળ)—

◁ થીઓસૉફિકલ સોસાએટીનાં આદ્ય સ્થાપકો કર્નલ એચ. એસ. ઑલ્કૉટ અને માદામ બ્લૅવેટ્સ્કી







ઉપર : શ્રીરામ (પાંચમા પ્રમુખ); જમણી બાજુ: સી. જિનરાજદાસ (ચોથા પ્રમુખ); નીચે: જિદ્દુ કૃષ્ણમૂર્તિ (ત્રીજા પ્રમુખ); સમૂહ છબિમાં બેઠેલા: ડાબી બાજુથી યુવાન કૃષ્ણમૂર્તિ, ઍની બેસંટ અને લેડબીટર. નીચે બેઠેલા કૃષ્ણમૂર્તિના ભાઈ નિત્યાનંદ અને ઍની બેસંટની પાછળ ઊભેલા ઊંચા યુવાન જ્યૉર્જ સીડ્ની એરુંડેલ. (ત્રીજા પ્રમુખ)



થી ૧૯૭૩) શ્રી રામ વિનમ્ર, નિરભિમાની, અનેકવિધ જ્ઞાનથી ઓપતા, મિલનસાર અને જીવનપ્રેરક વ્યક્તિ હતા. ઈ. ૧૯૭૩થી છઠ્ઠા પ્રમુખ બનેલા જ્હૉન બી. એસ. કોટ્સ ખૂબ ખંતીલા, મસ્ત અને સદાયુવાન પુરુષ છે. ઇંગ્લૅન્ડ અને યુરોપમાં એમણે અનેક યુવક પ્રવૃત્તિઓ સાચવેલી. (જુઓ આ અંકમાં 'મારી માન્યતા' વિભાગ.)

આવી આ સંસ્થાની વિશિષ્ટ મુદ્રાનું રહસ્ય જાણવા જેવું છે. એણે સ્વીકારેલી આ મુદ્રામાં થીઓસૉફીનો તમામ સાર સમાઈ જાય છે. એ મુદ્રામાં ગોળ સર્પાકારે 'There is no religion higher than Truth' (સત્યથી પરમ બીજો કોઈ ધર્મ નથી) એ અમર વાક્ય આલેખાએલું છે. તેના શિરે ૐકાર 'તસ્ય વાચકઃ પ્રણવઃ' નિદર્શિત થાય છે. ગોળાકાર સર્પે તેજ પુચ્છ પોતાના મોંમાં લીધું છે તે અનંત જીવનલીલાનું, યુગોથી યુગોના પ્રકટીકરણનું પ્રતીક છે. એ પુચ્છ અને મોંના મિલનસ્થાન પાસે ગોળ આકૃતિમાં જમણી બાજુ ફરતો અને તેના છેડા ડાબી બાજુ વાળતો જે સ્વસ્તિક છે તે મહાન યોજના–આનંદલીલાનું પ્રતીક છે. મધ્ય ભાગમાં T તે 'ટાઉ'—પરમાત્મા, સ્વાર્પણ, યજ્ઞસ્વરૂપ ક્રૉસનું પ્રતીક છે. તેના પર બ્રહ્મની, પૂર્ણતાની નિશાની રૂપ ગોળ બિન્દુ છે. તેની આસપાસ બે ત્રિકોણ છે તે ચૈતન્યના સત્, ચિત્, આનંદ કે આત્માનાં ઇચ્છા, જ્ઞાન અને ક્રિયારૂપ છે. નીચેના છેડાવાળો ત્રિકોણ તે પ્રાકૃતિક ત્રણ ગુણો—સત્ત્વ, રજસ અને તમસ રૂપ છે. તે સર્વ પરસ્પર ગૂંથાઇને વિશ્વલીલા ચલાવી રહ્યાં છે. સંસ્થાની આ મુદ્રા જગતનાં સર્જન, વર્ધન અને વિસર્જનની ક્રિયા દ્વારા પૂર્ણતા પ્રાપ્ત કરવા તરફ સર્વ જીવોને નિર્દેશ કરી રહી છે. (જુઓ આ સાથેનું ચિત્ર)

આ સંસ્થાના મુખ્ય ઉદ્દેશો ત્રણ છે: (૧) આંતરરાષ્ટ્રીય આંતરભાષીય અને આંતર ધર્મવ્યાપક ભેદભાવોને સદંતર દૂર કરી, આત્મભાવ કેળવી વિશ્વ-ઐક્ય અને વિશ્વ-બંધુત્વ સ્થાપવું; (૨) ધર્મ, વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન દ્વારા જીવન તથા જગતનાં ગૂઢ ને અવ્યક્ત રહસ્યોનું સંશોધન કરી, એનો તાગ મેળવી એને વ્યક્ત કરવાં; (૩) કુદરતના નહિ સમજાએલા કાનૂનો ને મનુષ્યોમાં રહેલી સુષુપ્ત શક્તિઓનું તારતમ્ય કાઢવું. આમ, મનુષ્યની પ્રભુ અને સત્યશોધનની સુજનજૂની છતાં નિત્યનવીન ઝંખનાને સમ્યકરીતે આ ઉદ્દેશો દ્વારા સંસ્થા સહાયભૂત થાય છે.

આવી ઉચ્ચ સંસ્થાનું વર્ચસ ગુજરાતમાં પણ જામેલું હતું ને હજી છે. એક કાળે તો થીઓસૉફીનાં પ્રધાન કાર્યો ને ગુજરાત–સૌરાષ્ટ્ર–કચ્છના વ્યક્તિવિશેષો અસંખ્ય હતા. અનેક ખ્યાતનામ ક્ષેત્રપારંગતો, કલાકારો, સાક્ષરો, વિજ્ઞાનીઓ, વિચારકો અને તત્ત્વવિદોએ પોતાનાં સંગીન કાર્યો દ્વારા સોસાએટીના ઉદ્દેશોને ચરિતાર્થ કરવાનો પુરુષાર્થ ખેડયો છે. આમાં સૌથી મોખરે આવે સૌરાષ્ટ્રના હડાળા ગામનો અભ્યાસવર્ગ. યોગવાસિષ્ઠના રંગે રંગાએલા ત્યાંના સ્વ. દરબાર વાજસુર વાળાએ આ વર્ગ ઈ. ૧૯૧૬થી પૂરાં ત્રીસ વર્ષ ચલાવ્યો. ઈ. ૧૯૧૬માં તો તે પૂરા એક મહિના સુધી ચાલેલો. ઈ. ૧૯૨૫માં તો ત્યાં આવેલાં ભાઈ–બહેનોનો આંકડો ૧૦૦થી ૧૧૫ સુધી પહોંચેલો. રોજ સવાર-સાંજ બે વખત આ વર્ગ ચાલે. અહીં આવતા અભ્યાસીઓ પછી તેનો લાભ પોતપોતાનાં કેન્દ્રો દ્વારા પ્રવચનોથી આપતા. ઝવેરચંદ મેઘાણી, લલિતજી, મણિલાલ દ્વિવેદી, કલાપી વગેરે સર્જકોએ પણ આ વર્ગનો લાભ લીધેલો અને એની અસર એમનાં સર્જનોમાં જણાયા વગર રહેતી નથી.

આ અભ્યાસવર્ગનું ત્રીસ વર્ષ સુધી સંચાલન કર્યું હતું શ્રી હરજીવન કાલિદાસ મહેતાએ. થીઓસૉફીના ઊંડા અભ્યાસી, મહાન વકતા અને સફળ લેખક. પૂરાં સાઠ વર્ષ સુધી એમણે થીઓસૉફી કાજે સતત કામ કર્યું. વીસેક પુસ્તકો રચ્યાં છે, જેમાંનાં કેટલાંકની તો બાર આવૃત્તિઓ થઈ છે. છ સામયિકોના તંત્રી અને છવ્વીસ સંમેલનોના પ્રમુખ બનેલા.

ભાવનગરની પ્રજા પરિષદના પ્રમુખ અને પાછળથી કેળવણી ખાતાના લોકજ્ઞ પ્રધાન બનેલા. અત્યારે ૯૪ની વયે પથારીવશ હાલતમાં પણ થીઓસૉફીનું રટણ જ એમનો પરમ સહારો બની રહ્યું છે.


થીઓસૉફી માટે આવું જ સંગીન બીજુ કાર્ય કર્યું શુક્લતીર્થના નમૅદા આશ્રમે. સ્વ મગનભાઈ વ્યાસ અને એમના મિત્રમંડળે આ સદીના ત્રીજા દશકામાં શાંતિનિકેતન ને દક્ષિણામૂર્તિશી સંસ્થા સમ આ આશ્રમ ચલાવેલો. ગુજરાતની સ્કાઉટિંગ-પ્રવૃત્તિના આદ્ય સ્થાપક ને પ્રેરણામૂર્તિ શ્રી ગુણવંતરાય ભટ્ટે સ્કાઉટિંગની શરૂઆત આ આશ્રમમાંથી જ કરેલી. કુદરતમાં ભમવાના ભારે રસિયા અને દિલરૂબાના અચ્છા વાદક એવા ૮૩ વર્ષના એ યુવાન વૃદ્ધ ગુજરાત થીઓસૉફિકલ ફેડરેશનના ઉપપ્રમુખ,ગુજરાતની સ્કાઉટિંગ પ્રવૃત્તિના સંચાલક અને સંગીતપ્રયોજક છે. સંગીતક્ષેત્રે કમલાબેન ઠક્કર અને આખ્યાનો-ભજનો-હરિકથાઓ દ્વારા સીતારામભાઈ થીઓસૉફી માટે નોંધપાત્ર કાર્ય કરી રહ્યાં છે.


સ્ત્રીકેળવણીનો ગરવો ભેખ લખનાર થીઓસૉફિસ્ટો સ્વ. અમૃતલાલ દાણી ને ભૂપતભાઈ મહેતા પણ સ્મરણમાં આવ્યા વગર રહેતા નથી. ભાવનગર તથા સૂરતમાં મહિલા વિદ્યાલયોનું એમણે કુશળ સંચાલન કર્યું. એમની પ્રેરણા ઝીલીને શ્રી ઈન્દુમતીબહેન મહેતા અમદાવાદની એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી સાથે સંલગ્ન (હવે ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન) મહિલા કૉલેજનાં આચાર્યા બન્યાં. નારીવર્ગમાં એમણે થીઓસૉફીનો પ્રચાર કર્યો અને આજે પણ ગુજરાત થીઓસૉફિકલ ફેડરેશનનાં એઓ પ્રમુખ છે. આજે એમની નિવૃત્તિમાં પણ થીઓસૉફી જ સાચી પ્રવૃત્તિ છે. એમના ભાઈ શ્રી રોહિત મહેતાએ તો પોતાનું સકલ જીવન થીઓસૉફીને જ અર્પણ કર્યું છે અને બનારસ-વારાણસી—ના કેન્દ્રને પોતાનું કર્તવ્યક્ષેત્ર બનાવ્યું છે. જાણીતા થીઓસૉફસ્ટ સ્વ. છોટાભાઈ સુતરિયા વડોદરા રાજ્ય પ્રજા પરિષદના પ્રમુખ અને ધનુભાઈ વોરા ટ્રેઇનિંગ કૉલેજના પ્રિન્સિપલ—એમણે પણ થીઓસૉફીના પ્રચારમાં સારો ભાગ ભજવ્યો છે. સ્વ. મનુભાઈ મહેતાનાં બહેન સ્વ. સુલોચનાબહેને ગુજરાતભરમાં થીઓસૉફીનો પ્રચાર કરેલો, તો સ્વ. વેણીશંકર ભટ્ટ પણ જાણે થીઓસૉફી કાજે જ જીવેલા. આવાં તો કેટલાં નામો યાદ કરવાં?!

પણ થીઓસૉફીનું શિરોબિન્દુ તો જે. કૃષ્ણમૂર્તિ જ કહેવાય. આજે જો કે એમણે થીઓસૉફિકલ ક્ષેત્રે તો સંન્યાસ જ લીધો છે. પણ એમનું જીવનઘડતર તો થીઓસૉફીથી જ ને એમાંય ખાસ કરીને તો ડૉ. ઍની બેસન્ટ દ્વારા જ થએલું. એમના સમગ્ર કથનમાં, પ્રત્યક્ષ નહિ તો પરોક્ષ રીતે, થીઓસૉફી જ આવે છે. ઍંશી વર્ષના આ મહા સંતની પ્રવર્તમાન જીવનમુક્ત સ્થિતિ પણ આ થીઓસૉફીનું જ પ્રદાન છે.

આમ, થીઓસૉફીએ આંતરિક ને બહિર્ ક્ષેત્રે પરાયા અવલંબનની પામરતાને છિન્નભિન્ન કરતાં શીખવ્યું છે, વિશ્વબંધુત્વની ભાવના કેળવવામાં સુદૃઢ સહાય કરી છે, બ્રહ્મજ્ઞાનની અખંડ ઉપાસના આચરવાનો મહિમા કર્યો છે. જીવનમાં અતિ ઊંડે અવલોકન કરીશું તો બહિર્ ક્ષેત્રે સ્પર્ધા, ઈર્ષા, દંભ, રાગદ્વેષ, સ્વાર્થ ને છેતરપીંડીનું સામ્રાજ્ય વ્યાપેલું જણાશે, જ્યારે આંતરિક ક્ષેત્રે કોઈ પરાયું તત્ત્વ આપણામાં પેસી જઈ હેરાન પરેશાન કરે છે. એ છે અહમ્. આ અહમ્ આપણું સત્ય સ્વરૂપ નથી. તે સ્મૃતિ, વાસના ને વિચાર દ્વારા બદલાય છે, ને જીવનને વિકૃત કરે છે. થીઓસૉફી આ બન્ને પ્રકારનાં બંધનોમાંથી છોડાવી મુક્તાવસ્થા અપાવે છે. આ દૃષ્ટિએ જોતાં થીઓસૉફી અનંત ચૈતન્યવર્ધક, બ્રહ્મજ્ઞાનદર્શક, વિશ્વહિતચાહક, સર્વ ધર્મ સમન્વય-સાધક ને વિકાસપંથી બનતાં ધર્મ, વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનના સંશોધનાત્મક વલણ તથા કાર્યને લીધે આજે સર્વતોમુખી બની જગતભરના ૬૦ દેશોમાં પ્રસરેલી છે. ફક્ત ભારતમાં જ એનાં ૪૪૧ કેન્દ્રો આવેલાં છે. એ વિજ્ઞાનને ધર્મથી અને ધર્મને વિજ્ઞાનથી તાવી-ચકાસી એનું તારતમ્ય કાઢીને પોતાનું નવીન તત્ત્વજ્ઞાન સર્જે છે. એનો મુદ્રાલેખ છે 'સત્યાન્નાસ્તિ પરો ધર્મ:' (સત્યથી પર અન્ય ધર્મ નથી.) એનો મુખ્ય સૂર છે ભ્રાતૃભાવનો, એની વિશિષ્ટતા છે સર્વધર્મસમન્વયમાં, એનાં પ્રેરક બળો છે એના પ્રખર પ્રમુખો અને એને કાજે પોતાનું જીવન અર્પનાર ઓલિયાઓ તથા ઊંડા અભ્યાસ ને અવલોકન પછી લખાએલાં એમનાં અનેક પુસ્તકો. એના શતાબ્દી વર્ષમાં થીઓસૉફી પ્રક્ષુબ્ધ વ્યક્તિજીવન, સમાજજીવન, રાષ્ટ્રજીવન અને વિશ્વજીવનને પ્રશાંત કરી પરમ સુખના સમુન્નત માર્ગે દોરી રહો! □

ટિકિટ-સંગ્રહ






ઉર્દૂ ભાષાના અનેક શાયરો મશહૂર છે. એમાં મીર અનીસ (ઈ. ૧૮૦૩-૧૮૭૪)એક ખાનદાની શાયર હતા. શાહજહાંના સમયમાં એના પૂર્વજો ઈરાનથી અહીં આવેલા. મીર અનીસ 'મરસિયા' લખવામાં આજ સુધી અદ્વિતીય રહ્યા છે. મુલ્ક મશહૂર હોવા છતાં તેઓ નમ્ર ને મિલનસાર તથા તદ્દન સાદા આદમી હતા. કરબલાના ઈમામ હુસેનના વ્યક્તિત્વની રજૂઆતમાં એમણે મરસિયા દ્વારા ખુદાપરસ્તી, બહાદુરી, દિલેરી ને ઈન્સાફ માટે કુરબાનીના ગુણને પ્રોત્સાહન આપ્યું છે. પોતાની કૃતિઓમાં એમણે હિંદી ને અરબી સંસ્કૃતિનું ઉમદા સંમિશ્રણ પ્રકટ કર્યું છે.

ભારતનું એક અન્ય ઉમદા વ્યક્તિત્વ હતું ઇંદોરનાં અહિલ્યાબાઈનું. આ અંકમાં એમનું વિસ્તૃત ચરિત્ર આપ્યું છે. આ 'આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ'માં એમની ૨૫૦મી જન્મજયંતી આવ્યાનો સુભગ મેળ મળ્યો છે. મીર અનીસને એમની છબિ દ્વારા અને અહલ્યાબાઇને મહેશ્વરમાંની એમની 'છત્રી'નું ચિત્ર આપીને એ સ્મરણાંજલિ અર્પણ કરી છે.

(પ્રેષક: ડાહ્યાલાલ સી. પરમાર-અમદાવાદ)



ગયા માસ સપ્ટેમ્બરની ત્રીજી તારીખે પોતાને ત્યાં યોજાએલી ૬૨મી આંતર-પાર્લામેન્ટરી કૉન્ફરન્સ નિમિત્તે બ્રિટને એક ખાસ ટિકિટ બહાર પાડી. તેના પરનું 'પાર્લામેન્ટની માતા' તરીકે ખ્યાત 'ધી હાઉસ ઑવ કૉમન્સ'નું આલેખન સાદગીભર્યું છતાં સુંદર અને પ્રભાવક છે.

(પ્રેષક: રમણિકલાલ સોલંકી • લંડન)

આગામી ટિકિટો: ભારતીય નૃત્ય પ્રકાર દર્શાવતી છ ખાસ ટિકિટો; વ્યક્તિવિશેષ શ્રેણી-રમાં વી. કે. કૃષ્ણમેનન, અમીર ખુશરુ, બહાદુરશાહ ઝફર અને સરદાર પટેલને સ્મરણાંકિત કરતી ચાર ટિકિટો, તથા ૨૧મી કૉમનવેલ્થ પાર્લામેન્ટરી કૉન્ફરન્સની યાદમાં એક ખાસ ટિકિટ આ ઑક્ટોબર માસમાં બહાર પડશે.

ભારતના વૈપ્લવિક ઇતિહાસનું એક પ્રેરક પ્રકરણ
સરફરોશી માટે થનગનતા યુવાનોની કથા [૨]

વિનય બાદલ-દિનેશ

મૂળ લેખક · શૈલેશ દે
અનુવાદક · સુકન્યા ઝવેરી



વિનય ▷

વૃષ્ટિ! વૃષ્ટિ! વૃષ્ટિ! આકાશ ફાડીને વૃષ્ટિ થઈ રહી હતી. ચારે કોર જળબંબાકાર! ક્યાંક ક્યાંક તો ઘૂંટણ સુધી પાણી ભરાઈ ગયાં હતાં. આ મૂશળધાર વરસાદમાં બે ગ્રામ્ય મુસલમાન ઢાકાના રાજપથ પરથી જઈ રહ્યા હતા. પહેરી હતી ફાટેલી લૂંગી ને મેલું ગંજીફરાક. હાથમાં થીગડાં મારેલા જોડા. દેખાતા જ હતા ગામડાગામના કોઈ ગરીબ મુસલમાન. લાગે છે કંઈક કામે શહેરમાં આવ્યા હશે. કામ પતાવી ઘર ભણી ચાલી નીકળ્યા હતા.

પણ આ પાછળવાળો મુસલમાન જાણે કેવો ય લાગતો હતો. એની રીતભાત, ચાલચલન સાવ જ જુદી જાતનાં લાગતાં હતાં.

રાજકુંવર? નક્કી એ જ! એવો બલિષ્ઠ દેહ અને ભુવનમોહન રૂપ કંઈ છુપાવી શકાય? પણ આ તમારું અજબગજબનું સાહસ હોં! આ જુઓને ચારે કોર દીવાલો પર તો તમારી છબીઓ લાગેલી છે, ને તમારા માથાની કિંમત દસ હજાર રૂપિયા લગાવી છે. તો ય તમારી ગજબની હિંમત છે બાપ! ચારે કોર હિંસ્ર વરુની આંખ. અરે મચ્છર-માખી પણ આજ એમની નજર ચૂકવી શકે એમ નથી. તો તમે શી રીતે આ પોલીસની વાડ ઓળંગી જશો બાપુ? પણ હા, તમારે માટે અશક્ય, અસાધ્ય કશું જ નથી. તમે તો ઇતિહાસના નાયક. હજી તો ઇતિહાસ શરૂ થયો છે. એનો શેષ અધ્યાય પણ તમારે જ હાથે લખવાનો છે.

સાંજ પડવા આવી પણ વરસાદ તો વિરામનું નામ જ લેતો નહોતો. બધું જ એકાકાર. સામે જ દોલાઈગંજ સ્ટેશન. ઢાકાથી નારાયણગંજ જવું હોય તો આ ઢાકા પછીનું બીજું સ્ટેશન. જો મલ્લિકા, પેલા બે ગામડિયા સ્ટેશનમાં દાખલ થયા. પણ આ શું? ચારે તરફ પોલીસ જ પોલીસ! સાદા વેશમાં છૂપી પોલીસની યે કમી નહોતી. અને ચારે તરફ રાજકુંવરની ચોંટાડેલી છાપેલી છબી. પકડાય તો? પણ ના, એને પકડવો એ બ્રિટિશ પોલીસ માટે શક્ય નહોતું. એ તો અલગ માટીનો માનવી.

સિગ્નલ ડાઉન. ઢાકાથી નારાયણગંજ જતી ગાડી આવવાનો વખત થઈ ગયો છે. પણ પ્રવાસીઓને પ્લૅટફૉર્મ પર જવાનો હુકમ નથી. પહેલાં પ્રત્યેક ડબ્બાની તલાશી. તે પછી ડબ્બામાં ચડવાનું. દરેક ડબ્બો, અરે સંડાસ પણ છોડયું નહોતું, ખુલ્લી માલગાડી પણ બાકાત નહોતી. પણ ક્યાં વિનય બોઝ? ના, આ ગાડીમાં નહોતો. હવે મુસાફરોને ટ્રેનમાં ચડવાની છૂટ. એમની ધમાલ જોઈ એક ખૂણામાં બેઠેલા રાજકુંવર હસવા માંડયા : ઠીક ચાલો; હુકમ થયો છે તો ચડો ગાડીમાં.

છૂપા વેશમાં બંને વિનય આરામથી નિરાંતે ગાડીમાં ચડયા. સાથે ચડયા બીજા બે જણ: બંગેશ્વર રાય અને બકુલ દાસગુપ્ત. સુપતિદાનો આદેશ: રાજકુંવરને નિર્વિઘ્ને નારાયણગંજ પહોંચાડીને પાછા ફરવું.

બીજા ચડયા ગિરિજા સેન—ઢાકા વિદ્યાલયના છાત્ર ગિરિજા સેન. રહેતા નારાયણગંજે. તેમના જ ઘેર આજે રાજકુંવરને રહેવાની વ્યવસ્થા થઈ હતી. એ જ સુપતિદાનો આદેશ.

પૂર્ણ વેગે ગાડી દોડી રહી હતી ફતુલ્લા ભણી. ડબ્બાના એક ખૂણામાં ટૂંટિયું વાળીને બેઠા હતા પેલા બે ગામડિયા. મુખ પર નિર્વિકાર ઉદાસીનતા. આંખમાં અર્થહીન શૂન્ય દૃષ્ટિ. જાણે કોર્ટનો મામલો પતાવી શહેરમાંથી ઘર ભણી જઈ રહ્યા હતા. મનમાં જાણે બીબીનો જ વિચાર કરતા હશે! ડબ્બાની બીજી બાજુ ઢાકા વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓનું એક ટોળું. હો હો કરીને આખો ડબ્બો ગજાવી મૂક્યો હતો. લાગે છે, રજામાં સહુ પોતપોતાને ઘેર પાછા જતા હતા. તમે નિશ્ચિંત બેસો રાજકુંવર. તેઓ તમારું લેશમાત્ર નુકસાન નહિ કરે. તેઓ તમને નિર્વિઘ્ને પહોંચાડવા જ આ ગાડીના ડબ્બામાં ચડયા હતા. ગજબની હતી મંત્રગુપ્તિ. કોણ, શું, શા માટે, કોઈ પ્રશ્ન કરવાનો હોય જ નહિ. કેવળ નિઃશબ્દ આગળ વધો. સદસ્યોને શિક્ષણ જ એ. તેઓ પણ એ મંત્રગુપ્તિના અક્ષરેઅક્ષરનું આદેશ-પાલન કરતા. તેઓ જાણતા કે વિપ્લવી જીવન અતિ કઠોર-કઠિન. ફાંસી કે જન્મટીપ (કાળાપાણી–દ્વીપાંતર)—એ સિવાય ત્રીજો કોઈ રસ્તો જ નહિ.

ચાષાડા સ્ટેશન. ચારે કોર ઘોર અંધકાર. બે હાથ દૂરની વસ્તુ પણ સ્પષ્ટ દેખાતી નહોતી. તેમાં પાછું બાકી હોય એમ ધોધમાર વરસાદ તો ચાલુ જ હતો. કેવળ એક મિનિટનો વિરામ. ગાડી આસ્તે આસ્તે ચાલતી હતી. એ પછીનું સ્ટેશન જ નારાયણગંજ.

અચાનક બહાર તીક્ષ્ણ સીટીનો અવાજ! ડેન્જર સિગ્નલ! ગેટ અપ! રેડી! ક્વિક. નિમિષમાત્રમાં ડબ્બો ખાલી. ચોરની ઉપર ચોર. ઢાકાથી ખબર આવ્યા હતા કે આ ગાડી નારાયણગંજ પર પાછી સર્ચ કરશે. કેવળ ગાડી જ નહિ, દરેક સ્ટીમર, લૉન્ચ, બજરા, પાનસીની તલાશી લેશે તેથી અહીંથી ચાલો પગે ચાલતા. નારાયણગંજ તો પાસે જ હતું. સામે જ ઊભા હતા સુપતિરાય. પહેલેથી જ આવીને અહીં રાહ જોતા ઊભા હતા. ઈશ્વરનો પાડ માનો કે બધા નર્વિઘ્ને આવી પહોંચ્યા હતા.

ઢાકાથી નારાયણગંજ. અહીં બંગેશ્વર રાય, બકુલ દાસગુપ્ત અને નવા વિનયને છુટ્ટી. તેમનું કર્તવ્ય પૂરું. તેમણે પાછા ફરવાનું ઢાકા. બધા ચાલ્યા ગિરિજા સેનને ઘેર. નવો પ્રોગ્રામ કાલ સવારથી શરૂ.

૩

'મનમાઝી તોર બૈઠા ને રે,
આર નૌકા બાહ્ય તે પારિ ના'.

માઝી મનના આનંદે ગીત ગાતો શીતલક્ષાના ખોળામાં નાવડી હંકારી રહ્યો હતો. અંદર બે જ વ્યક્તિ. લાગતું હતું કે બે સહજ સરળ ગામડિયા સાસરે જતા હશે. આ બાજુ નારાયણગંજ; સામે પાર બંદર. બંદર એટલે ખરેખરું બંદર નહિ. જગ્યાનું નામ જ બંદર. માઝીનું લક્ષ્ય એ બંદર. પણ આ માઝીએ કમરમાં શું છુપાંવ્યું છે? એ છે પિસ્તોલ, જરૂર પડયે ઝટ દઇને કાઢી શકાય.

બંદરથી પગપાળા વૈદ્યબજાર. ત્યાંથી ફરી નૌકા. પણ એ બધા ખરેખરા માઝી નહિ—જેની કમર પર કંઈક છુપાવ્યું હતું. કેવળ નૌકા જ ખરેખરા માઝીની. હા, પણ અંદરના ચાતાળુ તો એ જ બે.

હવે વારો આવ્યો મેઘના પાર કરવાનો. પણ અત્યારે બે મિયાંસા'બ નહોતા બેઠા. અંદર એક જમીનદાર ને એક એનો ચાકર કોઈ કચેરી કે

મહાલની મુલાકાતે નીકળ્યા હતા. સવારથી સાંજ, ને પછી રાત પડી. અશાન્ત મેઘના! અવિરામ તરંગો! જાણે એ તરંગોના જીવને શાંતિ નહોતી. ઊઠતા'તા, શમતા'તા, ફરી ઊઠતા હતા. એવામાં તો કાળાં-કાળાં વાદળાં આકાશ પર ચડી આવ્યાં, અને શરૂ થયો ઠંડા પવનનો સૂસવાટો. માઝીનું મુખ આશંકાથી સુકાઈ ગયું. મેઘના ને મરુત બંને ગાંડાં બન્યાં 'તાં. ઝંઝાવાતની આશંકા. એનો ઈશારો આકાશનાં વાદળ-માં ય વર્તાતો હતો. અનુમાન ખોટું નહોતું. અચાનક ઈશાન ખૂણામાં-થી વાયરો દોડયો આવ્યો–ઉન્મત્તની જેમ, અને મેઘનાએ ય જાણે માઝા મૂકી! શું વિચિત્ર મેઘનાનું રૂપ! અને એ એનું પ્રલયકારી નૃત્ય! વિરામ નહિ, વિશ્રામ નહિ. બે બાહુ વડે જાણે આકાશને આંબવા માગતી હતી. એવી તોફાની મેઘના આગળ બીચારી નાવડીનું શું ગજું? મસ્ત મેઘના પોતાના રાજ્યમાં અનધિકારપ્રવેશ માટે કઈ ક્ષણે એ ક્ષુદ્ર નાવડીને અતલ ઊંડાણમાં ડુબાડી દેશે એ કોણ કહી શકે?

'આ શો સર્વનાશ! જમીનદાર બાબુના મોં પર ચિંતાની રેખા અં-કાઈ. 'જુઓ બાપુ, જાન બચાવવા ચાહતા હો તો પાછા ફરી જાઓ, ઘાટે, મહાશય.'

'અરે ભાઈ, કર વસૂલ કરવાનો બાકી છે. ગમે તેમ કરીને પાર કરી દે ભાઈ. જોઇએ તો વધુ પૈસા લેજે.'

'પૈસા? અરે જાન જશે તો પૈસા લેવા કોણ રહેશે મોશાઈ!' માઝી-એ કહ્યું: 'અને આ તોફાનમાં હું તો શું, મારો બાપ લઈ નહિ જઈ શકે સામે પાર!' 'તો હવે શું કરવું!'

'જુઓ, ફિકર ન કરો. જો ખૂબ જરૂરી કામ છે તો જહાજમાં બેસી જાઓ. સામેજ તો ફ્લૅગ ઇસ્ટેશન. તમે કહો તો ત્યાં ઉતારી દઉં. થોડી વારમાં જ જહાજ આવશે.'

એમ કર્યા વિના છૂટકો નહોતો. જમીનદાર બાબુ માની ગયા. શું કરવું? મહેસૂલ ઉઘરાવવું તો ખૂબ જરૂરી હતું. અને આ કંઇ સ્થાયી સ્ટેશન નહોતું. એક અસ્થાયી ફ્લૅગ સ્ટેશન માત્ર! એટલે નિરાંત હતી કે ત્યાં કોઈ પોલીસ બોલીસનો બખેડો નહોતો. વિનય બોઝ જેવો ડે-ન્જરસ માણસ અહીં શું લેવા આવે? અને પોલીસની પેલી વાડ વટા-વવી શું સહેલી હતી? તેથી ત્યાં કોઈ પોલીસ નહોતો.

સ્ટીમર મેઘનાના તરંગો પર દોડયે જતી હતી. લક્ષ્ય હતું ભૈરવ તરફ. હવે ચાકરવાળા જમીનદાર બાબુ અદૃશ્ય થઈ ગયા. ફરી દેખાયા બે ગ્રામ્ય મુસ્લિમ. આ સ્ટીમરની ભીડમાં જમીનદાર બાબુ બની સહુની નજર આકર્ષવામાં માલ નહોતો. ટાઈમસર ભૈરવ. અને ત્યાંથી પકડી ટ્રેઈન.

સ્ટેશને પોલીસ તો હતા જ, ભલેને રહ્યા. તેથી શો ફેર પડે છે? એટલાને પૂરા પડવું એ તો રાજકુંવરના ડાબા હાથનો ખેલ. અને જોડી-દાર પણ કંઈ કમ નહોતો. પિસ્તોલ તો હરદમ તૈયાર જ. ટ્રિગર દબા-વ્યો એટલી જ વાર. મલ્લિકા, આજ એ જોડીદારનું નામ ભલે છૂપું રહ્યું. માની લેને કે રાજપુત્રનો જોડીદાર પ્રધાનપુત્ર, બીજું શું? અને પ્ર-ધાન તો એ હતો જ. પ્રધાનનું તો કામ જ એ છેને, દુષ્ટનું દમન કરવું અને તેમના તરફ સતર્ક, તકેદાર રહેવું? પણ જો હું તને એનું નામ કાનમાં કહી રાખું: એ હતા સુપતિ રાય—વિખ્યાત વિપ્લવી સુપતિ રાય પોતે!

પણ ચમકી ઊઠયા કિશોરગંજ પહોંચીને. આવી બન્યું! આખા પ્લૅટફૉર્મ પર લાલ પાઘડીની કૉર્ડન. ગાડી સર્ચ કરવાના હતા. હવે શું કરવું? હજી તો આખો ઇતિહાસ સર્જવાનો બાકી છે. આ તો છે પાશેરા-માં પહેલી પૂણી. બારી પાસે જ ઊભા હતા એક રેલવેના ટી. ટી. ગાલમાં પાનનો ડૂચો. પાન ચાવતા ચાવતા એ કુતૂહલથી આ બાજુ પેલી બાજુ એમ ચારે કોર શું યે જોઈ રહ્યા હતા, રામ જાણે!

સાથોસાથ જ બે ગરીબ મુસ્લિમ ગાડીમાંથી ઊતરીને એકદમ એ-મના પગમાં પડી કરગરવા લાગ્યા: 'અરે મોટા સા'બ માફ કરો. અમારી ભૂલ થઈ ગઈ. હવે કયારે ય નહિ કરીએ.'

'અરે પણ શું થયું છે? વાત તો કરો!' ટી.ટી.એ પૂછયું.

'અરે શી વાત કરવી? ઉતાવળે ઉતાવળે ટ્રેઈનમાં ચડી બેઠા. મોડું થઈ ગયું'તું, તે ટિકિટ જ ના કઢાવી શકયા. હવે અમને બે ટિકિટની સગવડ કરી ઘો મારા બાપ. નહિતો પોલીસ અમને પકડી જાશે. જુઓ ને કેળા ડોળા કાઢે છે!'

'હટ્, ગાંડા! એ પોલીસ કંઈ તારા વાસ્તે થોડા ઊભા છે?'

'ના બાપુ; અમને ડર લાગે છે. એમનો શો ભરોસો? એના કરતાં તમે જ બે ટિકિટ કાઢી ઘો બાપ. અમે આપને કંઈક ચાપાણી દેશું.'

'કયાંની ટિકિટ જોઈએ છે?' ટી. ટી.એ પૂછયું.

'અરે અલ્લા! નામ તો ભૂલી ગ્યા. મકબુલ ચાચાએ શું કીધું'તું! નામ તો કંઈક સારું જ કીધું''તું. હા હા, કઈલકાતા. કે' કે ત્યાં જઈને કાપડની મીલમાં કામ કરજો. તમારા પગ પકડું ભાઈસા'બ. અમને ત-મારી જોડે ટિકિટ ઑફિસમાં લઈ જાઓ.'

મલ્લિકા, મઝાના બંને જણા ટી. ટી.ની પાછળપાછળ બ્રિટિશ પો-લીસની આંખોમાં ધૂળ નાખી ચાલ્યા ગયા. અને પોલીસે ય લક્ષ્ય ન દીધું. એવા તો કેટલા યે બિનટિકિટ મુસાફરોને ટી. ટી. પકડતા હોય છે રોજ રોજ. એવા જ હશે, બીજું શું?

અને થોડીવારમાં બંને જણા નિરાંત જીવે આવ્યા ને ગાડીમાં ચડયા. એટલામાં ટ્રેઈનની તલાશી યે પૂરી થઈ ગઈ હતી. હવે કોઈ ડર નહોતો.

પણ મજા થઈ મયમનસિંગમાં. ઘંટ વાગી ગયો. ગાડી ઊપડવાની તૈયારીમાં જ હતી. ડબ્બો સાવ અર્ધા ઉપર ખાલી હતો. તેથી આરા-મથી બેસી શકાય એવું હતું. પણ આ શું? વિના મેઘે વજ્રપાત! અચા-નક તીરવેગે ડબ્બામાં દાખલ થયા એક દારોગા સાહેબ. સાથે કેટલાક પોલીસ કૉન્સ્ટેબલ! 'રેડી રાજકુંવર, રેડી?!' 'યસ, હું તૈયાર છું.'

પણ ના, તેઓ ગાડી સર્ચ કરવા નહોતા આવ્યા. કયાંક જતા હતા. કેવળ દૈવયોગે જ એમાં ચડયા હતા. અને મલ્લિકા, બંને જણના ચહેરા બદલાઈ ગયા. એક જણ ફાટેલી ગોદડીમાં પોતાને ઢાંકીને નિમિષ-માત્રમાં નીચે ભોંય પર લાંબો થઈ સૂઈ ગયો, અને બીજો હાથ જોડી પાસે જ નોકરની જેમ ખડો રહી ગયો, બાઘાની જેમ.

ગાડી સ્પીડ પકડી રહી હતી. દારોગા સાહેબ પણ પોતાના પોલીસ જોડે જામી પડયા. વાતચીત પરથી લાગ્યું કે તેઓ જગન્નાથઘાટે મસ મોટા જવાબદારીના કામ માટે જઈ રહ્યા હતા. હવે એ જમાનામાં દા-રોગાનો રૂવાબ ભારે, અને મિજાજે ભારે. પોતાની શેખીમાંથી ઊંચા જ ન આવે. કહે: 'ભલે આવતો વિનય બોઝ. હું તો જગન્નાથઘાટે રહ્યો છું. એના ભાર છે કે મારા હાથમાંથી છટકી શકે? એવો બોચીમાંથી ઝા-લીશ કે બીચારાની જીભ બહાર નીકળી પડશે. આ બૅયોનેટવાળી બંદૂ-કમાં હરદમ ગોળી તૈયાર જ હોય છે. શો ભરોસો એ બેટાનો! 'ધાંય' કરીને હડસનની જેમ એક ગોળીએ મારી યે કમર ભાંગી નાખે તો! એમાં વળી મારું 'હાડ' નબળું છે.તેથી મેં તો નવું માદળિયું બનાવડાવ્યું છે.'

આ શું? એક પળમાં તો દારોગા સાહેબે વાત બદલી: 'અરે ભઈ, બંદૂકની નળી મારી સામે શાની ધરી છે? ફેરવી લે એનું મોં ઓલી કોર. એક તો કહું છું હાડની બીમારી છે. આ બધી ધમાલ મારાથી ના સહેવાય.'

અચાનક પ્રધાનપુત્રને જોઈ દારોગા સાહેબ ચમકયા: 'અરે, આ કોણ છે? કયારનો હાથ જોડીને શાનો ઊભો છે? કેમ રે? આમ ઘોડાની જેમ શું ઊભો છે? બેસી શકતો નથી?'

'અરે હજુર—' વિનય-વિવેકથી પ્રધાનપુત્ર પાણી પાણી. રાંકડા જેમ બોલ્યા: 'આપના હુકમ વિના બેસી શી રીતે શકું હજુર? બેઅદબી

કે'વાય ને!' દારોગા સાહેબ તો ખુશખુશાલ. હા, એ જ જરૂરી હતું. વિનય બોઝ જો આવો સીધો સાદો હોત તો 'હાડ'ની બીમારી સાથે આમ દોડાદોડી ન કરવી પડત એને. 'ઠીક ઠીક, ઓલી કોર બેસ, જા.' નિમેષ માત્રમાં દયાવાન થઈ ગયા દારોગા સાહેબ: 'જા, હું બેસવાનો હુકમ કરું છું. પણ આ તારા પગ પાછળ ગોદડું ઓઢીને કોણ સૂતું છે!'

'બીજુ કોણ હજુર? મારા કાકાનો દીકરો નૂરમિયાં.' રડમસ સૂરે બોલ્યા પ્રધાનપુત્ર: 'તાવમાં બેહોશ છે. શી ખબર અલ્લામિયાંની શી મરજી છે!'

હેં? એક તો 'હાડ'ની બીમારી, એમાં વળી આ તાવવાળો! ધડામ દઈને ઊભા થઈ ગયા દારોગા સાહેબ અને ડબ્બાને બીજે છેડે જઈને બેઠા. કહેવત છે ને, 'જાન બચી તો લાખોં પાયે.' એક તો તાવ. એમાં વળી શીતળામાની દયા થતાં કેટલી વાર? એથી દૂર રહેલા જ સારા, જ્યારે 'હાડ' નબળું હોય.

આ શું? ફાટેલા ગોદડા તળે મરક મરક હસે કાં રાજકુંવર?

જગન્નાથ ઘાટ. આ લાઈનનું છેલ્લું સ્ટેશન. ત્યાંથી પછી સ્ટીમર. સૌપ્રથમ પોતાની હોશિયારી બતાવવા દારોગાજી ઊતર્યા પોતાના વરઘોડાને લઈને. છેલ્લે ઊતર્યા પ્રધાનકુંવર. શું કરે બીચારો? પોતાનો પિત્રાઈ ભાઈ એક તો માંદો, એમાં પાછા માતા!

સ્ટીમર આગળ વધતી રહી હતી. લક્ષ્ય હતું સિરાજગંજ ઘાટ. છેટું હતું સામાન્ય. ત્રણ દી'થી કંઈ પેટમાં પડ્યું નહોતું. આજે પણ પડશે જ એવો ભરોસો નહોતો. હવે શું કરવું? સ્ટીમરમાં એકમાત્ર ઉપાય બટલર. પણ એમનું કામકાજ કારભાર બધું ફર્સ્ટ ક્લાસના સાહેબલોક માટે, એ કંઈ થર્ડક્લાસના મુસાફરોને થોડું ખાવા દે? લાવને, પ્રયત્ન તો કરું. પ્રધાનપુત્રને ફિકર બધી રાજકુંવર માટે. હજુ એને તો બહુ બધાં કામ કરવાનાં હતાં. અસાધારણ એની દક્ષતા, અવ્યર્થ તેનું નિશાન. આ સંગ્રામમાં એનું મૂલ્યવાન અધિનાયકત્વ જરૂરી હતું. એને હજુ તંદુરસ્ત રાખવો જરૂરી હતો. તેથી પ્રધાનપુત્ર જઈને ઊભા રહ્યા બટલરની કૅબિન સામે, અને પૂછ્યું: 'આપ જ આ સ્ટીમરના બટલર સાહેબ?'

'હા, કેમ?' બટલરે ગંભીર સ્વરે જવાબ દીધો.

'કંઈ નહિ. એ તો અમારા સાહેબ આપની વાત કરતા કે જગન્નાથઘાટ લાઈનના મોટા બટલરના હાથનું ખાવાનું એવું, કે મેં વિલાયતમાં ય કોઈ દી ખાધું નથી.' 'કોણ સાહેબ?' બટલરે પૂછ્યું.

'કેમ, અમારા શણના કારખાનાના સાહેબ. હજુ ગયા ચૈતરમાં તો આપના હાથનું જમી ગયા. ભૂલી ગયા આપ?'

બટલરે માથું ધુણાવ્યું. શી ખબર, વખતે હોયે ખરા. એવા તો કેટલા સાહેબો આ લાઈનમાં આવજા કરે છે. એમાં કયા સાહેબ કઈ કંપનીના એનું કોને ધ્યાન હોય?

'તેં યે' અમને બે જણને ય કંઈક આલોને, અમેય ચાખીએ. ના, ના, ફોગટ નહિ; દામ જે પડશે એ આલીશું.' બટલર સાહેબે ના ન પાડી? શું કામ પાડે ભઈ? એક તો પૈસા મળતા હતા હરામના, આ બે ગામડિયા લોક પાસેથી મોં માગ્યા. તો શું નુકસાન!

જગન્નાથ ઘાટથી સિરાજગંજ. સિરાજગંજથી ટ્રેઈનમાં સીધા કલકત્તાનું શિયાલદા સ્ટેશન.

પણ ના, શિયાલદા ગયા નહિ મિયાંસાબ. ઊતરી ગયા દમદમ. શિયાલદા ખાસ્સું મોટું સ્ટેશન. વખતે તલાશી-આયોજન ખૂબ જ મોટું હોય તો? લાભ શો? એના કરતાં નાનકડું દમદમ જ ભલું. ફિકર તો નહિ! શાને ફિકર નહિ, ભાઈ! પ્રધાનપુત્રને બીક એક જ માણસની— જે શિયાળ જેવો ધૂર્ત. એને ક્યાંથી યે વાસ આવી જાય, અને એ ત્યાં સૂંઘતો સૂંઘતો જઈ પહોંચે!

'પણ એ આવે તો ખૂબ સારું. ફિકર શી છે? મારી ગોળી કોઈ દી મિસ નથી થતી.' રાજકુંવર બોલ્યા.

'તે બરાબર—' પ્રધાનપુત્ર હસ્યા: 'પણ એ માણસ પણ આપણી જેમ માથું હાથમાં લઈને ફરે છે. મોતથી એ ડરતો નથી. જ્યાં મોતનો ડર હોય ત્યાં એ તો પહેલો ઝંપલાવે. એમાંજ એને આનંદ.'

'એ કોણ?' રાજકુંવરે પુછ્યું. 'ચાર્લ્સ ટૅગાર્ટ.' હસ્યા પ્રધાનપુત્ર.

પોલીસ કમિશનર ચાર્લ્સ ટૅગાર્ટ એ શી ચીજ છે એ એકલા પોતે જ નહિ પોતાના દળના બધાને હાડોહાડ ખબર હતી.

પણ વિનય એ અજબ ધાતુનો બનેલો. આ ફેરે તો પછી ખૂબ જામશે. સરખેસરખાની લડાઈ. એના જેવું રૂડું શું? ઈસ્પાત જેવા અનમનીય પ્રાણપ્રાચુર્યે ભર્યાભર્યા વિનયે વિચાર કર્યો.

૪

સાત નંબર વલીઉલ્લા લેઈન. ભોંયતળિયે રિક્શા અને મોટરનું ગૅરેજ. જેવું ગીચ તેવું જ અંધારિયું. બાર ઓરડા અને એક ઓસરી. જાતજાતના લોકો રહેતા—પંજાબથી માંડીને ઓરિસ્સા સુધીના. કોઈ બાકી નહોતા. હરદમ ધમાલ તો ચાલુ જ.

પણ પહેલો મજલો સાવ જુદી જ તરેહનો. ખાસ્સો સફાઈદાર. અને વાતાવરણ પણ શાંત. એ પહેલા મજલાના એક ઓરડામાં કેટલાક યુવકો ચૂપચાપ બેઠા હતા. આંખોમાં, મુખ પર અધીર પ્રતીક્ષા. લાગતું હતું કે કોઈકની રાહ જોઈ રહ્યા હતા. અનુમાન ખોટું નહોતું.

ઘડી પછી જ બીમાર પિત્રાઇ ભાઈ નૂરમિયાંને લઈ ને હસતા હસતા ઉંબરામાં પગ દીધો પ્રધાનપુત્રે. એના મનમાં આનંદનો અતિરેક. વિપુલ પરિતૃપ્તિ. તેમના પર જે જવાબદારી મૂકી હતી એ તેમણે પૂરી કરી હતી. હવે થોડા દિવસ એમને છુટ્ટી. આનંદના આવેગે એટલી વારમાં તો બધા જ ભેટી પડ્યા નૂરમિયાંને: 'ધન્ય વિનય! ખરેખર ધન્ય છે! તેં જે કરી દેખાડ્યું એની તુલના નથી.'

ના; હવે નૂરમિયાંનો ખેલ ખતમ. તેથી જ જોતજોતાંમાં નૂરમિયાં થઈ ગયા અસલ એક બર્મીઝ મુસલમાન. એને જોઈને કોઈ ન કહી શકે કે આ બર્મીઝ પોશાક પહેરેલો યુવક શાસકોની ઊંઘ હરનાર દુર્ધર્ષ વિપ્લવી વિનય બોઝ જ હતો.

પણ આ ઉતારામાં ઝાઝા દી રહેવું ઉચિત નહોતુ. જગ્યા બરાબર શહેરની વચ્ચોવચ. નીચે કેટલા યે લોકોની આવજા. એમાં બર્માના સાહેબ જેવા ખાનદાન નબીરાને રહેવું સલામત નહોતું. ટૅગાર્ટ સાહેબની નજરે પડતાં વાર કેટલી? અજબ માણસ એ ટૅગાર્ટ. હજુ થોડા દી પહેલાં જ એમના પર બૉમ્બ ફેંકાયો હતો, તો ય એ બરાબર જીવતો હતો. હજુ એની તપાસ ચાલુ જ હતી. ધરપકડ પણ ચાલુ જ હતી. અહીં પણ કઈ ઘડીએ વરુની જેમ કૂદી પડશે, કોણ જાણે? જોકે અહીં બધા જ સશસ્ત્ર હતા. સાહસનો યે અભાવ નહોતો. પણ અકારણ શક્તિ વેડફવાથી ફાયદો શો? હજુ પંથ તો લાંબો હતો. એક પછી એક હુમલા કરવાના હતા. એવા હુમલા કે જેથી બ્રિટિશ સામ્રાજ્યનો પાયો હચમચી ઊઠે. એટલે ત્યાંથી સીધા બધા ચાલ્યા ગયા કાતરાસગઢની ખાણમાં. ત્યાં થોડા દિવસ રહેવાનું નક્કી થયું. પણ અહીંથી રાજકુંવરને લઈ જવા શી રીતે? ચારેકોર પોસ્ટરની બહાર. એમાં તો દિવસે ડગલું દેવું ય વિપદજનક. પણ વિપ્લવીઓના શબ્દકોશમાં 'અશક્ય' જેવો શબ્દ જ નથી. જોઈએ, શી વ્યવસ્થા થાય છે. એનો ભાર લીધો પ્રવીણ નેતા, ઐતિહાસિક રોડા શસ્ત્રાગાર લૂટનાર અનન્ય નાયક હરિદાસ દત્તે. એ પોતાની ગાડીમાં રાજકુંવરને લઈ ગયા ચુંચુડા, જ્યાં એમની ભાણેજ રહેતી હતી. ભાણેજ–જમાઈ સરોજ રાય હૂગલીના જિલ્લા મૅજિસ્ટ્રેટના કૉન્ફિડેન્શિયલ ક્લાર્ક. એમના સહકાર ને સાથની આ કામમાં જરૂર હતી.

હરિ: ૐ આશ્રમ તરફનાં
સપ્ટે. અંક માટેનાં રૂ. ૫૦–૫૦નાં બે પારિતોષિકો
જીવનચરિત્ર 'તુલસીદાસજી' માટે
પ્રો. જયેન્દ્ર ત્રિવેદીને
વ્યક્તિચિત્રો 'મારાં મોટી બા' માટે મુકુંદરાય વિ. પારાશર્યને

તે દી રાતની વાત. બેન્ડેલ જંક્શન. કલકત્તાથી ગાડી આવવાનો સમય થઈ ગયો હતો. સ્ટેશન પર પોલીસદળનો પાકો બંદોબસ્ત. ઉપરવાળાનો હુકમ હતો, દરેક ડબ્બાના પ્રત્યેક મુસાફર પર કડી નજર રાખવી. ડેન્જરસ છોકરો વિનય બોઝ જેથી છટકી ન શકે. પણ આ શું? મૅજિસ્ટ્રેટ સાહેબની પ્રાઇવેટ ગાડી આજ અહીં શાને? પોલીસો તો ચકિત. તો શું મૅજિસ્ટ્રેટ સાહેબ બહારગામ જાય છે? ના, ના; આ તો એમના કૉન્ફિડેન્શિયલ કલાર્ક સરોજબાબુ. સાથે બીજા છે બે જણ. હશે કોઈ એમના સગાવહાલા. 'સલામ બાબુજી.' 'સલામ, બરાબર ડયૂટી કરજો. આસામી પકડાશે તો દસ હજાર રૂપિયા પુરસ્કાર. કાળજી રાખજો.' આશ્ચર્ય! જેને પકડવા આવડું મોટું આયોજન તે એમના નાક સામેથી જ આરામથી ચાલ્યા ગયા. પોલીસને ભાન જ ન રહ્યું.

કલકત્તાથી કાતરાસગઢની કોલસાની ખાણ. ત્યાં આશ્રય લીધો હતો અનાથબંધુ દાસના કવૉર્ટર્સમાં. પણ રાજકુંવરને ત્યાં ગમ્યું નહિ. એ તો પાછા કલકત્તા, એ જ સાત નંબર વલીઉલ્લા લેઈનમાં. અને ત્યાંથી બેલેઘાટ. એ જગ્યા ખૂબ જ સલામત.

મોડી રાત હતી. ચારે તરફ સન્નાટો. અચાનક કોની યે પ્રેરણાથી હાજર થયા પાર્ટીના એક જવાબદાર નેતા. અહીંથી હમણાં ને હમણાં ચાલો! કેમ? આજે મારું મન માનતું નથી. બસ, પળભરમાં તો પોતે રાજકુંવરની જવાબદારી લઈ ચાલી નીકળ્યા. પણ આ શું? અહીં પોલીસ તો શું, કાળો કાગડો ય આવવાની શંકા નહોતીને? અને અર્ધા જ કલાકમાં સમસ્ત ઘરને ઘેરી વળી પોલીસની ટુકડી. પણ ત્યાં હતું જ કોણ? ઘર તો ખાલી હાહાકાર કરતું ખડું હતું. અને એ શૂન્ય ઘરમાં પ્રવેશ્યું'તું કોણ, જાણે છે મલ્લિકા? સ્વયં ચાર્લ્સ ટૅગાર્ટ સાહેબ! સાચે જ અદ્‌ભુત આદમી ચાર્લ્સ ટૅગાર્ટ. ભલે શત્રુ હતો, છતાં ય એની બુદ્ધિ, સાહસ અને સમયસૂચકતા માટે એની પ્રશંસા કર્યે ન જ ચાલે. બ્રિટિશ રાજ્યના ઇતિહાસમાં એવો ધૂર્ત ને ચાલાક, તીક્ષ્ણબુદ્ધિ, સંપન્ન ઑફિસર બીજો થયો નથી ને થશે નહિ. અને ખાસ કરીને પોલીસ કમિશનર તરીકે તો કલકત્તાના ગુંડાઓને નેસ્તનાબૂદ કરીને જ છોડયા હતા એણે. પણ આજકાલ તેને ફિકર ગુંડાની નહિ, પણ બંગાળના આ મૃત્યુ-પાગલ છોકરાની હતી. એવા એક આવતા, એક જતા. જાણે એ આવતાજતા સરઘસનો અંત જ નહોતો. ને બ્રિટિશ રાજત્વને અમર અખંડ રાખવું હોય તો આમને નિર્મૂળ કરવા સિવાય બીજો કોઈ ઉપાય નહોતો.

વિનય, વિપ્લવનો પ્રદીપ્ત સૂર્ય. વિનય, અસંભવનો નાયક. વિનય, યૌવનનો અગ્રદૂત. હવે એને ગુમાવ્યે શે ચાલે? વિચારમાં પડયા બૅંગાલ વૉલંટીઅર્સના સર્વાધિનાયક હેમચંદ્ર ઘોષ. તેઓ કૉંગ્રેસના ચુસ્ત કાર્યકર્તા. બાંગ્લા કૉંગ્રેસના સંવાહક. પણ અસલમાં બંગાળના વૈપ્લવિક નાયક. પોલીસને સંદેહ પણ ખરો. પણ એવા રાંક ને ભલા માણસ દેખાય કે ન પૂછો વાત. બીજા હતા હરિદાસ દત્ત: બધાના પ્રિય 'મેજા દા'. વિચિત્ર માણસ. એ ભગવાં કપડાં પહેરે. ગળામાં માળા. અસલ સાધુ મહારાજ જ જોઈ લો. સુભાષચંદ્ર બોઝ કહે, વિનયને પરદેશ પાઠવી દો, જેથી પકડાઈ ન જાય. હા ભાઈ, વાત તો સાચી. પણ કેટલા બધા રૂપિયા લાગે! કયાંથી લાવવા? એવામાં આચાર્ય સર પી. સી. રૅય બોલી ઊઠયા: 'કેમ, હું મરી ગયો છું? બોલો, કેટલા જોઈએ? પાંચસો થઈ રહેશે? લેડી અબલા બસુ પણ બોલ્યાં: 'હું છું ને? પૈસાની શી ફિકર છે? વિનયના જાન કરતાં શું વધારે છે?'

અને અસાધ્યને સાધ્ય કરવામાં હરિદાસ બાબુની જોડી નહોતી. એમણે તો મિસ્ટર મિલ નામના કિંગ જ્યૉર્જ ડૉકના અધિકારીને સાધી લીધો. નક્કી થયું કે બીજે દિવસે સવારે પાંચ વાગ્યે સ્ટીમરમાં ચડાવી વિનયને સીધો ઈટાલી મોકલી દેવો. એટલે પછી બસ નિરાંત. પણ બધું જ વૃથા. વીફર્યો વિનય બોઝ પોતે જ. કારણ? બૅંગાલ વૉલંટીઅર્સનું આ પછીનું બાકી રહેલું અભિયાન—આક્રમણ.

પ્રથમ અભિયાન પૂરું થયું. હવે બીજા આક્રમણની તૈયારી. 'કોને મોકલશો?' વિનય ચિરકાળનો અલ્પભાષી. પોતાનો મત પોતે જણાવી દીધો: 'હું જઈશ.' બધાએ સમર્થન કર્યું: 'ગુડ સિલેક્શન.' આનાથી વળી ઉત્તમ શું? નક્કી થયું કે અભિયાનનો અધિનાયક સ્વયં રાજકુંવર. અને જોડે જશે બે દુર્ધર્ષ તરુણ: દિનેશ અને બાદલ. નિકુંજ રૅાયના હાથે ઘડાએલો વિદ્યાર્થી બાદલ.

૫

'પછી શું થયું કાકા?'

પછી? પછી સિંહ વનનાં બધાં જ નાનાંમોટાં પ્રાણીઓને પકડીપકડીને ખાઈ જવા માંડયો.'

'તમે એને ના ન પાડી કાકા?'

'ના પાડયે સિંહ માને શાનો? એના અંગમાં તો ખૂબ જોર.'

'કાકા, હું એ સિંહને મારીશ.'

'મારીશ? કેવી રીતે?'

'કેમ વળી? આ મારી બંદૂક વડે.' બાળકે ઍરગન દેખાડી.

'શાબાશ! શાબાશ!' હા હા કરી હસી પડયા રાજકુંવર. 'એમ જ તો જોઈએ. જીવતો રહે બેટા.'

ફરારી જીવનથી અકળાઈ ઊઠયા'તા રાજકુંવર. અતીતનો એ રાજકુંવર ઓળખાતો ય નહોતો. કોઈ જાદુઈ લાકડીના સ્પર્શે જાણે બદલાઈ ગયો હતો. અચાનક તેના જીવનમાં એક લહરી આવી વસંતના મલયાનિલની, ને એના સ્પર્શે એ જાણે જોતજોતાંમાં રૂપ-રંગ-રસ–ગંધે છલકાઈ રહ્યો.

વલીઉલ્લા લેઈનથી કાતરાસગઢથી બેલેઘાટા. બેલેઘાટાથી મેટિયાબુરુજના રાજેન ગુહને ઘેર. દીકરા યે બે ય એના જ. બેલેઘાટામાં નક્કી થયું હતું કે હવે કોઈ એવા રહેઠાણમાં નહિ પણ કોઈ ગૃહસ્થના ઘરમાં રાખવો કે જ્યાં શંકા ન આવે. રાજેનબાબુ તો પ્રસ્તાવ સાંભળીને ખુશખુશ. શા માટે ખુશ ન થાય? વિનય જેવા દીકરા આ દુનિયામાં આંગળીને વેઢે ગણાય એટલા જ ને? એ પોતાને ઘેર રહે એ સાંભળી કોને આનંદ ન થાય? રાજકુંવરે ખુશ. હાશ! આટલા દીએ ઘરમાં રહેવા મળતાં હાશ થઈ ગયું. સૌથી મજાનાં લાગતાં આ કુમળાં કુમળાં બે બાળકો, જોતાં જ વહાલ ઊપજે. અને બાળકો પણ ખુશ. આવા મજાના કાકાનો સાથ મળતાં ખાવાપીવાનું ય ભૂલી ગયા. આખો દી કાકા જ કાકા, બસ. પણ સર્વોપરી ભાભી. ભાભી યે ન કહેવાય. મા જ જોઈ લ્યો. સંસારમાં એક મા સિવાય કોઈ આવો નિઃસ્વાર્થ, નિર્દોષ સ્નેહ કરી ન શકે. ભાભીને જોઈને અજાણ્યે જ રાજકુંવરને માની યાદ આવે. મારી મા, તું મને યાદ કરીકરીને રાતની રાત રોતી હોઈશ. પણ તું જ કહે માડી મારી, હું શું કરું? સંતાન થઈને માનું અપમાન સહેવાય શે? તારી જેમ આ ભારતવર્ષ પણ મારી મા. પણ એ તો આજ પરાધીન. તેની આ શૃંખલિત અવસ્થા મારાથી જોવાતી નથી. તેથી હું ચૂપ નથી રહી શકતો. મારી મા મને માફ કર. માની અમર્યાદા મારે માટે સહેવી કઠણ.

તું દુઃખી થજે મા, હું તો તારી પાસે જ છું. જ્યાં રહું છું અત્યારે, એ ય તારા જેવી જ છે મા. મા બધી જ એકસરખી.

'વિનુ ! મેં તને માફ જ કર્યું છે'…નિદારૂણ શૂન્યતાથી હૈયું તો ક્ષણે-ક્ષણે હાહાકાર કરી ઊઠે છે રાજકુંવરની મા ક્ષીરોદનીદેવીનું. જમશેદપુર-માં બેઠાં એણે પોતાના દીકરાની વાત સાંભળી હતી. હવે જાણવા-સાંભળવાનું કશું જ બાકી નહોતું. કેવળ વિચાર ને વિચાર. વિચારનો સ્રોત મનમાં બાંધેલા ઝરાની જેમ ઘૂમરી ખાધા કરે, પણ બહાર નીકળવાની વાટ શોધી યે ન જડે. હજુ તે દી તો ઉનાળાની રજામાં વિનુ ઘેર આવ્યો 'તો. ઝાઝા દી ભાઈ-બહેન-માબાપની શીળી છાયા વિના રહી ન શકતો. થોડા દી રહ્યો નહિ ત્યાં તો ઢાકામાં ધમાલ થઈ એના સમાચાર આવ્યા. પછી વિનુ રહી શક્યો નહિ સ્થિર. તે દીની વાત હજુ બરાબર યાદ છે. તે દી હતી ૧૦મી જુલાઈ. જતી વેળા બોલ્યો'તો : 'મા, બસ હવે ડૉક્ટર થવાને એક જ વર્ષ બાકી છે. પછી હું મારા બાપુને નોકરી કરવા નહિ દઉં. પછી સંસારની બધી જ જવાબદારી મારે માથે મા. પછી આપણે ગાડી ખરીદશું, મા.' સાંભળીને માનું હૈયુ તો આનંદે, ગર્વે છલકાઈ ઊઠયું'તું આંખોમાં આંસુ બનીને.

પણ દોઢ મહિના પછી તો ઢાકાથી ખબર આવ્યા કે વિનુએ પોલીસના હેડ લોમેન અને પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ હડસનને ગોળીથી ખતમ કર્યા હતા. સાંભળીને માનો અંતરાત્મા કાંપી ઊઠચો'તો. વિનય જેવા વિનયી, નમ્ર, સદાચારી છોકરા બહુ ઓછા હોય છે. કદી કોઈની આજ્ઞા ઉથાપતો નહિ. આ શી રીતે કર્યું હશે!

ભલે આજ્ઞાંકિત હતો, પણ કદાપિ અન્યાયી વાતમાં તડજોડ કરતો નહિ. ઢાકાના એ હુલ્લડને માટે જવાબદાર કુખ્યાત હડસનના એ અન્યાયી વર્તન સામે આદર્શવાદી માથું ઊચકે એમાં નવાઈ શી?

પણ વિનુ આજ ક્યાં હતો? શું કરતો હતો? શી ખબર! ફરારી જીવન તો ભારે કઠોર અને કપરું. એ જીવનમાં ડગલે ને પગલે સંગ્રામ. જીવન અને મૃત્યુ એમાં પડખોપડખ બેઠાં છે. એ શું પોતાને બચાવી શકશે એમાંથી? એનું સ્નેહાળ મુખ યાદ આવતાં માની આંખનાં આંસુ સુકાવા ન પામતાં. અજાણ્યાને ય વહાલ ઊપજે એવું મુખ. એથી જ ભાભી વહાલ કરી બેઠી હતી.

'દિયરજી!'…'કોણ, ભાભી?' તન્મયતામાંથી અચાનક જાગ્રત થઈ સજાગ બની બેઠા રાજકુંવર.

'લ્યો, આ મીઠાઈ ખાઈ લો. શું વિચારતા હતા?'

'કંઈ નહિ ભાભી. એક મુક્તિકામી તરુણનું શૃંખલા-છેદનનું સ્વપ્ન. ભાભી, એક મહાન કાર્ય કરી હું આ દેશની માટી પર જ મરવા ચાહું છું. પણ બાંધેલું કામ નહિ. હું શાંત પ્રકૃતિની ગોદમાં ગતિનો તરંગ ઉઠાવવા ચાહું છું. તરંગ ચાહું છું, વેગ ચાહું છું. ચાહું છું એક નૂતન ચેતના. નૂતન સૃષ્ટિ. ક્યારે આવશે એ શુભ ઘડી? ક્યારે?

દિવસ બાદ રાત્રી, રાત્રી બાદ દિવસ. ફરી રાત્રીના અંધકારમાં ખોવાઈ જાય આલોકનો સમારોહ. આખરે એક અપૂર્વ પ્રત્યૂષે આવી રાજકુંવરના જીવનમાં દર્શન દીધાં. લાધી ગઈ, લાધી ગઈ, લાધી મને મુક્તિની ભાળ.

'શું થયું દિયરજી?'

'અરે ખૂબ મજાના ખબર.' હસીને રાજકુંવર બોલ્યો : 'હવે હું જવાનો.' સાંભળીને ભાભીના તો મોતિયા મરી ગયા. 'એક ભિન્નદેશી રાજકન્યા મારે માટે અન્નજળ ત્યાગ કરી બેઠી છે. ભાભી, હું તો ઘોડે ચડી, હાથમાં તલવાર લઈને હો-હા કરતો મારતે ઘોડે પહોંચી જવાનો.'

'એકલા જશો?' ભાભીનો નિષ્પ્રાણ કંઠ સંભળાયો.

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૫૮

દાઝવું

સમાજમાં અકસ્માત દાઝવાના બનાવો બહુ બને છે. નીચેનાં સૂચનો જોઈ રાખશો તો ઉપયોગી થશે.

૧) વ્યક્તિ ખુલ્લામાં હોય તો તરત જ બંધ ઘરમાં લઈ આવવી. ઘરમાં હોય તો બારી-બારણાં બંધ કરી દેવાં. હવાથી વધુ સળગે નહિ તે માટે આમ કરવું. ૨) કપડાં સળગતાં હોય તો તરત જ ખેંચી કાઢવાં. ૩) પોતાનાં જ કપડાં બળ્યાં હોય તો જમીન પર પડી આળોટવા માંડવું. ૪) સળગતા ભાગ ઉપર કપડું, ચાદર કે ગોદડું વીંટી દેવું. રૂ ભરેલી રજાઈ કરતાં કપડાંના ગાભાનું ગોદડું કે ધાબળો વધુ અનુકૂળ રહેશે. ૫) પહેરેલાં *કપડાં સળગ્યાં હોય તો એને પાણી છાંટવું નહિ.*

આ રીતે આગ ઠારી નાખી વ્યક્તિને વધુ બળતી રોકી તે કઈ જગ્યાએ કેટલા પ્રમાણમાં દાઝી ગઈ છે તે જોવું જોઈએ. શરીરનો મોટા પ્રમાણનો ભાગ જો થોડોઘણો દાઝચો હોય, શરીરનો કોઈ વધુ ભાગ પ્રમાણમાં દાઝી ગયો હોય, છાતી અને પેટ ઉપર વધુ દાઝી જવાયું હોય, દાઝવાથી ચામડીની નીચેનું માંસ દેખાતું હોય તો રોગીને તુરત જ ઑસ્પિટલમાં ખસેડવો જોઈએ. તે સિવાયના દર્દીને નીચે પ્રમાણે સારવાર આપવી.

ઉપચાર

૧) દરદીને સાંત્વન આપી દાઝી ગયાની હબક હળવી કરવી. ૨) દાઝેલા ભાગ ઉપરનું કપડું બહુ હળવે હાથે દૂર કરવું. ૩) જો ફોલ્લા થઈ ગયા હોય તો તેને સોયથી ફોડી પાણી કાઢી નાખવું. ૪) શરૂઆતમાં ઘરમાં જે કાંઈ ઠંડક કરે તેવા પદાર્થો હોય—જેવા કે કોપરેલ, દૂધ, દહીં, છાશ, માખણ, ઘી, તળાયા પછી વધેલું તેલ, મલાઈ, દિવેલ, વેસેલિન—તેમાંથી ગમે તે દાઝ્યા ઉપર લગાવવું. ૫) ખેતરમાં દાઝ્યા હોય તો માટીને પાણીમાં પલાળી, તેને લૂગડા વચ્ચે મૂકી, તેને દાઝેલા ભાગ ઉપર લગાવવું. ખેતરને શેઢે કુંવારપાઠાનો છોડ હોય તો તેનું લાબરૂ (અંદરનો ગર્ભ) દાઝ્યાની જગ્યાએ ચોપડવો. ૬) પાનવાળાની દુકાને ખાવાનો ચૂનો હોય તેનું નીતર્યું પાણી એકલું અથવા તેમાં દીવેલ મેળવી લગાડવું. ૭) ચોખ્ખા ઘીને પાણીમાં ખૂબ ધોઇને હળવે હાથે ચોપડવું ૮) રાળનો મલમ શ્રેષ્ઠ છે. સહેલાઈથી બનાવી શકાય તેવો છે. ૧૦ તોલા ચોખ્ખા ઘીમાં ૧ તોલો રાળનું ચૂર્ણ નાખી તેને અગ્નિ ઉપર મૂકી હલાવતા જવું. બરાબર મિશ્રણ થઈ જાય ત્યારે તેને ચૂનાના પાણીમાં અથવા સાદા પાણીમાં નાખી ખૂબ ચોળવું. તે સફેદ માખણની જેમ ચીકણું થઈ જાય ત્યારે તેમાં (જો મળે તો) કપૂર ને ફુલાવેલો કાથો ૧–૧ તોલો મિશ્ર કરવા અને બાટલીમાં ભરી લેવું. આ મલમ દાઝેલી જગ્યાએ લગાડતાં ખૂબ ઠંડક થાય છે, ઘા રૂઝાઈ જાય છે, અને પાક થતો નથી. ૯) રોગીને નવડાવવો નહિ, તેને પાટો બાંધવો નહિ, આરામ કરાવવો. ૧૦) પાક ન થાય તે માટે ત્રિફલા ગૂગળની ગોળી ખવડાવવી. ખાટા અને ભારે પદાર્થો ખાવા ન દેવા.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

'ના'. રાજકુંવરનો અવાજ અપરિચિત લાગ્યો.

મલ્લિકા, તે દી ચાર્લ્સ ટૅગાર્ટ જો રાજકુંવરની વાતનો અર્થ પામી શકત તો એતો ઠીક, પણ સમસ્ત બ્રિટિશ સલ્તનત કાંપી ઊઠત. (ચાલુ)

પ્રભાશંકરના પાંચેક પ્રસંગો

વિશિષ્ટ વ્યક્તિચિત્રો

લેખક
મુકુન્દરાય વિ. પારાશર્ય


પ્રભાશંકર પટ્ટણી યુવાવસ્થામાં ▷

જૂનાગઢના આખ્યાનકાર–હરિકથાકાર શ્રી જયકૃષ્ણ નથુરામ, કવિ (જ. ન. ક. વિદેહી) એક વખત ટ્રેઈનમાં ક્યાંક જતા'તા. એક જંકશને તેમણે પ્રભાશંકર પટ્ટણીનું સલૂન જોયું એટલે તેમને મળવા ગયા. પ્રભાશંકર જે ગામે જતા'તા ત્યાં જ કવિને જવું'તું. સલૂનમાં બીજું કોઈ ન હતું. પ્રભાશંકરે તેમને સાથે બેસાડ્યા, વાતો કરી. ઊતરવાનું સ્ટેશન નજીક આવ્યું એટલે પ્રભાશંકરે ફેંટો હાથમાં લીધો. એ વીંખાઈ ગયો'તો એટલે ફરી બાંધવો પડે તેમ હતું. ફેંટાના વળ ઉખેળી એ ગડી કરી બાંધતા'તા ત્યાં બે'ક જગ્યાએ ફાટેલા લીરા નીકળ્યા. તેને ગડીમાં દાબતાં-ગોઠવતાં હસીને પ્રભાશંકરે કહ્યું! 'ગોપનીયમ્ ગોપનીયમ્'!–મતલબ કે આ દેખાઈ ન જાય તેમ સંતાડવાનું છે.

પ્રભાશંકર કરકસરિયા હતા એમ તો ન કહેવાય, પણ એમનો પોતા માટેનો ખર્ચ નહિવત્ હતો. એમને બંગલાનો, રાચરચીલાંનો, શેનો યે શૉખ ન હતો. વૃદ્ધાવસ્થામાં યે શિયાળામાં એ ખેતરમાં તંબૂ તણાવી તેમાં યે રહેતા. મુસાફરીમાં જે મળે તેથી ચલાવી લેતા. ભાવનગરમાં રોજ રાતે ખીચડી, બાજરાનો રોટલો, તાંદળજાની ભાજી, એ એમનો ખોરાક હતો. એમને પતરાવળું એટલું વહાલું કે થાળીમાં પતરાવળું મુકાવી તેમાં એ જમતા.

એક વખત કોલસાની ખાણોના માલિકો ભાવનગર રાજ્યની રેલવેને કોલસો પૂરો પાડવાનો સોદો કરવા આવેલા. તેમાંના વૃદ્ધ વેપારી પ્રભાશંકરના મિત્ર હતા. તેઓ પ્રભાશંકરને ત્યાં મહેમાન હતા. જમવા વખતે પાટલા પર આવતાં એ વૃદ્ધ શેઠિયાએ પિત્તળની થાળીઓ જોઈ લેડી રમાબહેન પટ્ટણીને કહ્યું: 'આપને ત્યાં ભાવનગરનું રાજ્ય છે. પટ્ટણીજીને ત્યાં સોના-રૂપાની થાળીઓ જોઈએ, તેને બદલે બધી જ આ!'

પ્રભાશંકરે કહ્યું: 'સોનારૂપાની થાળીઓ મારે ત્યાં હોત તો હું પ્રભાશંકર ન હોત. મારા દાદા જે તાંબડી લઈને લોટ માગવા જતા ને મને સાથે લઈ જતા તે તાંબડી મારી નજર સામે અભેરાઈ પર રાખી છે. મારે એ ને એ જ રહેવું છે ને બીજાને ખવડાવવું-પિવડાવવું છે. મારે સોના-રૂપાની ખરીદવી નથી ને જોઈતી યે નથી. બીજાને ખવડાવીને ખાવાથી મને વધારે પચે છે. મારે ત્યાં તો પતરાવળાં. મારે ઘેર પતરાવળામાં હારે બેસી ખાવામાં જે રાજી હોય એવા મે'માનની હું રાહ જોઉં છું.'

આ પ્રભાશંકર છૂટે હાથે દેતા એ કોઈથી અજાણ્યું ન હતું. એમના સ્નેહીસંબંધીઓ એથી ચિંતિત રહેતા. એક વખત કોઈ બાળસ્નેહીએ પ્રભાશંકરને પૂછ્યું: 'આપ એક તરફથી ગાંધીજી પ્રત્યે અતિશય ભક્તિ રાખો છો, તેમના ઘણા સિદ્ધાંતોને જીવનમાં ઉતારવા મથો છો; પણ ગાંધીજી તો માગવા આવનારને કંઈ જ આપતા નથી; માગવા આવનારને તેઓ માગવાનું છોડી કામ કરવાનો આદેશ આપે છે. જ્યારે આપ તો કોઈને ય કામ કરવાનું કહેતા જ નથી; ઊલટું આપો જ છો. આમ આપી આપીને આપ લોકોને ભિખારીવેડા નથી શીખવતા શું?'

પ્રભાશંકરે કહ્યું: 'હું એ વાત નથી ભૂલતો કે મહાત્માજીએ તો પોતાની સર્વ સંપત્તિ દરિદ્રનારાયણ દેશને ચરણે ધરી દીધી છે. એ અનન્ય દાતા છે. એવડા મોટા દાતા છે કે દઈ દીધા પછી તેની પાસે પોતાનું કહેવાય તેવું કંઈ જ નથી. એ કમાતા નથી. ઉપરાંતમાં, પોતાનો દેહ અને જિંદગીની પળેપળ સેવામાં સમર્પી દીધાં છે. મારી પાસે તો છે. વળી, ચાલુ કમાણી છે. તેમાંથી હું થોડું થોડું દઉં છું. જેની પાસે હોય તેણે દેવું જ જોઈએ, તન-મન ધનથી જે દઈ શકાય તે દેવું જોઈએ. માગવા આવનારની જગ્યાએ હું હોઉં તો મને શું થતું હોય, એ જ વિચાર મને પહેલો આવે છે. હું યે લોકોને કામ કરવાની જરૂરિયાત સમજાવ્યા કરું છું, પણ એ માગવા આવે ત્યારે નહિ. માગે તેને જો હું કામ ન દઈ શકું તો "કામ કરો" એમ મારાથી તેને ત્યારે કહેવાય નહિ, સૂચવાય પણ નહિ. માગવા આવે ત્યારે હું ના નથી કહી શકતો.

અને વાત એ છે કે ન દેવાથી ભિખારીઓ મટી જવાના નથી. કામ હોય, માણસ કામ કરી સુખે જીવી શકતો હોય, તો ભીખવું કોઈને ન ગમે. માણસ સ્વભાવથી કામનો ચોર નથી. માણસજાત પશુ જેવા જીવનમાંથી આટલી આગળ વધી છે તેનું કારણ પોતાની સ્થિતિ ટકાવી રાખી નવું નવું કંઈક કરવાની માણસમાં સ્વયંસ્ફૂરણા રહી છે તે છે. માગનારમાં સ્વમાનની ભાવના ન રહે, હરામનું ખાવાનું મન થાય એવી સ્થિતિ તો આજીવિકાના સદંતર અભાવમાંથી પેદા થાય છે. માણસને માટે પ્રામાણિક જીવનનાં સરળ સાધનો બને તેટલાં ઊભાં કરવાં એ દૃષ્ટિ જીવતી રાખીને હું આપું છું. હું બીજાને નથી દેતો, મને જ દઉં છું.' આમ આત્મીયભાવે પ્રભાશંકર આપતા. અને

'જનમન અંદર પેસી શકીને દુઃખમાં ભાગિયો થાઉં,
બની શકે તો શાંતિ કરું, નૈં તો અશ્રુએ એને ન્હાઉં;
બતાવો ઉપાય કો એવો, દુઃખે બનું-ભાગિયો એવો.'

—એવું ગાનાર પ્રભાશંકર પોતાની સહાયથી બીજાનાં દુઃખ દૂર કરી શકતા ત્યારે તેમને જીવનમાં રાહત લાગતી. પણ એમને આનંદ ત્યારે આવતો કે જ્યારે પોતે તનમનધનથી સહાય કરવા ગયા હોય ત્યારે સામું માણસ આભારની લાગણી સાથે એ સહાય ન સ્વીકારે; અહંથી નહિ પણ સ્વમાનથી, અને તેથી યે વિશેષ જીવનની અમુક દૃષ્ટિથી. એમના જીવનમાં આવા પ્રસંગો થોડાક આવ્યા છે કે જેની અસર તેમના મન પર ઘણી ઊંડી પડેલી. પ્રભાશંકરનાં રતનફઈએ અત્યંત ગરીબીમાં ખડ વાઢી, દળણાં દળી કુટુંબનિર્વાહ કર્યો, એટલું જ નહિ પણ વ્યવહારના પ્રસંગો ઘણી સારી રીતે ઉકેલી સમોવડિયાં પેઠે સહુ સાથે મીઠો સંબંધ રાખ્યો. એ ફઈ વૃદ્ધ થયાં ને પ્રભાશંકરની સ્થિતિ સુધરતાં રૂપિયા મની ઑર્ડરથી ફઈને મોકલ્યા ત્યારે ફઈએ એનો સ્વીકાર ન કર્યો. વૃદ્ધાવસ્થામાં પણ ઘંટીનો પથરો તાણવામાં એમને આનંદ હતો. એ દૃષ્ટિની ખુમારી પ્રભાશંકરને જીવ્યા ત્યાં સુધી વારેવારે સાંભરતી.

એવો એમનો એક પ્રસંગ છે. પોતે ૧૯૦૨માં દીવાન થયા ત્યાં સુધી ક્યારેક ડાયરી લખતા તેમાં પોતે એ નોંધેલો છે. એક વખત મહારાજા ભાવસિંહજી ધરમપુર ગએલા, ત્યાં પોલો રમતાં ઘોડા પરથી પડી જતાં બેભાન થઈ ગએલા. તે સંબંધે તાર ભાવનગર આવતાં પ્રભાશંકર તરત ધરમપુર ગયા. સાથે હજારહજાર રોકડા રૂપિયા ભરેલી ત્રણ થેલી લીધેલી. સંકલ્પ કરેલો કે ગામમાં પ્રવેશી દરબારગઢ સુધી પહોંચતાં બે થેલીમાંથી જે મળે તેને રૂપિયા આપતા જઈ ખેરાત કરવી ને ત્રીજી મહારાજા પર ઓળઘોળ કરી વેરી દેવા. મોંસૂઝણું થતાં ધરમપુર પહોંચ્યા. દરવાજામાં દાખલ થતાં જ પ્રભાશંકરે એક ફકીર બેઠેલો જોયો. તેની પાસે જતાં લાગ્યું કે એ આંધળો હતો. પ્રભાશંકરે તેને કહ્યું: 'સાંઈ,

ખોબો ધરો અથવા ચાળ ધરો.' સાંઈએ જમણો હાથ ધર્યો. પ્રભાશંકરે ફરી એ જ વાક્ય કહેતાં સાંઈએ ખોબો ધર્યો. પ્રભાશંકરે એ રૂપિયાથી ભરી દીધો ને તેમાંથી બેચાર નીચે પડતાં અવાજ થયો. 'યા અલ્લાહ! પરવરદિગાર!' કહેતાં એ વૃદ્ધ ફકીરની અંધ આંખમાં પાણી આવ્યાં. તેણે પૂછ્યું: 'ભાઈ, તમે કોણ છો?'

પ્રભાશંકરે નામ તથા આવવાનું કારણ જણાવી કહ્યું: 'સાંઈ, આપ દુઆ દો કે મારા મહારાજાસાહેબ તરત બેઠા થાય ને હું જાઉં ને એ વાતો કરે.' ફકીરે કહ્યું: 'તું એની પાસે જઈશ એટલે અરધી કલાકમાં વાત કરશે. પણ મારી વાત સાંભળ; બેસ.' પ્રભાશંકર સામે બેસી ગયા. ફકીરે કહ્યું: 'હું અંધ છું, ભિખારી છું, પણ જનમથી હું અમીર કુટુંબનો છું. દુનિયા જોવા જેવી ન લાગી એટલે ખુદાએ રહમ દાખવી નૂર લઈ લીધું. વળગાડ ન ગોઠયો એટલે ફેંકી દીધો. તેં આ દીધા તેને મારે શું કરવા? લઈ જા. જેને જરૂર હોય તેને દઈ દેજે.' પ્રભાશંકરે કહ્યું: 'આપ મનફાવે તેને આપો. આપને આપેલું હવે કેમ પાછું લઉં?'

'વાહ? તું દેનાર છો? તું દાતાર છો?' ફકીરે પૂછ્યું: 'દેનારો ને લેનારો કોક જુદો જ છે! મારે જોઈતા નથી. આંધળા પાસેથી કોઈ ચોરી જાય એ કરતાં તું જ આપી દેજે.' પ્રભાશંકરે કહ્યું: 'આપ એ રાખો. હું બાજુમાં બેઠો છું. આપ જ આપો એ ઊગે.'

પ્રભાશંકર તેમની બાજુમાં બેઠા. જે નીકળે તેને ઊભા રખાવી સાંઈ જે આપે તે લેવાને કહેતા રહ્યા અને એમ સાંઈને હાથે એમણે લાવેલી બે કોથળીઓ ખાલી કરાવી. વચમાં વચમાં ફકીર ને પ્રભાશંકર અંગત સાધનાની વાતો કરી લેતા. આમ કરતાં અરધો કલાક જતાં ફકીર પાસે એક રૂપિયો રહ્યો ત્યારે તેમણે પ્રભાશંકરને રજા આપતાં માથે હાથ મૂકતાં કહ્યું: 'ફકીર કો ફકીર મિલા, વોહિ દિન હૈ આજ.'

પ્રભાશંકર મહારાજા પાસે પહોંચ્યા ત્યારે એ હજી ભાનમાં આવ્યા ન હતા. પણ દશથી પંદર મિનિટમાં જ તેમણે આંખો ઉઘાડી ને પ્રભાશંકરને જોતાં ગદ્‌ગદ્ થઈ ગયા. પ્રભાશંકરે તે દિવસે એક કડી લખી. આખી કડી મને યાદ નથી. તેની પહેલી લીટી છે: 'પ્રભુનાં દર્શન આજ થયાં.' ધરમપુરથી પાછા ફરતાં પહેલાં મહારાજાને તે ફકીર પાસે લઈ ગએલા ને તેણે મહારાજાને કહેલું: 'આવા ઓલિયાની દુઆથી, સંત અને અમીર હૃદયવાળા રંકના આશીર્વાદથી આ સંસાર નભે છે.'

મુ. કવિ શ્રી દુલા ભાયા કાગે આવી બે બાબત નોંધી છે: ૧) એક વૃદ્ધ ચારણ પ્રભાશંકર પાસે ગયા અને પ્રભાશંકરને પહેલાં વચનથી બાંધી લઈ, ખુરશીમાં બેસાડી પ્રદક્ષિણા ફર્યા. તે પછી પ્રભાશંકર પણ તેમની પ્રદક્ષિણા ફર્યા અને એ વૃદ્ધ ચારણને સો રૂપિયા દેવા લાગ્યા તો યે તેમણે ન લેતાં વિદાય લીધી. ૨) ભાવનગર રાજ્યની ડિસ્ટ્રિક્ટમાં કોઈ ગામે કોઈ એક પ્રસંગ પછી પ્રભાશંકર કવિશ્રી દુલા ભાયા કાગને કશોક પુરસ્કાર આપવા ગયા અને તેમણે ન લીધો તેથી પ્રભાશંકરે એ ખમીર માટે પ્રસન્નતા વ્યક્ત કરી. આ હકીકત કવિશ્રી કાગે 'કાગવાણી ભાગ ૨'માં વિગતે નોંધી છે એમ મને ખયાલ છે.

આવી બીજી એક વાત શ્રી જયંતીલાલ મોરારજી મહેતાએ કહી છે. શ્રી જયંતીભાઈ પ્રથમ 'દેશીરાજ્ય'ના ને પછીથી 'ભાવનગર સમાચાર'-ના તંત્રી હતા અને પ્રભાશંકરના જીવનનાં છેલ્લાં દશ વર્ષ અંગત મંત્રી તરીકે સાથે ફરેલા. પ્રભાશંકર વિષે વાત કરતાં એ 'બાપુજી' શબ્દ વાપરે છે, ભાગ્યે જ 'પટ્ટણીસાહેબ' શબ્દ યોજે છે. શ્રી જયંતીભાઈએ કહ્યું હતું:

'અમે રાજકોટથી ભાવનગર પાછા આવવા નીકળ્યા. રાજકોટ જંક્શન સ્ટેશને સલૂન હતું ને બાપુજી ટ્રેઈનમાં બેસવા તેના પછીના રાજકોટ સિટી સ્ટેશને આવ્યા. સાયંકાળ થઈ ગયો'તો. બાપુજીને માથે ફેંટો ન હતો. માણસો ઓછાં હતાં. ટ્રેઈન આવવાને વાર હતી એટલે બાપુજી પ્લૅટફૉર્મ પર લાંબે સુધી આંટા મારતા હતા. સાંધાવાળાની ઝૂંપડી બતાવી મને કહ્યું કે ત્યા જઈ બાઈને પૂછો કે ઘરમાં છાશ છે? હું પૂછી આવ્યો: હતી ને પાવાની હા કહી. એટલે બાપુજી ઝૂંપડીએ આવ્યા. બહાર વાણની ખાટલી પર બેઠા. બાઈએ છાશ પાઈ. પછી બાપુજીના કે'વાથી મેં બાઈને દશ રૂપિયા દેવા માંડયા ત્યારે બાઈએ કહ્યું કે સાધુબાવા પાસેથી કંઈ લેવાય નહિ. એ બાપુજીને ઓળખતી ન હતી. મેં કહ્યું કે ભાવનગરના પટ્ટણીસાહેબ છે. પટ્ટણીસાહેબ કોણ, એ બાઈને ખબર ન હતી. બાઈએ કશું જ લેવા આનાકાની કરી. બાપુજી બહુ રાજી થયા, એને કંઈક કહ્યું ને છેવટ એ બાઈને આપી, રાજી કરીને પાછા આવ્યા. છતાં એ બાઈને એમ જ લાગ્યા કર્યું કે પોતે કોઈ સાધુબાવા પાસેથી પૈસા લીધા તે ઠીક નથી કર્યું. કંઈક નિમિત્ત કાઢી મહેનતુ ગરીબ માણસોને કંઈક દઈ છૂટવું એ પ્રભાશંકરની આદત હતી.'

આ ઉપરાંત પ્રભાશંકરની પાસેથી સાંભળેલો એક પ્રસંગ છે:

પ્રભાશંકર દિલ્હીમાં વાઈસરૉયની કાઉન્સિલના સભ્ય હતા. એક સાંજે લેડી પટ્ટણીને લઈ ચાલતા ફરવા નીકળેલા. દૂર ખાલી જગ્યામાં ઝાડ તળે કોઈ વૃદ્ધ સ્ત્રી-પુરુષને જોઈ તેમની પાસે ગયા. જાણવા મળ્યું કે બિહારી બ્રાહ્મણ પતિપત્ની હતાં, નિર્ધન હતાં, પગપાળા બદ્રીકેદારની યાત્રાએ નીકળ્યાં હતાં ને પુરુષની તબિયત તાવ તથા શ્વાસથી લથડી હતી. સામાનમાં કોથળાના નાના વીંટામાં બેચાર કપડાં, ગોદડું ને લોટો હતાં. પ્રભાશંકરે આપ્યા તે અઢી સો રૂપિયા લેડી પટ્ટણીએ વૃદ્ધ સ્ત્રીને દેવા માંડયા; પણ સ્ત્રીએ સામો હાથ ન ધર્યો, સામે જોયું પણ નહિ. પ્રભાશંકરે કહ્યું: 'લાંબી યાત્રા છે. દવામાં તથા બીજી રીતે કામમાં આવશે ને અમારા પર કૃપા થશે.' વૃદ્ધે હસીને કહ્યું: 'નિયંતા સંભાળે છે, વગર પૈસે સંભાળે છે ને ત્યારે સંભાળ સમજાય છે.'

પ્રભાશંકરે કહ્યું: 'મારે ત્યાં પધારો તો વૈદ્યદાક્તરના ઉપચાર કરાવીએ.' વૃદ્ધે આંખ ઊંચકી આકાશ ભણી જોયું, કંઈ બોલ્યા નહિ. લેડી પટ્ટણીએ કહ્યું: 'મારે ત્યાં ભિક્ષા માટે પધારો; અથવા અહીં લાવું.' વૃદ્ધ સ્ત્રીએ કહ્યું: 'ભાઈ, કશું નહિ. સવારના મળે છે તે લઈએ છીએ, ન મળે તો ત્રણ ઘેર ભિક્ષા માગવા જઈએ છીએ. એમ મળે તો ઠીક, ન મળે તો ય ઠીક. પછી નહિ.' પ્રભાશંકરે કહ્યું: 'તો આપને કઈ રીતે અમે સહાયભૂત થઈ શકીએ?' 'ભલી લાગણી છે તે મોટી સહાય છે, શ્રીમાન્!' એમ કહી વૃદ્ધે હાથ જોડયા, એ વિદાયનું સૂચન સમજી બંને પગે લાગી પાછાં ફર્યાં. પ્રભાશંકરે કહેલું કે એ દંપતીની ટેક સાથે એ ટેક માટે કોઈ અભિમાન ન હતું, અને આંખમાં, વાણીમાં આદરભાવ હતો તેની પોતા પર ઘણી અસર થઈ છે.

પ્રભાશંકર સહાય કરવા ગયા હોય છતાં જેણે ન લીધી હોય તેની વાત પ્રભાશંકર પ્રસંગ નીકળતાં કહેતા, પણ જેણે લીધી હોય તેની વાત પોતે ન કરતા, ને કોઈ એ વાત કરતું હોય ને પોતાને ખબર પડે તો તેમને એવો ઉલ્લેખ ન કરવાનું વિનયથી કહેતા. આવા પ્રસંગો રોજના હોવાથી અસંખ્ય હોવા છતાં વિગતથી પ્રકાશમાં આવે એવું ભાગ્યે જ બને. રૂબરૂ જોનારમાંથી બે જણાએ નોંધેલા પ્રસંગો છે. બે પ્રસંગો તો પ્રભાશંકર ઈ. સ. ૧૯૩૭માં રાજ્યના વસૂલાતી અધિકારી થયા ત્યારે તેમના આસિ. વસૂલાતી અધિકારી હતા તે શ્રી હરિલાલ ભાણશંકર પંડયાએ કહેલા છે.

ઈ. સ. ૧૯૩૮ના જાન્યુઆરીમાં વસૂલાતી અધિકારી તરીકે પ્રભાશંકરનો તળાજા મહાલના ઝાંઝમેર ગામે મુકામ થયો. ત્યાં એક અરજદારે આવી જાહેર કર્યું કે એક લેણદાર વેપારીએ એક જ રકમ આપી, એ જ રકમનાં બે ખાતાં પડાવી લઈ, ઘરેણાં ઉપર રૂપિયા આપી એક ખાતું તે અંગેનું ને બીજું ખાતું અંગ-ઉધારનું પડયું છે. રૂપિયા દેતી વખતે બે કાગળિયાં લખી બેઉમાં મારા અંગૂઠાની નિશાની લીધેલી. હવે રોકડા રૂપિયા મેળવવા દાવો માંડી લેણદાર વેપારીએ અંગ-ઉધારના ખાતાના

આધારે કોર્ટમાંથી હુકમનામું મેળવ્યું છે. તેની સામે પાંચ રૂપિયા યે લેણદારને આપી શકાય એવી હાલત નથી. આ હકીકત સાંભળી પ્રભાશંકરને ત્રાસ થયો અને આસિ. વસૂ. હરિલાલ પંડયા જે મુસાફરીમાં સાથે હતા તેને લેણદારના ચોપડા રાતોરાત તપાસી સાચી હકીકત શી છે તે જાહેર કરવા ફરમાન કર્યું; સાથે પેલા લેણદારને રૂબરૂ બોલાવી કહ્યું કે જો તમારી હકીકત સાચી હશે તો તો ઠીક છે, પણ આ અરજદાર જણાવે છે તેમ જો તમારી હકીકત જૂઠી ઠરશે તો આવા વર્તન બદલ તમારા પર કામ ચલાવી જેલ ભેગા કરવા પડશે. પ્રભાશંકરે એમ પણ જણાવ્યું કે આસિસ્ટંટ જોઈ લેશે પછી પોતે પણ ચોપડા અને અંગૂઠા-છાપવાળી પહોંચો જોશે.

આસિ. વસૂલાતીએ રાત્રે જ ચોપડા તપાસ્યા. અરજદારની વાત ખરી નીકળી. એક જ તારીખે બે ખાતાં પાડેલાં ને બન્ને ખાતાંમાં રકમનો આંકડો એક જ હતો. અંગૂઠા છાપવાળી દેણદારની પહોંચોમાં દેવાદારના કોઈ ઓળખીતાની સાક્ષી તરીકે સહી ન હતી. તપાસથી એ વેપારી ગભરાયો ને તેણે કબૂલ કર્યું કે બેવડી રકમ આપી નથી, માત્ર ઘરેણાં ઉપર જ રૂપિયાનું ધિરાણ કર્યું છે. એ બહુ ગભરાયો ને બચવા માટે હરિલાલભાઈને ઉપાય પૂછ્યો. એટલે તેમણે જણાવ્યું કે સવારમાં વહેલા પટ્ટણીસાહેબ પાસે હાજર થઈ ગુનો કબૂલ કરી માફી માગવી; બીજો ઉપાય નથી.

વળતે દી સવારમાં તે વેપારી પ્રભાશંકર પાસે ગયા ત્યારે એ હજુ દાતણ કરતા'તા. વેપારીએ પોતાની ભૂલ કબૂલ કરી માફી માગી. હુકમનામું બજાવવું બાકી હતું એટલે પ્રભાશંકરે કહ્યું: 'તમારે રૂપિયાનું કામ છે ને તરત જોઈએ છે, તો જે ખોટાં બે ખાતાં પાડયાં છે તે બે ખાતાનું એક ખાતું કરી નાખો તો તમને રોકડા રૂપિયા તરત ગણાવી દઉં.'

વેપારી રાજી થયો. હા કહી દુકાનેથી ચોપડા લાવી પ્રભાશંકરની રૂબરૂમાં બે ખાતાનું એક ખાતું કરી દીધું. એટલે એ જ વખતે પ્રભાશંકરે પોતાના સેક્રેટરી જયંતીલાલ મો. મહેતાને લેણા રૂપિયા આપી દેવા કહ્યું. તરત રૂપિયા ચૂકવી દેવાયા ને વેપારીએ ચૂકતેની પહોંચ કરી આપી. પછી એ વેપારી પાસેથી પ્રભાશંકરે દેણદારની સ્ત્રીનાં ઘરેણાં મંગાવી લીધાં. એ આવ્યાં એટલે દેણદારને તથા તેની પત્નીને રૂબરૂ બોલાવી એમને ઘરેણાં તથા ચૂકતે કરેલા રૂપિયાની પહોંચ આપી એ સ્ત્રીને ત્યાંથી જ ઘરેણાં પહેરી ઘેર જવા કહ્યું. સ્ત્રીએ એ પહેર્યાં ને પછી બંને ગયાં.

ઝાંઝમેરથી ઊંચડી થઈ બગદાણા જતાં રસ્તામાં ઓથા ગામે બે કલાકનો પ્રભાશંકરનો મુકામ હતો. એ વખતે એક બાઈ તેનાં ત્રણેક બાળકો સાથે અરજ કરવા આવી. હકીકત એ હતી કે બાઈને તેના ધણીએ દશેક વરસ અગાઉથી રજા આપેલી. તે છોકરાંને લઈ બાપને ત્યાં આવી. બાપની વૃદ્ધાવસ્થાને અંગે દાડી-દપાડી કરી ગુજરાન ચલાવતી. હવે બાપ અપુત્ર ગુજરી ગયો. કાયદાની રૂએ વસૂલાતી ખાતા મારફત તેનું મકાન દરબાર-દાખલ થયું હતું અને હાલ તે મકાન હરાજ કરવા મુકાયું હતું. ગામમાં મકાનોની અછત હોવાથી તથા ખેડૂતોની સ્થિતિ સારી હોવાથી એ મકાનની કિંમત વધારે ઊપજે તેમ હતું. સસ્તામાં મળે તો યે તે મકાન પોતે ખરીદી શકે તેવી બાઈની સ્થિતિ ન હતી, ને મકાન હરાજ થયા પછી બીજે રહેવાને કોઈ ઠેકાણું ન હતું, બીજો કોઈ આધાર ન હતો. વાત સાંભળી પ્રભાશંકરને આઘાત થયો. એમણે તે જ વખતે ખેડૂતોને તથા ગામના આગેવાનોને બોલાવ્યા, પંચક્યાસ કરાવી એ મકાનની કિંમત નક્કી કરાવી તથા એ જ વખતે પંચક્યાસની રકમ પોતા પાસેથી આપી થાણદારને ચોપડે તે રકમ જમા કરાવી, બાઈના નામ પર મકાન કરાવી તે બાઈને કહ્યું: 'જાઓ, બેન, હવે તમને એ મકાનમાંથી કોઈ કદી કાઢી નહિ શકે?'

લઘુકથા

પારુલ પ્રસંગ

'વનફૂલ' · અનુ. સુકન્યા ઝવેરી

'**એ** કંઈ તમારી જેમ કમાઈને ખાઈ શકે છે?'

'ન કમાય તો કંઈ નહિ...તેથી કંઈ માછલી, દૂધ ચોરીને ખાવાનું?'

'મારા ભાગની માછલી ને દૂધ હું એને ખવડાવીશ.'

'એ તો તું ખવડાવે જ છે—તે ઉપરાંત પણ એ ચોરી કરે છે, ને એ આ રીતે રોજ રોજ—'

'તમને બહુ વધારીને વાત કરવાની ટેવ છે. રોજરોજ ચોરી ખાય છે?'

'ગમે તે હોય. હું રોજ બિલાડીને માછલાં ને દૂધ નહિ ગળચાવી શકું. પૈસા ફોકટ નથી આવતા.' કહેતાં જ ખિજાએલા વિનોદે પાસે ફરતી બિલાડીને તાકીને ચંપલ માર્યું. બિલાડી એક છલાંગ મારી નિશાન ચૂકવી ઘરની બહાર પલાયન થઈ ગઈ. સાથેસાથે પત્ની પારુલબાલા પણ આંખ પર પાલવ ઢાંકી ઊઠી ગઈ. વિનોદ જરાક વાર સૂનમૂન થઈને બેસી રહ્યો. પણ કેટલી વાર આમ રહી શકાય? આખરે એને પણ ઊઠવું પડયું. બહાર આવીને જોયું તો પશ્ચિમ ભણીની ઓસરીમાં શેતરંજી પાથરીને રીસની મારી પારુલબાલા જમીન પર સૂતી હતી.

વિનોદે વાતને હળવી કરવાનો પ્રયાસ કરતાં હસીને કહ્યું: 'આ શી છોકરમત માંડી છે? હું થોડો સાચેસાચ તારી બિલાડીને ભગાડું છું?'

પારુલ નિરુત્તર. વિનોદે ફરી કહ્યું: 'ચાલ, ઊઠ, તારી બિલાડીને માછલી ને દૂધ ખવડાવજે; પછી કંઈ છે?' પારુલ કહે: 'હા રે; એ કંઈ તમારાં માછલી અને દૂધ ખાવા માટે બેઠી છે ને! ભગાડવી હતી તો શું આવી અંધારી રાતે ન ભગાડત તો ન ચાલત?'

'અચ્છા ભઈ, હું એને શોધી લાવું છું—ક્યાં વળી જવાની હતી એ?' કહી વિનોદ હાથમાં ફાનસ લઈ બહાર નીકળ્યો. અહીંતહીં, વાટેઘાટે, જાંબુતલા નીચે વગેરે ચારેકોર ખોળી વળ્યો, પણ બિલાડી ક્યાં યે નજરે ન પડી. નિરાશ થઈને અંતે પાછા આવી જોયું તો પારુલ એમ ને એમ જ સૂતી હતી.

'શોધી શોધીને થાક્યો, પણ મને તો ક્યાં ય બહાર દેખાઈ નહિ. પણ આવશે તો ચોક્કસ. ચાલ, જમી લઈએ. ચાલ જોઉં.'

'ચાલો, તમને પીરસી દઉં; મને ભૂખ નથી આજ.'

'તું શું ભૂખ-હડતાળ પર ઊતરી છે?'

પારુલે રસોડામાં આવીને જે જોયું તેનું ટૂંકમાં હું તમને વિવરણ કરું: તપેલીમાં દૂધનું ટીપું યે નહોતું. તળેલી માછલી બધી સફાચટ. દાળનું વાસણ ઊંધું વાળેલું...આવું દૃશ્ય જોઈને પારુલ તો શરમની મારી અરધી થઈ ગઈ. વિનોદ પણ આ વિષે ચર્ચા કરવી નિરાપદ નથી સમજીને જે હતું તે જમવા બેસી ગયો. પારુલબાલાએ પણ ખાધું.

બંને જણ સૂવા ગયાં ત્યારે જોયું કે બિલાડીબાઈ તો ગૂંચળું વળીને આરામથી એમની પથારીમાં પોઢયાં હતાં! □

વસૂલાતી અધિકારી તરીકેની મુસાફરીમાં ટપ્પાના થાણદારની ઑફિસની દફતરી તપાસ ઉપરાંત ગ્રામપંચાયત, આરોગ્ય, હરિજન કેળવણી વગેરે સામાજિક સ્થિતિ વિષે જુદાજુદા સ્થાનિક માણસો પાસેથી હકીકતો મેળવતા તથા તે તે ગામ વિષે અગાઉ પોતા પાસે આવેલી બાબતનો નિકાલ કરતા. આ રીતે તા. ૧૨-૧-૩૮ના રોજ ભંડારિયા થાણા ઑફિસની તપાસણી વખતે ત્યાંના બે માથાભારે ગરાસિયા ભાઈઓ પસાયતા મોતીસંગ દેવીસંગ અને બનેસંગ સંબંધેની જે વાત પોતાને કાને આવેલી તે વાતની પૂરી ખાતરી કરી. એ બંને ભાઈઓનો ગામમાં ઘણો ત્રાસ હતો. એમની રંજાડ ચોતરફી હતી. એમને જોઈતો

હોય તે માલ ગમે તેની પાસેથી ગમે ત્યારે લઈ જાય ને કદી તેનાં નાણાં ન આપે. ઉપરાંત, ગામમાં વહુદીકરીઓની આબરૂની કોઈ સલામતી ન હતી. આ બાબતમાં ફરિયાદ કરનારને ગામ મૂકી ભાગી જવું પડે તેટલી હદે એ બે જણા ત્રાસ આપતા. થાણાદાર ને પોલીસ સુધ્ધાં એમનાથી એટલી હદે ડરતા કે બને ત્યાં સુધી ફરિયાદ જ ન નોંધતા ને તે બાબત ખાતામાં ઉપર ન લખતા. આ બાબત પ્રભાશંકરના જાણવામાં આવતાં પોલીસ ઉપરી કૃષ્ણચંદ્રને રૂબરૂ બોલાવી એવા પ્રકારે તજવીજ કરાવી કે પોલીસો તેમને પકડી ગયા ને તેમની વિરુદ્ધ કોર્ટમાં કેસ દાખલ કર્યો. એ બન્ને ભાઈઓનો ત્રાસ એટલો હતો કે એમનાં સગાંવહાલાંમાંથી કોઈ એમના જામીન નહિ થએલા. આથી તેઓ બંને એ વખતે જેલમાં હતા. પ્રભાશંકરે લોકોને નિર્ભયતાની ખાતરી આપવાથી લોકોએ ફરિયાદ કહી સંભળાવી. આ બન્ને ભાઈઓની વિધવા માતા પણ પ્રભાશંકર આવ્યા છે જાણીને રોતી કકળતી આવી. તેમણે પણ પોતાના દીકરાની ચાલચલગત બાબત ફરિયાદ કરી; પણ મુખ્ય ફરિયાદ એ હતી કે ઘરમાં કોઈ કમાણી નથી, મૂડી નથી ને દીકરાઓ આવા પાક્યા હોવાથી એમને ગામમાંથી કોઈ ઉધાર ઉછીનું આપતું નથી તેથી હાલ ઘરમાં રોટલાનાં સાંસાં છે, છોકરાં ભૂખે ટળવળે છે. વાત સાંભળી પ્રભાશંકરે તત્કાલ અનાજની જોગવાઈ કરી દીધી ને પોતે બની શકશે તે કરશે એવું આશ્વાસન દીધું.

ત્યાંથી તળાજે મુકામ કરી તા. ૧૫-૧-૩૮ના રોજ બપોરે નીકળી પાંચ વાગ્યે ભાવનગર આવી સાડા પાંચે શરૂ થનારી પંડિત સ્વરૂપરાણી નેહરુની શોકસભામાં હાજરી આપી. આ સભા પ્રજા-પરિષદ તરફથી યોજાઈ હતી ને સામાન્ય રીતે પ્રજા-પરિષદે યોજેલી જાહેર સભામાં પ્રભાશંકર હાજરી આપતા. પંડિત મોતીલાલ નહેરુ સાથે પ્રભાશંકરને ગાઢ સંબંધ હતો.

સભાનું કામ પૂરું થયે ત્યાંથી સીધા પ્રભાશંકર પોલીસ ઉપરી કૃષ્ણચંદ્રને સાથે લઈ ભાવનગરની જેલમાં ગયા અને પોતાની રૂબરૂ ભંડારિયાના બંને કેદી ભાઈઓને બોલાવ્યા. પ્રભાશંકરે એ બંને તરફ લોકોની શી ફરિયાદ હોવાથી કેદમાં આવવું પડ્યું તે વિચારી જોવા કહ્યું અને પછી એ બંનેની માએ કરગરીને જે ઘરની હાલત વર્ણવેલી તે કહી સંભળાવી ઉમેર્યું કે જેની માને પોતાના દીકરાનાં છોકરાં ભૂખે મરતાં હોવાથી બીજા પાસે રોટલા માટે કરગરવું પડે એ દીકરા કેવા? એ બંને ભાઈઓએ પગમાં પડી કહ્યું: 'અમે આપને ખાતરી આપીએ છીએ કે અમારા તરફથી કોઈ ફરિયાદ હવે નહિ આવે. અમે આપની માફી માગીએ છીએ. પણ અમારા કોઈ જામીન થતું નથી.'

પ્રભાશંકરે કહ્યું: 'એ જ તકલીફ છે. તમારામાં એવો વિશ્વાસ હોય કે તમે જે બોલો તે પ્રમાણે સારું જ આચરણ કરશો તો કોઈ જામીન થાય. હું ય થાઉં. પણ એવો વિશ્વાસ પેદા થાય તેવું તમારે થવું જોઈએ ને કરી બતાવવું જોઈએ.' એ બંનેએ ફરી પગે પડી ખાતરી આપી કે અમારું કોઈ જામીન થાય ને અમે છૂટીએ તો અમારી કોઈ ફરિયાદ કદી આવશે નહિ. અમને ભૂલ સમજાઈ છે.

પ્રભાશંકરે એ જ વખતે મૅજિસ્ટ્રેટને બોલાવ્યા. પોતે એ બંને ભાઈઓના હજાર હજાર રૂપિયાના એક વરસ માટે જામીન થયા ને જામીનખત ઉપર એમણે પોલીસ ઉપરીની હાજરીમાં સહી કરી બન્ને ભાઈઓને છૂટા કરાવ્યા. પોલીસ ઉપરી સહિત સહુને નવાઈ લાગી. બધાને એમ લાગતું કે આ રીઢા ગુનેગારો ભંડારિયા પહોંચતાંવેંત કંઈક એવું કરશે કે જેથી એમને છૂટા કર્યા બાબતનો અફસોસ થશે. પણ એવું કશું જ બન્યું નહિ, નવો કોઈ ગુનો થયો નહિ; ઊલટું, બન્નેના સ્વભાવ તથા વર્તન એવાં પલટાઈ ગયાં કે આ બે જે હતા તે જ છે એમ કોઈને લાગતું નહિ, એટલું લોકોને આશ્ચર્ય થતું.

સોળમી જાન્યુઆરીએ આ બે ભાઈઓ કેદમાંથી છૂટ્યા. તેને માંડ મહિનો થયો ત્યાં સોળમી ફેબ્રુઆરીએ પ્રભાશંકરનું અવસાન થયું. જામીનદારનું અવસાન થતાં પોલીસખાતાએ ફરી એ બંને ભાઈઓની ધડપકડ કરી ભાવનગરની જેલ ભેળા કરી દીધા. ફરી કોઈ જામીન થતું ન હતું. બંને ભાઈઓએ જેલરને વિનંતી કરી કે પ્રભાશંકરના પુત્ર અનંતરાય પટ્ટણી જે હાલ દીવાન છે તેમને રૂબરૂ અરજ કરવાની ગોઠવણ કરી આપો. એ વિનંતી માન્ય રહી. બંને ભાઈઓ અનંતરાય પટ્ટણીને મળ્યા, પોતાના જૂના ગુનાઓ કબૂલ કરી પોતાની નિંદા કરી. પોતે બે આવા હતા એ જાણવા છતાં બાપુજી–પ્રભાશંકરે જાતે જામીન થઈને કેદમાંથી છોડાવેલા, એમ કહી પ્રભાશંકરને સંભારી રોયા તથા વળી પાછું કોઈ જામીન થતું ન હોવાથી તેનો કંઈક ઉપાય કરી દેવા કહ્યું. અનંતરાય લશ્કરી મગજના હોવાની સામાન્ય છાપ હતી. છતાં અનંતરાય ગદ્ગદિત થઈ ગયા. તે જ વખતે એ બંનેના અનંતરાય જામીન થયા ને કહ્યું: 'બાપુજી જે વિશ્વાસ તમારામાં રાખીને જામીન થયા'તા તે વિશ્વાસ હું પણ રાખું છું. મારા વિશ્વાસને દગો ન દેશો એટલું કહું છું.'

અનંતરાય પટ્ટણીના જામીન પર એ બન્ને ભાઈઓ જેલમાંથી છૂટ્યા. ભંડારિયાના દરબારી દવાખાનાના રાજવૈદ્ય પ્રતાપરાય અંબાશંકરે આ બંને ભાઈઓની પહેલાંની અને પછીની, બંને જિંદગી નજરે જોએલી એ કહેતા કે આવા વાઘ જેવા ક્રૂર માણસો, પ્રભાશંકરની રૂબરૂ જેલમાં મુલાકાત થયા પછી એવા તો ગરીબ ગાય જેવા થઈ રહ્યા કે એ બેયનું અવસાન થયું ત્યારે સારા માણસ તરીકેની છાપ ઊભી કરીને ગયા.

અહિલ્યાબાઈ હોળકર (અનુ. પૃ. ૩૯૧થી) ઈર્ષા-અસૂયાથી તેમનો દાહ થતો હતો. સવારે અહિલ્યાબાઈની મુલાકાતે જવાનું હતું. વસ્ત્રો કયાં ધારણ કરવાં, આભૂષણો કેવાં પહેરવાં કે પોતાના રૂપ ને વૈભવથી અહિલ્યાબાઈની આંખો અંજાઈ જાય, એ જ ચિંતા આનંદીબાઈને હતી. જુદાજુદા પ્રકારની સાડીઓ મંગાવી રાખી હતી. ચારે તરફ આયના ગોઠવ્યા હતા. બાઈનું મન અસ્વસ્થ હતું. સવાર પડ્યું. બાઈએ સ્નાન પતાવ્યું. હિમતુષાર જેવી જરીની શ્વેત સાડી એમણે પહેરી લીધી. માત્ર હીરાનાં આભૂષણો પહેરી લીધાં. એકેક હીરો તેજથી ચમકતો હતો. આભૂષણો બહુ ન હતાં, પણ એમની કિંમત સવા કરોડ રૂપિયા જેટલી હશે. ચારે તરફનાં દર્પણો બતાવી રહ્યાં હતાં કે બાઈના શરીરમાં અને વસ્ત્રોમાં કંઈક અદ્ભુત સુંદરતા હતી. ઊપડવાનો સમય થયો. બાઈએ અંજીરી રંગની શાલ ઓઢી. કિનખાબનાં પગરખાં પહેર્યાં ને પાલખીમાં બેઠાં. નક્કર સોનાની દાંડીઓવાળી પાલખી ઊંચકી જતા ભોઇઓના હાથમાં શેરશેર સોનાનાં આભૂષણો હતાં. પાછળ સુંદર દાસીઓ ચાલતી હતી. પેશવાના વૈભવનું પ્રદર્શન જાણે ફરવા નીકળ્યું હતું.

અહિલ્યાબાઈનો પ્રાસાદ નજીક આવ્યો. સમાચાર આવ્યા કે બાઈસાહેબને આવકાર આપવા અહિલ્યાબાઈ જાતે આવી રહ્યાં છે. આનંદીબાઈને સંતોષ થયો. પોતાના વૈભવનો ઝગમગાટ જોઈ અહિલ્યાબાઈની લાગણીઓ કેવી થશે એ વિષે એમના મનમાં ઘણા વિચાર ચમકી ગયા.

એ જ ક્ષણે મહેલના મહાદ્વારમાંથી અહિલ્યાબાઈસાહેબે બહાર પગ મૂક્યો. આનંદીબાઈ એમને જોવા અધીરાં થયાં હતાં. એમણે સામે જોયું, અને એકદમ ઠરી ગયાં! જેના વ્યક્તિત્વ વિષે આટલું બધું સાંભળ્યું હતું તે અહિલ્યાબાઈ આ જ?! પાલવકોર વગરની સફેદ રંગની સુતરાઉ સાડી પહેરી હતી. ગળામાં રુદ્રાક્ષમાળા હતી. હાથમાં હમેશાં રહેતી શિવપ્રતિમા હતી. ચહેરો નિશ્ચયી પણ શાંત દેખાતો હતો. રંગે શ્યામ હતાં. રૂપ સામાન્ય ગણાય એવું હતું. રૂપ, સત્તા, સંપત્તિ, દુનિયાનાં બધાં પ્રલોભનોને પેલે પાર જઈ જાણે પોતાને નિહાળતાં હોય એમ આનંદીબાઈને થયું. પોતાનાં આભૂષણો, વસ્ત્રો, સત્તા, વૈભવ–બધું અર્થહીન લાગ્યું. શરીરનું સૌંદર્ય અને લૌકિક મહત્તા એ ઉપરાંત પણ માનવમાં બીજું કાંઈક તેજ હોઈ શકે છે એનો સાક્ષાત્કાર આનંદીબાઈને થયો! □

રવિશંકર રાવળનું આત્મકથાનક અને 'ગુજરાત કલાસંઘ'ની કથા [૧૮]

ગુજરાતમાં કલાનાં પગરણ

ઊટી

આ વખતનો ઊટી (ઉટાકામંડ)નો પ્રવાસ બહુ સુખપ્રદ રહ્યો. શ્રી રામસ્વામીએ પોતાનો એક નાનો બંગલો સુવાંગ સોંપી દીધો હતો. મારા શિષ્યવૃંદે (સર ચિનુભાઈના પરિવારના) પણ ઘણાં ચિત્રો કર્યાં. જેમાંનાં કેટલાંક 'કુમાર'માં પ્રકટ થયાં છે. મારે માટે તો આશ્ચર્યજનક દૃશ્ય ત્યાંના ટોડા જાતિના લોકોનું હતું. એ લોકોનો બાંધો, પોશાક, ઘર તથા રિવાજો જોતાં વિદ્વાનો તેમને ભારતની મૂળ નિવાસી જાતિ માને છે. એમનાં ઝૂંપડાંની રચના પણ મનુષ્યે રચેલા નિવાસનો પ્રથમ નમૂનો હોય એવું અનુમાન થાય છે અને તે વિષે ગ્રંથો લખાયા છે.

આ નીલગિરિમાં અનેક સુંદર પ્રકૃતિદૃશ્યો છે. તેમાં યે કાવેરી નદીનો બારે માસ પડતો પાયકારાનો ધોધ ગુજરાત જેવા સપાટ પ્રદેશમાં ક્યાં ય જોવા ન મળે. એ ઉપરાંત એ ગિરિપ્રદેશમાં રચાએલાં નાનાં નાનાં તળાવો, યુકેલિપ્ટસનાં વૃક્ષો પર ગૂંથાતી જતી કેડીઓની વચ્ચે વચ્ચે આવતા કાળા પથ્થરના ખડકો, એ બધાં ચિત્રકારની પીંછી કે પેન્સિલને જંપવા દે એવાં ન હતાં.

એક કરુણ બનાવ

નીલગિરિ ઉપરના અમારા લાંબા ને સુખપ્રદ આ નિવાસના અંતભાગમાં એક કરુણ બનાવ બની ગયો. અમારા પ્રિય સાથી ડૉ. હરિપ્રસાદ ઉપર એક કૌટુંબિક આપત્તિ આવી પડી. તેમનો વચેટ પુત્ર વિષ્ણુ અકસ્માત દૈવગતિ પામ્યો. તેના સમાચાર અમે સાંજના વાળુ કરતા હતા ત્યારે ટ્રંક-ટેલિફોનથી મળ્યા. ડૉક્ટરે ટેલિફોન લીધો અને જરા સાંભળી જવાબમાં બોલ્યા: 'રામ! રામ! વિષ્ણુ ગયો? ભાઈ ઈન્દુ, હું કાલ સવારે જ નીકળી ત્યાં આવું છું'...પછી અમારી તરફ ફરી કહ્યું: 'તમે ચિંતા કરશો નહિ. હું જમીશ નહિ. મારે માટે સ્નાન કરવા જરા પાણી ઊનું મુકાવો. આખી જિંદગી ફિલસૂફીની ચર્ચા કરી છે તે મને આ વિકટ સમયે જરૂર સહાય કરશે.' ડૉક્ટરના આ ધૈર્ય અને સમાધાનથી તેમના આત્માની મહત્તા અમે પિછાની શક્યા અને રત્નમણિરાવે મદ્રાસ સુધી સાથે જઈ તેમને મુંબાઈના મેઈલમાં બેસાડી આવવાનું માથે લીધું.

પછીનો અમારો સમય બહુ આનંદમય ન રહ્યો. અમદાવાદમાં વરસાદ શરૂ થયાના સમાચાર મળતાં અમે ડેરા ઉપાડ્યા. મોટરો ને અમુક નોકરોને અમદાવાદ મોકલી આપી અમે ટ્રેઈનમાં મદ્રાસ પાછા ફર્યા. ત્યાં અમે એક જ દિવસ રોકાયા. મેં આર્ટ સ્કૂલની મુલાકાત લીધી. રસિકલાલ પોતાના લગ્ન માટે મોટી રજા લઈ દેશ ગયા હતા. પ્રિન્સિપલ દેવીપ્રસાદ રાયચૌધરી રજા ઉપર હતા અને હાલ નવા આવેલા શ્રી પણિક્કર વહીવટ સંભાળતા હતા. તે ઇંગ્લૅન્ડ જઈ આવ્યા હતા અને રાયચૌધરી પાછા ન આવે તો તેમની જગ્યા લેવાના હતા. પણ મને ભાવથી મળ્યા. બીજા દિવસે સવારની મેઈલમાં અમે મદ્રાસ છોડ્યું. રામસ્વામી બૅંગ્લોર સુધી પ્રવાસમાં અમારી સાથે જ રહ્યા. ત્યાં થોડું કામ પતાવીને અમદાવાદ આવવાના હતા. તે એકલા જ મુસાફરી કરતા ને માત્ર એક ગુજરાત સિવાય આખો ભારત એક બૅગ-બિસ્તરા સાથે જોઈ વળ્યા હતા. ખાવાપીવામાં તે બહુ જ પરિમિત હતા. માત્ર દૂધ અને ઘઉંના સીરીઅલ્સ (શેકેલા ફાડા) સાથે રાખતા અને તે પર ચલાવી લેતા. વચ્ચે ફળો લેતા.




ઊટી-પ્રવાસનું એક સ્મૃતિચિત્ર. પાછળ: 'ધૂમકેતુ' અને રવિશંકર રાવળ; આગળ: વકીલ બાબુરાવ મહેતા, ડૉ. હરિપ્રસાદ, રસિકલાલ છો. પરીખ, રત્નમણિરાવ ભીમરાવ યોધ અને બાળક ઉદયન.

કલાકાર વ્યંકટપ્પા


શ્રી રામસ્વામીએ વાત કરી કે મૈસુરના પ્રસિદ્ધ ચિત્રકાર વેંકટપ્પાએ આ પ્રદેશનાં તેર વૉટરકલર એવી સ્વચ્છ પીંછીથી દોર્યાં છે કે હોલાંડના ડચ ચિત્રકારોને ભૂલી જાઓ. પરંતુ તેમાંનું એક પણ ચિત્ર તે વેચવા માગતા નથી. વચન આપે છે કે બીજું કરી આપીશ, પણ કરે ત્યારે ખરા. એ વિચિત્ર કળાકારનું વય ચાળીસ વર્ષનું છે, પણ તે આજીવન ચુસ્ત બ્રહ્મચારી રહ્યા છે. તમે વળતાં મૈસુર રોકાઈ તેને મળજો તેમ જ ત્યાંના રાજ્યગાયકનું સંગીત સાંભળજો.

તદનુસાર અમે જ્યારે પાછા વળ્યા ત્યારે મૈસુરમાં મુકામ માટે રામસ્વામીજીએ મૈસુરમાં બંગલો તૈયાર રખાવેલો અને વેંકટપ્પાને મળવાની ગોઠવણ કરાવી રાખેલી. બંગાળના કલાચાર્ય અવનીન્દ્રનાથ ઠાકુરના તે પટ્ટ શિષ્યોમાંના એક ગણાતા, પણ હાલ તે રુદ્રવીણા શીખવા માટે ચિત્રકળાને અભરાઈ ઉપર મૂકી બેઠા હતા. છતાં અમને એક દિવસનો ૧૦ વાગ્યાનો સમય કાઢી આપ્યો હતો. અમે જ્યારે તેમના ઘર આગળ પહોંચ્યા ત્યારે એક વંડીબંધ ચોગાન વચ્ચે એક બંગલી નજરે પડી. એ ચોગાનમાં જવાની ખડકી બંધ હતી, તેથી અમારા સાથીએ એકબે પથ્થરના ઘા એ બંગલી તરફ ફેંકી ખડકીની બાજુના બાકોરામાંથી સાદ પાડ્યો ત્યારે ભાઈસાહેબ હાથમાં કૂંચી ઝુલાવતા બંગલીમાંથી નીકળ્યા અને ખડકી ઉઘાડી અમને અંદર લીધા.

બંગલીમાં બધું ચિત્રકળાનો અને સંગીતનો અખાડો હોય એમ અસ્તવ્યસ્ત પડ્યું હતું. તેમણે પ્રથમ અમને એક લઘુચિત્ર બતાવ્યું. તેમાં એક અભરાઈ પર શ્રી અવનીન્દ્રનાથની આરસ-પ્રતિમા ઉપર એક આછું કપડું ઢાંક્યું હોય અને પોતે એક મોટી રુદ્રવીણાને નમન કરતા હોય એવું દૃશ્ય હતું. તેનો ભાવ સમજાવતાં તેમણે કહ્યું કે મૈસુર રાજ્યના મહાગાયક શેષન્ના એંશી વર્ષના થયા ત્યારે શોક કરતા હતા કે મારી કળા મારી સાથે જશે. કોઈ સર્વસ્વ ભોગે શીખે એવું નથી. તે વખતે પોતે (વ્યંકટપ્પા) આગળ આવ્યા અને રંગ તથા પીંછી અભરાઈ પર ચડાવી શેષન્નાના ચરણે બેસી રુદ્રવીણા શીખવા માંડી, અને ચાર કે છ વર્ષ લગી એકધારી ગુરુગમ વિદ્યા મેળવી. અમે વિનંતી કરી, કે એ કળાનો નમૂનો સંભળાવો; ત્યારે કહે કે હમણાં નહિ, હું પાકો થઈશ ત્યારે બતાવીશ. પછી તેમણે પોતે કરેલાં ઊટીનાં દૃશ્યો બતાવ્યાં ત્યારે ખરેખર રામસ્વામીએ કરેલી પ્રશંસા સાચી ઠરતી લાગી. મુઘલ શૈલીથી એમાં પાંદડે પાંદડું દોરાયું હતું, છતાં નૈસર્ગિકતાનો ભંગ થવા દીધો નહોતો. એમનો અલગારી સ્વભાવ પહાડ જેવો હતો, તેથી વિશ્વના માલેતુજાર



△ મીનાક્ષી અને સુંદરમનું લગ્ન – મીનાક્ષી મંદિર • મદુરાઈ



△ શ્રમણ બેળગોળ (પલની)ના ગોમટેશ્વરની મહાકાય પ્રતિમા.

થયા નહિ પરંતુ મનના બાદશાહ રહ્યા.

એમના વિષે બીજી પણ એક વાત સાંભળી. એક વાર મૈસુરના યુવરાજ તેમનું કામ જોવા આ બંગલીમાં આવેલા. રાજવીએ કોઈક ઉત્તમ ચીજ ખરીદવી જોઈએ એમ ધારી એક બાર ઇંચની ગોળ તકતી, જેમાં સિદ્ધાર્થ ઘર છોડી ચાલી નીકળે છે એવું દૃશ્ય હતું તે અર્ધ શિલ્પ યુવરાજે સાથે લીધું ને મહેલમાં જઈ સેક્રેટરીને હુકમ કર્યો કે ચિત્રકારને તેનું બિલ આપી આવો. સેક્રેટરી વ્યંકટપ્પા પાસે ગયો અને બિલ માગ્યું. કલાકારે એક હજાર રૂપિયા મૂકી જવા કહ્યું. એ વખતે સેક્રેટરીને શી મતિ સૂઝી કે બોલ્યો: 'અરે! આટલા નાના પ્લાસ્ટરના એક હજાર રૂપિયા હોય?' વ્યંકટપ્પાએ ભવાં ચડાવી કહ્યું: 'તમને શી સમજણ પડે? એ શિલ્પ પાછું મૂકી જાઓ. મારે વેચવું જ નથી.' સેક્રેટરી ગમ ખાઈ ગયો; પણ પછી કલાકાર એકનો બે થયો જ નહિ. સેક્રેટરીએ યુવરાજ પાસે જઈ બધી બીના કહી. યુવરાજે કહ્યું કે 'કલાકાર સાથે કેમ વર્તવું તે તમે નોકરિયાતો જાણતા નથી. તે માગે તેટલી રકમ આપવાની જરૂર હતી.' એ કલાકાર આખરે બૅંગલોર જઈ વસેલા અને ત્યાં જ અવસાન પામ્યા. એમનો કલાપ્રવાહ સુકાઈ ગયો.

મીનાક્ષી મંદિર

દક્ષિણના આ વખતના પ્રવાસમાં અમે મહાબલિપુરથી માંડીને છેક કન્યાકુમારી સુધીનાં યાત્રાધામો જોયાં. નટરાજની પૂજાતી મૂર્તિ જોઈ તેમ મદુરાઈના જગવિખ્યાત મીનાક્ષી મંદિરનું અદ્દ્ભુત શિલ્પરત્ન 'મીનાક્ષી-સુંદરમ' (મીનાક્ષી અને શિવનું લગ્ન) જોયું, જેની પ્રતિકૃતિ આ સાથે આપી છે. ત્યા એક વિશેષ તક ત્યાં થતાં વનવાસીઓનાં સમૂહલગ્ન જોવાની મળી. મીનાક્ષીદેવીના લગ્ન દિવસને જ શુભ મુહૂર્ત માની લઈ સુષ્ઠુ દેહ-સંપત્તિવાળાં અનેક વન્ય યુગલ ત્યારે અર્ઘ્યનાં ફળફૂલ સાથે પરસ્પરનો હાથ પકડી મીનાક્ષી દેવીની પ્રદક્ષિણા કરી તેની આગળ લગ્ન-પ્રતિજ્ઞા લે અને હાથમાં હાથ ભરાવીને વિદાય થાય. તેમાંથી મને એક મોટું ચિત્ર સ્ફુર્યું. 'કુમાર'માં તે છપાએલું જોઈને મારા કલાકાર મિત્ર શ્યાવક્ષ ચાવડાએ કહ્યું કે મુંબાઈના કલાકારોએ તેને 'ઈમ્પ્રેશનિસ્ટ' શૈલીનું ચિત્ર કહ્યું છે. એ ભાવછાયાનું ચિત્ર તો ખરું જ, પણ મને તેની પાછળની એ ભાવના સ્પર્શી હતી કે વનવાસી આદિવાસીઓ પણ લગ્નને પવિત્ર માનીને દેવીના લગ્નમુહૂર્તે તેની આગળ હસ્તમેળાપ કરવા ઇચ્છે છે.

પલની

આ બીજી વાર ઊટી આવવાનું થયું તેનું મૂળ કારણ તો અગાઉ જણાવ્યા પ્રમાણે સર ચિનુભાઈને ત્યાં પુત્રજન્મ થાય તો પલનીમાં (શ્રમણ બેળગોળના) ગોમટેશ્વરને ચરણે તેને પગે લગાડી તેના બાલકેશ ઉતરાવવાની બાધા રામસ્વામીએ લેવડાવી હતી તે પૂરી કરવાની હતી, એટલે તેઓ પણ સાથે આવ્યા હતા. અમે પલની પહોંચ્યા ત્યાં રામસ્વામીએ અમારા ઉતારા તેમજ પૂજારીઓ તૈયાર રાખ્યા હતા. પણ પલનીમાં મારું અને ડૉ. હરિપ્રસાદનું આકર્ષણ તો એ પહાડની ટોચ પર આવેલી ગોમટેશ્વરની પ્રચંડકાય મૂર્તિ હતી; એટલે કેટલાં યે પગથિયાં ચડી અમે ઉપર પહોંચ્યા ને પ્રતિમાના પગ આગળ વિધિ કરાવવા સર ચિનુભાઈનું પરિવાર મંડળ ગોઠવાયું એ દરમિયાન હું તથા ડૉ. હરિપ્રસાદ પ્રતિમાના મસ્તક સુધી પગથિયાં ચડી પહોંચી ગયા અને ત્યાં ધર્મશ્રદ્ધાનું બળ પ્રજામાં કેટલું વિશાળ પ્રમાણમાં હશે તેનો ખરો ખયાલ અનુમાની શક્યા. સાઠ ફૂટની પહાડની ટોચ કાપી સર્જવેલી એ નિર્વસ્ત્ર છતાં બાળક સમી નિર્દોષ મુદ્રાવાળી અખંડ માનવપ્રતિમા કોતરનારા ભારતીય શિલ્પીઓ આગળ યુરોપના શિલ્પીઓને તે વામણા બનાવી દેખાડતી હતી. ભારતીય કલાનું આવું અદ્દ્ભુત દર્શન કેટલા ઓછા સુશિક્ષિતોને કરવાની ઇચ્છા થઈ હશે તે પર મનમાં પરિતાપ થયો. ગમે તે સંપ્રદાયને સમજવા કે સમજાવવા માટેની એ કાળના શિલ્પકારોની ભાવના અને કલ્પના કેટલી પ્રચંડ અને વિશાળ હશે! કેટલાંનાં બાહુબળનો તેને ટેકો મળ્યો હશે! ત્યારના પ્રખર તાલીમબાજોની શીખવા-શીખવવાની રીત તથા સંખ્યા, તેમજ એ પ્રજાનું સ્વાર્પણ અને ઉત્સા



મીનાક્ષી-સુંદરમની લગ્નઘડીને જ શુભ મુહૂર્ત માની, એ સમયે હાથ મેળવી, દેવીની પ્રદક્ષિણા કરી લગ્ન કરતાં વનવાસીનું શ્રી રવિશંકર રાવળે કરેલું ચિત્ર. (બ્લૉક: 'મારી ચિત્રસૃષ્ટિ'માંથી)

કેટલાં હશે! એ કારીગરોનો શિક્ષણકાળ કેટલો હશે અને એમણે આરંભથી આટલે સુધી પહોંચવા કેટલાં વર્ષોની સાધના અને ઉપાસના કરી હશે તેનો હિસાબ સમજવા પણ અમારી લાયકાત ન જણાઈ.

બૅંગલોરનું પ્રદર્શન

પલનીની યાત્રા પૂરી કરી બૅંગલોર આવી અમે ત્યાં ગાંધીજીના મુકામે વંદન કરવા ગયાં, પણ ઝાઝો સમાગમ ન થયો. તે બહાર જતા હતા એટલે માત્ર દર્શન થયાં; પણ તેમણે નીકળતાં નીકળતાં બૅંગલોરની ગૌશાળા જોવા કહ્યું. ને ખરેખર એ ગૌશાળા એક સ્વપ્નસમ હતી.

બૅંગલોરમાં એક ચિત્રપ્રદર્શન જોયું. એક જ ખંડમાં નાનાં વૉટર-કલર (જળરંગી) ચિત્રોનો દર્શનીય સમૂહ હતો. લગભગ બધાં જ અવનીન્દ્રનાથ ઠાકુર પાસે શીખેલા ચિત્રકારોનાં, જાપાની પટચિત્રો જેવાં હતાં. પણ તેમાં લાહોરના કલાકાર અબ્દુર્રહમાન ચુઘતાઈનું સફેદ મોરવાળું ચિત્ર:સાનું આકર્ષણ કરતું હતું. સ્વર્ગીય કલામીમાંસક વ્યંકટ-અચલમ્ જેવા કળાના ગઢવીઓ ત્યાં હાજર હતા. તેમણે ૪૦૦ રૂપિયામાં એ ચિત્ર ખરીદી લેવા સર ચિનુભાઈએ ખૂબ આગ્રહ કર્યો, પણ એટલા નાના ચિત્ર માટે તેમને એ રકમ ભારે લાગી હશે. છતાં તેમણે મોભા ખાતર એક હરણ-યુગલનું ચિત્ર ખરીદ્યું જે આજે પણ અમદાવાદમાં તેમના મહાલય 'શાંતિકુંજ'માં છે. 'કુમાર'માં તે અગાઉ તેની રંગછાયા સાથે છપાઈ ગયું છે. આમ ચુઘતાઈની કળાનો સર્વપ્રથમ પરિચય ગુજરાતને થયો, અને આગળ જતાં તેમનો વિગતે પરિચય અંક ૨૯૭માં અપાયો. આ વર્ષની શરૂઆતમાં તેમનું અવસાન થતાં કુમાર'માં આવેલી માર્ચ અંકમાંની નોંધ તો વાચકોને તાજી જ છે. (ચાલુ)

અનુસંધાન] **અંગ્રેજી સાહિત્યનું આચમન** [પૃ. ૪૧૦થી

વડે છે. એક પ્રસંગે ફ્રૅન્કફર્ડની ગેરહાજરીમાં તે તેની પત્ની સમક્ષ આ પ્રેમોર્મિ વ્યક્ત કરે છે. ગૃહિણી ગભરાઈ જાય છે, મૂંઝાઈ જાય છે, પરંતુ એના પ્રેમાવેગનું રૂપ જોઈ અવાચક બને છે અને એનું પતન થાય છે. ઘરના વફાદાર નોકર દ્વારા આ વાત ફ્રૅન્કફર્ડને પહોંચે છે. એ સ્વાભાવિકરીતે જ બેચેન બને છે. પત્નીની નિષ્ઠાનું પારખું કરવા ફરી પ્રવાસે જવા ઊપડે છે; તેની પત્ની તેને આ પ્રવાસ મોકૂફ રાખવા ખૂબ વિનંતી કરે છે; વેન્ડૉલ તેને સોબત આપવા તેની સાથે જવા પ્રસ્તાવ મૂકે છે. પણ ફ્રૅન્કફર્ડ એકલો જ જાય છે. અને જ્યારે અચાનક તે પાછો ફરે છે ત્યારે બંને જણાંને પ્રેમમાં ચકચૂર થએલાં જોઈ તે તીવ્ર આઘાત અનુભવે છે—ઉદ્ગાર કરે છે:

> Astonishment,
> Feare and amazement beat upon my heart,
> Even as a mad man beats upon a drum.

એના રોષનો, એની વ્યથાનો પાર નથી. બંનેને મારી નાખવાના વિચારને તે પરાણે રોકે છે. વેન્ડૉલને તે હાંકી મૂકે છે. એની પત્ની ઘૂંટણીએ પડી રડતી આંખે દયા-ક્ષમા માગે છે ત્યારે તે એમનાં બે બાળકોને પત્ની સમક્ષ ધરે છે: 'આ જો! તારા પાપની શરમ તેમની શ્વેત પાંપણો પર કેવી પ્રકટી છે'. પણ એ ક્રૂર બનતો નથી. એ દયા પ્રકટ કરીને તેને માત્ર કુટુંબ અને ઘર ત્યજી દેવાનો આદેશ આપે છે. એક નાનું ઝૂંપડું અને નોકરો તથા પૈસા આપીને તે તેને વિદાય કરે છે. બાળકોને ફરી કદી નહિ મળવાની તેને તાકીદ કરે છે. એ હવે તેને મન મૃત્યુ પામી ચૂકી છે. કુટુંબથી ત્યજાએલી એ ગૃહિણીના પશ્ચાત્તાપનું દૃશ્ય નાટ્યકારે એમાં કલાત્મક રીતે આલેખ્યું છે. વેન્ડૉલ એને વળી પાછો મળે છે. એને જોતાં જ એ ભયથી છળી ઊઠે છે. એ બધી ઘટના મર્મવેધી છે. આઘાતથી મૃત્યુને આરે પહોંચેલી એ ગૃહિણીની અંતિમ ઇચ્છા પતિને મળવાની છે. પતિ મમતાપૂર્વક તેને મળે છે અને તેના મુખ પર ચુંબનની મુદ્રા ચોડીને પોતે તેને ક્ષમા આપી છે તેની પતીજ આપે છે.

નાટ્યલેખકે આમાં કોઈને દુષ્ટ કે શઠ ચીતર્યા નથી. વાસનાના બળનું પ્રાબલ્ય તેમણે આલેખ્યું છે. બેવફા બનતી ગૃહિણી પર પણ સમભાવ જાગે તેવું તેનું વ્યક્તિત્વ લેખકે નિરૂપ્યું છે. વેન્ડૉલ પણ પોતાના હૃદયની નિર્બળતાને જાણનારો, તેના પ્રેમાવેગને રોકવા મથનારો, પણ અસ્થિર અને નિર્બળ મનનો છે. તેને પણ પોતાના ગુનાની શરમ છે. એ દુષ્ટ નથી, નિર્બળ-પોચટ છે. નાટકના નાયકનું વ્યક્તિત્વ પણ લેખકે કુશળતાપૂર્વક ઘડ્યું છે. એની માનવતા હૃદયસ્પર્શી છે. એ કઠોર બને છે, જડ બનતો નથી. મૃત્યુ પામતી પત્નીને પ્રેમપૂર્વક તે ક્ષમા આપી શકે છે.

હેવૂડની બીજી એક રચના 'ધી ઇંગ્લિશ ટ્રાવેલર' (The English Traveller) આ પ્રકારના વિષયને જ રજૂ કરે છે—પાપ, પશ્ચાત્તાપ એ તેની 'થીમ' છે; પણ એમાં કરુણતાના રંગ અગાઉના નાટકમાં છે તેવા ઘેરા નથી. (ચાલુ)

કૉલેજિયનોને જ નહિ, પણ સૌ સાહિત્યરસિક ઉત્સુક વાચકોને આકર્ષી રહેલી ડૉ. મધુસૂદન પારેખની લેખમાળા

અંગ્રેજી સાહિત્યનું આચમન

શેક્સ્પીઅરના સમકાલીનો

જ્યૉર્જ ચૅપમૅન
જ્હૉન માર્સ્ટન
ટૉમસ ડેકર, ટૉમસ હેવૂડ

ખંડ ૪થો · પ્રકરણ ૭મું

બેન જૉન્સન પછી શેક્સ્પીઅરનાં નાટકોની વિરોધી છાવણીમાં બેસનારો એક નાટચકાર જ્યૉર્જ ચૅપમૅન છે. શેક્સ્પીઅરના 'Small Latin and less Greek'ની ટીકા કરવામાં અને ગર્વપૂર્વક શેક્સ્પીઅરનાં નાટકો કરતાં પોતાનાં નાટકોની, કલાદૃષ્ટિએ વિશેષતા પોકારનારા નાટ્યલેખકોમાં ચૅપમૅનનું નામ ગણાવવું ઘટે.

જ્યૉર્જ ચૅપમૅન (૧૫૫૯?–૧૬૩૪)

ચૅપમૅન (Chapman)ની ખરી ખ્યાતિ હોમરના અનુવાદક તરીકેની છે. ગ્રીક અને લૅટિન લેખકોનો તેને ગાઢ સંપર્ક હતો અને એમની કૃતિઓમાંથી તેણે ઘણી પ્રેરણા-સહાય મેળવી હતી. એણે નાટ્યલેખક તરીકેની કારકિર્દી બહુ મોડેથી—લગભગ એ ચાલીસની નજીક હતો ત્યારે શરૂ કરી. એ જમાનામાં નાટ્યકારોને મળતી લોકપ્રિયતાથી તે આકર્ષાયો હોય. નાટચકાર તરીકે તે કોઈ ખાસ શક્તિ દાખવતો નથી. એનામાં નથી રચનાકૌશલ, નથી પાત્રચિત્રણની કલા; અને હેતુ તથા વિચારની દૃષ્ટિએ પણ એનામાં અસ્પષ્ટતા છે.

તેણે કેટલીક ટ્રૅજેડી રચી છે. તેમાં 'બુસી દ અમ્બૉઈસ' (Bussy d' Ambois: 1607?) અને 'ધ રિવેન્જ ઑવ બુસી દ અમ્બૉઈસ' (The Revenge of Bussy d' Ambois, 1614) ઠીક જાણીતી છે. પહેલા નાટકમાં ઑથેલોની યાદ આપે તેવા એક સૈનિક–બુસી–ની ખુમારી અને ખુવારીની કથા છે. માર્લોને પગલે ચાલીને બુસીને તેણે વાગ્છટા પ્રકટ કરનારો નાયક બનાવ્યો છે. પણ બુસી બહુ ઝળકતો નથી. આ નાટકમાં રસપ્રદ પાત્ર કાઉન્ટેસ ઑવ મોન્ટસરીનું—જેને લેખકે તમીરા (Tamyra)નું નામ આપ્યું છે તે—છે. એના નીતિઅનીતિ વચ્ચેના ચિત્તસંઘર્ષમાં વાચક અથવા પ્રેક્ષકને રસ પડે, ક્યાંક લેખકની માનસશાસ્ત્રીય સૂઝ પ્રકટ થતી લાગે; પણ સમગ્રપણે જોતાં એ પાત્ર અપ્રતીતિકર બની જાય છે. આ અને બીજું એ બંને નાટકો ફ્રેંચ ઇતિહાસ પર આધારિત છે. એના બીજા કરુણાંત નાટકમાં વેરની કથા છે. હૅમ્લેટની જેમ આ નાટકનો નાયક—બુસીનો ભાઈ ક્લેરમૉન્ટ—બુસીના મૃતાત્માના આદેશથી તેનું વેર લેવા ઝંખે છે, મથે છે અને હૅમ્લેટની જેમ દ્વિધાવૃત્તિમાં ઝોલાં ખાય છે. પણ નાયકની વેરવૃત્તિ માટેનું વાતાવરણ નક્કર નથી અને સમગ્ર નાટકનો બરાબર ઘાટ ઊતરતો નથી.

ચૅપમૅને લખેલી અન્ય ટ્રૅજેડીમાં 'ધ કૉન્સ્પિરસી' (The Conspircy), અને 'ધ ટ્રૅજેડી ઑવ ચાર્લ્સ, ડ્યૂક ઑવ બિરન' (The Tragedy of Charles, Duke of Biron) છે. બંને ઈ. ૧૬૦૮માં પ્રકટ થઈ હતી. તેણે કૉમેડી રચનાઓ કરી છે, તેમાં 'ઑલ ફૂલ્સ' (All Fools, 1605) રસપ્રદ છે. માયાળુ અને ઘાતકી એમ બે પ્રકારના વડીલો વચ્ચેનો વિરોધ તેમાં રોચક રીતે રજૂ થયો છે. તેની 'ઇસ્ટવર્ડ હો' (Eastward Ho) બેન જૉન્સન સાથે સહિયારું કર્તૃત્વ દર્શાવતી રચના છે.

જ્હૉન માર્સ્ટન (૧૫૭૫?–૧૬૩૪)

થીએટરની લડાઈ (War of Theatres) તરીકે જાણીતી લડાઈમાં જૉન માર્સ્ટન (John Marston) બેન જૉન્સનનો શત્રુ હતો. જૉન્સને તેના 'પોએટૅસ્ટર' (Poetaster) નાટકમાં માર્સ્ટનને ક્રિસ્પીનસ (Crispinus) તરીકે ચીતરીને તેની વિચિત્ર, ઉછીની આણેલી ભાષાની ખૂબ ઠેકડી ઉડાવી હતી. અને માર્સ્ટન પણ ઈંટનો જવાબ પથ્થરથી વાળવામાં જરા પણ પાછો પડે તેમ ન હતો. તેનો પહેલો કટાક્ષસંગ્રહ 'ધ સ્કર્જ ઑવ વિલની' (The Scourge of Villanie, 1598) નામથી પ્રસિદ્ધ છે તેમાં સમકાલીન લેખકો સામે તેનો ફુત્કાર છે.

નાટચકાર તરીકેની તેની આઠનવ વર્ષની કારકિર્દીમાં (પાછળથી તે પાદરી તરીકે ધર્મોપદેશના કાર્યમાં ખૂંપી ગયો) તેણે 'ઍન્ટોનિયો અને મેલીડા' (Antonio and Mellidá) તથા 'ઍન્ટોનિયોનું વેર' (Antonio's Revenge) જેવી ટ્રૅજેડી, અને 'ધ મૅલકન્ટેન્ટ' (The Malcontent) તથા 'ધ ડચ કૉર્ટિઝન' (The Dutch Courtesan) જેવી કૉમેડી રચી છે. માર્સ્ટન, જેમ તેના કટાક્ષોથી તેમ તેનાં નાટકોમાં પણ –ખાસ કરીને ટ્રૅજેડીમાં–ધ્રુજાવી નાખે તેવી હિંસાત્મક ઘટનાઓ અને ઝનૂનભર્યા પાત્રપ્રલાપો દ્વારા ધ્યાન ખેંચવા પ્રયત્ન કરે છે. એની કઠોર અને અણઘડ—ભલે જુસ્સાદાર—ભાષા ખૂબ કઠે તેવી છે અને એક સમકાલીન લેખકે તેને માટે 'a ruffian in his style' એવા શબ્દો પ્રયોજ્યા છે.

'ઍન્ટોનિયોનું વેર' નાટક 'હૅમ્લેટ'નું સ્મરણ કરાવે તેવું છે; જો કે સંભવતઃ એ 'હૅમ્લેટ'ની પૂર્વે લખાયું છે. પણ 'હૅમ્લેટ'ની તુલનામાં એ સાવ અણઘડ કૃતિ લાગે—ક્યાંકક્યાંક કાવ્યના ઝબકારા હોવા છતાં, એની કૉમિક રચના 'ધ મૅલકન્ટેન્ટ'માં મૅલકન્ટેન્ટ, જીનોઆનો ડ્યૂક એના અતિ વિશ્વાસુ સ્વભાવને કારણે મુશ્કેલીમાં મુકાય છે. બીજો એક ડ્યૂક તેની ગાદી પચાવી પાડે છે. મૅલકન્ટેન્ટ શેક્સ્પીઅરના હૅમ્લેટની જેમ વક્રદર્શી (cynic) બનીને દુષ્ટ દંભી વ્યક્તિની અને અનુચિત ઘટનાઓની કટુ નુક્તેચીની કર્યા જ કરે છે. પણ છેવટે એકાએક પેલા ડ્યૂકનો હૃદયપલટો થાય છે, તે તેની ગાદી મૅલકન્ટેન્ટને પાછી સોંપે છે અને મૅલકન્ટેન્ટ, 'ટેમ્પેસ્ટ'ના પ્રૉસ્પેરોની જેમ, ગુનેગારને માફી બક્ષે છે. આ નાટકનો મુખ્ય રસ ઘટના કે પાત્રચિત્રણમાં નથી પણ મૅલકન્ટેન્ટના વક્રદર્શનને પ્રગટ કરતા ઉદ્ગારોમાં છે.

માર્સ્ટનની સૌથી વધુ રસપ્રદ કૉમેડી 'ધ ડચ કોર્ટિઝન' છે. એમાં ફ્રૅન્સેસ્ચીના (Franceschina) નામની ગણિકા એક સ્વચ્છંદી યુવાન ફ્રીવિલ (Freewill)ની પ્રેમિકા છે. એ યુવાન થોડા સમય પછી બીજી યુવતી બિયાટ્રીસ (Beatrice)ને પરણવા ઇચ્છે છે. ગણિકાનાં સંવનન કરવા તે પોતાના એક મિત્ર મૅલ્હુરેક્સ (Malheureux)ને મોકલે છે. એ મિત્ર ગણિકા સાથે પ્રથમ નજરે પ્રેમમાં પડી જાય છે. પણ ગણિકા તો ફ્રીવિલને જ ઝંખે છે. એના બીજી યુવતી સાથેના પ્રેમ વિષેની વાત સાંભળી તે ખૂબ રોષે ભરાય છે, અને એને મારી નાખવા માટે પોતાના નવા પ્રેમીને પ્રેરે છે. મૅલ્હુરેક્સ એવા ગુનામાં સંડોવાય તેવો નથી. તે ફ્રીવિલને ચેતવી દે છે અને ફ્રીવિલ, પોતાના મૃત્યુની વાત ગણિકા જાણશે એટલે મૅલ્હુરેક્સને પરણશે એવી ગણતરીથી થોડો સમય અદૃશ્ય થઈ જાય છે. પરંતુ ફ્રૅન્સેસ્ચીના તો ફ્રીવિલના મૃત્યુની વાત સાંભળતાં જ રોષ અને દુઃખથી ફાટી પડે છે, એના પ્રેમી મૅલ્હુરેક્સને મૃત્યુદંડ થાય તેમ ઇચ્છે છે. આખરે ફ્રીવિલના પ્રકટ થવાથી જ આ બધી ઘટમાળ અટકે છે. અંતે સર્વ સુખાંતમાં પરિણમે છે. આમાં સંકલના, પાત્રચિત્રણ એ સર્વમાં ખાસ કશી લાક્ષણિકતા નથી. તેમ છતાં મનોરંજન પૂરું પાડે તેવું બધું થોડું થોડું લેખકે સાધ્યું છે. ખાસ કરીને એમાં આવતો બીજો ગૌણ કથાપ્રવાહ સારુ એવું મનોરંજન પૂરું પાડે છે.

ટૉમસ ડેકર (અંદાજે ૧૫૭૦–૧૬૪૧)

શેક્સપીઅરના સમર્થ સમકાલીન બેન જૉન્સનના કટાક્ષ-પ્રહારનો, માર્સ્ટનની જેમ ટૉમસ ડેકર (Dekker) પણ ભોગ બનેલો. અલબત્ત તેણે યે જૉન્સનને પ્રત્યુત્તર વાળવામાં કમી રાખી નહોતી. જૉન્સને એને શયતાન, બદમાશ, ગ્રીક અથવા લૅટિનમાં સાવ અભણ, નાટકોમાં પારકી સામગ્રીની ઉઠાંતરી કરનાર અને પૈસા માટે બધું જ કરી છૂટનાર તરીકે ઓળખાવ્યો હતો. તેમ છતાં જૉન્સનની નાટ્યકલામાં ખૂટતાં તત્ત્વો—તાજગી અને ઉલ્લાસ—ડેકરમાં વિપુલપ્રમાણમાં હતાં. જૉન્સનમાં યાંત્રિકતા હતી, ડેકરનાં નાટકોમાં વ્યક્તિ અને વાતાવરણની સજીવતા છે.

ડેકર લંડનની સામાન્ય જનતામાંથી ઊગી નીકળેલો. તેનું શિક્ષણ પણ વ્યવસ્થિત નહિ. ગરીબી અને કારાવાસ વેઠેલાં. લંડન શહેર અને તેના નીચલા સ્તરના કુતાર રૂપ મનાએલા લોક એ તેના નાટકનો મુખ્ય વિષય. ડેકરની આર્થિક હાલત ખૂબ નબળી, એટલે નાનામોટા અનેક લેખકો સાથે તેણે ભાગીદારીમાં નાટકો રચેલાં. તેનાં પોતાનાં રચેલાં આઠ-નવ નાટકો મળે છે. તેમાં 'ધ શૂમેકર્સ હૉલીડે', ઈ. ૧૫૯૯ (The Shoemaker's Holiday), 'ઓલ્ડ ફૉર્ચ્યુનેટસ', ઈ. ૧૬૦૦ (old Fortunatus) અને બે ભાગમાં રચાએલું ધી ઑનેસ્ટ હૉર, ઈ. ૧૬૦૪ (The Honest Whore) એટલાં ધ્યાનપાત્ર છે.

'ધ શૂમેકર્સ હૉલીડે'માં તેણે ડિલૉની (Deloney)ની નવલકથાને નાટ્યરૂપ આપ્યું છે. એમાં જોડા સીવનારો સાઈમન આયર નાયક છે. આનંદી, મિલનસાર પ્રકૃતિનો અને નાટકોમાંથી લાંબા અઘરા શબ્દો શીખીને તે શબ્દોનાં વિલક્ષણ હાસ્યાસ્પદ મિશ્રણોથી છબરડા કરનારો સાઈમન આ નાટકમાં સર્વત્ર ઉલ્લાસ અને મોજનું વાતાવરણ રચી આપે છે. એમાંનાં પાત્રો બધાં અનીતિની છાછવાળાં નહિ તો પણ હૃદયથી સજ્જન છે. નીચલા થરના લોકો પ્રત્યેનો સમભાવ-સદ્‌ભાવ આમાં સહજરીતે પ્રતીત થાય છે. ડેકર એના સમાજના લોકોની રીતરસમોને કટાક્ષથી નવાજનારો વક્રદર્શી નથી. એનો અભિગમ તંદુરસ્ત છે. જીવનનો ઉલ્લાસ વ્યક્ત કરવાનું તેનું વલણ છે, અને એના નાટકમાં કવિત્વ છે.

એના બીજા નાટક 'ઓલ્ડ ફૉર્ચ્યુનેટસ'માં તેનો સુખદ અનુભવ થાય છે. વૃદ્ધ ફૉર્ચ્યુનેટસ ભૂલો પડી જંગલમાં ભમે છે. તે સમયે વિધાત્રી એના રસાલા સાથે (એમાં ચીંથરેહાલ રંક અને મોટા રાજાઓ છે.) તેની પાસે આવે છે. ગરીબવર્ગ તેને પ્રશંસે છે, રાજાઓ શાપે છે. આ ભાગ્યની દેવી તેમને ઉચિત ઉત્તર આપે છે. પેલા બુઠ્ઠાને પૂછે છે: 'શું લઈશ? ધનસંપતિ કે પ્રજ્ઞા?' બુઠ્ઠો ફૉર્ચ્યુનેટસ ધનસંપત્તિ માગે છે. વિધાત્રી તેને તે આપતાં કહે છે: 'આ વસ્તુ તારે માટે આફત લાવશે.' અને નાટકમાં છેવટે આ બુઠ્ઠો અને તેનાં બંને સંતાનો મૃત્યુ પામે છે. ભાગ્યદેવીના રસાલાના ચિત્રમાં—એ સમગ્ર દૃશ્યમાં ડેકરની કવિતા છે.

'ધી ઑનેસ્ટ હૉર' ડેકરની સુપ્રસિદ્ધ સાંસારિક કૉમેડી છે. એમાં ગણિકા બેલાફ્રન્ટ (Bellafront) કેન્દ્રમાં છે. એક વાર એક નવીન આગંતુક હિપૉલિટો (Hippolito) તેની પ્રેમિકા મૃત્યુ પામી છે એમ જાણીને પોતાનું દુઃખ ભૂલવા આ ગણિકાને ત્યાં આવે છે. તેની શાંત, સભ્ય, નિરાળી રીતભાત જોઈ ગણિકા મુગ્ધ થાય છે, જે તેના પ્રત્યે પ્રેમ અનુભવે છે. હિપૉલિટો તેની વિનંતીને અવમાને છે, તેના અધઃપતન માટે તેને તિરસ્કારે છે, તેના વ્યવસાયની આકરી ટીકા કરે છે. ગણિકા બદલાય છે, અને તેના પ્રથમ ભોક્તા મૅથ્યો (Matheo) સાથે તે લગ્ન કરે છે. મૅથ્યો તેને બધી રીતે ખૂબ સંતાપે છે. એ દરમ્યાન હિપૉલિટો તેની પ્રેમિકા સાથે (તે મૃત્યુ પામી નહોતી) લગ્ન કરે છે. પણ હવે તેને પૂર્વેની ગણિકાનું આકર્ષણ થાય છે. તે તેને ત્યાં જઈ તેના પ્રેમવિલાસની માગણી કરે છે. પણ સુશીલ ગણિકા તેને જરા પણ મચક આપતી નથી. તેની ભેટસોગાદ સ્વીકારતી નથી અને એને તેના પૂર્વોપદેશનું સ્મરણ કરાવે છે. ગણિકાના પિતા ઑર્લેન્ડોએ તેને આ નીચ વ્યવસાયમાં પડેલી જોઇને ત્યજી દીધેલી, પણ એણે કોઈ ગૃહસ્થ સાથે સંસાર માંડયાની વાત જાણી તે નોકરરૂપે તેની કસોટી કરવા તેના ઘરમાં રહે છે. તેના પતિના વર્તન-વહેવાર અને બેલાફ્રન્ટની સુશીલતા અને સહનશીલતા તે પ્રત્યક્ષ નિહાળે છે. એ બુઠ્ઠો નોકર જેટલો મિજાજી તેટલો જ મૃદુ-મુલાયમ છે. પોતાના જમાઈની સાન તે ઠેકાણે લાવીને પુત્રીનો સંસાર સરખો ગોઠવી આપે છે. આ ઑર્લેન્ડોનું પાત્ર ડેકરે સમર્થ કલાથી આલેખ્યું છે. અંગ્રેજ સમાજે બહારથી કઠણ અને અંદરથી કોમળ એવાં ઑર્લેન્ડો જેવાં પાત્રોમાં પોતાની રાષ્ટ્રીય પ્રકૃતિનું દર્શન કર્યું છે.

ડેકરનાં નાટકોમાં સર્વત્ર એક પ્રકારનો ઉલ્લાસ વરતાય છે. જૉન્સનમાં વક્રતા છે, ડેકરમાં પ્રબળ આશાવાદ છે. એનાં નાટકોમાં જૉન્સનનાં નાટકોમાં છે તેવી સુગ્રથિતતા નહિ મળે, પાત્રના વહેવારમાં સુસંગતતા પણ નહિ, અને ફિલસૂફીનું તો નામ નહિ; તેમ છતાં નીચલા સ્તરના લોકોનું મન રીઝે તેવી ઘટના ને તેવાં પાત્રોનું તે રસપ્રદ રીતે આલેખન કરે છે. એનાં નાટકોમાં સજીવતા છે અને એ લોકોમાંથી ઊઠીને ઊભો થએલો લોકોનો નાટ્યકાર છે.

ટૉમસ હેવૂડ (ઇ. ૧૫૭૫?–૧૬૫૦)

ડેકરની જેમ જ ટૉમસ હેવૂડ (Thomas Heywood)નાં નાટકોમાં પણ લંડન શહેરના સામાન્ય, મધ્યમ વર્ગના જીવનનું નિરૂપણ છે. એમની રુચિ, આકાંક્ષાઓ, મિથ્યાવૃત્તિ વગેરેનું તેણે મનહર આલેખન કર્યું છે. એની ગતિ શક્તિ પાત્રનિરૂપણમાં નથી, પણ કરુણ હૃદયસ્પર્શી ઘટનાઓનું તે સહજપણે ચિત્રણ કરી શકે છે. એનાં નાટકોમાં કાવ્યત્વ, છટા, કલ્પના એ બધું ન મળે; તેમ છતાં કરુણરસિક ઘટનાઓના જોરે તે તરી જાય છે અને વિશાળ જનસમુદાયનો માનીતો બની રહે છે. ચાર્લ્સ લૅમ્બ તેને 'a sort of prose Shakespeare' તરીકે વર્ણવ્યો છે, તે તેની કરુણ અને કોમળ ઊર્મિસભર ઘટના આલેખવાની શક્તિને કારણે. તે સુશિક્ષિત હતો, કૅમ્બ્રિજનો વિદ્યાર્થી હતો. તેનો અભ્યાસ વ્યાપક હતો. ૨૧ વર્ષની વયે તો નાટ્ય-તખ્તાનો તે આશક બની ગયો.

શેક્સપીઅરની જેમ તે પણ નટ અને નાટ્યલેખક હતો. બસો વીસ જેટલાં નાટકો લખવામાં તેનો મુખ્ય ફાળો હોવાનો તેણે દાવો કર્યો છે. જોકે તેમાંથી ચોવીસ જેટલાં નાટકો જ પ્રાપ્ત થયાં છે. તેનાં નાટકોમાં વિષયોનું વૈવિધ્ય ધ્યાન ખેંચે છે. લંડનના નાગરિકોની દેશભક્તિને અને તેમની નીતિભાવનાને થાબડવા-રીઝવવાનો હેતુ તેનાં કેટલાંક નાટકોમાં સ્પષ્ટ દેખાય છે. 'ધ ફોર પ્રેન્ટિસીઝ ઑવ લંડન' (The Four Prentices of London), 'કિંગ એડવર્ડ ધ ફોર્થ' (King Edward the Fourth), 'ધ ટ્રબલ્સ ઑવ ક્વીન ઇલિઝાબેથ' (The Troubles of Queen Elizabeth), 'ધ ફૅર મેઈડ ઑવ ધી એક્સ્ચેન્જ' (The Faire Maid of The Exchange) વગેરે આ પ્રકારનાં નાટકો છે.

હેવૂડની સાચી શક્તિ તેનાં કુટુંબવિષયક કરુણાંત નાટકોમાં પ્રકટે છે. આ વિષયની તેની ઉત્તમ રચના 'અ વૂમન કિલ્ડ વિથ કાઈન્ડનેસ' (A woman killed with kindness) ગણાઈ છે. આકાર અને વસ્તુની દૃષ્ટિએ એ કૃતિ ખૂબ સાદી છે, ને અસરકારક ઘટનાનિરૂપણ એ તેનું મુખ્ય આકર્ષણ છે. એક સુખી કુટુંબ છે. પતિ ખૂબ ઉદાર અને નિષ્ઠાવાન છે. એક વાર એ—માસ્ટર ફ્રૅન્કફર્ડ (Master Frankeford)—કોઈક વેન્ડૉલ (Wendoll) નામના ગરીબ ગૃહસ્થને પોતાના ઘરમાં આશરો આપે છે. એ સજ્જનને ફ્રૅન્કફર્ડની પત્ની પ્રત્યે તીવ્ર આકર્ષણ જાગે છે. પોતાની એ ઊર્મિને કાબૂમાં રાખવાના તેના પ્રયાસ નાકામયાબ ની-

(અનુસંધાન પૃષ્ઠ ૪૦૮ પર)

સૌરાષ્ટ્રનું સત્યાશી વર્ષ જૂનું અગ્રગણ્ય સંગ્રહાલય


વૉટસન મ્યૂઝિયમ · રાજકોટ

લેખક · આર. ટી. પરીખ
ડિપાર્ટમેન્ટ ઑવ મ્યૂઝિયૉલૉજી
એમ. એસ. યુનિવર્સિટી · વડોદરા


ભારતમાં ખરા અર્થમાં સંગ્રહસ્થાનો સ્થાપવાની શરૂઆત ગઈ સદીનાં પાછલાં વર્ષોમાં થઈ એમ કહી શકાય. એનો યશ મુખ્યત્વે સર વિલિયમ જોન્સને ઘટે છે. આ પછી અનેક સમજદાર અને સ્થિતિસંપન્ન વ્યક્તિઓ, કેટલાંક રજવાડાંઓ અને વિદ્યાવ્યાસંગી અંગ્રેજ અમલદારોએ આ પ્રવૃત્તિમાં ઊંડો રસ લેવા માંડતાં ઉત્તરોત્તર આ દિશામાં વિકાસ થવા લાગ્યો. પરિણામે આજે હવે ભારતનાં સંગ્રહસ્થાનો માત્ર પ્રાચીન ચીજવસ્તુઓનો ખડકલો એકઠો કરવામાંથી બહાર આવી જનશિક્ષણમાં પૂરક એવું લોકરંજન અને જ્ઞાનવર્ધનનું ઉત્તમ માધ્યમ બની રહ્યાં છે. પ્રજાની ખેવનાવાળા કેટલાક રાજવીઓએ પોતાની સમજ અને શક્તિ પ્રમાણે જે સંગ્રહસ્થાનો ઊભાં કરેલાં તેની વર્તમાન જરૂરિયાતો પ્રમાણે પુનર્રચના કરીને કેટલાંક સરસ સંગ્રહસ્થાનો વિકસાવી શકાયાં છે. અન્ય રાજ્યોની સરખામણીમાં સંખ્યાની દૃષ્ટિએ આ દિશામાં ગુજરાત આગળ છે, અને તેમાં યે સૌરાષ્ટ્ર મોખરે છે, સૌરાષ્ટ્રમાં રાજકોટના વૉટસન મ્યૂઝિયમનું સ્થાન આગવું છે.


હિંદુસ્તાનમાં બ્રિટિશ રાજ હતું ત્યારે કાઠિયાવાડ, એટલે કે આજના સૌરાષ્ટ્રમાં ત્યાંનાં સંખ્યાબંધ દેશી રાજ્યો સાથેના સંબંધ ને સંપર્ક જાળવવા રાજકોટમાં એક અંગ્રેજ રાજપ્રતિનિધિ–પોલિટિકલ ઍજન્ટ રહેતો. ઈ. ૧૮૭૯થી '૮૭માં કર્નલ જૉન વૉટસન નામે એક પોલિટિકલ ઍજન્ટ આવેલા. કાઠિયાવાડના ઇતિહાસ ને પુરાતત્ત્વમાં એને ઊંડો રસ હતો. પોતાની રાજદ્વારી ફરજો અંગેના પ્રવાસો દરમિયાન એમણે કાઠિયાવાડના ઇતિહાસ અંગે ઘણી માહિતી અને અનેકવિધ પ્રાચીન ચીજવસ્તુઓનો એક સંગ્રહ એકઠો કરેલો. કાઠિયાવાડના ઇતિહાસ પર એમણે એક પુસ્તક પણ લખેલું. પોતાના વિદ્યાવ્યાસંગ અને મિલનસારપણાને કારણે એમણે દેશી રાજ્યોમાં ને લોકોમાં ઘણી ચાહના મેળવી હતી. કાઠિયાવાડમાં એમણે વિવિધ ક્ષેત્રે જે સેવાઓ કરેલી એની સ્મૃતિ જાળવવા એમની નિવૃત્તિ પછી એમના ચાહક લોકો અને રાજવીઓએ પચાસ હજાર રૂપિયા એકઠા કરેલા. કર્નલ વૉટસનની સ્મૃતિમાં શું કરવું એ વિચારવા એક સમિતિ રચાઈ અને 'પ્રસૂતિગૃહ' ઊભું કરવાં જેવાં સૂચનો સહિત અનેકવિધ વિચારોની રજૂઆત બાદ છેવટ કર્નલને જેમાં ઊંડો રસ હતો એ ઇતિહાસ અને પુરાતત્ત્વ વિષે લોકોમાં પણ રસ પ્રકટે ને જ્ઞાન વધે એવા આશયથી રાજકોટમાં એક સંગ્રહસ્થાન–મ્યૂઝિયમ ઊભું કરવાનું સર્વાનુમતે નક્કી થયું. આમ, ઈ. ૧૮૮૮માં રાજકોટના 'વૉટસન મ્યૂઝિયમ'ની સ્થાપના થઈ. જે જે રાજ્યોએ આ અંગે ફાળો આપેલો તેના પ્રતિનિધિઓની એક સમિતિ રચાઈ અને એને આ મ્યૂઝિયમનો વહીવટ સોંપાયો. આરંભમાં કાઠિયાવાડના પોલિટિકલ ઍજન્ટ અને પછી વેસ્ટર્ન ઇન્ડિયા સ્ટેટ્સના રેસિડન્ટ આ સમિતિનું પ્રમુખપદ ધરાવતા. રાજકોટના જ્યુબિલી બિલ્ડિંગના એક ભાગમાં આ સંગ્રહસ્થાનનો પ્રારંભ થયો. કર્નલ વૉટસને અંગતરીતે એકઠો કરેલો પુરાતત્ત્વ વિષયક સંગ્રહ તથા 'ભારતના પ્રાગૈતિહાસના પિતા' ગણાતા રૉબર્ટ બ્રુસ ફૂટ પાસેથી મેળવેલા ભૂસ્તરશાસ્ત્રીય નમૂનાઓ અને જુદાજુદા રાજવીઓએ ભેટ આપેલા વિધવિધ નમૂનાઓ સાથે આ સંગ્રહસ્થાન ખુલ્લું મુકાયું. જૂનાગઢના વલ્લભજી હરિદત્ત આચાર્ય એના પ્રથમ ક્યુરેટર નીમાએલા. પ્રાચીન વસ્તુઓમાં રસ ધરાવતા એ ઉદ્યમશીલ પુરુષે દસેક વર્ષ અહીં રહીને કાઠિયાવાડનાં પ્રાચીન મંદિરો, વાવકૂવા, મસ્જિદો વગેરેનાં શિલ્પનો અભ્યાસ કરીકરીને તથા અનેક શિલાલેખોની છાપ લઈને મ્યૂઝિયમનાં વાર્ષિક અહેવાલોમાં એ અંગેની વિગતસભર અભ્યાસનોંધ ને વર્ણનો પ્રકટ કરેલાં. તત્કાલીન સંદર્ભો તરીકે આજે યે એનું ઘણું મહત્ત્વ છે. એ પછી આ પદ પર આવેલા એમના પુત્રે તથા ત્યાર બાદ આવેલા અન્ય ક્યુરેટરોએ સેંકડો શિલાલેખો તપાસીને એ અંગેના અહેવાલો પ્રકટ કર્યા છે. વલભી, રાષ્ટ્રકૂટ ને ચાલુક્ય રાજાઓનાં દાનપત્રો, સંખ્યાબંધ પ્રાચીન સિક્કાઓ, ઇજિપ્તની પ્રાચીન ચિત્રલિપિ જેવી લિપિમાં લખાએલ ચર્મપત્ર, જુદાજુદા રાજ્યના વિશિષ્ટ કલાઉદ્યોગના નમૂનાઓ, ખેતીવાડી, પુરાતત્ત્વ, વનસ્પતિશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર, વગેરે અનેકવિધ વિષયના જ્ઞાનદાયક નમૂનાઓ અને સંગ્રહણીય સામગ્રી એકઠી કરી.


ઈ. ૧૯૫૭માં સૌરાષ્ટ્ર મુંબાઈ રાજ્યમાં ભળી જતાં મુંબાઈ સરકારે ને પછી ગુજરાત રાજ્ય રચાતાં ગુજરાત સરકારે આનો વહીવટ સંભાળ્યો. એ સમયે આ બધો સંગ્રહ ઠીકઠીક મોટો પણ જગ્યા અને ભંડોળના અભાવે અવ્યવસ્થિત હોઈ 'વૉટસન મ્યૂઝિયમ' એક 'અજાયબ ઘર' જેવું બની ગએલું. જનકેળવણીમાં અને અભ્યાસીઓને સહાયક બની શકે એ માટે આ સમગ્રની સંગ્રહની સુયોગ્ય ગોઠવણી કરવાની જરૂર હતી.



વૉટસન મ્યૂઝિયમના મુખ્ય ખંડમાં ગોઠવેલા સૌરાષ્ટ્રના–ખાસ કરીને ધૂમલીના પ્રાચીન શિલ્પાવશેષો. નીચે : રૂપેમઢ્યાં રાજવી રાચરચીલાં, નાનાવિધ શસ્ત્રો તથા સૌરાષ્ટ્રના નામાંકિત રાજવીઓની છબિઓ દ્વારા અસલ દરબારી ઠાઠ દાખવતો ખંડ. (ફોટો · વૉટસન મ્યૂ.ના સૌજન્યથી)







◁ ઈ. ૧૯૭૧માં નવા સ્વરૂપે વૉટસન મ્યૂઝિયમ ખુલ્લું મુકાયું તે પહેલાંની ત્યાંની વિવિધ સંગીતવાદ્યોની ખડકલા જેવી રજૂઆત અને (ઉપર) સંગીતને અનુરૂપ કલામય પશ્ચાદ્ભૂ સાથેની નવી રજૂઆત.
(ફોટો • વૉટસન મ્યૂઝિયમના સૌજન્યથી)

ગુજરાત રાજ્યના સંગ્રહાલયો માટેના ખાસ રચાએલા ખાતાએ આ કામ હાથ ધર્યું અને જૂના મકાનની મરામતથી માંડી સમગ્ર સંગ્રહને આજની જરૂરિયાતો પ્રમાણે સુયોગ્ય રીતે પ્રદર્શિત કરવા ઘટિત સુધારાવધારા ને નવાં ઉમેરણ ને નવી સજાવટ સાથે આ સંગ્રહસ્થાનને તદ્દન નવું ને યોગ્ય રૂપ આપી ઈ. ૧૯૭૦ના ડિસેમ્બરમાં ફરી ખુલ્લું મુક્યું.

અત્યાર સુધીમાં અહીં પુરાતત્ત્વના નમૂનાઓનો સંગ્રહ પ્રધાન હતો અને સૌરાષ્ટ્ર સરકારના સમયમાં જુદીજુદી જગ્યાએ થએલાં ઉત્ખનનોમાંથી પ્રાપ્ત નમૂનાઓ તેમાં ઉમેરાતા રહેલા. પણ પુનરંચના વખતે સંગ્રહસ્થાનને વધુ ઉપયોગી અને લોકાભિમુખ બનાવવા તેમાં નવાનવા વિભાગો રચાયા. ખૂટતી કેટલીક સામગ્રી વસાવવામાં આવી અને સંગ્રહસ્થાનને બહુલક્ષીય રૂપ અપાયું.

હવે અહીં યોગ્ય પ્રકાશ રચના તળે વિભાગવાર અને વધુ વ્યવસ્થિત રીતે, બધા નમૂનાઓ વિષેની માહિતીની તક્તીઓ સાથે બહુવિધ સંગ્રહસામગ્રી પ્રદર્શિત કરાઈ છે. પ્રવેશદ્વાર પાસે જ ધૂમલીના દસમી સદીનાં શિલ્પાંકનથી અલંકૃત કમાનથી આરંભી અંદર જતાં જ રૂપેમઢ્યાં રાચરચીલાંથી સજ્જ જે વિશાળ ખંડ જોવા મળે છે એ દાયકાઓ પહેલાના દરબારી ઠાઠમાઠની ઝાંખી કરાવે છે. સૌરાષ્ટ્રના અનેક નામાંકિત રાજવીઓ છબિચિત્રો, નાનાવિધ શસ્ત્રો વગેરેથી આ ખંડ રાજાશાહીના વીતી ગએલા કાળની યાદ આપે છે.

આ દરબારખંડની એક તરફ પાષાણકાલીન ઓજારો ને પ્રાગૈતિહાસિક નમૂનાઓ સાથે પ્રાચીન ટંક આહત સિક્કાઓથી માંડી ઈન્ડો પાર્થીઅન, ક્ષત્રપ, કુશાન, આંધ્ર, ગુપ્ત, મૈત્રક વગેરે કાળના સિક્કાઓ, ધૂમલીનાં શિલ્પો, માંગરોળની સાતમી સદીની ગુપ્તશૈલીની સૂર્યપ્રતિમા, ચોબારીના કાળા આરસના શેષશાયી, ઝિંઝુવાડાની માતૃકાઓ, ચંદ્રાવતીના બ્રહ્મા વગેરે પ્રાચીન શિલ્પો તથા ભુવનેશ્વર, ખજુરાઓ વગેરે સ્થળોનાં વિખ્યાત શિલ્પની પ્રતિકૃતિઓ દ્વારા પ્રાચીન ભારતીય શિલ્પકલા વિષે લોકોને સારી જાણકારી ઉપલબ્ધ થાય તેવો સંગ્રહ ગોઠવેલો છે. આ જ રીતે બાજુમાં અજંતાની ચિત્રકળા, તાડપત્રો, ને જૈન કલ્પસૂત્ર તથા પ્રાચીન હસ્તલિખિત ગ્રંથનાં સચિત્ર નમૂના; મુઘલ રાજપૂત ને પહાડી જેવી વિવિધ ચિત્રશૈલીનાં ચિત્રો દ્વારા ભારતીય ચિત્રકળાના વિવિધ વિકાસ-તબક્કા દર્શાવતી કૃતિઓ; પટોળાં, બાંધણી, શેલાં, કિનખાબ વગેરે વિવિધ પ્રકારનાં વસ્ત્રો; જુદાજુદા કાળની ધાતુપ્રતિમાઓ, શિલાલેખો, ને રુદ્રસિંહ, રુદ્રસેન, ધરસેન, શિલાદિત્ય, ધરણીવરાહ, જાઈકદેવ વગેરેનાં ઐતિહાસિક મહત્ત્વ ધરાવતાં તામ્રપત્રો વગેરે જોવામળે છે.

સૌરાષ્ટ્રમાંથી મળતાં ખનિજોના નમૂના સાથે એની રચના ને ઉપયોગ સમજાવતાં આલેખનો ને ફોટોચિત્રો તથા સમજણ વગેરે સાથે સૌરાષ્ટ્રનું ભૂપૃષ્ઠ દર્શાવતો નકશો, વિવિધ વનસ્પતિના નમૂના વગેરેનો વિભાગ પણ શૈક્ષણિક મહત્ત્વવાળો છે.

આ ઉપરાંત, વિધવિધ પક્ષીઓમાં ખેતીને ઉપયોગી ને હાનિકારક પક્ષીઓની ઓળખ પણ ઉપયોગી માહિતી આપે છે. ઝેરી ને બિનઝેરી સાપનો પરિચય પણ એટલો જ માહિતીપ્રદ છે તો વિધવિધ નાનાં પ્રાણીઓ. સૌરાષ્ટ્રની જુદીજુદી કોમના લોકોનો ખયાલ આપતા નમૂનાઓ, સંગીતનાં વાદ્યો, ગુજરાતની કાષ્ઠકળાના નમૂના, ધાતુનાં કલામય પાત્રો ઇત્યાદિનું પણ આગવું આકર્ષણ છે. એક તરફ 'ગાંધી કૉર્નર'માં રાષ્ટ્રપિતાના ઉપદેશ અને પ્રેરણામય જીવન પ્રતિ પણ આંગળી ચીંધી છે.

આ સંગ્રહસ્થાન સાથે એક નાનકડો પણ માહિતીપ્રદ ગ્રંથસંગ્રહ તથા અવારનવાર શૈક્ષણિક ફિલ્મો બતાવવાની પણ સગવડ છે. લગભગ એક સદી જેટલાં વર્ષોનો ઇતિહાસ ધરાવતા આ સંગ્રહસ્થાનનાં જૂનાં દફતરો તપાસીને એના ભૂતકાળની કડીબદ્ધ માહિતી એકઠી કરાઈ છે. વળી, સંગ્રહસ્થાનની પુનરંચના પહેલાંની અને તે પછીની એના વિભાગોની ફોટોગ્રાફિક નોંધ પણ રાખવામાં આવી છે. આ પણ એક પ્રશંસનીય પગલું છે. પણ વિશેષ નોંધનીય તો એ છે કે ઓછામાં ઓછો ખર્ચે અને એનો વધુમાં વધુ લાભ લેવાની કરકસરયુક્ત યોજના દ્વારા આ સમગ્ર પુનરંચના કરવામાં આવી છે. □

પ્રાચીન સિક્કા ૧૦

લેખક · ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી

આ પહેલાં અમુક રાજ્યના ટંક આહત સિક્કાઓ આપણે જોયા. હવે આગળ બીજા રાજ્યોના સિક્કા જોઇએ.

મગધના સિક્કા બે કાલના છે: (૧) જ્યારે એ માત્ર પ્રાદેશિક રાજ્ય હતું ત્યારના સિક્કા, જે 'સ્થાનિક' કહેવાય છે અને (૨) જ્યારે એ વિશાળ સામ્રાજ્ય બન્યું ત્યારના સિક્કા, જે લગભગ સમગ્ર દેશમાં મળે છે.

મગધના સ્થાનિક સિક્કા

સ્થાનિક સિક્કા ત્રણ પ્રકારના છે. તે ત્રણ જુદાજુદા કાળના લાગે છે. પહેલા પ્રકારના સિક્કાઓ પૈકી મોટા સિક્કા પાતળા અંડાકાર અને ચપટા છે. એ લગભગ ચારેક સે. મી લાંબા અને અઢી સે. મી. પહોળા છે. એનો તોલ લગભગ ૧૨૫ ગ્રેનનો હોય છે. એના અગ્રભાગ પર બે ચિહ્નો અંકિત છે. બંને પદ્મની ભાતનાં છે, પરંતુ એ બે કદમાં તેમ જ સ્વરૂપમાં ફેર છે. નાના સિક્કા માત્ર ૩ ગ્રેનના છે ને એના પર માત્ર એક નાનું પદ્મ-ચિહ્ન જ હોય છે.

બીજા પ્રકારના સિક્કા ચાર ઉપપ્રકારના છે. બે મોટા ઉપપ્રકારના સિક્કા અનુક્રમે ૯૨-૯૫ ગ્રેનના અને ૪૬-૪૯ ગ્રેનના છે. આકારમાં એ ગોળ કે લંબગોળ છે. આ સિક્કા ઓગાળેલી ધાતુને પાથરી, એ હજી ગરમ હોય ત્યારે એના પર ચિહ્નો લગાવીને બનાવેલા છે. આ ચિહ્નો લગાડતી વખતે ધાતુની ઓછીવત્તી ગરમીને કારણે વત્તાંઓછાં ઊપસ્યાં હોય છે. આમાંના મોટા સિક્કાઓ પર ચાર ચિહ્નો અને કેટલાક પર બબ્બે ચિહ્નોની બે જોડી હોય છે, તો કેટલાક પર ચિહ્નોની એક જોડી અને બીજા બે ચિહ્નો મળી કુલ ત્રણ પ્રકારનાં ચિહ્ન પણ મળે છે. દરેક સિક્કા પર ચિહ્નોની એક જોડી કદમાં નાની જણાઈ છે. નાના સિક્કા પર ફક્ત એક ચિહ્ન હોય છે. આ સિક્કાઓનો પૃષ્ઠ ભાગ કોરો હોય છે.

બીજા બે પ્રકારના સિક્કા તદ્દન જુદી રીતે એટલે કે પાતળા પતરામાંથી બનાવેલા છે. એમાંના મોટા સિક્કા લંબગોળ અને નાના ગોળ છે. તેનો તોલ અનુક્રમે ૧૩ થી ૧૬ ગ્રેન અને ૭ થી ૮ ગ્રેન જણાયો છે. લંબગોળ સિક્કા પર બે ચિહ્નો અને ગોળ સિક્કા પર એક ચિહ્ન મળે છે. આ ચિહ્નો પૃષ્ઠ ભાગ પર દબાએલા અને અગ્રભાગ પર ઊપસેલા દેખાય છે. આ ચારે ય પ્રકારના સિક્કાઓ પર ષડ્ભુજ ચિહ્ન અને જાલિ-રૂપાંકન જેવાં એક સરખાં ચિહ્નો જોવા મળે છે. આ સિક્કા ઘણું કરીને મગધમાં ગિરિવ્રજ (રાજગૃહ)માં રાજ્ય કરતા બાર્હદ્રથ વંશના રાજાઓના છે.

મગધના ત્રીજા પ્રકારના સિક્કા પાતળા પહોળા અને લગભગ ૭૨ ગ્રેનના છે. એ વત્સ, કોશલ અને કાશીના સિક્કાને મળતા આવે છે. આ સિક્કા પર ચાર મોટાં ચિહ્ન: (૧) સોળ કિરણોવાળું સૂર્યબિંબ, (૨) ષડ્ભુજ ચિહ્ન, (૩) વામાભિમુખ ઊભેલો વૃષભ અને (૪) એ જ રીતે સિંહ સુંદર રીતે અંકિત કરેલાં હોય છે. આ સિક્કા ગૌતમ બુદ્ધ અને મહાવીર સ્વામીના સમકાલીન રાજા બિંબિસાર (ઈ. પૂ. છઠ્ઠી સદી)ના હોય એમ લાગે છે.

વિસ્તૃત મગધના સિક્કા

બિંબિસારના પુત્ર અજાતશત્રુના સમય (ઈ.પૂ. ૫મી સદી)થી મગધનું રાજ્ય વિશાળ સામ્રાજ્યરૂપે વિસ્તરવા લાગ્યું. એ રાજા હર્યંક કુલનો હતો. પુરાણોમાં બિંબિસારઅજાતશત્રુ ને શિશુનાગ વંશનો કહ્યો છે, પરંતુ બૌદ્ધ અનુશ્રુતિ અનુસાર શિશુનાગ-વંશ હર્યંક વંશ પછી સત્તારૂઢ થયો લાગે છે. ડૉ. હેમચંદ્ર રાયચૌધરી હર્યંક વંશને ઈ. પૂ. ૫૪૫ થી ૪૨૩માં અને શિશુનાગ-વંશનો ઈ. પૂ. ૪૧૩ થી ૩૪૫માં મૂકે છે. એ પછી નંદવંશની સત્તા પ્રવર્તી ને ત્યાર બાદ મૌર્યવંશની (લગભગ ઈ. પૂ. ૩૨૨ થી ઈ. પૂ. ૧૮૫). આ રાજવંશોએ મગધને વિશાળ સામ્રાજ્યમાં વિસ્તાર્યું હતું આથી એ કાળના મગધના સિક્કા ભારતભરમાં મળે છે.


આ સિક્કા લગભગ ૫૪ ગ્રેનનું (અર્થાત્ ૩૨ રતીનું) તોલમાન ધરાવે છે. એ ચાંદીનાં પતરાંમાંથી કાપેલા જણાયા છે. એ ચોરસ, લંબચોરસ, ગોળ, લંબગોળ એવા અનિયમિત વિવિધ આકાર ધરાવે છે. કદમાં એ ૧·૨૫" થી માંડીને ૦·૪" પહોળાઈના અને ૦·૦૨" થી ૦·૧૨૫" જાડા હોય છે. પહોળા સિક્કા પાતળા ને નાના સિક્કા જાડા છે. પાતળા સિક્કા પૂર્વકાલીન ને જાડા સિક્કા ઉત્તરકાલીન છે.

આ બધા સિક્કાઓના અગ્રભાગ પર જુદીજુદી અડી વડે પાંચ વિવિધ ચિહ્નો અંકિત કર્યાં હોય છે. આવાં લગભગ ૩૦૦ પ્રકારનાં ચિહ્નો મળ્યાં છે. એમાંનાં પાંચ પાંચ ચિહ્નોનાં વિવિધ નિયત સંયોજનો જોવા મળે છે, જે અમુક પૌર્વાપર્ય સૂચવે છે. આવાં પાંચ પાંચ ચિહ્નોના એકંદરે ૫૦૦ જેટલા સમૂહ મળે છે, પરંતુ એને મુખ્ય છ પ્રકારોમાં વર્ગીકૃત કરી શકાય છે, પહેલા બે પ્રકારના સિક્કા પાતળા છે. ત્રીજા પ્રકારમાં મધ્યમ જાડાઈના સિક્કા અને કેટલાક પાતળા પણ છે. ચોથા પ્રકારના સિક્કા મધ્યમ જાડાઈના છે, તેમાંય કેટલાક વધુ જાડા સિક્કા પણ છે. પાંચમા પ્રકારના કેટલાક સિક્કા મધ્યમ જાડાઇના અને કેટલાક જાડા છે. છઠ્ઠા પ્રકારના બધા સિક્કા જાડા છે. પહેલા ચાર પ્રકારના સિક્કાના પૃષ્ઠ ભાગ ભાગ પર નાનાં ચિહ્નો હોય છે. પાંચમાં પ્રકારના સિક્કાના પૃષ્ઠ ભાગ પર નાનાં ચિહ્નો ઉપરાંત એક નવું ચિહ્ન પણ જોવા મળે છે. છઠ્ઠા પ્રકારના સિક્કાના પૃષ્ઠ ભાગ પર એક મોટું ચિહ્ન હોય છે.

મગધના લગભગ સર્વ સિક્કાઓના અગ્રભાગ પર પાંચ પૈકી બે ચિહ્નો-(૧) સૂર્યબિંબ કે બીજમુદ્રા અને (૨) ષડર ચક્ર તો હોય છે જ. ત્રીજું ચિહ્ન પ્રાયઃ કોઈ પ્રાણીની આકૃતિ દર્શાવે છે, જેમ કે હાથી, વૃષભ, કે બે શિખર પર ઊભેલો શ્વાન. કેટલાક સિક્કા પર આને બદલે ત્રિકૂટ કે ષટ્કૂટ પર્વતનું ચિહ્ન હોય છે ને એની ટોચ ઉપર ચંદ્રનું ચિહ્ન હોય છે. આ પૈકી વૃષભ (નંદિને) નંદવંશનું અને પર્વત મૌર્યવંશનું વિશિષ્ટ ચિહ્ન હોય એમ લાગે છે. પટણા (પાટલિપુત્ર)માં ગોલખપુર નિધિ મળ્યો છે તેમાં પહેલાં બે ચિહ્નો સૂર્ય અને ષડરચક્રનાં છે, જ્યારે ત્રીજું ચિહ્ન પ્રાયઃ વૃષભનું કે હસ્તીનું છે. આ સિક્કા પ્રાક્-મૌર્ય કાલના મનાય છે.

નંદ રાજાઓના સમયમાં મગધ સામ્રાજ્યની સમૃદ્ધિ વધી હતી. નંદવંશના સ્થાપક મહાપદ્મએ સંખ્યાબંધ સિક્કા પડાવ્યા લાગે છે. નંદિનું ચિહ્ન ધરાવતા સિક્કા પણ આ વંશના હોવાનું મનાય છે. મહાપદ્મના સિક્કા પાતળા અને મોટા છે જે તોલમાં ૧૦૦ રતીના છે.

જ્યારે નંદવંશના સ્થાને મૌર્ય વંશ સત્તારૂઢ થયો ત્યારે તેણે નંદવંશના સંખ્યાબંધ સિક્કાઓના પૃષ્ઠ ભાગ પર પોતાનું મેરુ-ચિહ્ન લગાવીને એને ચલણમાં રાખ્યા લાગે છે.



મગધ અને મૌર્યકાલીન સિક્કાઓ પરનાં કેટલાંક ચિહ્નો

◁ મૌર્ય સામ્રાજ્યનો એક સિક્કો.

બાજુમાં દર્શાવેલાં ચિહ્નોમાંનાં પ્રથમ પાંચ સિક્કાના અગ્રભાગ પરનાં છે જેમાં સૂર્ય, ષડ્ચક્ર, મેરુપર્વત, વૃક્ષ અને વૃષભ છે તથા પછીની બે ભૌમિતિક આકૃતિઓ સિક્કાની પાછળની બાજુ પરની છે.

આ સિક્કાઓ પર સાદી અને સંકુલ ભૌમિતિક આકૃતિઓ, સુશોભિત વર્તુલો અને ચક્રો, સૂર્ય, હાથી, વૃષભ, સસલું, હરણ, ગેંડો, માછલી, મકર, કાચબો, મનુષ્યો, ધનુષ્ય બાણ, પર્વતો અને વૃક્ષો જેવાં વિવિધ ચિહ્નો અંકિત કરેલાં છે.

મૌર્ય સામ્રાજ્યના સિક્કા પર સૂર્ય (કે બીજમુદ્રા) અને ષડર ચક્ર ઉપરાંત ટોચ પર મોર કે ચંદ્રવાળા પર્વતનું ચિહ્ન હોય છે. મૌર્ય (મોરિય) કુલને મોર સાથે સંબંધ હતો, પરંતુ રાજવંશનું ચિહ્ન ચંદ્રવાળો મેરુ પર્વત હોવાનું જણાયું છે. સોહગૌરા તામ્રપત્ર પર તથા પાટલિપુત્રનાં ખંડેરોમાં મૌર્યસ્તંભ પર પણ આ ચિહ્ન મળ્યું છે.

આવા સિક્કા અફઘાનિસ્તાન, પેશાવર, રાવલપિંડી, મથુરા, કોસલ (પ્રયાગ પાસે), ભાગલપુર, તક્ષશિલા, વારાણસી, બિહાર, આસામ, દખ્ખણ કોઈમ્બતુર અને શ્રીલંકામાં મળ્યા છે. આ સિક્કા કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'માં જણાવેલા તોલના અને ધાતુ-પ્રમાણના છે. મૌર્ય સામ્રાજ્યનું સીધું શાસન ગંધાર પ્રદેશથી માંડીને ગોદાવરી પર્યંત પ્રવર્તતું. મૌર્ય કાલના ૫૦-૫૨ ગ્રેનના સિક્કા 'અર્થશાસ્ત્ર'માં જણાવેલ ૩૨ રતીના 'પણ' છે. અર્ધપણ, પાદપણ અને અષ્ટ ભાગ પણના નમૂના મળ્યા નથી. પરંતુ આખા 'પણ'માંથી કાપેલા અર્ધપણ મળ્યા છે. વળી ૨-૩ ગ્રેનના નાનકડા સિક્કા મળ્યા છે, તે 'માષક' છે. જે $\frac{1}{१६}$ 'પણ' બરાબર હતા.

શુંગવંશના સિક્કાઓ

મૌર્યવંશ પછી લગભગ ઈ. પૂ. ૨૮૫માં શુંગવંશ સત્તારૂઢ થયો. (બહારમાં ઠેકઠેકાણે કેટલાક ચોરસ અને લંબચોરસ સિક્કા મળ્યા છે. એમાંના ઘણા તાંબાના અને થોડા ચાંદીના છે. લંબચોરસ સિક્કા લગભગ ૩.૫ સે. મી. લાંબા અને બેએક સે. મી. પહોળા છે. એના અગ્રભાગ પર પાંચ અને પૃષ્ઠ ભાગ પર ચાર ચિહ્ન હોય છે. પાંચ ચિહ્નો મૌર્યકાલના સિક્કાઓ પરનાં ચિહ્નો જેવાં છે પરંતુ તેની રચનામાં ફેર છે. આ સિક્કા શુંગવંશના આરંભિક રાજાઓના લાગે છે. મૌર્યવંશની જેમ આ વંશે પણ મેરુ પર્વતનું રાજચિહ્ન અપનાવ્યું લાગે છે, પરંતુ આ ચિહ્નમાં પર્વતની ટોચ પર ચંદ્રનું ચિહ્ન ઉમેરાતું નહિ.


ઈ.પૂ. બીજી સદી પછી બિહાર ને ઉત્તર પ્રદેશમાં ચાંદીના નવા સિક્કા પડાતા બંધ થયા. હવે ગુપ્તકાલના આરંભ સુધી મગધ સામ્રાજ્યના જૂના આહત સિક્કા ચલણમાં રહ્યા હતા. આ પુરાણા સિક્કાઓની અછત વરતાતી. તેને પહોંચી વળવા હવે આવેલા સિક્કા ને બિબ-આહત બીબાં છાપ સિક્કાની નવી પદ્ધતિએ એવા જૂના સિક્કા પાડવામાં આવતા.

કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'માં જણાવ્યા મુજબ મૌર્ય કાલમાં તાંબાના સિક્કા પણ પાડવામાં આવતા હતા. તાંબાના આહત સિક્કાના મૌર્યકાલીન તો નહિ પણ શુંગકાલના નમૂના મળ્યા છે. શુંગવંશના પછીના રાજાઓ વિદિશામાં રાજ્ય કરતા. તેઓના સમયના તાંબાના આહત સિક્કા એ પ્રદેશમાં મળ્યા છે. એ લગભગ એક ઈંચના કદના પહોળા ચપટા ચોરસ સિક્કા છે. એના અગ્રભાગ પર ચાર કે પાંચ સ્પષ્ટ ચિહ્નો હોય છે, જ્યારે એનો પૃષ્ઠ ભાગ કોરો છે. કાણ્વવંશના સમયમાં પણ આવા સિક્કા પ્રચલિત હતા. આવા પ્રાદેશિક સિક્કા મગધ, ઉજ્જૈન, વિદિશા અને મેવાડમાં મળ્યા છે.

મૌર્યકાલથી તાંબાના સિક્કા ઢાળીને તૈયાર કરવાની ક્રિયાપદ્ધતિ પ્રચલિત થઈ હતી. બીબામાંથી ઢાળેલા તાંબાના સિક્કા લગભગ સમગ્ર ભારતમાં વ્યાપક પ્રમાણમાં પ્રચલિત હતા. એના અનેક પ્રકાર પ્રાપ્ત થયા છે. એમાં સહુથી પ્રચલિત પ્રકારના સિક્કાના અગ્રભાગ પર હાથીનું અને પૃષ્ઠ ભાગ પર ત્રિકૂટ પર્વતનું ચિહ્ન ધરાવતા નાના ગોળ સિક્કા છે. આવા સિક્કા ઈ. પૂ. ૩જી સદીથી ઈ. સ. ૩જી સદી સુધી પ્રચલિત હતા. પરંતુ ઘણું કરીને ઈ. પૂ. ૧લી સદીમાં આ પ્રકારના નવા સિક્કા પાડવાનું બંધ થયું હતું. ભારતીય ગ્રીક રાજાઓના શાસન-કાલથી બીબાં છાપ સિક્કા પડાવા શરૂ થયા હતા. એમાં હવે ચિહ્નો અલગઅલગ અહીથી નહિ પણ એક સળંગ બીબાથી પાડવામાં આવતાં. આગળ જતાં એમાં લખાણ આપવાનું શરૂ થયું. હવે પછી ભારતમાં પ્રચલિત થયેલા આવા વિદેશી ઢબના સિક્કાઓનો પરિચય કરીશું. (ક્રમશઃ)

અનુસંધાન] **મૉનોપોલ** [પૃષ્ઠ ૪૧૭થી

બળના આકર્ષણ વડે હંકારી જવાશે તેવી આગાહી ભૌતિકશાસ્ત્રી પ્રાઇસે કરી છે. કૅન્સર અને બીજાં ગૂમડાંમાં આવો મૉનોપોલ મૂકી ચુંબકીય આકર્ષણ વડે તેમાં ઘુમાવીને રોગનો નાશ કરી શકાશે. આવી અનેક કલ્પનાઓ થાય છે. કદાચ પરમાણુ બૉંબ અથવા હાઇડ્રોજન બૉંબને વધુ શક્તિશાળી બનાવવામાં પણ આ મૉનોપોલનો ઉપયોગ થઈ શકે તેવી કલ્પના છે. આ તો ભવિષ્યની વાત છે, પરંતુ જો આ શોધની સાબિતી બીજા કોઈ પ્રયોગથી થાય અને વૈજ્ઞાનિકો આવા મૉનોપોલને કાબૂમાં લાવી શકે તો ભૌતિકશાસ્ત્રમાં એક મહાન ક્રાંતિ પેદા કરશે તેમાં શંકા નથી. □





ઉપર: સંદેશા માટે અંગ્રેજી અક્ષરો તથા અંકો દર્શાવતા ધ્વજસંકેતો

સાગરવ્યવહારની સંકેતલિપિઓ


નીચે: દરિયાનું વિવિધ હવામાન દર્શાવવા મુંબઈના બારામાં રખાતા રાતદિવસના સંકેતો

દિવસે વિવિધ આકારનાં પાટિયાં વડે અને રાત્રે લાલ તથા સફેદ વર્તુળો દ્વારા જે રીતે તે દર્શાવાય છે તે આ ૧૧ આકૃતિઓમાં દર્શાવ્યું છે. તેમાં ડાબી બાજુની કાળી આકૃતિઓ પાટિયાંની છે અને ગોળ આકૃતિઓ બત્તીની છે. ⊛ જમણી બાજુ: (૧) સખત પવન, તોફાનની વકી.





(૨) તોફાન છે. બંદર બહાર જતાં વહાણોને નુકસાન થવાનો ભય. બંદરને ભય નથી.	(૩) સુસવાટાભર્યા પવનથી બંદરને નુકસાન થવાનો ભય છે.	(૪) બંદરને તોફાનથી નુકસાન થવાનો સંભવ છે; પણ ભય બહુ મોટો નથી.	(૫) બંદર પરથી તોફાની પવન દક્ષિણ બાજુએ પસાર થઈ વેરાવળ, હુગલી રંગૂન તથા પોર્ટ બ્લેરની પૂર્વમાંથી પસાર થશે.	(૬) નં.૫ મુજબ તોફાન કિનારાની ઉત્તરે થઈ ઉપલાં બંદરોની પશ્ચિમમાંથી પસાર થશે.



(૭) બંદર ઉપરથી સખત પવન સાથેનું તોફાન પસાર થશે	(૮) સખત તોફાની પવન દક્ષિણ કિનારા પરથી નં.૫માં જણાવેલાં બંદરોની પૂર્વેથી પસાર થશે.	(૯) સખત તોફાની પવન ઉત્તર કિનારા પરથી ૫ નં.માં જણાવેલાં બંદરોની પશ્ચિમેથી પસાર થશે.	(૧૦) બંદર પરથી સખત પવન સાથે ભયભર્યું તોફાન પસાર થવાનો સંભવ	(૧૧) વેધશાળા સાથેનો તમામ સંદેશ-વ્યવહાર સ્થગિત, પ્રતિકૂળ હવામાનનો ભય.

પચ્ચીસ વર્ષ પહેલાં

ઓક્ટોબર ૧૯૫૦ • સળંગઅંક ૩૨૨

પચ્ચીસ વર્ષ પહેલાં 'કુમાર'માં આવતા વિષય વૈવિધ્યની એક વધુ વાનગી.

ઘણાને ખબર નહિ હોય કે જહાજો પર લટકાવેલા રંગબેરંગી ચટાપટાવાળા વાવટાનાં તોરણ એ તેનો શણગાર નહિ પણ કંઈ સંદેશ કે જહાજની ઓળખ આપતા સંકેતો હોય છે. અંગ્રેજી કક્કાના ૨૬ અક્ષરો અને ૧૦ આંકડા મળી કુલ ૩૬ સંજ્ઞાઓ માટે ૩૬ પ્રકારના વાવટા નક્કી કરવામાં આવ્યા છે, જે વડે દુનિયાભરમાં વ્યવહાર કરી શકાય છે. સામેના ચિત્રમાં મથાળે એ ૩૬ વાવટા આપ્યા છે, ને તેમાંના જુદાજુદા રંગો જે ભાત વડે દર્શાવ્યા છે તેની સમજણ પણ નીચે આપી છે.

એ વાવટાલિપિ મુજબ કોઈ આખા સંદેશના દરેક અક્ષર દીઠ વાવટો (ધ્વજસંજ્ઞા) મૂકતાં તો લાંબું તોરણ બંધાય. એટલે જહાજોના ચાલુ વ્યવહારમાં આવતાં નિશ્ચિત વાક્યો માટે અમુક ખાસ આંતરરાષ્ટ્રીય અક્ષરસમૂહો યોજવામાં આવ્યા છે. જેવા કે RW એટલે 'ક્યાંથી આવો છો?' NC એટલે 'ભયમાં છીએ'; FR એટલે 'માણસ ઊથલી પડયો છે; હોડી મોકલો' વગેરે. વળી, C એટલે 'હા' અને N એટલે 'ના' જેવા એકાક્ષરી સંકેતો ઉપરાંત દરેક જહાજને પોતાના નામનો ચાર અક્ષરનો સ્વતંત્ર સંકેત પણ હોય છે.

આવી જ રીતે મુંબાઈના બારામાં આવતાં-જતાં જહાજોને હવામાનની માહિતી આપવા માટે મુંબાઈના પોર્ટ ટ્રસ્ટ દ્વારા બંદરના પોર્ટ સિગ્નલ પર, ચારેક ફૂટ વ્યાસનાં લંબચોરસ, ત્રિકોણ કે શંકુ આકારનાં પાટિયાં લટકાવેલાં હોય છે. પૂના અને સાંતાક્રુઝનાં હવામાન મથકો પરથી થતી આગાહીઓ અનુસાર બંદરમાં પલટાતા હવામાન તથા આગામી ભય વિષેની ચેતવણી દિવસે એ પાટિયાં દ્વારા, ને રાત્રે ૪ ફૂટના વ્યાસની લાલ તથા સફેદ બત્તીઓના સંકેતો યોજીને આપવામાં આવે છે. ૧૧ પ્રકારના એ સંકેતો સમજણ સાથે બાજુમાં આપેલા છે. દરેક જહાજ તથા ગોદીને વ્યક્તિગત સંદેશાઓ પહોંચાડવાનું અશક્ય થઈ પડે એટલા માટે મુકાતા આ સંકેતો તરફ ઘણી વાર કેટલાયે માછીમારો ધ્યાન જ નથી આપતા; તેથી તેવાઓ માટે તોફાનના આગમનની આગાહી કરવા એક માણસ બધી ગોદીઓમાં નગારું વગાડતો વગાડતો સાવચેત રહેવા સૂચવી જાય એવી વ્યવસ્થા કરવામાં આવી છે. □

શતરંજના વિશ્વવિજેતાઓ—આનાતોલી કાર્પોવની એક રમત

ગયા અંકમાં આપણે ૧૯૭૪ની કેન્ડિડેટ ટુર્નામેન્ટની સેમિફાઈનલ મૅચમાંથી એક રમત જોઈ હતી. તે મૅચમાં ભૂતપૂર્વ વિશ્વવિજેતા બોરિસ સ્પાસ્કીને હરાવીને કાર્પોવે ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો. બીજી તરફ રશિયન મહાઉસ્તાદ વિક્ટર કોર્ચનોયે બ્રાઝિલના મેકિંગ અને ભૂતપૂર્વ વિશ્વવિજેતા પેટ્રોસ્યનને હરાવીને ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો. ફાઈનલમાં જીતવા માટે પાંચ જીતની જરૂર હતી પણ ૨૪ રમતને અંતે કોઈ ખેલાડી પાંચ રમત ન જીતે તો જે વધુ રમત જીત્યો હોય તે વિશ્વવિજેતાને આહ્વાન આપી શકે તેવા નિયમો હતા. તે મૅચમાં બીજી, છઠ્ઠી અને સત્તરમી રમત કાર્પોવ જીત્યા હતા. ૧૮ રમતને અંતે સ્કોર ૩–૦ હતો. પણ હવે કોર્ચનોય ૧૯મી અને ૨૧મી રમત જીત્યા. બાકીની રમત ડ્રૉ જતાં મૅચ ૩+૨–૧૯=ના સ્કોરથી આનાતોલી કાર્પોવ જીત્યા.

આ અંકમાં આપણે એ ફાઈનલ મૅચની બીજી રમત જોઈશું. એમાં સફેદ મ્હોરાં કાર્પોવનાં અને કાળાં કોર્ચનોયનાં છે.

1 P-K4 P-QB4; 2 N-KB3, P-Q3; 3 P-Q4, P×P; 4 N×P, N-KB3; 5 N-QB3. આ શરૂઆતની પદ્ધતિ Sicilian Defence છે. તેની પેટા પદ્ધતિઓ કાળાની પાંચમી ચાલથી જુદી પડે છે. અહીં Dragon Variation રમાય છે. થોડાં વર્ષ પહેલાં તે ઘણું લોકપ્રિય હતું. હવે Anti-Dragon attack વિકસવાથી તે બહુ ઓછું જોવા મળે છે. સફેદની હવે પછીની ચાલ આ attackના અંગ રૂપ છે.

5..., P-KN3; 6 B-K3, B-N2; 7 P-B3, N-B3; 8 Q-Q2, O-O; 9 B-QB4, B-Q2; 10 P-KR4! કિલ્લા પરના હુમલાની શરૂઆત કરતી સુંદર ચાલ.

કોર્ચનોય



કાર્પોવ

15—, N-B3, પછીની સ્થિતિ

10..., R-B1; 11 B-N3, N-K4; 12 O-O-O, N-B5; 13 B×N, R×B; 14 P-R5. હુમલા માટે KR પંક્તિ ખુલ્લી કરવા પ્યાદાનો ભોગ આપે છે. 14..., N×P; 15 P-KN4, N-B3 (જુઓ આકૃતિ).

16 N/4-K2! અહીં પહેલી નજરે 16 B-R6, B×B; 17 Q×B, અને પછી 18 P-N5 અને ઘોડા ખસે એટલે Q×RP mateની ધમકી જોરદાર લાગે છે. પણ 18..., N-R4! તેથી હુમલો ટાળી શકાય છે. કાળાના આ બચાવ સામે N-N3 કે N-B4 રમવા માટેની આ પૂર્વ તૈયારી છે.

16..., Q-R4; 17 B-R6, B×B; 18 Q×B, R/1-B1. રાજાને ખસવા માટે જગ્યા કરવા ઉપરાંત સફેદના કિલ્લા ઉપર હુમલો કરે છે. સફેદ જીતવાની ઉતાવળમાં અહીં 19 P-N5 રમે તો 19..., N-R4; 20 N-B4, R×N; 21 P×R, Q×P અને ઊલટું કાળો મ્હાતની ધમકી આપે છે. માટે હુમલો કરતાં પહેલાં ઘોડાને એક વધુ રક્ષણ આપવાની જરૂર છે. 19 R-Q3, R/5-B4; 20 P-N5! R×P. હવે 20..., N-R4; ચાલે તેમ નથી. વળી, બે જોરે પ્યાદું મરે છે; પણ બીજા પ્યાદાના ભોગ પાછળ સફેદનો સુંદર વ્યૂહ છે. જુઓ:

21 R-Q5! કાળાના હાથી અને વજીરને છૂટા પાડી દેતી સુંદર ચાલ. વજીર તેમજ હાથી ઉપર હુમલો હોવાથી 21..., R×R ફરજિયાત છે. 21..., R-R4?થી સામા વજીર પરનો હુમલો નથી ચાલતો. કારણ 22 R×Q, R×Q; 23 R×Rથી સફેદ હાથી જીતે છે.

21..., R×R; 22 N×R, R-K1; 23 N/2-B4! અહીં 23N×Nch, P×N; 24 Q×RPch, K-B1: 25 Q-R8ch, K-K2; ને કાળો રાજા છટકી જાય છે. K-K2ના જવાબમાં N-Q5 રમવાની તૈયારી માટે આ ચાલ ચલાઈ છે. કાળો તેના જવાબ માટે જ પછીની ચાલ ચાલે છે. 23..., B-B3; 24 P-K5!, B×N; 25 P×N, P×P; 26 Q×RPch, K-B1, 27 Q-R8ch.

હવે 27..., K-K2; 28 N×Bch. પછી 28..., K-Q2?; 29 N×Pch. કે 28..., Q×N; 29 R-KIch, K-any; 30 Q×Rch અથવા 28..., K-Q1; 29 Q×Pch. પછી સફેદ પાસે ઓછામાં ઓછું એક મહોરું વધુ રહે છે અને એ સહેલાઈથી જીતે તેમ છે, માટે 27..., Resigns. □

સુરેશ મોદી

ચુંબકત્વના ક્ષેત્રની એક ક્રાંતિકારક શોધ મૉનોપોલ

લેખક • ડૉ. યશવંત ગુ. નાયક

ચુંબકની એક સામાન્ય લાક્ષણિકતા તે એના ઉત્તર અને દક્ષિણ એવા બે ધ્રુવો. ચુંબક-પટીના ગમે તેટલા નાના ટુકડા કરીએ તો પણ તે દરેકમાં ઉત્તર અને દક્ષિણ ધ્રુવો હોય જ. ટૂંકમાં ચુંબકના ઉત્તર અને દક્ષિણ ધ્રુવને કદી સ્વતંત્ર રીતે છૂટા પાડી શકાતા નથી અને તેથી અંગ્રેજીમાં ચુંબક ધ્રુવોનાં જોડકાંને ડાયપોલ (દ્વિ ધ્રુવ યુગ્મ) કહેવાય છે. આ ચુંબક ધ્રુવોની પ્રબળતા વત્તીઓછી હોઈ શકે પરંતુ વૈજ્ઞાનિકોએ શોધી કાઢયું છે કે નાનામાં નાના પરમાણુ ચુંબકના દરેક ધ્રુવની પ્રબળતા પણ અત્યંત સૂક્ષ્મ છતાં નિશ્ચિત હોય છે. આ પ્રાથમિક ચુંબક ધ્રુવની પ્રબળતાને મૅગ્નેટોન કહેવામાં આવે છે. આમ સૂક્ષ્મ છતાં આ ચુંબકના ઉત્તર-દક્ષિણ ધ્રુવો જોડમાં જ હોય છે. એટલે કે ઉત્તર કે દક્ષિણ ધ્રુવ એકલો હોઈ શકે જ નહિ.

આમ છતાં ૧૯૩૧માં ડિરેક નામના બ્રિટિશ ભૌતિકશાસ્ત્રીએ સૈદ્ધાંતિક રીતે સાબિત કર્યું હતું કે ચુંબકના એકાકી (સ્વતંત્ર) ધ્રુવનું અસ્તિત્વ હોવું જોઈએ. વીજશાસ્ત્રમાં ઋણ વીજભાર અને ધન વીજભારવાળા પ્રાથમિક કણો અસ્તિત્વ ધરાવે છે. ઋણ વીજભારવાળો પ્રાથમિક સ્વતંત્ર કણ તે ઈલેકટ્રૉન છે અને ધન વીજભારવાળો પ્રાથમિક સ્વતંત્ર કણ તે પૉઝિટ્રૉન અથવા પ્રોટ્રૉનના કણ રૂપે હોય છે. આ ઉપરથી ભૌતિકશાસ્ત્રીઓએ એકાકી અને સ્વતંત્ર ચુંબક ધ્રુવની શોધ માટે ઘણા પ્રયત્નો કર્યા હતા. એમણે ચુંબકીય ખડકો, સમુદ્ર તળના પદાર્થો, પરમાણુ વિચ્છેદક યંત્રો વડે પેદા થતી પરમાણુ પ્રક્રિયા અને છેવટે ચંદ્રના ખડકોમાં યે એકાકી ચુંબક ધ્રુવ (monopole)ની શોધ જારી રાખી હતી, પરંતુ તેમાં સફળતા મળી ન હતી. આ નિષ્ફળતાને કારણે ઘણા ભૌતિક શાસ્ત્રીઓ એવા નિર્ણય પર આવ્યા હતા કે ડિરેકે કલ્પેલા સ્વતંત્ર અથવા એકાકી ધ્રુવનું અસ્તિત્વ નહિ હોય.

ઑગસ્ટ ૧૯૭૫ના બીજા અઠવાડિયામાં બર્કલીની કૅલિફોર્નિયા યુનિવર્સિટી' અને 'હાઉસ્ટન યુનિવર્સિટી'ના ભૌતિકશાસ્ત્રીઓની એક મંડળીએ જાહેરાત કરી છે કે તેમના પ્રયોગોમાં એકાકી ધ્રુવ (monopole)નું અસ્તિત્વ સાબિત કરી શકાયું છે. આ જાહેરાતથી ભૌતિકશાસ્ત્રમાં એક અભૂતપૂર્વ શોધ થઈ છે ને તેના પરિણામો વિષે અનેક જાતની આશ્ચર્યજનક આગાહીઓ થઈ રહી છે.

આ શોધની બીજા પ્રયોગો દ્વારા સાબિતી થશે તો પ્રાથમિક કણોના



મૉનોપોલના શોધક ડૉક્ટર્સ પિન્સ્કી, પ્રાઈસ, શર્ક અને ઑસ્બાર્ન તથા જેના દ્વારા એમણે આ શોધ કરી તે તેમની સન્મુખ રાખેલું સાધન 'સેરેન્ડીપિટી'

ભૌતિક વિજ્ઞાનમાં ભારે ઊથલપાથલ થશે. ક્વૉન્ટમ વીજગતિશાસ્ત્રના હાલના સિદ્ધાંતોમાં આ કણનું અસ્તિત્વ બંધબેસતું નથી. આ વીજ ગતિશાસ્ત્ર દ્વારા આજ સુધી શોધાએલા અનેક પ્રાથમિક પરમાણુના કણોની સૃષ્ટિમાં ઘણી નિયમબદ્ધતા સાબિત થઈ હતી. વળી, અજ્ઞાત પરમાણુ-પ્રક્રિયાની કેટલીક આગાહી આ શાસ્ત્રના આધારે થએલી તે સાચી પડી હતી. આ શાસ્ત્રના સિદ્ધાંતો દ્વારા ઈલેકટ્રૉન જેવા મૂળભૂત વીજકણોની રચના પણ 'ક્વાર્ક (quarks) નામના સૂક્ષ્મ આદિકણના સંયોજનથી થએલી છે એવું સાબિત થયું હતું. આ શાસ્ત્રનો પાયો ચુંબકીય યુગ્મ (dil–pole)ની કલ્પના ઉપર રચાએલો છે. આથી જો એકાકી ચુંબકધ્રુવ (monopole)નું અસ્તિત્વ સ્વીકારાય તો આ આખા વીજગતિશાસ્ત્રની પુનર્રચના કરવાનું આવશ્યક બને છે. ચુંબક મોનોપોલની શોધથી ભૌતિકશાસ્ત્રીઓ વિમાસણમાં પડી ગયા છે.

આ શોધ કરવામાં બર્કલી–હાઉસ્ટનના ભૌતિકશાસ્ત્રીઓએ પરમાણુના પથ(ટ્રૅક)ના અન્વેષણનો આશરો લીધો હતો. ફોટોગ્રાફની તકતી ઉપરથી પસાર થતા પરમાણુ તેમના માર્ગનો ચીલો (ટ્રૅક) તેના ઉપર નોંધતા જાય છે. આ ચીલાની લંબાઈ, જાડાઈ, ચુંબક ક્ષેત્રમાં તેનું વંકાવું વગેરે બાબતોના અભ્યાસમાંથી કયા પ્રકારના પ્રાથમિક કણે એ ચીલો (track) પેદા કર્યો તે બહુ ચોકસાઈથી નક્કી કરી શકાય છે. આ વૈજ્ઞાનિક મંડળીએ ૧૯૭૩ના સપ્ટેમ્બરમાં ફોટોગ્રાફિક તકતીઓની એક થપ્પીને બલૂન દ્વારા ૧,૩૦,૦૦૦ ફૂટ ઊંચાઈએ અઢી દિવસ માટે ઊડતી રાખીને આ પ્રયોગ કર્યો હતો.

આ પછી બે વર્ષ સુધી આ ફોટોગ્રાફિક થપ્પીમાં નોંધાએલા અનેક ચીલા (ટ્રૅક)નો હાઉસ્ટનમાં ઝેક અને પિન્સ્કિ નામના ભૌતિકશાસ્ત્રીઓએ ઝીણવટથી અવલોકન કર્યું અને લગભગ બધા જ ટ્રૅકનું અન્વેષણ પૂરું કર્યું. ત્યાર બાદ આ પ્લેટ તથા તેના અન્વેષણનાં સાધનો તેમણે બર્કલીના ભૌતિકશાસ્ત્રી બ્યુ ફૉર્ડ પ્રાઈસ અને એડવર્ડ શર્કને સોંપ્યાં. આ બન્ને મંડળીઓ આ ફોટોગ્રાફની તકતી ઉપર નોંધાએલા એક ટ્રૅકની સમજૂતી આપી શક્યા નહિ. આ પ્રકારનો ટ્રૅક અભૂતપૂર્વ હતો અને અનેક જાણીતા પ્રાથમિક પરમાણુ કણોમાંથી કોઈ પણ કણ તે પ્રકારનો ટ્રૅક પેદા કરી શકે નહિ તેવું જણાયું.

અંતે એ સૌએ એકમતે એવું વિધાન કર્યું કે આવો ટ્રૅક એક માત્ર અજ્ઞાત કણ ચુંબકીય મૉનોપોલ જ પેદા કરી શકે, અને આમ બે વર્ષના લાંબા ગાળા પછી ૧૪ ઑગસ્ટ, ૧૯૭૫ના રોજ જાહેરાત કરી કે ચુંબકીય મૉનોપોલ (એકાકી ધ્રુવ) અસ્તિત્વ ધરાવે છે. જો આ મૉનોપોલ અસ્તિત્વ ધરાવતો હોય તો તેના બે વિરુદ્ધ ગુણવાળાં સ્વરૂપ ઉત્તરધ્રુવી મૉનોપોલ અને દક્ષિણધ્રુવી મૉનોપોલ હશે તે પણ નિશ્ચિત છે.

આવા બે વિરુદ્ધ ચુંબકીય ગુણવાળા મૉનોપોલ એકબીજા સાથે આકર્ષાઈને આધીન કરે તો તે પ્રોટોન ને ઇલેકટ્રૉનના નવા વીજકણોના આઘાત કરતાં ૧૮૦૦૦ ગણી પ્રચંડ શક્તિ પેદા કરે. આ મૉનોપોલનું દ્રવ્યમાન પ્રોટોન કરતાં ૨૦૦ ગણું વધારે હશે. એના ઉપર રહેલા ચુંબકત્વની પ્રબળતા ઇલેકટ્રૉનના ચુંબકત્વ કરતાં ૧૩૭ ગણી હશે.

અત્યારે આ મૉનોપોલની વાસ્તવિક અસર અને ઉપયોગ વિષે કલ્પના જ કરી શકાય. ભવિષ્યમાં આ મૉનોપોલના સંગ્રહવાળાં વહાણોને ઉત્તર દિશા તરફ અગર દક્ષિણ દિશા તરફ માત્ર પૃથ્વીના ચુંબક-

(અનુસંધાન પૃષ્ઠ ૪૧૪ પર)

ઍગાથા ક્રિસ્ટીની રહસ્યકથાનું રૂપાંતર

સુકન્યા ઝવેરી

મિ. કેપલનો આપઘાત

રૉયસ્ટોન હૉલમાં ટૉમ ઈવશામને ત્યાં મજલિસ જામી હતી. નવું વર્ષ બેસવાની રાહ જોતાં સૌ આનંદી રહ્યાં હતાં. કુટુંબ અને ખાસ-ખાસ ઘનિષ્ઠ મિત્રો જ એકઠાં થયાં હતાં. મિલનસાર ટૉમ ઈવશામ, એમની પત્ની-લૉરા, સર-રિચર્ડ-કૉનવે, ઍલેક્સ પોર્ટલ ને એની પત્ની ઈલિનોર તથા બીજા બેએક જણ અને મિ. સેટર્થવેઈટ.

સેટર્થવેઈટ પાકટ વયના અને દુનિયાદારીના પાકા અનુભવી હતા. જીવનનાટકમાં વિધવિધ ભાગ ભજવતાં માનવપાત્રોને નીરખવા-સમજવાનો એમને શોખ હતો. નિર્લેપ પ્રેક્ષક પેઠે તેઓ સૌને જોતા. બહોળા અનુભવથી જાણે એમની છઠ્ઠી ઇંદ્રિય ઘડાઈ ગઈ હતી. કંઈ સારું-નરસું બનવાની એમને જાણે આગળથી એંધાણી મળી જતી. આજે યે કંઈક અગમ્ય બનવાની આશંકા તેઓ અહીં આવ્યા ત્યારથી થયા કરતી હતી. પોર્ટલ દંપતીમાં એમને વધુ રસ પડતો હતો. એમણે આજે પહેલી જ વાર એમને જોએલાં. જો કે ઍલેક્સના પિતા અને દાદાને તેઓ જાણતા હતા. ઍલેક્સ પણ એના એ વડીલો જેવો જ લાગતો હતો: એ જ સોનેરી વાળ, ને નીલી આંખો, તે જ દિલદિલ સજ્જનતા; પણ કલ્પનાશક્તિ રહિત અને અસામાન્યતા વિનાનો સામાન્ય અંગ્રેજ.

પણ ઍલેક્સની પત્ની ઈલિનોર કંઈક જુદી જ તરાહની લાગતી હતી. બેએક વર્ષ પહેલાં ઍલેક્સ એને ઑસ્ટ્રેલિયાથી પરણી લાવ્યો ત્યાં સુધી એણે ઈંગ્લૅન્ડ જોયું નહોતું; પણ સેટર્થવેઈટને એનામાં ઑસ્ટ્રેલિયન હોવા જેવું કંઈ લાગતું નહોતું. ખામોશ પણ ચેતનથી ભરપૂર, ખાસ સુંદર નહિ, છતાં પુરુષોને જકડી રાખી શકે એવું આકર્ષણ તો હતું જ. સેટર્થવેઈટનું પણ એથી જ એના પ્રતિ લક્ષ દોરાએલું, અને ન જાણે કેમ, પણ એને જોતાં જ એમના મનમાં પ્રશ્ન ઊઠેલો 'મિસિસ પોર્ટલ શા માટે વાળ રંગતી હશે?'

કદાચ બીજા કોઈનું આ બાબત લક્ષ દોરાયું નહોતું, પણ સેટર્થવેઈટની પીઢ અનુભવી આંખોથી એ અછતું રહ્યું નહિ. ગોરા વાનની સ્ત્રી વાળને કાળા રંગે એ એમને કંઈક અસ્વાભાવિક લાગ્યું. એમણે એ પણ જોયું કે એના પતિ પર એનો કંઈક અનોખો પ્રભાવ હતો. ઍલેક્સ એને પૂજાની હદ સુધી ચાહતો હોય એવું દેખાતું હતું. છતાં સેટર્થવેઈટને લાગ્યું કે ક્યારેક—હા, ક્યારેક એની આંખમાં કંઈક ભય તરવરતો હતો. એ જાણે એની પત્નીથી ડરતો હતો. આ બધું ખરેખર અસાધારણ અને એથી વધુ રસભર્યું બની રહ્યું. સેટર્થવેઈટને એવું પણ લાગ્યું કે ઇલિનોર કાં તો અત્યંત સુખી સ્ત્રી છે યા ખૂબ જ દુ:ખી. આ અંગે સ્પષ્ટ તારણ તેઓ નહોતા કરી શકતા અને એ ગૂંચવણથી તેઓ મનોમન અકળાતા હતા. સેટર્થવેઈટે જોયું કે ઍલેક્સ વધુપડતું મદ્યપાન કરી રહ્યો હતો. ઇલિનોરનું ધ્યાન ન હોય ત્યારે એ એના તરફ કંઈક વિચિત્ર ભાવથી ટીકી રહેતો હતો. ન સમજાય એવું કંઈક બની રહ્યું હોય એમ સેટર્થવેઈટને લાગ્યું હતું અને તેઓ જિજ્ઞાસાથી મૂગે મોંએ ને ખુલ્લી આંખે બધું જોઈ રહ્યા હતા.

બારના ટકોરા પડચા અને એ વિચારભંગ થયા. યજમાન ઈવશામે બધાંને નવા વર્ષની મુબારકબાદી આપી અને પછી 'હૅપી ન્યૂ ઈયર' ગાવા માંડયું. સૈનિક જેવા દેખાતા કૉનવેએ પણ એમાં સૂર પુરાવ્યો. બંને ગાઢ મિત્રો હતા—એકસરખા સીધા, સરળ, પ્રામાણિક ને મળતાવડા, પણ બહુ બુદ્ધિશાળી નહિ. લૉરાએ કહ્યું: 'આ નહિ, બીજું ગીત ગાઓને; પેલું મિ. કૅપલને ગમતું હતું એ, મર્મસ્પર્શી......'

'એને યાદ ન કર લૉરા.' એકદમ ઈવશામે પત્નીને કંઈક રંજ મિશ્રિત સ્વરે કહ્યું. લૉરાએ આ બદલ દિલગીરી દર્શાવી. ઈલિનોર પોર્ટલ પણ પોતાની બેઠકમાં સળવળી. લૉરાએ એ જો પૂછ્યું: 'ખૂબ ગરમી થાય છે નહિ? લો હું તમારી ખુરશી અહીં બારી પાસે મૂકી આપું.'

'થૅન્ક યૂ.' ઈલિનોર બોલી. એનો અવાજ હમેશ માટે યાદ રહી જાય એવો ખૂબ જ મીઠો, રૂપાની ઘંટડી જેવો. સેટર્થવેઈટ વિચારી રહ્યા.

'તમે શું નામ કહ્યું લેડી લૉરા? મિ. કૅપલ?' ઈલિનોરે પૂછ્યું.

'હા. આ ઘર પહેલાં એમનું હતું. એમણે અહીં આપઘાત કરેલો...' અને પતિ તરફ જોતાં એની આંખોમાં આ વાત અંગે અણગમો જોઈ એણે વાત વાળી લેતાં લેતાં યે ઉમેર્યું: 'ટૉમ પણ ત્યારે અહીં હાજર હતા. અને સર રિચર્ડ તમે પણ હતા, ખરું ને?' 'હા, લેડી લૉરા!'

થોડી વાર સૌ ચૂપ બેસી રહ્યાં. પછી લેડી લૉરાએ ઊઠતાં ઊઠતાં કહ્યું: 'નવું વર્ષ બેસી ગયું. ચાલો મિસિસ પોર્ટલ, આપણે ઉપર સૂઈ જઈએ. હવે આ પુરુષોને એકલા જ ઢીચવા દઈએ.'

'હા, ચાલો.' ઈલિનોર બોલી. સેટર્થવેઈટને લાગ્યું કે એ એકાએક ખૂબ ફિક્કી પડી ગઈ હતી. એમણે ઊભા થઈને એક મીણબત્તી પેટાવીને ઈલિનોરના હાથમાં આપી અને અસલ ઈંગ્લિશ રીત પ્રમાણે અભિવાદન કર્યું. સામેથી યોગ્ય જવાબ વાળી ઇલિનોર ઉપર જવા લાગી.

સેટર્થવેઈટને થયું કે પોતે એને છેક ઉપર સુધી વળાવવા જાય અને એને સાંત્વના આપે. સાંત્વના? શાની? એમને મનોમન એવું લાગી રહ્યું હતું કે ઈલિનોર પર કોઈ અજ્ઞાત ભય તોળાઈ રહ્યો હતો. પણ પળભરમાં જ એમણે પોતાના વિચાર પર કાબૂ મેળવી લીધો. પણ છતાં એમણે એ પણ નોંધ્યું હતું કે ઈલિનોર ઉપર જવા ઊઠી ત્યારે પોતાના પતિ તરફ નજર પણ નહોતી કરી, અને દાદર ચડી ત્યારે એ ઍલેક્સ તરફ કંઈક વિચિત્ર રીતે તાકી રહી હતી.

સૌને સાલમુબારક અને ગુડનાઈટ કહી લેડી લૉરા પણ ઉપર ચાલી ગઈ. અને પછી પુરુષોએ વ્હિસ્કીની બાટલીઓ ખોલો. પીવાની સાથે વાતચીતોનો દોર ફરી ચાલુ થયો.

કૉનવેએ પૂછ્યું: 'સેટર્થવેઈટ, તમે ડેરેક કૅપલને ઓળખતા હતા?'

'હા, સાધારણ.' 'અને તમે પોર્ટલ?'

'ના, હું એમને નહોતો મળ્યો.' એના ઉત્તરમાં કંઈક અણગમો હોય એવું સેટર્થવેઈટને લાગ્યું.

'લૉરા જ્યારે એ વાત ઉખેળે છે ત્યારે મને બહુ રંજ થાય છે.' ઈવશામે કહ્યું: 'એ દુ:ખદ બનાવ પછી આ ઘરમાં કોઈ વેપારી રહેવા આવેલો, પણ એકાદ વર્ષમાં જ એણે આ ઘર છોડી દીધું. તે પછી તો આ રૉયસ્ટોન હાઉસ વહેમવાળું ગણાવા લાગ્યું હોઈ એટલે એ લેવા કોઈ તૈયાર થતું નહોતું. અમારે આ વિસ્તારમાં મકાન જોઈતું હતું. આ હાઉસ અમારું પરિચિત હતું અને વહેમને કારણે અમને એ પાણીના મૂલે મળતું હતું એટલે રાખી લીધું. પણ કોઈ જ્યારે અહીં બની ગએલા એ ગોઝારા બનાવની યાદ આપે છે ત્યારે બહુ દુ:ખ થાય છે. બીચારો ડેરેક. શી ખબર એણે શા માટે આપઘાત કર્યો હતો!'

'પણ એમ તો ઘણા માણસ કારણ જણાવ્યા વિના જ આપઘાત કરે છે.' ઍલેક્સ ઊભો થઈને વ્હિસ્કીથી ગ્લાસ ભરતાં બોલ્યો.

'તમારી વાત ખરી છે. પણ કૅપલને એકાએક આપઘાત કરવો પડે એવું તે શું હતું?' સેટર્થવેઈટ બોલ્યા.

થોડી વાર સૌ ચૂપચાપ બેસી રહ્યા. પછી કૉનવે બોલી ઊઠચા: 'આજની રાતે ય કેવી છે? બહાર પવન કેવા સૂસવાટા મારી રહ્યો છે!'

'ભૂત ભમવા નીકળે એવી રાત છે!' પોર્ટલ બોલ્યો, ને ઉમેર્યું: 'આજે યે કદાચ બધાં ભૂતપલીત નવું વર્ષ ઊજવવા નીકળી પડયાં હશે.'

'પણ કહે છે ને કે કોઈ શામળી વ્યક્તિ જો આજે ઘેર આવી ચડે તો આપણું આખું વર્ષ સારું જાય. એટલે આજે તો અહીં કોઈ કાળિયું ભૂત આવી ચડે તો એ આપણા તો લાભની જ વાત બની રહે.' હસતાં હસતાં કૅાનવેએ કહ્યું. બહાર સૂસવતા પવનનો વેગ જાણે વધી ગયો હતો અને પછી એકદમ શાંતિ છવાઈ ગઈ. પવન પણ જાણે પડી ગયો અને એ જ વખતે બારણા પર ટકોરા પડયા. બધા જ એ સાંભળી ચમકી ગયા!

'અત્યારે આવી રાતે કોણ હશે?' ઈવશામ બોલી ઊઠયો. સૌ એકમેકની સામે તાકી રહ્યા. અંતે ઈવશામ બારણું ખોલવા ઊઠયો. દરવાજો ઊઘડતાં જ બહારથી કાતિલ ઠંડું મોજું અંદર ધસી આવ્યું. સૌએ એક ઊંચા પાતળા આદમીને આખું બારણું રોકી ઊભેલો જોયો.

'આટલી મોડી રાતે આપ સૌને તકલીફ આપવા માટે માફ કરજો,' આગંતુકે કહ્યું: 'પણ મારી ગાડી એકાએક બગડી ગઈ છે અને શૉફર એને ઠીક કરે છે. અર્ધોએક કલાક લાગશે. બહાર તો કડકડતી ઠંડી છે. અહીં તમારે ત્યાં બત્તી બળતી જોઈ...' 'કંઈ વાંધો નહિ.

આવો, અંદર આવો. લો, શું લેશો? બીજી કંઈ મદદની જરૂર છે?'

'ના, ના! આપનો આભાર. મારું નામ ક્વીન—હાર્લી ક્વીન છે.' તદ્દન સમતોલ આહ્લાદક ગંભીર એમનો અવાજ હતો.

'આવો, બેસો, મિ. ક્વીન. આ સર રિચર્ડ કૉનવે; આ મિ. સેટર્થવેઈટ; મારું નામ ઈવશામ...' અને એમ સૌની ઓળખાણ કરાવી ઈવશામે અંતે પૂછ્યું: 'તમે આ બાજુ અગાઉ આવેલા ખરા કે?'

'બહુ વર્ષો પહેલાં અહીંથી એક વાર નીકળેલો. ત્યારે અહીં મિ. કેપલ રહેતા હતા.'

'તમે એમને ઓળખતા હતા?' 'હા.'

'હમણાં અમે એમની જ વાત કરતા હતા. કેવું બની ગયું એમને માટે! એ વખતે હું અને કૉનવે, અમે બંને અહીં જ હતા. ક્યારેક તો મને થાય છે કે એમનો આત્મા હજી યે અહીં ભમતો હશે.'

'એ બનાવ જ એવો હતો. કોઇને ય ન સમજાય એવો, ગૂઢ.' બહુ ચીવટથી નાટકના કોઈ અભિનેતા જેમ ક્વીને જાણે કે વિચારપૂર્વક કંઈક મહત્ત્વનું સૂચન કર્યું.

'હા, ગૂઢ જ તો. કેપલ જેવો ચિંતારહિત ખુશમિજાજી માણસ એકાએક આમ કરે એ કોઈને ય ક્યાંથી સમજાય?' કૉનવેએ કહ્યું: 'અમે ચારપાંચ મિત્રો અહીં સાથે રહેતા હતા. એ રાતે વાળુ વખતે યે અમે સાથે બેઠેલા. કેપલ એ વખતે પણ આનંદમાં હતો. જમ્યા પછી એ ઉપર ગયો ત્યારે યે કંઈ નહોતું. ને પછી અમે એકાએક પિસ્તોલનો અવાજ સાંભળ્યો. દોડીને જોયું તો એણે આપઘાત કર્યો હતો. એવું તે એકાએક શું બની ગયું? ત્યારે પણ કોઈને કંઈ નહોતું સમજાયું અને હજી યે કોઈ એ કદી કળી નહિ શકે.'

'ના, સાવ એમ તો ન કહી શકાય, સર રિચર્ડ.' ક્વીને કહ્યું.

'એટલે શું?'

'કેમ ન કળી શકાય? એ હકીકત સિદ્ધ થએલી છે કે સમકાલીન ઇતિહાસકારો પોતાના સમય વિષે જે કંઈ લખે એ કરતાં એ પછીના ઇતિહાસકારો એ બનાવોનું સાપેક્ષ મૂલ્યાંકન કરીને વધુ સાચા અભિપ્રાયો બાંધી શકે છે. આ બાબત વિષે પણ એ લાગુ પડી શકે.' ક્વીને કહ્યું.

'ખરી વાત છે.' ઍલેક્સ બોલી ઊઠયો: 'સમય સવાલનો નિકાલ નથી કરી શકતો. એ નવા રૂપે પ્રકટ થાય છે.'

'તો પછી આજે એક દાયકા પછી આપણે બધા સાથે મળી ફરી એ અંગે વિચારીએ તો ખરું કારણ મળી આવે; ખરું ને મિ. ક્વીન?' ઈવશામે પૂછ્યું. 'હું તો એમ માનું છું.' ક્વીને કહ્યું: 'કેમકે આજે તમને એમાંની નક્કર હકીકત જ યાદ હશે, તમારું પોતાનું નિદાન નહિ. આપણે ફરી એ રીતે વિચારી જોઈએ.' અને પછી સર રિચર્ડ તરફ ફરીને બોલ્યો: 'વાંધો ન હોય તો તમારા ખયાલથી જ આરંભ કરીએ?'

'હા, અમે તો માન્યું હતું કે એના મૂળમાં કોઈ સ્ત્રી જ હશે. જર, જમીન અને જોરુ—એ કહેવત પ્રમાણે જર-જમીનનો તો કેપલ માટે સવાલ જ નહોતો. એટલે કોઈ સ્ત્રી જ...'

સેટર્થવેઈટ કૈં બોલવા જતા હતા ત્યાં જ એમને લાગ્યું કે ઉપરના માળે કઠેડા પાસે થાંભલા આડે દબાઈને કોઈ એમની વાતો સાંભળી રહ્યું હતું. કદાચ એ ઈલિનોર જ હતી એમ એમણે ધાર્યું. જેની એમને ક્યારની આશંકા થયા કરતી હતી એ નાટક હવે જામી રહ્યું હતું. ભલે એનું એક મુખ્ય પાત્ર જીવતું નહોતું. આગંતુક ક્વીન જાણે આ નાટકનો સૂત્રધાર હતો. દરેક પાત્રને જાણે કે એ જ દોરી રહ્યો હતો. કદાચ ક્વીનને એ પણ ખબર હતી કે ઉપરના મજલા પર છુપાઇને કોઈ સ્ત્રી આ બધું જોઈ-સાંભળી રહી હતી. સેટર્થવેઈટ હવે એક ધ્યાને નાટક જોઈ રહ્યા.

'હા, સ્ત્રી જ હશે. પણ જમતી વખતે કોઈ સ્ત્રીની વાત નહોતી ઊખળી. 'કેમ વળી? ઊખળી હતી. કેપલે પોતાના વિવાહની વાત નહોતી કરી? અમે એ છોકરીને વિષે સાંભળેલું, સારી હતી, માર્જોરી ડિલ્કે કે એવું કંઈ નામ હતું એનું.' કૉનવે બોલ્યા. ક્વીને એમના કહેવાનો કંઈ પ્રતિભાવ ન પાડતાં કૉનવેએ ઈવશામ તરફ ફરીને પૂછ્યું: 'તમારો શો અભિપ્રાય છે? બીજું તો કોણ હોઈ શકે?'

'શી ખબર પડે?' ટૉમ ઈવશામે ધીરા સાદે કહ્યું. એ છોકરીનું નામ તો એણે આપણને નહોતું બતાવ્યું, પણ એટલું કહેલું કે એ સંબંધથી પોતે બહુ ખુશ હતો. માર્જોરી નામ તો આપણે એ વખતે કલ્પ્યું હતું.'

'હા, પણ—' કૉનવે અટકી ગયો.

'કેમ અટકી ગયા? કહોને જે કહેવું હોય તે.'

'હા, પણ જો માર્જોરી જ હોત તો કેપલે એનું નામ છુપાવવાની જરૂર જ નહોતી. પણ કદાચ એવી કોઈ સ્ત્રી હશે જે તાજેતરમાં જ વિધવા થઈ હોય યા એણે છૂટાછેડા લીધા હોય.'

'એ ખરું.' ઈવશામે અનુમોદન આપતાં કહ્યું: 'એવું હોય તો કેપલ એ સમયે સંબંધની વાત કરે, પણ એ સ્ત્રીનું નામ જાહેર કરવું એને ઠીક ન લાગે. અને મને યે નથી લાગતું કે એણે માર્જોરી સાથે સગાઈ કરી હોય. તેઓ બંને તો આગલા વર્ષે જ છૂટાં પડી ગયાં હતાં.'

'કોઈ અન્ય સ્ત્રી જ હશે. ગમે તે હોય, પણ તે દિવસે કેપલ ખૂબ આનંદમાં તો હતો જ. જાણે એ કોઈને હિંમતથી પડકારતો હોય એવું લાગતું હતું.' 'નસીબને પડકારતો હશે.' ઍલેક્સ બોલી ઊઠયો.

સેટર્થવેઈટ એની સામે જોઈ રહ્યા: કોને માટે ઍલેક્સે આ શબ્દો વાપર્યા હશે? એમને લાગ્યું કે ઍલેક્સ પોતે જ પોતાના નસીબને પડકારતો હતો. એમણે એ પણ નોંધ્યું કે પેલી સ્ત્રી આકૃતિ હજી યે ઉપર નિશ્ચલ, થીજેલી, મૃત સ્ત્રી જેવી ત્યાં સ્થિર ઊભી ઊભી ધ્યાનથી એમને સૌને સાંભળી રહી હતી.

'હા, જાણે કેપલ જીવનના મોટામાં મોટા જુગારમાં જીતી ગયો હોય એવો લાગતો હતો. જાણે એને પોતાની ખુશનસીબી પર ભરોસો નહોતો પડતો...અને પછી દસ જ મિનિટ બાદ...'

ઘડીભર બધા જ ચૂપ થઈ ગયા. અંતે ઈવશામે કહ્યું: 'પણ એ દસ જ મિનિટમાં એવું શું બની ગયું? ચાલો આપણે ફરી વિચારીએ. આપણે સૌ ત્યારે વાતો કરતા બેઠા હતા. અને એ એકાએક ઊઠયો ને બહાર ગયો...'

'શા માટે?' ક્વીને વચ્ચે જ પૂછ્યું. 'શું કહ્યું?'

'મેં પૂછ્યું કે કેપલ શા માટે ઊઠીને બહાર ગયો?'

ઈવિશામ યાદ કરવા લાગ્યો: 'અરે હા, યાદ છે? ત્યારે છેલ્લા ત્રણેક દિવસથી સતત બરફ પડતો હતો. ટપાલ આવી હતી. રસ્તા બંધ હોઈ અહીં છાપાં કે કાગળ કંઈ મળતું નહોતું. ઘંટડી વાગી ને કેપલ ઊઠયો. છાપાં ને પત્રો લઈ એ પાછો આવ્યો. છાપાં પર ઊડતી નજર નાખીને પત્રો લઈને એ ઉપર ગયો અને ત્રણેક મિનિટ પછી આપણે ધડાકો સાંભળ્યો. એને આવું કેમ કરવું પડયું એ હજી યે મને સમજાતું નથી.'

'કેમ? પત્રમાં કંઈક ગંભીર બાબત હશે, જેનાથી પ્રેરાઈને એણે આમ કરવું પડયું હોય.' ઍલેક્સે કહ્યું: 'આમાં અગમ્ય શું લાગે છે?'

'એવું હોય તો અમને ખબર પડે જ. કેપલે એકે ય પત્ર ફોડીને વાંચ્યો નહોતો. અમે ઉપર ગયા ત્યારે જોએલું કે ટેબલ પર આવેલી ટપાલ અકબંધ જ પડી હતી.'

'પણ એણે એકાદ પત્ર વાંચ્યો હોય ને પછી બાળી નાખ્યો હોય એવું ન બને?'

'ના, એની અમને ખાતરી છે.'

'તો તો પછી ખરેખર આશ્ચર્યકારક જ ગણાય.' પોર્ટલ બોલ્યો.

'હા; અને પિસ્તોલનો અવાજ સાંભળી અમે ઉપર દોડી ગયા ને ત્યાંનો બિહામણો દેખાવ જોઈ ડઘાઈ જ ગયા.'

'પછી તમે ફોન કરીને પોલીસને ખબર આપી હશે?' ક્વીને પૂછ્યું.

'ત્યારે અહીં ફોન તો નહોતો; પણ સારે નસીબે ઘરમાં જ અહીંનો એક પોલીસ હાજર હતો. કેપલનો કૂતરો બરફમાં ખૂંપી ગએલો તે કોઈએ એને પોલીસ-ચોકીએ પહોંચાડેલો. પોલીસ કૂતરાને ઓળખતો હતો એટલે એ એને આપવા આવેલો. મને લાગે છે કે ગોળીબાર થયો એ અગાઉ એકાદ મિનિટ પહેલાં જ એ અહીં પહોંચેલો, એટલે અમારે પોલીસ માટે તો દોડવું પડેલું નહિ.'

'ત્યારે યે આ ડિસેમ્બર મહિનો જ હતો, ખરું ને?'

'આપણને તારીખ કેમ યાદ નહિ રહેતી હોય?'

'મને લાગે છે કે દુનિયાની સૌથી અઘરી બાબત એ જ છે.' ક્વીને કહ્યું: 'હા, એ તારીખ સાથે અન્ય કોઈ અગત્યનો બનાવ બન્યો હોય, જેમ કે કોઈનું ખૂન—હત્યા, તો યાદ રહી જાય.'

'અરે હા, યાદ આવ્યું.' કૉનવે બોલી ઊઠયા, ને પછી ઈવશામ તરફ જોઈ કહ્યું: 'કેમ, કેપલે તે દિવસે ઍપલટનના મોતની વાત નહોતી કરી?'

'પણ ઍપલટન મર્યાને તો થોડો સમય થઈ ગએલો.'

'ખરું, પણ કેપલ ઍપલટનને ઓળખતો હતો. એણે જ આપણને કહેલું ને કે ઍપલટન મરી ગયો એ અગાઉ એક અઠવાડિયું એની જોડે રહ્યો હતો. એક વાર એણે એ પણ કહેલું કે ઍપલટન બહુ ચીડિયા સ્વભાવનો ને મહા ચિંગુસ હતો. એની યુવાન સુંદર પત્ની માટે તો એ ત્રાસ રૂપ બની ગએલો.'

'હા, હા; યાદ આવ્યું. જુઓને એ વખતે ત્રણ ચાર દિવસ પહેલાં મેં છાપામાં વાંચેલું કે ઍપલટનના મોતનું ખરું કારણ તપાસવા પોલીસે એના શબને કબરમાંથી પાછું બહાર કાઢયું હતું.'

'કેવું સામાન્ય છતાં વિચિત્ર!' ક્વીન બોલ્યા: 'તંગ પરિસ્થિતિ વચ્ચે યે આપણું મગજ, કેવીકેવી બાબતોની યાદ વર્ષો સુધી સંઘરી રાખે છે!'

'હા જ તો; જુઓને મિ. ક્વીન,' કૉનવે બોલ્યા: 'હજી યે મને યાદ છે કે હું કેપલની રૂમમાં ઊભો હતો. સામે જ એ મરેલો પડયો હતો. બારીમાંથી ઝાંપા પાસેનું બીચ વૃક્ષ અને પડી રહેલો બરફ હજી યે મારી નજર સામે તરવરે છે!' સેટર્થવેઇટે કંઈક વિચિત્ર રોમાંચ અનુભવ્યો. એને લાગ્યું કે મિ. ક્વીન આ બધી વાતચીત દ્વારા સૌને કોઈક નિશ્ચિત બાબત પ્રતિ દોરી રહ્યા છે.

ઈ. ૧૯૭૫ના સપ્ટેમ્બર થી ૧૯૭૬ના ઑગસ્ટ સુધીના 'કુમાર'ના અંકોમાં પ્રકટ થએલા લેખો પૈકી 'ભારતીય સંસ્કારપરંપરાને પોષક અને જીવન-ઘડતરમાં સહાયક' થાય તેવા શ્રેષ્ઠ લેખ માટે

શ્રી સોમાભાઈ ભાવસાર (હરિઃ ૐ આશ્રમ નડિયાદ) તરફથી

તેમની પુત્રી દીપ્તિના સ્મરણાર્થે વર્ષોવર્ષ અપાતું રૂ. ૫૧/–નું

દીપ્તિ-સ્મૃતિ-પારિતોષિક

આપવાનું આ વર્ષે પણ ચાલુ રહે છે.

ત્યાં ઈવિશામ બોલ્યો: 'મને યાદ છે કે ઍપલટનનો કેસ બહુ ચકચારભર્યો હતો. જો કે એના મોત અંગેના આરોપમાંથી એની યુવાન પત્ની તો નિર્દોષ છૂટી ગઈ હતી, પણ એની સુંદરતાએ ઘણા લોકોનું ધ્યાન દોર્યું હતું.' સેટર્થવેઈટની આંખો અજાણપણે જ ઉપર છુપાએલી આકૃતિ ભણી ફરી વળી. પણ એ જ વખતે ઍલેક્સના હાથમાંથી વ્હિસ્કીની બાટલી પડી જતાં એમનું ધ્યાન ત્યાં દોરાયું.

'ઓહ! આઈ ઍમ સૉરી!'

'કંઈ વાંધો નહિ.' ઈવશામ બોલ્યો: 'અરે હા, આના પરથી મને યાદ આવ્યું. ઍપલટનના મોતના બનાવમાં એની પત્નીએ પણ દારૂનો બાટલો ફોડી નાખ્યાનો એક મુદ્દો ઊભો થયો હતો.'

'હા, એ ચિંગુસને રોજ રાતે એક ગ્લાસ વ્હિસ્કી પીવાની ટેવ હતી. એના મરણ પછી બીજે જ દિવસે સવારે નોકરે જોએલું કે મિસિસ ઍપલટને એ વ્હિસ્કીનો બાટલો ફોડી નાખ્યો હતો. પતિ સાથે એને મનમેળ નહોતો એ સૌકોઈ જાણતું હતું. સ્વાભાવિક જ સૌને લાગ્યું કે ઍપલટનના મોત પાછળ એનો કંઈ હાથ હશે. એ બાટલો ફોડી નાખવાથી એના પ્રત્યેની શંકા ઘેરી બનેલી. પોલીસ તપાસમાં જણાએલું કે એ ઝેરથી મરી ગએલો. બનતાં સુધી આર્સેનિક–સોમલથી જ એનું મોત થએલું.'

'ના, મારા ખયાલ પ્રમાણે આર્સેનિક નહિ પણ સ્ટ્રિકનીન અપાયું હતું. એ તો જે હોય તે, પણ એક જ વ્યક્તિ એ કરી શકે તેમ હતી, અને એ એની પત્ની. પણ પૂરતા પુરાવાના અભાવે એ છૂટી ગઈ. પછી તો સાંભળેલું કે એ કૅનેડા ચાલી ગએલી ને પછી ઑસ્ટ્રેલિયા. ત્યાં એના કોઈ કાકા રહેતા હતા. અને બીજું કરે ય શું?' સેટર્થવેઈટની નજર ત્યારે ઍલેક્સ પોર્ટલ પર જ મંડાએલી હતી. એમને લાગ્યું કે ઍલેક્સ પોતાના હાથમાંનો ગ્લાસ પ્રયત્નપૂર્વક પકડી રહ્યો હતો.

'હા, પણ એમાં ડેરેક કેપલે શા માટે આપઘાત કર્યો એ સમજાયું નહિ. તમને કંઈ સમજાય છે મિ. ક્વીન?'

ક્વીનના મોં પર વિચિત્ર હાસ્ય ફેલાઈ રહ્યું. સેટર્થવેઈટને એમાં મજાક અને ઉદાસીનતાનો ભાવ પણ લાગ્યો. બીજા સૌ પણ એ જ જોઈ રહ્યા હતા. ત્યાં એણે કહ્યું: 'તમે સૌ હજી ભૂતકાળમાં જ જીવો છો. પણ મને હકીકત સ્પષ્ટ દેખાય છે.' 'સ્પષ્ટ? એટલે?'

[વાચકો, તમે કહી શકશો કે મિ. ક્વીને આ બધી વાતચીત પરથી કેપલના આપઘાતનું કયું કારણ તાર્યું હશે? તમારા અનુમાનને મિ. ક્વીનના તારણ સાથે સરખાવવા હવે આગળ પૃ. ૪૨૨ પર વાંચો.]

સરદાર વલ્લભભાઈ પટેલનાં જીવન-સોપાન

ભારતની સ્વાતંત્ર્યસાધનામાં ગાંધીજી પછીના અગ્રણીઓમાં અગ્રણી ને સ્વાતંત્ર્ય પછી પોતાના અસાધારણ નિશ્ચયબળ તથા ઝડપી કાર્યશક્તિ દ્વારા નૂતન ભારતની આશ્ચર્યકારી કાયાપલટ કરી દઈ તેને અખંડ રૂપ આપનાર દેશના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના જન્મની શતાબ્દીના આ વર્ષમાં એમના જીવન-વિકાસનાં આ સોપાનો પર એક નજર નાખીએ.

• ખેડા જિલ્લાના કરમસદ ગામમાં ઝવેરભાઈ પટેલને ત્યાં, ઇ. ૧૮૭૫ના ઑક્ટોબરની ૩૧મીએ જન્મ. (આ તારીખ એમના નિશાળના રજિસ્ટર અનુસારની છે; એમની ચોક્સ જન્મતિથિ કોઈને યાદ નથી.)

• બચપણ મોસાળમાં—નડિયાદમાં ગાળી, કરમસદ, પેટલાદ, વડોદરા, નડિયાદ વગેરે સ્થળે ભણી નડિયાદ હાઈસ્કૂલમાંથી મૅટ્રિક થયા.

• આર્થિક પરિસ્થિતિને કારણે કૉલેજનું શિક્ષણ ન લેતાં ડિસ્ટ્રિક્ટ પ્લીડરની પરીક્ષા આપી, ગોધરામાં ઈ. ૧૯૦૦ના અરસામાં વકીલાત શરૂ કરી ને ત્યાંથી બોરસદ, આણંદ, એમ ઈ. ૧૯૧૦ સુધીની વકીલાતમાં એ નાના જિલ્લામાં પણ ઊજળી નામના મેળવી.

• દરમિયાન કરમસદ પાસેના ગણા નામના ગામમાં ઝવેરબા સાથે લગ્ન. ઈ. ૧૯૦૫માં પુત્ર ડાહ્યાભાઇનો જન્મ. તે પછી પુત્રી મણિબેનનો જન્મ. ૧૯૦૮માં ટચૂમરના ઑપરેશન પછી મુંબાઈની કામા ઑસ્પિટલમાં ઝવેરબાનું મૃત્યુ.

• એક દસકાની વકીલાતમાં જરૂરી પૈસા કમાઈ લઈ બાળપણની મહત્ત્વાકાંક્ષા સિદ્ધ કરવા બૅરિસ્ટરના અભ્યાસ માટે ઈંગ્લૅન્ડ ગયા. ત્યાં પહેલા વર્ગમાં પહેલે નંબરે પાસ થઈ ઊંચું માન અને ઈનામ પામ્યા. પોતાનું ધ્યેય સિદ્ધ થતાં બીજે જ દિવસે સ્ટીમર પકડી ૧૯૧૩ની ૧૩મી ફેબ્રુઆરીએ મુંબાઈના કિનારે ઊતર્યા.

• ઈ. ૧૯૧૪ની શરૂઆતથી અમદાવાદમાં બૅરિસ્ટર તરીકે કારકિર્દી શરૂ કરી.

• અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં ચૂંટાઈ આવીને ઈ. ૧૯૧૫માં જાહેર જીવનમાં પ્રવેશ કર્યો. ઈ. ૧૯૧૭માં પ્લેગની મહામારીમાં લોકો અમદાવાદ શહેરની બહાર ઝૂંપડાંમાં જઈ વસ્યા ત્યારે પોતે, સૅનિટરી કમિટીના ચૅરમૅન હોઈ, ગામમાં જ રહીને શહેર-સફાઈના કામ ઉપર જાતે દેખરેખ રાખી, પોતાની નિષ્ઠા અને પરિશ્રમનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી સૌના પ્રેમ અને માનના ભાજન થયા.

• આ જ અરસામાં અમદાવાદની 'ગુજરાત સભા'ના સભ્ય તરીકે રાજકીય ક્ષેત્રમાં પણ પ્રવેશ કર્યો અને ઈ. ૧૯૧૬માં લખનૌ કૉંગ્રેસમાં ગુજરાતના પ્રતિનિધિ તરીકે ગયા.

• એ જ વર્ષે ગાંધીજીએ અમદાવાદમાં પોતાનું થાણું નાખતાં એમના પરિચયમાં આવ્યા ને એમની ધ્યેય-સચ્ચાઈવાળી અભિનવ કાર્યપદ્ધતિમાં એમને પણ શ્રદ્ધા પ્રકટી.

• ઈ. ૧૯૧૭માં ગોધરાની પહેલી ગુજરાત રાજકીય પરિષદમાં પ્રમુખ ગાંધીજીના તેઓ મંત્રી થયા, ને ખેડા-સત્યાગ્રહમાં તેમની સાથે અગ્ર ભાગ લીધો. આ પછી તેઓ ગાંધીજીની પ્રવૃત્તિઓમાં અખંડ સાથ દેતા આવ્યા.

• ઈ. ૧૯૨૧માં અમદાવાદ કૉંગ્રેસના સ્વાગત પ્રમુખ તરીકે, એ વિરાટ સંમેલનના અતિ સમર્થ અને સફળ સંચાલન દ્વારા અમણે પોતાની અજોડ વ્યવસ્થાશક્તિનો પુરાવો આપ્યો.

• ઈ. ૧૯૨૨માં બોરસદ સત્યાગ્રહના અગ્રણી થઈ ને અને ૧૯૨૩માં નાગપુર ઝંડા-સત્યાગ્રહની નેતાગરી લઈ ને બંને લડતમાં વિજય મેળવ્યો.

• ઈ. ૧૯૨૪થી '૨૮નાં પાંચ વર્ષ અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે અસહકારકાળની સરકાર સામેની મ્યુનિ.ની કપરી લડતના મુશ્કેલ સમયમાં કુનેહ અને હિંમત તથા ખબરદારીથી કામ લઈ ને મ્યુનિ.ના વહીવટની અને શહેરની શિકલ ફેરવી નાખી ને હિંદભરમાંથી પ્રશંસા મેળવી.

• ઈ. ૧૯૨૭માં અતિવૃષ્ટિને કારણે ગુજરાતમાં જળપ્રલયનું કારમું સંકટ આવ્યું તેમાં ખુદ સરકારને પણ દિશા નહોતી સૂઝતી ત્યારે પોતાની અદ્ભુત વ્યવસ્થાશક્તિ અને અનવરત પરિશ્રમથી ગામડે ગામડે ઘૂમીને સ્વયંસેવકો દ્વારા રાહતની એવી તો અખંડ સાંકળ રચી કે જેમાં એમની કાર્યદક્ષતા અને કરકસરથી હેરત પામેલી સરકારને દુષ્કાળફંડમાં એક કરોડ રૂપિયા કાઢી આપવા પડ્યા.

• ઈ. ૧૯૨૮માં બારડોલી લડતમાં સરકારની નાગચૂડ સામે સરદારી લઈ ને એમણે અણનમ લડત ચલાવી ને અંતે સરકારને નમાવી. એમના એ ઝળહળતા વિજયે 'સરદાર'ના બિરુદ વડે ગુજરાત અને હિંદભરની પ્રજાએ વધાવી લીધા.

• ઈ. ૧૯૩૦માં ગાંધીજીની ઐતિહાસિક દાંડીકૂચની પૂર્વતૈયારી રૂપે તેઓ ખેડા જિલ્લામાં પ્રજાને જાગ્રત કરી રહ્યા હતા, ત્યાં રાસ મુકામે એમની ધરપકડ કરીને સરકારે ૩ માસની જેલ આપી. પછીના ૧૧ માસમાં ત્રણ વાર ફરીફરીને એમની ધરપકડ થઈ. →



વજ્ર-પુષ્પ વલ્લભભાઇ

(વ્યસ્ત હરિગીત)

ગુજરાતમાં ચારુતરે—
કસદાર કાચા સ્વર્ણ શી જ્યાં છે ધરા
ત્યાં એક એવું વજ્રકેરું પુષ્પ ખીલ્યું
જે કદી યે કાળકેરી ઝાળથી કરમાય ના.

આપના વ્યક્તિત્વમાં સરદાર હે!
કેવાં વિરલ તત્ત્વોતણું અસ્તિત્વ સોહ્યું એકસાથે!
પુષ્પશું કોમળ હૃદય ને વજ્રશી સંકલ્પશક્તિ
એકસાથે ભક્ત ને યોદ્ધાતણી કેવી યુતિ!
રુદ્રતા ને રમ્યતા કેવી પરસ્પરમાં ભળી!
આંધીતણું તુફાન ને વરસી રહેલી વાદળી!
ક્યારેક દાવાનળ સમા, ક્યારે વળી લીલીધરો!
વાચાળ એવા—લક્ષ્યવેધી તીર જેવા;
મૌન એવું—ટાંકણું લેતાં પહેલાં
કોક શિલ્પીની ભીતર આકાર લેતા મહેલ જેવું.
આંખો હતી એવી અનોખી—
કોક અવધૂત ખાખીની જાણે ચલમ!
એકસાથે આપમાં જોવા મળ્યો
આગ ને પાણીતણો અદ્ભુત ઇલમ!

કર્મણ્યતા કપરી અને ચાણક્યબુદ્ધિના સુયોગે
એક ને અવિભાજ્ય ભારતનું કરી નિર્માણ આપે
આખરી વિદાય લીધી!
એક આછી અંજલિ પીધી ન પીધી
ને છલોછલ પ્યાલી અમૃતની અમોને ભેટ દીધી!

બાલમુકુન્દ દવે

- ગાંધી-અર્વિન કરાર બાદ ઈ. ૧૯૩૧માં ભરાએલી કરાચી કૉંગ્રેસના પ્રમુખ તરીકે તેમની વરણી થઈ.
- વિવિધ લડતોને કારણે ઈ. ૧૯૩૨ થી '૩૪ સુધી સરકારે એમને જેલમાં જ રાખ્યા.
- ઈ. ૧૯૩૭માં કૉંગ્રેસી વહીવટ તળેના પ્રાંતોને દોરવણી આપનારી પાર્લૅમેન્ટરી બોર્ડના તેઓ પ્રમુખ ચૂંટાયા અને ત્યારથી જ, એક રીતે, દેશ આખાના વહીવટનું સુકાન એમને સોંપાયું.
- ઈ. ૧૯૪૦માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ફરી પકડાયા, પણ '૪૧માં તબિયતને કારણે સરકારે એમને છોડી મૂકયા.
- ઈ. ૧૯૪૨ની ૮મી ઑગસ્ટે થએલી સામુદાયિક ધરપકડમાં બધા નેતાઓ સાથે એમને પણ પકડીને અહમદનગરના કિલ્લામાં નજરકેદ કર્યા, જ્યાંથી ૧૯૪૫માં છૂટયા.
- એ પછીની વાટાઘાટોને પરિણામે ૧૯૪૭માં દેશ સ્વતંત્ર થતાં ભારત સરકારના ગૃહસચિવ અને નાયબ વડા પ્રધાન થયા, જે પદેથી દેશી રાજ્યોને વિલીન કરીને અખંડ ભારતનું નિર્માણ કર્યું અને આંતરિક તથા બાહ્ય ભયો સામે દેશનું રક્ષણ કરીને તેના સંગઠનના સાચા શિલ્પી બની ગયા.
- ઈ. ૧૯૫૦ના ડિસેમ્બરની ૧૫મીએ નવરાષ્ટ્રના આ મહાન નિર્માતાનું અવસાન થયું.

અનુસંધાન] **મિ. કેપલના આપઘાતનો ખુલાસો** [પૃ. ૪૨૦થી

મિ. ક્વીને બોલવા માંડયું: 'જુઓ, તમે સૌ મિત્રો સાથે જમવા બેઠા ત્યાંથી આપણે જોઈએ. ડેરેકે બહુ આનંદથી તમને પોતાના વિવાહની વાત કરી. ત્યાં બેલ વાગ્યો. એણે ઊઠીને બેત્રણ દિવસે આવેલી ટપાલ અને છાપાં લીધાં. છાપાં પર નજર ફેરવતાં એણે વાંચ્યું હશે કે ત્રણેક દિવસ પહેલાં મિ. ઍપલટનના શબને કબરમાંથી બહાર કાઢી પોલીસે તપાસ કરી હતી. એ વાંચીને કેપલ ઉપર ગયો. પોતાના રૂમની બારીમાંથી એણે સ્વાભાવિક જ બહાર નજર નાખી હશે, અને ત્યાંથી પેલા બીચ વૃક્ષ પાસેના ઝાંપા પાસે એને જે દેખાયું તે જોઈને જ એણે આપઘાત કર્યો હશે.'

'ઝાંપા પાસે? ત્યાં એવું તે શું હોઈ શકે?'

'યાદ કરો મિત્રો, કેપલે પેલા પોલીસને જ જોયો હશે. તમે કહેલું ને કે પિસ્તોલનો અવાજ સંભળાયો એ અગાઉ એક-દોઢ મિનિટ પહેલાં જ એ અહીં આવેલો. તમે તો જાણ્યું કે એ કેપલનો કૂતરો આપવા આવ્યો હતો; પણ કેપલને એની જાણ નહોતી. એ કંઈ જુદું જ સમજ્યો હશે અને એથી ગભરાઈને એણે આપઘાત કર્યો હશે.'

સૌ એ સાંભળી રહ્યા. પછી ઈવશામ બોલ્યો: 'પણ મિ. ક્વીન, ઍપલટન મર્યો ત્યારે કેપલ ત્યાં કયાં હતો? એ વખતે તો તેઓ પતિ-પત્ની બે જ જણ હતાં.'

'ખરું, પણ એ અગાઉ એ ઍપલટનની સાથે રહેલો એ યાદ છે? અને સ્ટ્રિક્નીન એમ સહેલાઈથી દારૂમાં નથી ઓગળી જતું, એને વાર લાગે છે.' મિ. ક્વીને ફોડ પાડયો.

'પણ પેલીએ બાટલો કેમ ફોડી નાખ્યો?' ઍલેક્સે મિ. ક્વીનને જ પૂછ્યું. અને પહેલી વાર મિ. ક્વીને સેટર્થવેઈટને પૂછ્યું: 'તમે શું ધારો છો મિ. સેટર્થવેઈટ?'

હવે સેટર્થવેઈટ માત્ર નાટકના પ્રેક્ષક ન રહ્યા. એમને ભાગે પણ બોલવાનું આવ્યું. એમણે કહ્યું: 'મને લાગે છે કે મિસિસ ઍપલટનને મિ. ડેરેક માટે સુંવાળી લાગણી હશે, પણ એ સારી સ્ત્રી હશે એમ હું માનું છું. એટલે જ એણે ડેરેકને પોતાને ત્યાં વધુ ન રોકતાં પાછો વાળ્યો હશે. ખરી પરિસ્થિતિ તો કદાચ એને યે જ્યારે ઍપલટન મરી ગયો ત્યારે જ સમજાઈ હશે. જેને માટે એને કૂળી લાગણી હતી એને બચાવી લેવા એણે મોતનું કારણ દર્શાવવા પુરાવા રૂપ વ્હિસ્કીનો બાટલો ફોડી નાખ્યો હશે. સંભવ છે કે થોડા સમય પછી કેપલ એને પોતાની સાથે લગ્ન કરવા સમજાવી શકયો હશે અને કદાચ પોતે ઍપલટનને ઝેર આપ્યું છે એવી કોઈ શંકા એની પત્નીના મનમાં હોય તો એ દૂર પણ કરી હશે. પેલી સ્ત્રીએ પરણવાની કદાચ હા પણ પાડી હશે, પણ છતાં એણે કદાચ થોડો વધુ સમય રાહ જોવા વિચાર્યું હશે. મને લાગે છે કે સ્ત્રીસહજ અંત:પ્રેરણાથી એની શંકા નિર્મૂળ ન પણ થઈ હોય. ખેર, એની 'હા' થી યે કેપલ તો ખુશખુશાલ હતો જ. અને એટલે જ એણે નામ જણાવ્યા વિના તમને સૌને પોતાના ભાવિ લગ્નની વાત કરી હશે.'

એ જ વખતે સૌએ એક લાંબો શ્વાસ સાંભળ્યો. ઈવશામ બોલી ઊઠયો: 'ઓહ ગૉડ! એ શું થયું?' પણ સેટર્થવેઈટે કહ્યું નહિ કે એ ઈલિનોર પોર્ટલ હતી.

મિ. ક્વીન જાણે કે નિરાંત અનુભવી હસ્યા અને બોલ્યા: 'અચ્છા સજ્જનો, આપ સૌનો આભાર. મારી ગાડી તૈયાર થઈ ગઈ હશે. હું આપની રજા લઉં.' સૌ એની સામે તાકી રહ્યા. જતાં જતાં એણે ઉમેર્યું: 'એ ખરી વાત છે કે કેપલ પેલી સ્ત્રીને બહુ જ ચાહતો હતો. એના પરના ઍપલટનના ત્રાસથી ઉગારવા એણે ચાલાકીથી એના પતિનું કાસળ તો કાઢી નાખ્યું, પણ તે દિવસે પેલો કૂતરો આપવા આવેલા પોલીસને જોઈ એણે પોતાનો ગુનો પકડાઈ ગયાની કલ્પના કરી હશે, અને એના ગભરાટમાં એણે આપઘાત કર્યો હશે. એ તો છૂટી ગયો, પણ પેલી સ્ત્રીને મુસીબતમાં મૂકતો ગયો.' 'પણ એ તો છૂટી ગઈ હતી.'


'હા, પણ પુરાવાના અભાવે. હું તો માનું છું કે બીચારી હજી એના ભારથી રહેંસાતી હશે. અચ્છા, ગુડબાય. મિ. સેટર્થવેઈટ, તમને નાટક ગમે છે ખરુંને?' અને સેટર્થવેઈટ કંઈ સમજે એ પહેલાં એ બહાર નીકળી ગયો.

મિ. સેટર્થવેઈટ જ્યારે સૂવા માટે ઉપર ગયા ત્યારે ઝરૂખામાંથી જોયું કે પેલી ઉપર ઊભેલી નારી આકૃતિ મિ. ક્વીનને મળીને પાછી આવી રહી હતી. હવે એનું રૂપ નવલું જ હતું. સુખી શમણાંમાં રાચતી હોય એમ એનાં પગલાં ઉત્સાહથી ઊપડી રહ્યાં હતાં.

થોડી વાર પછી ઍલેક્સ પણ ઉપર આવ્યો હશે. સેટર્થવેઈટના કાન પર એનો અવાજ સંભળાયો: 'ઈલિનોર, મને માફ કર. તેં મને બધું જ સાચું કહ્યું હતું, પણ મને એમાં વિશ્વાસ બેસતો નહોતો...'

મિ. સેટર્થવેઈટ પણ સજ્જન પુરુષ હતા. પતિ-પત્નીની વાત સાંભળવા ન રોકાતાં એમણે રૂમમાં જઈ પથારીમાં લંબાવ્યું. □

[ઍગાથા ક્રિસ્ટીની વાર્તા 'ધ કમિંગ ઑવ મિ. ક્વીન'નું રૂપાંતર]



દક્ષિણ ભારતનાં
ભીંતચિત્રો
[૧]

કાંચીપુરમ્-
નાં ભીંતચિત્રો

લેખક-આલેખક : વાસુદેવ સ્માર્ત

દક્ષિણ ભારત દેવમંદિરોથી ભરેલું છે. વિશાળ ક્ષેત્ર પર રચાએલાં આ મંદિરોની ભવ્યતા, તેનાં ઉત્તુંગ ગોપુરમ ને એનાં અનુપમ શિલ્પ-સ્થાપત્ય વિસ્મય પમાડે એવાં છે. એ બધાંના હજારો સ્તંભો સુંદર શિલ્પોથી વિભૂષિત છે; એની છતો અને ભીંતો ચિત્રોથી અલંકૃત છે. એનાં ગર્ભગૃહોમાંની પ્રભાવક દેવમૂર્તિઓને પ્રદક્ષિણા-પથમાંની દેવ-દેવીઓ રાજરાજવીઓ ને ધર્માચાર્યોની ભાવવાહી પ્રતિમાઓ આ મંદિરોમાં વૈકુંઠ કે ઈન્દ્રપુરીનો ખયાલ રચી રહે છે. કાષ્ઠકામના અદ્ભુત નમૂના સમા ઊંચા રથો તથા દેવ અને વાહનો કલાનાં શ્રેષ્ઠ ઉદાહરણ પૂરાં પાડે છે. ગર્ભગૃહોની દીપિકાઓ ને દીપમાળો આ દેવસ્થાનોના વાતાવરણમાં સજીવતા આરોપે છે. આમ, અઢળક સમૃદ્ધિથી ભરપૂર આ દેવપ્રાસાદો થોડા સમય માટે એક જુદી જ દુનિયામાં આપણને મૂકી દે છે. સંસ્કૃત સ્તોત્રોનો ગુંજારવ, ત્રિપુંડ-તિલક ને ભસ્મધારી તથા લાંબી શિખા અને ભવ્ય લલાટવાળા ભૂદેવો વર્ષો-પુરાણી ભારતીય સંસ્કૃતિને અહીં જીવંત રાખી રહ્યા છે. ભારતનો ભવ્ય ભૂતકાળ અમુક અંશે અહીં હજી યે મૂર્ત રૂપે જોવા મળે છે. ધર્માશ્રયે અને રાજ્યાશ્રયે આ મંદિરોનાં નિર્માણ થયાં હતાં. નગરીઓનું એ કેન્દ્ર હતાં. અહીં લોકજીવનથી માંડીને સ્વર્ગની દેવલીલા સુધીના પ્રસંગો શિલ્પોમાં તેમ જ ચિત્રોમાં ઢાળેલા છે. ભાવિક ભક્તોને માટે આ દેવાલયો જેમ તીર્થધામો છે તેમ કલાકારો માટે ભાવવિભોર કરી દે એવાં યાત્રાસ્થળો છે.

દ્રવિડી સંસ્કૃતિના મુખ્ય કેન્દ્ર તામિલનાડના પ્રવાસ દરમિયાન મેં જોએલાં થોડાં મંદિરોની કલાનો પરિચય અહીં આપવા પ્રેરિત થયો છું. આમ તો ત્યાં ગામડે ગામડે સુવિશાળ મંદિરો છે, પણ સમય અને શક્તિની મર્યાદાને વશ થઈ ઘણું જતું કરવું પડયું છે. અને અહીં તો ખાસ કરીને થોડાં પણ મુખ્ય મંદિરોની ભીંત પર સર્જાએલી રૂપકળા વિષે માહિતી અને રેખાંકનો આપવા વિચાર્યું છે. સાથોસાથ શિલ્પ-સમૃદ્ધિનાં થોડાં રેખાંકનો આપવાં અસ્થાને નહિ ગણાય.


મદ્રાસથી લગભગ ૭૬ કિ. મી. દૂર દક્ષિણે વેગવતી નદીના તીરે વસેલું કાંચીપુરમ્— એટલે કે 'સુવર્ણનગર' ટૂંકમાં કાંચી નામે પણ ઓળખાય છે. અંગ્રેજો એને 'કાંજીવરમ' કહેતા. આજે તો એ એક નાના ગામ રૂપે બચી રહ્યું છે અને આ તરફ આવતા પ્રવાસીઓમાંના ઘણા તો અહીંની સદીઓથી વિખ્યાત રેશમી સાડી ખરીદવા જ એની મુલાકાત લે છે. પણ સદીઓ સુધી જાહોજલાલ રહેલા આ નામશેષ નગરનો ભૂતકાળ ભવ્ય હતો. આજે ભૂતકાલીન અવશેષો અને લોકહૃદયમાં વસી રહેલા ધાર્મિક આદરમાં એ ટકી રહ્યું છે.





પલ્લવ રાજાએ ઈ. ૬૭૪માં કાંચીપુરમમાં બંધાવેલા 'કૈલાસનાથ મંદિર'-ની એક ભીંત પરનું શિવ-પાર્વતી અને ગણેશનું લલિત આલેખન. નીચે દેવવાહનો મયૂર અને હાથી તથા કિન્નરો. સામેના પૃષ્ઠ પર જૈનકાંચી તિરૂપરૂતિકુન્રમના મંદિરનાં ૧૭મી સદીની નાયક શૈલીનાં ભીંતચિત્રોનાં રેખાંકનો. (મથાળેથી) કૃષ્ણજન્મ અને એને નંદઘેર પહોંચાડયાનો પ્રસંગ તથા કૃષ્ણની બાળલીલા. તેની નીચે ઋષભદેવની પ્રથમ ચર્યામાં રાજા એને માનપૂર્વક ભેટ ધરે છે તે અને અન્ય પ્રસંગો.

એક સમયે દક્ષિણ દેશના મહાબલવાન અને સાર્વભૌમ પલ્લવ રાજવંશનું આ પાટનગર હતું. શંકરાચાર્ય અને રામાનુજ સમા હિંદુ ધર્માચાર્યોની આ કર્મભૂમિ. હિંદુ તત્ત્વજ્ઞાનની મહાશાખાઓ અહીં પાંગરી. તેજસ્વી મેધાવાન કૌટિલ્યની આ જન્મભૂમિ. દક્ષિણ હિંદની રાજસત્તાઓનું કેન્દ્ર અને ધર્મ તથા સંસ્કૃતિની નાડ રૂપ બની સત્તા અને સમૃદ્ધિની છોળો ઉડાડતું આ એક મહિમાવાન મહાનગર હતું. દક્ષિણનું એ કાશી ગણાય છે. ભારતની સાત મોક્ષદાયી નગરીઓમાં એની ગણના છે. કાશી અને કાંચીને ભગવાન શંકરની બે આંખ ગણી છે. કાંચીમાં કામાક્ષી અને કાશીમાં વિશાલાક્ષી આજે યે વિદ્યમાન છે.

કાંચીની સ્થાપના ક્યારે થઈ એ તો નિશ્ચિત નથી, પણ ઈસ્વીસન પૂર્વેના સૈકાઓથી એવી મહત્તા ગવાતી રહી છે. ભગવાન બુદ્ધ પણ અહીં આવી ગયાના અને સમ્રાટ અશોકનું ધર્મચક્ર અહીં પણ ફર્યાના ઉલ્લેખો છે. ચીની યાત્રીઓ ફાહિયાન ને હ્યુએનસંગ પણ અહીં આવી ગયા હતા. ઉત્તર ભારતના મહાન જ્યોતિષાચાર્ય વરાહમિહિરે પણ આ નગરની મહત્તા નોંધી છે. દક્ષિણ ભારતમાં બૌદ્ધ સંસ્કૃતિનું આરંભથી







જ આ કેન્દ્ર હતું. છેક લંકાથી બૌદ્ધ ભિખ્ખુઓ અહીં અભ્યાસ માટે આવતા. વિખ્યાત બૌદ્ધ વિદ્વાન તત્ત્વાચાર્ય ધર્મપાલની તો આ જન્મભૂમિ. બૌદ્ધ ધર્મની મહાયાન શાખાનો અહીંથી જ પ્રારંભ થએલો.

અને આ બૌદ્ધ ધર્મછાયાને વિખેરતો બ્રાહ્મણધર્મ પણ અહીં પુનર્જાગ્રતિ પામ્યો હતો. ઈ. સ.ની ત્રીજીથી નવમી સદી સુધી કાંચી પલ્લવોની રાજધાની હતું. ઉત્તરમાં કૃષ્ણા નદીથી લઈને દક્ષિણમાં કાવેરી સુધી આ રાજવંશની આણ ફરકતી. કાંચીની જાહોજલાલી તે સમયે ટોચે પહોંચેલી. અહીંનું વૈકુંઠ પેરુમલનું વૈષ્ણવમંદિર ને કૈલાસનાથનું શિવમંદિર પલ્લવ રાજાઓએ બંધાવેલાં છે. પલ્લવોએ કિલ્લા, ખાઈઓ ને રાજમાર્ગો સાથે કલાનાં તીર્થધામ સમાં આવાં ભવ્ય મંદિરોનું પણ નિર્માણ કર્યું. એમનો એક રાજા મહેન્દ્ર વર્મન પહેલો મહાવિદ્વાન, સાહિત્યરસિક, નાટકોનો લેખક, વિલક્ષણ ને વિચક્ષણ હતો, દક્ષિણ ભારતનાં શિલામંદિરો (Tock-cut temples) એ એની દેણગી છે.

જૈન ધર્મનો પણ અહીં ઊંડો પ્રભાવ હતો. કાંચીની બાજુમાં જ 'તિરુપરુતિકુન્રમ' (જૈન કાંચી)નાં જૈન મંદિરો ખ્યાત છે. તેમાંનું સુંદર શિલ્પ-સ્થાપત્ય ને અંદરનાં ચિત્રો પલ્લવો પછી રાષ્ટ્રકૂટો ને ચોળ રાજ્યશાસન દરમિયાનનાં હોવાનો ઉલ્લેખ મળ્યો છે. પોતાનાં પરાક્રમો વડે ચોળ પ્રતિભાએ પલ્લવોના પ્રતાપને પણ ઝાંખો પાડી દીધો હતો. ચૌદમી-સોળમી સદી દરમિયાન વિજયનગરના રાજાઓએ પણ આ જૈન મંદિરને જમીન અને રોકડ રકમ આપ્યાના લેખો મળ્યા છે.

પણ વિવિધ ધર્મપ્રભાવ તળે યે કાંચીની આગવી ધાર્મિક પ્રતિભા ટકી રહી. બ્રાહ્મણધર્મ અહીં ફરી પૂર્ણ પાંગર્યો, શૈવ અને વૈષ્ણવોના ઝઘડા પણ થયા અને એમાંથી 'શિવકાંચી' અને 'વિષ્ણુકાંચી' એમ બે ભાગ પડયા. આ બંને પક્ષનાં સુંદરતમ મંદિરોની શિલ્પસમૃદ્ધિથી કાંચીપુરમ અલંકૃત છે. અહીંનાં મંદિરોમાં વરદરાજનું વૈષ્ણવ મંદિર અને કૈલાસનાથ તથા એકામ્બરનાથ અને કામાક્ષીઅમ્મા (પાર્વતી)-નાં શૈવ મંદિરો શ્રેષ્ઠ છે. આમાં યે વરદરાજના મંદિરના શિલ્પખચિત શતસ્તંભ વસંતમંડપનું તો અનોખું આકર્ષણ છે.

પલ્લવ રાજા રાજસિંહે સાતમી સદીના અંત અને આઠમીની શરૂઆતમાં કાંચીથી થોડે દૂર લાલ રેતિયા પથ્થરનું કૈલાસનાથ મંદિર બંધાવેલું. આ મંદિરના નિર્માણમાં તેની કલાનુરાગી પત્ની રંગપટ્ટાની પ્રેરણા અને સહકાર હતો. મંદિરની ચારે કોર ફરતી ઓસરીમાં મૂર્તિઓની આસપાસની ભીંતો પર ક્ષત વિક્ષત ચિત્રોનાં રેખાંકનો આજે યે જોવા મળે છે; એ જોતાં પલ્લવ સમયની ઉત્કૃષ્ટ ચિત્રકળાની ઝાંખી થાય છે. આજે તો આ મહાન પરંપરા નષ્ટપ્રાય: દશામાં છે.

કૈલાસનાથ મંદિરનાં ચિત્રો રાજસિંહના સમયના કલાકારોએ કરેલાં છે. સિત્તનવાસલ ગુફામંદિરનાં ચિત્રોની નોંધ લેનાર Jouveau Dubreuilએ આ કૈલાસનાથ મંદિરનાં ચિત્રોની શોધ પણ કરી હતી. અહીંનાં ચિત્રોમાં અજંતાની છાયા વરતાય છે. ભાવલાવણ્યથી ભરપૂર આકૃતિઓ એની ભાવભંગિઓમાં આભૂષણોથી અલંકૃત છે, અહીંનું શિલ્પ પલ્લવ સમયનું ઉત્કૃષ્ટ શિલ્પ છે. આમાં યે સોમસ્કંદનું ચિત્ર છે. પ્રદક્ષિણા-પથની ભીંતો પર છૂટાંછવાયાં ચિત્રો તદ્દન ભગ્નાવસ્થામાં છે. રેખાઓ અને રંગો ઝાંખાં પડી ગએલાં છતાં એમાંની મુખમુદ્રાઓ અને હસ્તમુદ્રાઓ, આભૂષણો અને વસ્ત્રપરિધાનની સજ્જા તથા દેહલાવણ્ય પલ્લવ કળાનો આછો ખયાલ આપે છે.

વિષ્ણુકાંચી : કાંચીનું મુખ્ય આકર્ષણ વરદરાજનું મંદિર છે. રત્નજડિત શંખ-ચક્ર-ગદા-પદ્મ-ધારી ચતુર્ભુજ વરદરાજની અહીંની ભવ્ય મૂર્તિ સુવર્ણ અલંકારોથી વિભૂષિત છે. વિજયનગરના રાજાઓએ મંદિરના પૂર્વ ને પશ્ચિમનાં ગોપુરમો બંધાવ્યાં હતાં, જે સ્થાપત્યકળાના અદ્ભુત નમૂના છે. મંદિરને ફરતી પાંચ પરસાળો છે. એમાંની પહેલી પરસાળમાં ૧૬મી સદીમાં વિજયનગરના રાજાઓએ શત-સ્તંભ-મંડિત વિશાળ મંડપ બંધાવ્યો હતો. એના બધા જ સ્તંભો ઉપરથી નીચે સુધી સુંદર કોતરણીથી ભરેલા છે. પૌરાણિક પ્રસંગોથી કંડારાએલા આ સ્તંભો પર નૃત્યાંગનાઓની અંગભંગિઓનું વૈવિધ્ય સવિશેષ જોવા મળે છે. વિજયનગરની કળા અને શિલ્પનું આ સમૃદ્ધ સંગ્રહસ્થાન છે. મહાવિષ્ણુના ગર્ભગૃહની આસપાસની બહારની ભીંત પર ચિત્રો ચિત્રિત થએલાં છે. આ ચિત્રો ઘણાં જ ઝાંખાં અને નષ્ટપ્રાય: દશામાં છે. ક્યાંક ક્યાંક રેખાંકનો અને રંગો પરથી કલાની ઉત્કૃષ્ટતાનો ખ્યાલ આવે છે.

શિવકાંચી (એકાંબરનાથ)નું મંદિર: ભગવાન પિનાકપાણિનું આ મંદિર શૈવ સંપ્રદાયનું વિખ્યાત મંદિર છે. અહીં ભગવાન શંકરનું પૃથ્વીલિંગ પુજાય છે. કથા છે કે શિવ અને પાર્વતી ચોપાટ રમતાં હતાં. એમને કાંઈ વાંધો પડતાં ભગવાન આશુતોષે ગિરિજાને શાપ આપ્યો: 'તું કુરૂપા થઈ જા!' પાર્વતીએ કામાખ્યા નદીને કાંઠે એક આમ્ર વૃક્ષની નીચે બેસી ઘોર તપ કરીને પોતાનું રૂપ પાછું મેળવ્યું તથા આંજી નાખે એવી આંખો પ્રાપ્ત કરી. એના પરથી એનું 'કામાક્ષી' નામ પડયું. પાર્વતીએ આમ્રવૃક્ષની નીચે ભગવાન શંકરને પ્રસન્ન કર્યા, પ્રાપ્ત કર્યા હતા એ પરથી આ મંદિરનું નામ 'એક-આમ્ર-નાથ' પડયું. આ મંદિરનાં સોનું અને ચાંદી જડેલાં દેવ-વાહનો ખાસ ધ્યાન ખેંચે એવાં છે.


તિરુપરુતિકુન્રમ્ : વેગવતી નદીને દક્ષિણ કિનારે કાંચીથી લગભગ ૧૨ માઈલ દૂર આ એક નાનકડું ગામ છે. એ જૈન કાંચીને નામે જાણીતું છે. આ મંદિર દિગમ્બર પંથીઓનું છે. અહીં દિગમ્બર પંથનો અધિકાર હતો પરંતુ રાજ્ય અને જનતાનો આશ્રય ન મળતાં એની ચડતી બહુ ન થઈ. આજે થોડાક પણ ચુસ્ત અનુયાયીઓથી આ પંથ રક્ષાએલો છે.


આ મંદિરની પરસાળની છતમાં ભગવાન મહાવીર તથા અન્ય તીર્થંકરોના જીવનપ્રસંગો ઉપરાંત રામાયણ, મહાભારત ને ભાગવતનાં ચિત્રો છે જે સારા પ્રમાણમાં સુરક્ષિત છે. ગર્ભગૃહમાં જૈન તીર્થંકરો તેમજ તાંત્રિક યંત્રો છે. છતમાંની થોડી ભાતો સિત્તનવાસલની ચિત્રભાતોને મળતી આવે છે. આ ચિત્રો શ્રીલંકાના સિંહગિરિ (સિગીરિયા)નાં ચિત્રોને મળતાં આવે છે. આકૃતિઓમાં અજંતાની છાયા પણ લાગે છે.






વર્ધમાનના જન્મ તથા જીવનનાં ચિત્રો વિજયાનગરનાં ચિત્રોનો પૂર્વકાળ દર્શાવે છે. (૧૪મી સદી) અહીંનાં બીજાં ચિત્રો પછીના સમયનાં છે. થોડાં ૧૬મી અને ૧૭મી સદીના નાયક સમયનાં છે. વૃષભદેવ અને નેમીનાથના જીવન પ્રસંગો તથા કૃષ્ણની જીવનલીલાનાં ચિત્રો હરોળબદ્ધ તેમજ બહુ ઝીણવટથી ચીતરેલાં છે તથા નીચે તમિળ ભાષામાં પ્રસંગોની સમજ પણ આપી છે. આ પ્રકારનું લખાણ એક શિરસ્તો પડી ગયો હતો જે ચિદમ્બરમ્ તેમજ તીરૂવલૂરમાં પણ જોવા મળે છે.

ભાગવતનાં ચિત્રોમાં વસુદેવ તરત જન્મેલા બાળક કૃષ્ણને દેવકી પાસેથી લઈ યમુના પાર કરતા અને નંદગોપાલને બાળક સોંપતા બતાવવામાં આવ્યા છે. કૃષ્ણની બાળ-લીલા, દૈત્યોનું મર્દન, સકટ, ધેનુક આદિ ગોપ ગોપીઓ અને ગાયોનાં સુંદર વૃંદો વગેરે સરળ અને સહજ શૈલીમાં ચિત્રિત છે. સોળમી ને સત્તરમી સદીના નાયક કાળનાં આ ચિત્રો મનાય છે. ઈજિપ્તની ચિત્રકલા જેવું લાંબી તકતીઓમાં ચિત્રસંયોજન, સરળ ઊભી મનુષ્યાકૃતિઓ અને સુદૃઢ રેખાંકન, રંગોમાં સફેદ, કાળો, ગેરુ, ટેરાવટે, મટોડી વગેરેની વપરાશ છે. એ આ ચિત્રોની લાક્ષણિકતા છે. આ જ રીતે ઋષભદેવ તેમજ વર્ધમાનના જીવન-પ્રસંગો આ ચિત્ર તખતીઓમાં વિશેષ આકર્ષક લાગે છે. એની સંયોજના ધ્યાન ખેંચે એવી છે. ઊંચાં તથા સાદાં વૃક્ષો, સરળ છતાં સુડોળ આકૃતિઓ, ઓછું છતાં સુંદર અલંકરણ વગેરે એની વિશેષતા છે.


આમ ભારતના મુખ્ય ધર્મસંપ્રદાયોનો સમન્વય ચિત્ર અને શિલ્પમાં દક્ષિણના કાશી કાંચીપુરમનાં મંદિરોમાં જોવા મળે છે. વળી જુદાજુદા રાજ્યશાસકોના સમયની જુદીજુદી શૈલી અને પરંપરાનો પણ અહીં સુભગ મેળ દેખાય છે. □













'કુમાર' અંક ૬૧૪માં જેની નોંધ પ્રકટ થઈ છે એ, ચીમનલાલ પેપર કંપની આયોજિત, ભારત સરકારના ટૂરીઝમ વિભાગની આ વર્ષની ડાયરી તથા ચિત્રકાર વાસુદેવ સ્માર્તના 'રૂપસંહિતા'માંથી આ બધીમાંની કેટલીક આકૃતિઓ સાભાર ઉતારી છે.

















રંગોળીની આ ચાર પાનાંઓ ઉપરની વિવિધ આકૃતિઓ લોકહૃદયમાંથી સીધી જ ઊતરી આવેલી છે. આ પાના પર છે એવી કેટલીક ઘડાએલા હાથે કરેલી આકૃતિઓ સિવાયની લગભગ બધી કંઈક અણઘડ લાગશે, પણ એની પાછળની કલ્પનાનું એ સરળતમ સ્વરૂપ છે. એમાં લક્ષ્મીજીનાં પગલાં ને એનું વાહન ઘુવડ છે, સૂરજ ને ચાંદો છે, માનવપાત્ર છે ને ફૂલપાનની ભાત પણ છે. ઈસુ ખ્રિસ્તના વધસ્તંભનો પણ એમાં સમાવેશ છે તેમજ સળંગ એક જ રેખાની આકૃતિઓનું ચાતુર્ય પણ એમાં જોવા મળે છે.



આરોગ્ય આહાર અને ઔષધ અંગે ડૉક્ટર શિવપ્રસાદ ત્રિવેદી (ઠાકર વગા-ઉમરેઠ)ની સલાહ

પ્ર આંખ માટે કેવાં ગૉગલ્સ વાપરવાં સલાહભર્યાં છે?

* સૂર્યપ્રકાશની તીવ્રતા ઘટાડે પણ બધી રંગઝાંય દાખવી શકે એવા ગૉગલ્સ વાપરવાં જોઈએ. ફૅશન ખાતર ગમે તે રંગ અને ઘાટના કાચ યા પ્લાસ્ટિકનાં ચશ્માંથી આંખ અને એની રંગપરખ શક્તિ બગડે છે. ગ્રે રંગના કાચથી બધા રંગ પરખાય છે ને પોલરાઈઝ્ડ કાચથી ચળકાટ ઓછો થાય છે, પણ આ બંને પ્રકારના કાચથી સૂર્યપ્રકાશનું તેજ ગળાતું નથી. સૂર્યતેજનાં અદૃશ્ય અલ્ટ્રાવાયોલેટ અને ઈન્ફ્રારેડ કિરણોને ખાળે એવાં ગૉગલ્સ જોઈએ. વળી, ચહેરા પર ભારરૂપ ન લાગે એવો એનો ઘાટ જોઈએ. આંખની ખરેખર ખેવના હોય તો આંખના નિષ્ણાત દાક્તરની સલાહ લઈને ગૉગલ્સ પસંદ કરવાં.

પ્ર સર્વાઈકલ સ્પૉન્ડિલૉસિસનો કોઈ કાયમી ઉપાય સૂચવશો?

* વય વધવા સાથે કરોડના મણકાઓમાં ઘસારો પડે ત્યારે આ સ્થિતિ પેદા થાય છે. કદીક ઈજા કે મણકાના રોગથી ઘસારાની ક્રિયા ઝડપી બને છે. બે મણકા વચ્ચેની ગાદીમાં સોજો આવી એ પીડાકારી બને છે. આ ક્ષીણકારી ક્રિયા અટકાવવા કોઈ ઉપચાર નથી, પણ વેદના માટે વેદનાહર અને સોજો ઉતારનાર તથા માંસપેશી ઢીલી બનાવનાર ઔષધ રાહત આપી શકે. ગરગડી સાથે જોડેલા પટ્ટામાં ગરદન ગોઠવીને એને તાણવાનો 'સર્વાઈકલ ટ્રૅક્શન' નામક એક ઉપાય પણ અજમાવાય છે. આ સારવાર અનુભવી ફિઝિયોથેરાપિસ્ટ જ આપી શકે છે.

પ્ર તંગ જાંગિયા પહેરવા સલાહભર્યા છે?

* ચુસ્ત જાંગિયા પહેરવાથી સાથળના મૂળમાં ભીનાશવાળી હૂંફાળી પરિસ્થિતિ પેદા થાય છે જેમાં ચેપી જીવાણુઓ વૃદ્ધિ પામે છે. સ્ત્રી કે પુરુષ માટે ચપોચપ ચડ્ડી કે લંગોટ પહેરવા સલાહભર્યા નથી.

પ્ર હર્નિયા એટલે શું અને તે કેમ મટે?

* હર્નિયા એટલે સારણગાંઠ. મોટે ભાગે સાથળના મૂળમાં–વળાના ભાગમાં અને કેટલીક વ્યક્તિને ડૂંટી પાસે પેટમાંનું આંતરડું બહાર ઊપસી આવે તે સારણગાંઠ કહેવાય છે. પેટની દીવાલ નબળી હોય અને બંધકોષ, મળત્યાગ વખતે કરાંઝવાથી, કે એકદમ વજન ઊંચકવાથી આંતરડું આ રીતે બહાર ધસી આવતાં એ ભાગ ઊપસી જાય છે. એને હળવે હાથે દબાવવાથી કે ચત્તા સપાટ સૂઈ જવાથી કવચિત્ આપમેળે એ બેસી જાય છે. પણ જો દબાવવા છતાં આંતરડું પાછું અંદર ન બેસે તો એમાં થતું રુધિરાભિસરણ અટકી પડી મુશ્કેલી પેદા કરે છે. એનો એક માત્ર સચોટ ઉપાય ઑપરેશન છે. 'ટ્રસ' નામે ઓળખાતો એક ખાસ પ્રકારનો ગઠ્ઠાવાળો પટ્ટો પણ વપરાય છે. સારણગાંઠના સ્થાન પર દબાણ રાખી એ આંતરડાને આગળ ધસી આવતું રોકે છે. જો એ માફક આવી જાય તો ચાલતાં, વાંકા વળતાં કે ઊધરસ ખાતાં યે તકલીફ નથી પડતી.

પ્ર આર્ટિરીઓસ્ક્લેરોસિસ અને એથેરોસ્ક્લેરોસિસ શું છે?

* ચેપ, સોજો કે કોલેસ્ટેરોલ એકઠું થવાથી ધમનીઓ ક્ષીણ અને અ–સ્થિતિસ્થાપક બને એ આર્ટિરીઓસ્ક્લેરોસિસ અને ધમનીની અંદર કોલેસ્ટેરોલની કઠણ ગઠ્ઠીઓ એકઠી થાય એ એથેરોસ્ક્લેરોસિસ. એથેરોસ્ક્લેરોસિસની સ્થિતિ મોટે ભાગે મગજ યા હૃદયની મોટી ધમનીમાં પેદા થાય છે. એથેરોસ્ક્લેરોસિસમાં આર્ટિરીઓસ્ક્લેરોસિસનો મુદ્દો સમાઈ જાય છે, પણ આર્ટિરીઓસ્ક્લેરોસિસમાં એથેરોસ્ક્લેરોસિસનો અર્થ નથી જળવાતો. બંને સ્થિતિમાં ધમની દીવાલ સ્થિતિસ્થાપકતા ગુમાવે છે. રક્ત વહેવામાં રુકાવટ આવે છે ને એથી લોહીનું દબાણ વધે છે.

—આપણાં વ્રત-ઉત્સવ—


મહાષ્ટમી

આસો માસના નવરાત્રી મહોત્સવની આઠમ એટલે જ મહાષ્ટમી. શક્તિપૂજાના આ મહાપર્વમાં આઠમ અત્યંત મહત્ત્વની લેખાય છે. પુરાણો પ્રમાણે પૂર્વે દક્ષના યજ્ઞનો ધ્વંસ કરનારી મહાબિભીષણ શક્તિ એક કરોડ જોગણીઓ સાથે પ્રકટ થયાં હતાં. આ જ શક્તિ સર્વસામાન્ય રીતે દુર્ગા નામે ઓળખાય છે. આવી આ શક્તિનાં ત્રણ સ્વરૂપ છે : મહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતી. મહાકાલી એટલે તમોગુણી રૂપ, મહાલક્ષ્મી એટલે રજોગુણી રૂપ, મહાસરસ્વતી એટલે સત્ત્વગુણી રૂપ. દુર્ગાનાં ચંડી, ચામુંડા, કાત્યાયની આદિ નવ રૂપોને લઈને તે નવદુર્ગા તરીકે પણ પૂજાય છે.

એક કથા એવી છે કે દુર્ગ નામક અસુરને આ શક્તિએ સંહારેલો એટલે તે દુર્ગા કહેવાઈ. અસુરોનો નાશ કરનારી આવી કોઈ શક્તિમાન વ્યક્તિને કોઈ પુરાતન કાળે સમાજે પૂજનીય ગણી મહોત્સવની અધિનાયિકા તરીકે સ્થાપી હોય તેવી કલ્પના કાઢી નાખવા જેવી નથી. પછીથી સંભવ છે કે મનુષ્યમાત્રને સ્થૂળ સૂક્ષ્મરૂપે સતાવી રહેલી આસુરી શક્તિઓ સામે વિજય મેળવવા આવી દૈવી શક્તિની પૂજા પ્રતીકાત્મક રીતે આરંભી દીધી હોય. એ ગમે તે હો. પરન્તુ મનુષ્યની આ જીવન માટેની સંરક્ષણાત્મક વૃત્તિનું આ ઝંખનાપર્વ છે એ તો નક્કી જ.

દેવીપુરાણ પ્રમાણે આ દિવસે મનોવૃત્તિને નિર્મળ બનાવવા ઉપવાસ કરી શક્તિની પૂજા કરવામાં આવે છે. તાંત્રિક યુગમાં આ દેવીપૂજાના પર્વે પશુબલિ અને નરબલિનો પણ પ્રયોગ ઉમેરાએલો. આ અષ્ટમી જો સાતમથી યુક્ત હોય તો તે ના કરવી જોઈએ એવું પુરાણોનું સૂચન છે, કેમ કે તે સંપત્તિનો નાશ કરનારી નીવડે છે. આથી ઊલટું જો આ અષ્ટમી નવમીથી યુક્ત હોય તો સર્વ વાતે શુભ ફલદાયિની હોઈ ઈષ્ટ છે. સૂર્યોદય સમયે જો થોડી પણ આઠમ પહોંચતી હોય અને પછી આખો દિવસ નવમીથી યુક્ત હોય તો તેવી આઠમનું વ્રત કરવું ઈષ્ટ ગણાય છે, પણ સાતમના વેધવાળી આઠમ તો હમેશાં ત્યાજ્ય જ ગણવી. આમ છતાંય, નોમથી યુક્ત કે શુદ્ધ અષ્ટમી મળતી જ ન હોય તો સપ્તમીયુક્ત આઠમનું વ્રત નાછૂટકે લઈ શકાય. આવા દિવસે જેને ત્યાં પુત્ર–સંતતિ હોય તેણે ઉપવાસ કરવો ન જોઈએ; બલ્કે સપ્તશતીનો પાઠ કરીને જ મહાશક્તિને સંતુષ્ટ કરવાં જોઈએ.

આમ, આ પર્વને દુર્ગાની પૂજા નિમિત્તે દુર્ગાષ્ટમી પણ કહે છે. આજે તો આ દિવસે યજ્ઞો કરાય છે, ગરબા–ગરબી ગવાય છે, ધામધૂમથી મહાશક્તિનો મહિમા થાય છે. પણ સાથે સાથે આધુનિક સંસ્કૃતિની ભેટ જેવાં લાઉડસ્પીકરો જ્યારે ચલચિત્રોનાં અપ્રસ્તુત ગીતોનો ધોધ વહેવડાવતાં હોય છે ત્યારે આવા ઊજળા પર્વનાં અર્ચન–ઉપાસનાની કેવી વિડંબના થાય છે તેનો ખયાલ રહે તો આસુરી શક્તિના દમનના આ પર્વોત્સવે આસુરી મનોવૃત્તિના પ્રકટીકરણથી બચી શકાય, ભદ્રોપાસનાના આ વ્રતપર્વે અભદ્ર વાસનાનાં વરવાં પ્રદર્શનોથી દૂર રહી શકાય!



△ ઝિબ્રા. એક જ નેગેટિવની અવળી-સવળી ને નાની મોટી તથા કેવળ શ્વેત અને તદ્દન કાળી છાપ લેવાની ચાતુરી; (જમણી બાજુ) ભાઈબહેન.



ફોટો-કલાકાર
સુરેન્દ્ર પટેલ

આ સાથેનાં ફોટો-ચિત્રોના સર્જક સુરેન્દ્ર પટેલને, ફોટોગ્રાફીમાં રસ ધરાવતા અને અવારનવાર મોટાં ફોટો પ્રદર્શનો જોતા રહેનારા ઘણા લોકો જાણતા હશે, પણ એમનો વધુ પરિચય પામનાર બીજા પણ ઘણા એમને એક શાંત, સહૃદય અને થઈ શકે તે બધી બાબતમાં સહાયરૂપ બનવા તૈયાર એવા એક સજ્જન આદમી તરીકે પણ ઓળખે છે.

બિનઉપયોગી ઉધામા કર્યા વિના પ્રાપ્ય એ સાધનસામગ્રીનો ઉપયોગ કરીને કંઈક નવુંનવું કર્યા કરવાની એમની વૃત્તિ વિશેષત: ફોટોગ્રાફીમાં ફાલી છે, એટલે તેઓ એ ક્ષેત્રે વધુ ખ્યાત થયા એ ખરું, પરંતુ બીજી બાબતોમાં પણ એમનો ઉત્સાહ સક્રિય રહેતો હોઈ તેઓ અનેક રીતે અનેક જણને ઉપયોગી બની રહે છે.


અમદાવાદમાં ઈ. ૧૯૨૭માં આ ઑક્ટોબર માસની આઠમી તારીખે એમનો જન્મ. વિદ્યાર્થી અવસ્થાથી જ એમને ફોટોગ્રાફીનું આકર્ષણ હતું, પણ ઈ. ૧૯૫૧થી એમણે હૈયાઉકલતથી જેમ સૂઝે એમ ફોટોગ્રાફી પર હાથ અજમાવવા માંડયો અને સ્વાનુભવના આધારે ઉત્તરોત્તર એમાં વિકાસ સાધવા માંડયો. ઈ. ૧૯૫૫માં ભાગીદારીમાં એક સ્ટૂડિયો શરૂ કર્યો. ઈ. ૧૯૬૪ સુધી એ ચલાવ્યો ને પછી અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના મ્યૂઝિયમ (સંસ્કાર કેન્દ્ર)માં તક મળતાં ત્યાં ફોટોગ્રાફર તરીકે જોડાઈ ગયા અને હાલ પણ એ જ કાર્ય સંભાળે છે. દરમિયાન ઈ. ૧૯૬૬માં એમણે AFIAPનો ઑનર્સ મેળવ્યો. વળી 'ફેડરેશન ઑવ ઈન્ટરનેશનલ આર્ટ ફોટોગ્રાફિક'ના તેઓ 'આર્ટસ્ટ એફ. આઈ. એ. પી.' પણ છે.


ફોટોગ્રાફીમાં ઝંપલાવ્યું ત્યારથી જ તેઓ અનેકવિધ ફોટો-પ્રદર્શનોમાં પણ ભાગ લેવા લાગેલા. એમાં ઈનામો પણ મેળવ્યાં, જેમાંથી 'શેલી કૉમ્પિટિશન'નું, રાજ્યકક્ષાના લલિતકલાનાં વાર્ષિક પ્રદર્શનોનાં, અને અન્ય અખિલ ભારતીય તથા આંતરરાષ્ટ્રીય પ્રદર્શનોનાં કેટલાંક ઈનામો એમના ફોટોકૌશલને બિરદાવનારાં છે. અમદાવાદના ફોટોકલાકારોના જાણીતા 'નિહારિકા' મંડળની સાથે તેઓ વર્ષોથી


(અનુસંધાન પૃષ્ઠ ૪૨૯ ઉપર)

નીચે : સુરેન્દ્ર પટેલ (હાઇ કૉન્ટ્રાસ્ટ પ્રિન્ટ). વચ્ચે : 'મન-તરંગ'. સ્ત્રીના નેગેટિવ પ્રિન્ટ ઉપર વલયાકાર રેખાનું ઉમેરણ. જમણી બાજુ : બારી–મૂળ બેત્રણ નેગેટિવને વિવિધરીતે વાપરીને બનાવેલું સુંદર ચિત્રસંયોજન. ડાર્કરૂમ ટેકનિકના ત્રણ નમૂના.


















‘આનંદિત ત્રિપુટી’ (મથાળે) અને ‘નૃત્યાંગના’. પહેલું, ચિત્રવસ્તુ મળતાં જ દાબેલી કૅમેરાની ચાંપનું પરિણામ છે; તો બીજું, યોજનાપૂર્વક એક જ નેગેટિવ પર ત્રણ વખત લીધેલા ફોટોનું. જમણી બાજુ ઉપરથી: ‘યમુનાતટ પર તાજમહાલ’ અને ‘પ્રભાતનાં કિરણો’, વહેલી સવારે સામા પ્રકાશમાં લીધેલાં બે ફોટોચિત્રો. નીચે: ‘રાહદારીઓ’–નેગેટિવ પ્રિન્ટ દ્વારા ઉપજાવેલી અસરકારકતા. જમણી બાજુ: ‘ફોટોગ્રાફિક પૅટર્ન’– એક જ નેગેટિવની આછી ઘેરી છાપ વડે ઉપજાવેલી ભાતીગળ અસર.





અનુસંધાન] **કલાવાર્તા** [પૃ. ૪૧૭થી જોડાએલા રહ્યા છે અને એના મંત્રી છે. 'નિહારિકા' મંડળનાં ચિત્રોનાં અવારનવાર એમણે વિવિધ મથાળે પ્રદર્શનો યોજ્યાં છે. અને '૫૮-થી 'ફેડરેશન ઑાવ ઇંડિયન ફોટોગ્રાફી'ના આજીવન સભ્ય તથા નવી દિલ્હીના 'ફોટો આર્ટ ગ્રુપ'ના સભ્ય પણ છે. 'ફેડરેશન ઑાવ ઇન્ડિયન ફોટોગ્રાફી' તથા 'અમદાવાદ ફોટોગ્રાફર્સ એસોસીએશન'માં કાર્યવાહક સભ્ય તરીકે પણ વર્ષો સુધી કામ કર્યું છે.

ફોટોગ્રાફીમાં ખાસ કરીને ચિત્રાત્મક સર્જનમાં વધુ રસ છે અને તેમાં યે સામા પ્રકાશે ફોટોગ્રાફી કરવાના પક્ષપાતી છે. ડાર્કરૂમ ટેકનિકમાં પણ અવનવા પ્રયોગો કરવા એમને ગમે છે. રંગીન ફોટોગ્રાફી પર પણ એમણે સારું પ્રભુત્વ મેળવ્યું છે. 'ફેડરેશન ઑાવ ઇંડિયન ફોટોગ્રાફી'ના કલર ડિવિઝનનું છેલ્લાં અગિયાર વર્ષથી તેઓ મંત્રીપદ સંભાળે છે. રંગીન સ્લાઈડ હરીફાઈ તથા ફોટો-પ્રદર્શનોમાં નિર્ણાયક પણ રહ્યા છે. પરદેશમાં ભારતથી મોકલાએલાં ઉત્તમોત્તમ રંગીન ફોટોચિત્રો તરીકે પણ એમની કૃતિઓ સ્થાન પામી છે.

ફોટોગ્રાફીને તેઓ અભિવ્યક્તિનું વાહન ગણે છે. અવનવા વાતાવરણ ને વિષય દ્વારા કંઈક નવી જ રજૂઆત કરવી એમને ગમે; પણ આડેધડ કૅમેરાની ચાંપ દબાવ્યા કરવાને બદલે યોજના ને વિચારપૂર્વક ફોટો લેવામાં તેઓ માને છે.

બદ્રીનારાયણ, અમરનાથ, ગંગોત્રી, જમનોત્રી, કૈલાસ વગેરે સ્થળોની સંખ્યાબંધ ફોટોસ્લાઇડ્સ સાથે એમણે એનો પરિચય આપતી પ્રવાસકથા તૈયાર કરેલી છે. ફોટોગ્રાફી ઉપરાંત બધી રમતગમતોનો ને શાસ્ત્રીય સંગીત સાંભળવાનો પણ એમને શોખ છે. પણ ફોટોગ્રાફીની સેવા માટે તો તેઓ હરદમ તૈયાર હોઈ ગમે તેને ગમે ત્યારે પોતાનાથી આપી શકાય તે સહાય, માર્ગદર્શન અને સલાહ માટે તો પોતાનું અંગત કામ બાજુએ મૂકી દેવા જેટલી તત્પરતા તેમનામાં છે. □

મહાશક્તિ : આ અંકના પૂઠા પરનું ચિત્ર

રાજસ્થાનના 'કાલીયંત્ર' પરથી નિરૂપેલા મહાકાલી–મહાશક્તિના સ્વરૂપને શવ પર આસિત કરી એની, આજુબાજુ વિવિધ તાંત્રિક સંજ્ઞાઓનાં સૂચક આલેખનો સંયોજી, સર્વમંગલકારી એક મહાશક્તિને સાંકેતિક સ્વરૂપે ચિત્રિત કરવાનો આ પ્રયાસ છે. શવ સમાન મૃત શક્તિને પુનઃ ચેતનવંતુ શિવ સ્વરૂપ આપનાર પરમ શક્તિને સપ્રયોજન કેન્દ્રમાં રાખી, તેના ઉપર સર્વ યંત્રોમાં શ્રેષ્ઠ શ્રીયંત્રને, બંને બાજુ ચંદ્ર–સૂર્યને, ગણપતિ અને બ્રહ્મ સ્વરૂપના દ્યોતક સહસ્રદલને, પ્રણવબીજ ને હ્રીઁ બીજાક્ષરો સાથે મંગળ કળશને, શિવ-શક્તિના ઐક્ય તથા જ્ઞાન અને સર્જનના પ્રતીક બે ત્રિકોણથી રચાતા ષટ્કોણને, તેની નીચે સર્જક શક્તિના દ્યોતક ત્રિકોણને તથા સુષુપ્ત ને જાગ્રત કુંડલિનીના આકારોને મૂકી ચિત્રકારે આ સમગ્ર સંજ્ઞાઓને, પશ્ચાદ્ભૂમાં વિધવિધ ભાતથી યુક્ત સંખ્યાબંધ ચોરસના 'મંડલ'માં સાંકળી લઈને સર્વ શક્તિઓના એકયને પોતાની કલાચાતુરી વડે પ્રભાવક બનાવ્યું છે. અલબત્ત, અસલ ચિત્રની આ તો એકરંગી છાપ જ છે, છતાં એમાંની દૃષ્ટિમધુર ભાતીગળ સુંદર સંયોજના ચિત્રનો અચ્છો ખયાલ આપી રહે છે. અસલ તાંત્રિક આકાર-આકૃતિઓના વિનિયોગથી વિશેષ આ ચિત્રને અને તાંત્રિકતાને કંઈ સંબંધ નથી, પણ આ બધી સંજ્ઞાત્મક આકૃતિઓનો ગર્ભિત અર્થ ઓછોવત્તો સૌને પરિચિત હોઈ આ ચિત્ર દ્વારા મહાશક્તિના પ્રતાપે પ્રકટતી સર્વ મંગલની ભાવના સૌ કોઈ સમજી શકે તેટલી સ્પષ્ટ છે.

ભારતના બધા મુખ્ય ધર્મોમાં વામમાર્ગ રૂપે પ્રકટેલી શાક્ત ઉપાસનાના તત્ત્વવિચારો સાથે જે સાંકેતિક કલાસ્વરૂપો પણ પ્રકટ થયાં અને પ્રસર્યાં તેનો પ્રભાવ આજે પણ અનેક રૂપે ટકી રહ્યો છે. તંત્રમાર્ગમાં વિકસેલાં સાંકેતિક યંત્રોની ભૌમિતિક આકૃતિઓ, મંત્રોના જીવરૂપ બીજાક્ષરો ને શ્લોક-સૂત્રો, અર્થગર્ભ રંગો તથા લિંગ-યોનિની સંજ્ઞાઓનો ઉપલક પરિચય પામીને યોજેલાં સંજ્ઞાત્મક આકાર આકૃતિઓ એ આજનાં 'તાંત્રિક' ચિત્રોનો મૂળ મસાલો છે. પણ શક્તિના બદલે 'સ્ત્રી'ની અને બલના બદલે 'કામ'ની આરાધના થઈ રહી હોય એવાં ચિત્રો સવિશેષ જોવા મળે છે. વર્તમાન સમાજ કે વ્યક્તિગત માનસનું એ પ્રતિબિંબ પણ હોઈ શકે. આંખને એ આકર્ષતું હશે, પણ કલા અંગેની ભારતીય ભાવના સાથે એ સુસંગત નથી લાગતું. પણ ચિત્રકાર વાસુદેવ સ્માર્તે સંકલિત કરેલાં સંજ્ઞાત્મક આલેખનોની સુંદર સંયોજના એમના આ ચિત્રમાં જોવા મળે છે. એની ભાવના અને ભારતીયતા સ્પષ્ટ છે અને એટલે આ ચિત્રને સરળતાથી માણી શકાય છે. □

ગયા અંકના પૂઠા પરનું શિલ્પ

'વૃષભ' એ જ અંકમાં જેનો પરિચય આપ્યો છે તે 'કૉન્ટેમ્પરરી આર્ટ ગૅલેરી'નો એક સ્થાયી નમૂનો છે અને તેના સર્જક શ્રી 'પીરાજી' નહિ પણ 'પુરાજી' સાગરા છે.



સૂર્યકિરણની ટશર ફૂટે એ પહેલાં વહેલી સવારે રંગોળીની શુભ આકૃતિઓ આલેખીને ઘરનો ઉંબર પૂજી દૈનિક કાર્યોનો પ્રારંભ કરતી ભારતીય નારીનું સુભગ દર્શન હજી યે આ દેશના ગ્રામવિસ્તારમાં સહજ છે.

તદ્દન સ્વાભાવિક સરળતાથી એના હાથે એ અવનવા સુંદર આકારો પ્રકટતા જાય છે. કંઈ કેટલીયે પેઢીઓથી એની કલ્પનામાં અંકિત થઈ ચૂકેલા એ વિધવિધ આકારોનો અર્થ કે ઉદ્ભવ કદાચ એ નથી જાણતી, પણ પોતાની માતા પાસેથી મેળવેલી એ કળાને એ પોતાની પુત્રીમાં પણ ઉતારતી જશે એ તો નિશ્ચિત. અનેકાનેક મંગળ સંજ્ઞાઓ અને શુભભાવના આ આકારો સાથે સંકળાએલી છે. એકથી બીજી પેઢીમાં ઊતરતી આ ભાવના ને કલા યુગાનુસાર પ્રભાવને પ્રતિબિંબિત કરવા સાથે સદીઓ વીત્યા છતાં હજી યે જીવતી રહી છે અને રહેશે. દરમિયાન વર્ષો વીતતાં જશે, નવી ફસલ પાકતી જશે, ભર્યાભાદર્યા ઘરમાં ઊછરતાં બાળકો મોટાં થઈને સંસારનો રથ આગળ ખેંચતાં જશે અને ભાગ્યની દેવી લક્ષ્મી એમના કુટુંબ પર, ગામ પર, દેશ પર કૃપા વરસાવતી રહેશે.

આ રંગોળી—રંગવલ્લી—નો આરંભ ક્યાં ક્યારે ને કેવી રીતે થયો એ નિશ્ચિત નથી, પણ એટલું ખરું કે ધર્માનુબંધનમાં ઊગમ પામેલી આ એક આગવી કળા છે. વાત્સ્યાયને 'કામ-

રંગોળીની લોકકળા

સૂત્ર'માં ગણાવેલી ચોસઠ કળાઓમાં આની પણ ગણના કરી છે. ચિત્રકળા કરતાં યે આ શુભ આલેખનોની કળા વધુ પ્રાચીન છે. સમાજના પ્રત્યેક સ્તર સુધી એ વ્યાપ્ત છે. આપણને સૌને પોષતી માતા પૃથ્વી પ્રત્યેની આપણી શ્રદ્ધાભક્તિ તથા એના પ્રત્યેનું આપણું ઋણ અને એ બદલ કૃતજ્ઞતા પ્રકટ કરવાના પ્રયાસ રૂપે આરંભાઇને સમયાનુક્રમે આગવી કળા રૂપે તો એ નહિ વિકસી હોય?

આપણા કોઈ પણ ધાર્મિક કે માંગલિક કાર્યના આરંભમાં જ રંગોળી આવશ્યક. રંગોળી વિનાનું આંગણું અશુભ ગણાય. શુભ કામના અને સૌંદર્યના સાક્ષાત્કારની એક ભાવના પણ એની પાછળ ખરી, એટલે એનાં વિધવિધ આકાર-આકૃતિઓમાં એક યા બીજી રીતે શુભ સંકેતો જ આલેખાય. શંખ, પદ્મ, સ્વસ્તિક, સૂર્ય-ચંદ્ર, માછલી વગેરેની અનેકાનેક આકૃતિઓમાં દેવદેવીનાં પ્રતીકો અને તાંત્રિક સંકેતોવાળા ભૌમિતિક આકારો પણ ખરા. અને આજકાલ તો એમાં આ નવા યુગનાં યે અનેક પ્રતીકો જોવા મળે. આજે તો રંગભભકભર્યા ગાલીચા જેવાં ચિતરામણો ને માત્ર પ્રદર્શનમાં કેવળ સ્પર્ધા માટે જ ચિતરાતાં રંગભૂકાનાં ચિત્રો પણ રંગોળીમાં ખપી જાય છે, (જેવી અવદશા આપણા મૂળ ગરબાની આજે આધુનિકતાના અંચળા નીચે કરવામાં આવે છે!) પણ એનું સરળ સ્વાભાવિક સ્વરૂપ તો લોકસમાજમાં જ જોવા મળે છે. એમાં પણ સ્થળભેદે કેટલીક લાક્ષણિકતા ધ્યાન દોરે છે. રાજસ્થાન, મહારાષ્ટ્ર, દક્ષિણ ભારત, ઉત્તર પ્રદેશ વગેરે પ્રદેશોમાં આકૃતિપ્રધાન અને અમુક પ્રમાણબદ્ધતાવાળી રંગોળી જોવા મળે, જ્યારે પૂર્વ ભારત તરફની રંગોળી લયપ્રધાન હોઈ એમાં ફૂલપાન, વૃક્ષવલ્લરી, પશુપંખી વગેરેના સૂચક ને કલાત્મક આકારોનું આલેખન સવિશેષ- અને એની મોહકતા પણ વિશેષ. બંગાળીમાં એ 'આલ્પના' (અલિપના) નામે ઓળખાય છે. રાજસ્થાનમાં 'માંડણાં' સ્વરૂપે, મધ્ય પ્રદેશમાં 'ચોક પૂરના'ની ક્રિયામાં, ગુજરાતમાં 'સાથિયા પૂરવા'માં આંધ્રમાં 'મુગ્ગૂ' રૂપે તમિળનાડમાં 'કોલમ' નામે, કર્ણાટકમાં 'રંગોળી' ને કેરળમાં 'પૂવિડલ' નામે જાણીતી આ કલા રંગોળીનાં જ વિધવિધ સ્વરૂપ છે.

ઈસ્વી સનના ત્રીજા શતકના ઉલ્લેખોમાં વિવિધ ધાન્યથી રંગોળી રચાતી હોવાનું જણાય છે. સરસ્વતીના મંદિરમાં તેમજ કામદેવ ને શિવની પૂજાના પ્રસંગે વિવિધરંગી પુષ્પો વડે અવનવી આકૃતિની બિછાત પથરાતી. સાતમા શતકના 'વરાંગચરિત'માં પચરંગી (રંગ)ચૂર્ણ, ધાન્ય ને પુષ્પોની રંગોળીના ઉલ્લેખ છે. દશમા શતકના 'નલચંપૂ'માં ઉત્સવ પ્રસંગે ઘર-આંગણે રંગોળી કરવાનો ઉલ્લેખ છે. અગિયારમા શતકના વાદીભસિંહના 'ગદ્યચિંતામણિ'-માં ભોજનસમારંભમાં 'મંગલચૂર્ણરેખા' કરવાનો ઉલ્લેખ છે. હેમચંદ્રે 'દેશીનામમાલા'માં ચોખાના લોટની રંગોળી કરવાની વાત નોંધી છે. બારમી સદીના 'માનસોલ્લાસ'માં 'ધૂલિચિત્ર' અને શ્રીકુમારના 'શિલ્પરત્ન'માં 'ક્ષણિકચિત્ર' તરીકે રંગોળીના ઉલ્લેખ છે. ભાસ્કર ભટ્ટના 'શિશુપાલવધ' કાવ્યમાં 'રંગાવળી' તરીકે રંગોળીને ઓળખાવી છે. આમ, બેએક હજાર વર્ષથી તો આ કલા આપણને પરિચિત છે. હિંદુ, જૈન ને પારસીમાં રંગોળીને અશુભનિવારક માની છે.

રંગોળી માટે ચોખાનો લોટ ને અન્નજકઠોળના દાણાના ઉપયોગ પાછળ કીડી-પંખી જેવા ક્ષુદ્ર જીવે ને નિભાવવાની ભાવના પણ ખરી; પ્રસંગને અનુરૂપ સંકેતો ને શોભનોની દૃષ્ટિ પણ ખરી. તાજી લીંપેલી કે ધોઈને સ્વચ્છ કરેલી ભૂમિ પર ચપટીમાં ચોખાનો લોટ કે રંગ વગેરે લઈ ઝીણી ધારે રંગોળી આલેખવી એ દેખાય છે એટલું સહેલું નથી, પણ સ્ત્રી-સહજ આ કૌશલ હાથે ચડી જતાં બહુ સમય લાગતો નથી. જોકે આજકાલ તો કાગળ કે પતરામાં કોરેલાં તૈયાર બીબાં પણ મળે છે.

મૂળ ચાલ તો ઘરઆંગણમાં, ઉંબર પાસે, યજ્ઞવેદી પર, વરઘોડિયાના લગ્નમંડપમાં, ધાર્મિક વિધિ માટે કરેલા સ્થાપન પર કે નવજાત બાળકના નામકરણ વખતે એના ઘોડિયા પાસે એમ જ્યાં જ્યાં મંગળ ભાવના ને ઉત્સવ-ઉલ્લાસ પ્રકટ કરવાનાં હોય તે બધાં સ્થાને રંગોળી પૂરવાનો છે. આ કળાનાં સહજ-સ્વાભાવિક સ્વરૂપ તો સ્ત્રીના હાથે જ પ્રકટે. એમાં ચડસાચડસી યે ચાલે: નણંદભોજાઈમાં સ્પર્ધા જામે, સાસુને વધુ વહાલી થવા ક્યારેક દેરાણી-જેઠાણી યે હોડમાં ઊતરે અને ઊંડે ઊંડે પેલા વા'લમિયાને રીઝવવાની યે હોંશ તો હશે જ ને? પુરુષ એમાં નિષ્ણાત થઈ શક્તા હશે, પણ શોભે તો એ કંકણખચિત નાજુક હાથમાં જ.

આમ તો ઉંબરામાં કરેલી રંગોળી પર પગલાં પડે એ સ્વાભાવિક, પણ ક્યાંકક્યાંક તો જે ઘરની રંગોળી પર પગલીઓ પડી ન હોય એ ઘરની તો સાધુ ભિક્ષા ય ન લે; કારણ જેના ઘરમાં પગલીનું પાડનારું બાળક ન હોય એ અભાગિયા ઘરની ભિક્ષા પણ અગ્રાહ્ય. આમ રંગોળીના આલેખનમાં અનેકાનેક ભાવના ને શુભ સંકેતો સંકળાએલાં છે, પણ આજે તો એ માત્ર શોભન જ બની રહી છે અને એટલે એના આલેખનમાં શોભનને અનુરૂપ એવાં માધ્યમો ને પ્રયોગો પ્રયોજાય છે. ક્યાંકક્યાંક તો રંગોળી અને ભૂમિચિત્રો વચ્ચે કોઈ તફાવત જ નથી રહ્યો. ભાવના વિનાનાં એ આલેખનો માત્ર કૌશલ-પ્રદર્શન બની રહે એ બરાબર નથા જ. દીવાળી ટાણે કે પ્રસંગોપાત્ત થતું આ ટલદર્શન શુભ ભાવનામય તત્ત્વ તરીકે આપણા રોજિંદા જીવનમાં વણાઈ જવું ઘટે છે. (લોકકલાના આ સ્વરૂપની ઝાંખી કરાવતી કેટલીક આકૃતિઓ અહીં તથા અન્યત્ર આપી છે. હૃદયમાંથી ઊતરી તેમજ એ આલેખાએલી છે. સંસ્કારીને એનો રંગોળી ઉપરાંત પણ અનેક રીતે વિનિયોગ કરી શકાય.)



રસોઈ પણ એક કળા છે. માત્ર વ્યંજન-વૈવિધ્ય જ નહિ, ખાદ્ય પદાર્થોની જાળવણી, પીરસવાની રીત, એકબીજી સાથે સુમેળ સાથેએવી વિવિધ વાનગીઓનાં સંયોજન, ખાદ્યનું પોષણમૂલ્ય, વિવિધ પેય વગેરે અનેક બાબતો રસોઈની કળા સાથે સીધો ને આડકતરો સંબંધ ધરાવે છે. પ્રાદેશિક સંબંધો વિસ્તરતાં હવે તો એકબીજા પ્રાંતની વિશિષ્ટ વાનગીઓનું જ્ઞાન પણ એમાં ઉમેરાયું છે અને આજકાલ તો એકબીજા દેશનાં અવનવાં વ્યંજનોની અજમાયશોનો પણ દુનિયાભરમાં રસ જાગ્યો છે. જો કે હવે મોટા ભાગની ચીજો બજારમાં તૈયાર મળતી થઈ ગઈ છે, પણ 'હૉબી'ના પાછલા બારણેથી અન્ય અનેક બાબતોની જેમ રસોઈકળા પણ જાતે બનાવવાના ક્ષેત્રમાં પુનઃ પેસતી જાય છે.

ભારતની વાનગીઓનું વૈવિધ્ય અને વ્યાપ પણ પ્રાંત અને દેશની સીમાઓ વળોટી ગયો છે. બીજી બાજુ વ્યાવસાયિકક્ષેત્રમાં પુરુષ સમોવડી થવા તલસતી હિંદી નારીની નજર ઘરની દિશામાંથી ફેરવાઈ રહી છે યા તો પેઢી દર પેઢી મળતું આ જ્ઞાન અનેક કારણોસર બહુ ધીરેધીરે ભુલાતું જાય છે. પણ વિવિધ વાનગીઓ અંગે પ્રસરતા રસને કારણે એ અંગેનાં અવનવાં પ્રકાશનો પણ હવે સુલભ થવા લાગ્યાં છે.

'ચાલો રસોડામાં' પણ આવું જ એક બહુ હોંશથી તૈયાર કરેલું પ્રકાશન છે. એમાંનાં ૪૬ જેટલાં વિવિધ પ્રકરણોને અનુરૂપ આઠ પૂર્ણરંગી ચિત્રો, વિવિધ વાનગીનાં સંયોજનનાં સૂચનો, મુખવાસ, માંદા માણસોનો ખોરાક, ઘરવૈદું, માણસ દીઠ વાનગીનું પ્રમાણ ને ખોરાકનાં પોષક મૂલ્યો તથા અન્ય જાણવા જેવી બાબતોનાં બે પરિશિષ્ટો સહિત આ વિસ્તૃત પુસ્તકમાં લગભગ ૧૩૦૦ જેટલી વિધવિધ વાનગીઓ બનાવવાની રીત આપી છે.

આરંભમાં અનાજ કઠોળ વગેરેની જાળવણી, વિવિધ મસાલા અને એના ગુણધર્મો, રસોઈ ઘરમાં જરૂરી સાધનસામગ્રી અને એ અંગે ઉપયોગી માર્ગદર્શન આપીને પછી જમણની કલાત્મક રજૂઆત વિષે પણ સચિત્ર સૂચન કર્યાં છે. રોજિંદા ભોજનમાં ૩૮૧ શાક, ૧૪૧ ફરસાણ, ચટણી, રાયતાં, કચુંબર વગેરે; પંજાબી, દ. ભારતીય, સિંધી, કાશ્મીરી એમ જુદાજુદા પ્રાંતની વિશિષ્ટ વાનગીઓ; અથાણાં પાપડ, વડી, સેવ, સુકવણી વગેરે, ગરમ-ઠંડાં પીણાં, હળવા નાસ્તા, મકાઈની ખાસ વાનગીઓ, આઈસક્રીમ, પુડિંગ, સલાડ, બિસ્કિટ, બ્રેડ, કેક વગેરે વ્યંજનો, વધેલી રસોઈની નવીનવી વાનગીઓ, મુરબ્બા, વાર-તહેવારની વિશિષ્ટ ચીજો ને અનેકવિધ મિષ્ટાન્નોની રીત આમાં આપી છે.

પ્રાસ્તાવિક વિષયનાં ચૌદેક પાનાં પછી 'કુમાર'ના કદનાં ૪૦૦ જેટલાં પાનાંમાં સમા-



વેલા આ વ્યંજન ભંડારની, વિસ્તાર અને ઉત્તમ રજૂઆતના આગ્રહને કારણે બધાં ઘરને કદાચ ન પરવડે એવી ૪૫/-રૂપિયા જેટલી કિંમત રાખવી પડી છે. પણ એક સાથે આટલી સામગ્રી માટે આજના સમયમાં એ કદાચ અનિવાર્ય હશે.

સંપાદક : માલતી દલાલ. પ્રકાશક : લાલજી દેસાઈ, ચેરમૅન : પરાગ કેમિકલ્સ એજન્સીઝ પ્રા. લિમિ., ૧૨૩ મહાત્મા ગાંધી રોડ, મુંબાઈ–૧૦; મુખ્ય વિક્રેતા : એન. એમ. ત્રિપાઠી પ્રા. લિમિ., ૧૬૪ સામળદાસ ગાંધી માર્ગ, મુંબાઈ–૪૦૦ ૦૦૨

ઘીની પરખ

(૧) વાટ ઘીવાળી કરીને સળગાવવી. જો એમાંથી દુર્ગંધ નીકળે તો જાણવું કે એમાં ચરબી ભેળવેલી છે. (૨) થોડું ઘી રકાબીમાં મૂકી તેના પર ડ્રૉપર વડે નાઈટ્રિક ઍસિડનાં એકબે ટીપાં નાખો. જો એનો રંગ ગુલાબી થઈ જાય તો જાણવું કે વેજિટેબલની ભેળસેળ છે. (૩) ઉનાળામાં ઘી નરમ હોય ત્યારે તેમાં રીફાઈન્ડ કપાસિયાનું તેલ ભેળવવામાં આવે છે. એક વાટકા કે છાલિયામાં એવું શંકાસ્પદ ઘી નાખી એ વાસણને બરફ પર મૂકવું. શુદ્ધ ઘી એકસરખું રહેશે ને ભેગ હશે તો પેલું ઘીથી જુદું પડી જશે. (અખંડ આનંદ)

નાયલોનનાં સફેદ મોજાં કે કાપડ વગેરેને રાતભર બોરૅક્સ નાખેલા હૂંફાળા પાણીમાં પલાળી રાખી સવારે ગરમ પાણીમાં સારી પેઠે નિખારીને ધોવાથી વધુ સફેદ અને તાજગીભર્યાં લાગશે.

મેલા પડી ગએલા ફોટોગ્રાફને મેથિલેટેડ સ્પિરિટમાં બોળેલા રૂના પોતા વડે સાફ કરવાથી બગડયા વિના સ્વચ્છ થશે.

ઉજાણીએ જતાં, ગરમીથી બગડી જાય એવા નાસ્તાની બાજુમાં બરફના ટુકડા ભરેલી રબ્બરની હૉટવૉટર બૅગ કે આઈસબૅગ મૂકી રાખવાથી છેક સુધી જળવાઈ રહેશે.

ફળોના મુરબ્બામાં સહેજ સૂંઠ નાખવાથી લાંબા સમય સુધી ટકશે.

કરકસર

બહાર જતી વખતે કે મુસાફરીમાં થોડું પરચૂરણ સાથે રાખવું. એથી ઘણી સગવડ સચવાય છે ને લેવડદેવડમાં ગોટાળો ઓછો થાય છે.

વરાહ-અવતાર એ વૈદિક વાઙમય પ્રમાણે પ્રજાપતિનો, અને પુરાણકાળમાં વિષ્ણુભક્તિના પ્રસાર પછી 'મત્સ્ય' અને 'કૂર્મ' પછીનો વિષ્ણુ ભગવાનનો ત્રીજો દિવ્ય અવતાર મનાય છે. વાયુ રૂપે અંતરીક્ષમાં ભમી રહેલા પ્રજાપતિએ સમુદ્રમાં ગોથાં ખાતી પૃથ્વીને વરાહરૂપ ધારણ કરી બહાર કાઢી ને તેના પર સૃષ્ટિનું નિર્માણ કર્યાની એક કથા છે; તો ભાદ્રપદના શુકલ પક્ષની ત્રીજે વરાહરૂપ ધારણ કરી ભગવાને હિરણ્યાક્ષ રાક્ષસને મારી, એણે પાતાળમાં ગોંધી રાખેલી પૃથ્વીને બહાર આણી શેષનાગના મસ્તક પર સ્થાપિત કર્યાની બીજી પુરાણકથા છે. ગુપ્ત સામ્રાજ્યના કાળમાં વરાહપૂજા ઠીક ઠીક પ્રસરી હતી. ઉદયગિરિ, ઐહોળે, કાંચી વગેરે ઉપરાંત અનેક સ્થળે વરાહાવતારનાં સુંદર શિલ્પ છે. આ અંકમાં આપેલું શિલ્પ ઈલોરાનું છે. બંગાળમાં કોકામુખક્ષેત્ર (નાથપુર), નર્મદાના દક્ષિણ તટ પર તથા કાશ્મીરમાં 'બારામુલા' ખાતેનાં વરાહતીર્થો જાણીતાં છે. નેપાલમાં પણ એક વરાહતીર્થમાં દર કાર્તિકી પૂનમે મેળો ભરાય છે. એક પગ કાચબાની પીઠ પર અને બીજો શેષનાગના મસ્તક પર, એક હાથમાં ઉદ્ધાર કરેલી નીલોત્પલધારી પૃથ્વી અને એક હાથ કમર પર તથા બાકીના બે હાથમાં ગદા અને કમળફૂલ, વિશાળ નરદેહ અને તીક્ષ્ણ દંતૂશળયુક્ત વરાહમુખ એ 'અભિલષિતાર્થ ચિંતામણિ'માં દર્શાવ્યા પ્રમાણે વરાહપ્રતિમાનાં લક્ષણો છે. માનવ-મસ્તક અને વરાહદેહવાળું 'નૃ-વરાહ'; શ્રી દેવી અને ભૂદેવી સહ સિંહાસનારૂઢ 'યજ્ઞ-વરાહ' તથા માત્ર ભૂદેવી સાથેના 'પ્રલય-વરાહ' એવાં વરાહનાં વિવિધ સ્વરૂપો છે. 'વરાહપુરાણ' અને 'કૃષ્ણ યજુર્વેદીય વરાહ ઉપનિષદ' પણ જાણીતાં છે.

શબ્દકથા: 'પળ' · 'પળી' · 'અધોળ'

સંસ્કૃતમાં પલના અર્થ 'વજનનું એક માપ', 'પ્રવાહી પદાર્થો માટેનું એક માપ', 'સમયનું એક માપ', અને 'માંસ' એટલા જાણીતા છે. આમાંથી 'ઘડીનો ૬૦મો ભાગ' કે 'ક્ષણ' એવા અર્થમાં પળ શબ્દ ગુજરાતીમાં જાણીતો છે, જો કે પળ અને ક્ષણ બંને મૂળમાં પુલ્લિંગ છે તેને બદલે આપણે ત્યાં તે સ્ત્રીલિંગમાં વપરાતા થયા છે.

પ્રવાહી પદાર્થના એક માપ તરીકે પલ નિરુક્તમાં નોંધાયો છે, અને ગુજરાતી પળી 'ઘી, તેલ કે દૂધ જેવા પ્રવાહીનું પાશેર (કે તેથી વધતું ઓછું) માપ'; 'તેટલા માપનું લાંબા દાંડાનું માપિયું' એ શબ્દ તેની સાથે સંકળાએલો છે. મરાઠીમાં પળી, હિંદી અને કમાઉનીમાં પલી અને પંજાબીમાં પલા છે.

નવટાંકથી અરધા વજન માટે અધોળ જાણીતો છે. એ સંસ્કૃત અર્ધપલ, પ્રાકૃત અદ્ધવલ દ્વારા આવેલો છે. આમ 'વજનનું અમુક માપ' એ અર્થનો પલ પણ અધોળના ઉત્તરાંશરૂપે ગુજરાતીમાં જળવાયો છે.

જોડણીકોશે તથા ટર્નરે અધોળના મૂળમાં અર્ધતોલ હોવાનું સૂચવ્યું છે, તે 'અધોળ'નો વિવૃત ઓકાર જોતાં બરાબર નથી. વળી કાશ્મીરી અઘવલ—'વજનમાં બે તોલા'–માટે તો ટર્નરે જ અર્ધપલ મૂળ તરીકે આપેલો છે.

હેમચંદ્રે પાંચ માસાની એક રતી, સોળ માસાનો એક કર્ષ, અને ચાર કર્ષનું એક પલ એવું માપ આપેલું છે એ હિસાબે પલ વજન આજના ચાર તોલાથી થોડુંક વધારે થાય, અને અરધું પલ માપ અધોળની (= અઢી તોલાની) નજીક આવે.

દસમી શતાબ્દીમાં પલનું માપ હજી પ્રચારમાં હતું તેનો એક પુરાવો નીચેનું અપભ્રંશ પદ્ય પૂરો પાડે છે:

'દીવડિ તેલ્લુ નાહિ પલુ, દ્રમ્મુ ગવિટ્ઠા,
લાવણ્ણુજ્જલ-અંગુ ધરિ, ઢોલ્લુ પવિટ્ઠા.'

'દીવામાં એક પલ જેટલું પણ તેલ નહોતું, ને તેલ લાવવા માટે હું એક દ્રમ્મ શોધી રહી હતી, ત્યાં તો લાવણ્યથી ઉજ્જ્વળ અંગવાળા પ્રિયતમે જ ઘરમાં પ્રવેશ કર્યો.'

હરિવલ્લભ ભાયાણી

સાહિત્યસંપર્ક

નવા કાવ્યસંગ્રહો

અવલોકન: ધીરુભાઈ પરીખ

સૂર્યોપનિષદ: શ્રી હરીન્દ્ર દવેના આ પાંચમા કાવ્યસંગ્રહમાં છાંદસ–અછાંદસ રચનાઓ સાથે ગીતો–ગઝલો–સૉનેટો પણ જોવા મળે છે. આકાર અને અભિવ્યક્તિ બંનેમાં રૂઢ–અરૂઢનું અહીં સંમિશ્રણ થએલું છે. ગઝલ અને ગીત તો એમના ભાવતા અને ફાવતા પ્રકારો. આ બંને પ્રકારની રચનામાં પ્રણય—દુન્યવી અને દૈવી—ની માધુરી અને કેફ, ને એ જ પ્રણયજન્ય તલસાટ–વિરહ તીવ્રતાથી આલેખાયાં છે. ગઝલોમાં ચોટદારઅભિવ્યક્તિ અને ગીતોમાં કલ્પના તથા ભાવચિત્રોની નજાકત અને નવીનતા આસ્વાદ્યતાનો ઊંચો આંક જાળવી રાખે છે; તો સૉનેટોમાં કસાએલા છંદોની છટા અને ઘૂંટાએલો ભાવવૈભવ પણ એટલો જ આસ્વાદ્ય લાગ્યા વગર રહેશે નહિ. આ ઉપરાંત આ સંગ્રહની અછંદસ રચનાઓ પણ એની મર્યાદાઓને પડછે બાનીની તાજગી, વિષયની આધુનિકતા અને અભિવ્યક્તિની નવીન લઢણોનો આનંદ આપી રહે છે. એકંદરે રૂઢ કાવ્યપ્રકારો કરતાં અછાંદસમાં વધુ મર્યાદાઓ અને ઓછી સિદ્ધિઓ દાખવતી આ રચનાઓ કાવ્યભાવકોને સંતર્પક તો બની જ રહેશે. (પ્રકા. વોરા ઍન્ડ કંપની, ગાંધી રોડ, અમદાવાદ-૧; કા. પૂઠું, પૃ. ૧૦૪, રૂ. ૧૨–૫૦)

નામ લખી દઉં: શ્રી સુરેશ દલાલના અગાઉના સંગ્રહોમાં પ્રકાશિત થએલાં તેમજ તે સિવાયનાં કેટલાંક ગીતોનો એમણે જ કરેલો આ સંચય એક સારા ગીતકવિની સુરેખ મુદ્રા ઊપસાવી જાય છે. વિવિધ લય–ઢાળો અને વિષયોને, પરંપરા તેમજ પ્રયોગ ઉભય રીતે, પ્રયોજતી આ ગીતરચનાઓ એમની ગીતસ્વરૂપ પરની પકડ સૂચવી જાય છે. (પ્રકા. ઉપર મુજબ; પાકું પૂઠું, પૃ. ૨૦૭, રૂ. ૧૧)

વીથિકા: શ્રી ઉશનસના વિવિધ કાવ્યસંગ્રહોમાંથી એમની આગવી કવિમુદ્રાને પ્રગટ કરી રહે તેવી વિવિધ રચનાઓનો શ્રી સુરેશ દલાલે સંપાદિત કરેલો પ્રતિનિધિ કાવ્યસંગ્રહ. (પ્ર. ઉપર મુજબ, કાચું પૂ. ૯૪, રૂ. ૭–૫૦)

ઈતરા: નવીન પ્રવાહોના પ્રયોજક પ્રા. સુરેશ જોષીના આ નાનકડા કાવ્યસંગ્રહની ૧૮ રચનાઓ તેના વિષય, નિરૂપણ, ભાષાશૈલી, ભાવાભિવ્યક્તિ વગેરે દૃષ્ટિએ નવા અભિગમની દ્યોતક હોઈ નિજી વ્યક્તિત્વની છાપ સારી રીતે ઊપસાવી જાય છે. નવાં ભાવપ્રતીકો, સમુચિત અલંકારો, ભાવાનુકૂલ આંતર્લય અને પ્રાસાનુપ્રાસ કાવ્યોર્મિને દૃઢાવી રહે છે. પ્રણય–વિષાદના ભાવોને રસ કોટિ સુધી પહોંચડવાનો સબળ પુરુષાર્થ અહીં અછતો રહેતો નથી સાથે સાથે નાવીન્યની સભાનતા પણ. (બુટાલા પ્રકાશન, નરસિંહજીની પોળ સામે, મહાત્મા ગાંધી રોડ, વડોદરા-૧; કાચું પૂ. ૪૪, ડિલક્સ આવૃત્તિ રૂ. ૧૦; વિદ્યાર્થી આવૃત્તિ રૂ. ૩)

અથવા: શ્રી ગુલામમોહમ્મદ શેખના આ પ્રથમ કાવ્યસંગ્રહમાં છેલ્લા દોઢેક દાયકાની એમની અનેકવિધ રચનાઓ પ્રસ્તુત થએલી છે. એક પ્રયોગકાર તરીકેનું એમનું વલણ એ આ સંગ્રહની આગળ તરી આવતી વિશેષતા છે, તો એ પ્રયોગોને અંતે કાવ્યસિદ્ધિ પ્રાપ્ત કરી શકી હોય તેવી ઓછી કૃતિઓ એ એની મર્યાદા છે. પરન્તુ અભિવ્યક્તિ અને ભાષાશૈલીની નવી લઢણો વાચકોને આકર્ષશે જરૂર. (પ્ર. ઉપર મુજબ; કાચું પૂઠું પૃ. ૮૮; સાદી આવૃત્તિ રૂ. ૧૫, સ્પેશ્યલ આવૃત્તિ રૂ. ૨૫)

લીલો અભાવ: આશાસ્પદ કવિ કરસનદાસ લુહાર 'નિરંકુશ'ના આ પ્રથમ કાવ્યસંગ્રહમાં એમનાં ગીતો, ગઝલો, મુક્તકો અને હાઈકુ સંગૃહીત છે. ગઝલોમાં પરંપરા કરતાં પ્રયોગોનું અનુસરણ એકંદરે સંતોષકારક રીતે થએલું છે. આમ છતાં ભાવની અભિવ્યક્તિ ક્યારેક ક્યારેક સ્વાભાવિકતા છોડી કૃતક બની ગએલી જણાય છે. ગીતોમાં ભાવોની–ઊર્મિની તીવ્રતા સુપેરે પ્રગટ થવા પામી છે. એમાં લય કરતાં ગ્રામ વાતાવરણ અને તળપદાં ભાવચિત્રોમાં કવિની નિજી મુદ્રા સબળતાથી ઊપસે છે. હાઈકુ કરતાં મુક્તકો વધુ સફળ રહ્યાં છે. અહીં રજૂ થએલી કૃતિઓ કવિના ઊજળા ભાવિની આકાંક્ષા જગાડી જાય છે. જો એ પોતે જ પોતાના અનુકરણમાંથી મુક્ત રહે તો (બકુલ પ્રકાશન, નડિયાદ, કાચું, પૃ. ૬૮, રૂ. ૪-૫૦)

ધુમ્મસનું આ નગર: શ્રી મફત ઓઝાનાં ૫૩ કાવ્યોનો આ પ્રથમ સંગ્રહ એમની આગવી મુદ્રા ઊપસાવ્યા વગર પણ અત્રતત્ર કવિત્વના ચમકારાથી ભાવકોને સંતર્પક વાચન પૂરું પાડી

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર ચંપકલાલ મહેતા



બી. એસ. જૉન કોટ્સ

દુનિયાના સાઠ દેશોમાં પ્રસરેલી થીઓસૉફિકલ સોસાએટીના છઠ્ઠા પ્રમુખ. સ્કૉટલૅન્ડમાં પાઇસ્લી મુકામે ઈ. ૧૯૦૬ની ૮મી જુલાઈએ જન્મ. થોડો સમય કૌટુંબિક વ્યવસાયમાં રહ્યા. ઑક્સફર્ડના 'મૉરલ રીઆર્મામેન્ટ' જૂથમાં કામ કર્યું. ઈ. ૧૯૩૨માં થીઓ. સોસા.માં જોડાયા અને એના મુખ્ય કેન્દ્ર અડ્યાર (મદ્રાસ) આવી રહ્યા. પછી એના ફેડરેશનના કામે લાગી ૬૨ સુધી એના પ્રમુખ-ચૅરમૅન રહ્યા. ઈ. ૧૯૫૩માં સોસા.ના યુરોપીઅન ફેડરેશના મંત્રી અને '૫૯માં સોસા.ના પ્રમુખ બની '૬૮ સુધી એ પદ પર રહ્યા. દુનિયાભરનાં સોસા.નાં લગભગ બધાં જ કેન્દ્રમાં અવારનવાર જઈ વ્યાખ્યાનો આપ્યાં. ફ્રેંચ, જર્મન, સ્પૅનિશ અને અંગ્રેજીના જાણકાર. ઈ. ૧૯૭૩માં આંતરરાષ્ટ્રીય પ્રમુખ ચૂંટાયા.

૧ થીઑસૉફી-બ્રહ્મજ્ઞાન વિષે આપ કંઈ કહેશો?

ઉ. બ્રહ્મજ્ઞાન અને સત્ય બંને અનંત અને ચૈતન્યમય હોઈ એનું આવિષ્કરણ માન્યતાથી પર છે. સ્વાનુભવ સિવાય એ પરખાતું નથી. બ્રહ્મભાવ એ અદ્વૈતવાદનું આધ્યાત્મિક રૂપ છે. જીવનના તમામ બાધિત સ્વરૂપથી સાચો થીઑસૉફિસ્ટ મુક્ત છે. પોતાના ઊર્ધ્વગામી પથ પર ધ્યેયલક્ષી બની એ ભવ્ય એકલતામાં વિચરે છે.

૨ થીઑસૉફિકલ સોસાએટીના પ્રમુખ તરીકે આપનું પ્રમુખ કાર્ય કયું રહે છે?

ઉ. શાશ્વત સત્યની અખંડ ઉપાસના દ્વારા જગત સમગ્રમાં કલ્યાણભાવના પ્રેરવાનું; એક અનંત જીવનની સર્વવ્યાપકતાનું જ્ઞાન પ્રેરીને તથા આત્મખોજ અને સેવાભાવના વડે વિશ્વ-ઐક્ય પ્રકટાવવા યથાશક્તિ યોગ્ય માર્ગદર્શન આપવાનું.

૩ વ્યક્તિની વિશેષતા પ્રતિ આપનું દૃષ્ટિબિંદુ કેવું છે?

ઉ. વ્યક્તિગત શક્તિ જે અનુપમ વાતાવરણ રચે છે એ સદાય સન્માનનીય છે. ડૉ. ઍની બેસંટ, સ્વાઈટ્ઝર, ગાંધીજી કે ચર્ચિલ વગેરે અનેક વ્યક્તિવિશેષોએ જગહિતાર્થે અમુક નિશ્ચિત પ્રયોજન સારુ 'સ્વ'નો ત્યાગ કરી શ્રમ અને શ્રદ્ધાથી જે કંઈ કરી બતાવ્યું છે એ વંદનીય છે.

૪ શબ્દની શક્તિ વિષે આપ શું કહેશો?

ઉ. શસ્ત્રો કરતાં શબ્દોની શક્તિ વધુ તીવ્ર છે. જગતમાં શાંતિ સ્થાપવા દુનિયાભરના તંત્રીઓ એકસાથે નિશ્ચય કરી પ્રવૃત્ત થાય તો તેઓની કલમ વડે વિના યુદ્ધે વિશ્વશાંતિ સાધી શકાય.

૫ જીવનનું રહસ્ય આપની દૃષ્ટિએ શામાં છે?

ઉ. માણસ ભૂતાત્મા નહિ પણ જીવાત્મા છે. એણે એ સ્વરૂપ સાધવું જ રહ્યું. જીવનના સત્ય દર્શન માટે દરેક જણે પોતાની રીતે આત્મસંશોધન કરી જીવનનો સાર પ્રાપ્ત કરવો જોઈએ. એમાં જ ખરું શાશ્વત સુખ છે, અને એ જ માણસની અંતિમ ઝંખના.

૬ સમાજ, સંસ્થા, પ્રથા વગેરે અંગે આપનું શું કહેવું છે?

ઉ. એનો ખરો આધાર માનવી—એ સમાજ-સંસ્થા વગેરેના સદસ્ય—ની પ્રકૃતિ ને પ્રવૃત્તિ પર અવલંબે છે. કોઈ પણ સમાજ કે સંસ્થાના ઉચ્ચ આદર્શો સંકુચિત માણસ કદી જીવનમાં ઉતારી ન શકે. જ્યારે બીજી બાજુ સામાન્ય સંસ્થા-સમાજને એના સદસ્યો ને કાર્યકરો પોતાના ઉત્સાહ અને પુરુષાર્થ વડે ઊંચે લાવી શકે. માણસ પોતાની જવાબદારીઓમાંથી છટકી ન શકે. એણે તો પ્રભુના આ જગતમાં સુખશાંતિ ને શુદ્ધિ પ્રસરાવવાનાં જ છે. સર્વને સુખી કરીને જ એ પોતે સુખી થઈ શકે.

જૉન કોટ્સ

રહે તેવો છે. ગઝલ, ગીત, પરંપરિત લયાન્વિત અને અછાંદસ રચનાઓમાંથી એમની ગઝલો અને પરંપરિત રચનાઓ કસબ અને કાવ્યતત્ત્વ બન્ને દૃષ્ટિએ સફળતાની વધુ નજીક પહોંચી શકી છે. ગીતોમાં ક્યાંક ક્યાંક લય લથડી પડે છે અને ભાવાનુકૂલ બાનાની ઊણપ પ્રગટ થઈ જાય છે; જ્યારે અછાંદસમાં અલંકારો અને સંદિગ્ધતાઓથી વિશેષ પરિણામ સાધી શકાયું નથી. પ્રકૃતિના કેટલાક પ્રસંગનાં શબ્દચિત્રો આસ્વાદ્ય બન્યાં છે, જ્યારે મનોગતને પ્રગટ કરવા મથતાં કેટલાંક ભાવચિત્રો કથનથી આગળ નહિ વધતાં હોઈ કૃતકતામાં સરી પડયાં છે. નિજી કવિમુદ્રા ઉપસાવતી એમની રચનાઓની રાહ જોવી રહી. (પ્રકા. ગુજરાત પુસ્તકાલય સેવા નિગમ; ૨૫, ચોથો માળ, સ્પેક્ટ્રમ, સેન્ટર-૧, રિલીફ રોડ, અમદાવાદ-૧; કાચું પૂંઠું, પૃ. ૭૨, રૂ. ૪-૨૫)

ઊર્ણનાભ: શ્રી ચિનુ મોદીના આ કાવ્યસંગ્રહની છાંદસ-અછાંદસ રચનાઓની વિશેષતા છે તેનું પ્રયોગલક્ષીપણું. એમાં પરંપરાનાં સૉનેટ છે, છતાં એમાં વિષયથી અભિવ્યક્તિ સુધીની પ્રયોગ-સભાનતા નજરે પડે છે. અછાંદસ રચનાઓમાં ભાવનિરૂપણની વિશિષ્ટ ભંગિઓ તાજપનો અનુભવ કરાવે છે, પણ પ્રસ્તારિયા વાચાળતા એની સર્વસામાન્ય મર્યાદા પણ બની રહે છે. આધુનિક માનવીય સંબંધોના દાંભિકતા તેમજ નગરસંસ્કૃતિનાં વિષમ દશ્યો અહીં સુભગરીતે રજૂ થયાં છે, તો પ્રણય-વૈફલ્યની ઊર્મિ પણ સચોટ વાચા પામી છે. કટાક્ષસિક્ત વેદના એ મોટા ભાગની રચનાઓનું ગોંફકેન્દ્ર છે. કવિની સર્જકતા અને કૃતકતા બંને અહીં સ્પષ્ટ રીતે ઊપસી આવી છે. (પ્રકા. રૂપાલી પ્રકાશન, ૮૦ ગિરધરનગર, અમદાવાદ-૪; કાચું પૂંઠું, પૃ. ૭૬, રૂા. ૫)

સંભાવના: શ્રી દાઉદ જરગેલા 'કંટક'નો આ પ્રથમ કાવ્યસંગ્રહ એમના સર્જકત્વના ભાવિ સંભાવનાની સાખ પૂરી જાય છે. મોટા ભાગની રચનાઓ અહીં અછાંદસના પરિવેશમાં આવી છે, પણ બોલચાલના લય લહેકા એમાં અનુસ્યૂત થઈને આવ્યા છે. વિષયોની પસંદગી અને નિરૂપણમાં આધુનિકતાનો પૂરો સંસ્પર્શ પામેલી આ કૃતિઓ સર્જકની કાવ્યનિર્મિતિ પ્રત્યેની સન્નિષ્ઠા દર્શાવે છે, એટલે ભવિષ્યમાં એમની આગવી અભિવ્યક્તિનો આસ્વાદ આપવાની ખાતરી આપી રહે છે. (પ્રકા. ઉપર મુજબ, કાચું પૂંઠું, પૃ. ૬૪, રૂ. ૩-૭૫)

શક્યતા: આધુનિક કાવ્યબાનીમાં કંડારાએલી આ સંગ્રહની રચનાઓ તેના સર્જક શ્રી સતીશ ડણાકનો તીવ્રોન્મેષ પ્રગટ કરવા કરતાં નવીન પ્રવાહની ફૅશનપરસ્તીનો કૃતકફાલ બની જતી જણાય છે. નિજી વક્તવ્યને નિજી અભિવ્યક્તિની ત્વચામાં મઢવાનો પ્રયાસ એ જ કવિસચ્ચાઈ હોઈ શકે. આવી સચ્ચાઈપૂત રચનાઓ કવિ પાસેથી મળશે એવી 'શક્યતા'નો અણસારો અહીં તો ઓછો પામી શકાય છે. હા, ડેકડેકાણે કેટલીક કલ્પનાઓ કે કેટલાંક પ્રતીક-પ્રતિરૂપો સર્જકતાના આવેશની સુ-માપ્તિ બની શક્યાં છે તેટલો સંતોષ ભાવકને

અહીં જરૂર મળી રહેશે. (પ્રકા. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૬૪, રૂ. ૩-૭૫)

કિન્તુ : કવિએ આ સંગ્રહની બીજી રચનામાં 'શબ્દના સાથિયા પૂરવા શું કામ?' એમ એક પંક્તિ મૂકી છે. શ્રી ઈન્દુ પુવારના આ પ્રથમ કાવ્યસંગ્રહની રચનાઓ વાંચ્યા પછી લાગે છે કે પ્રસ્તુત પંક્તિ સર્જકની આત્મપ્રતીતિની દ્યોતક હશે? ભાવોને, વિચારોને કેવળ શબ્દ-રમતમાં ગૂંથવામાં જ જો કવિતા કર્યાનો અને માણ્યાનો આનંદ કહેવાતો હોય તો અહીં એવી ઘણી રચનાઓ મળી આવશે. પરંતુ કાવ્ય સિદ્ધ કરવું એ કેટલું દુષ્કર છે તે અહીંની રચનાઓના વાચનથી જન્મતી નિરાશા જ પ્રતીત કરાવી આપે છે. 'કિંતુ' કોઈ પણ કવિનો પુરુષાર્થ જો સન્નિષ્ઠાજન્ય હશે તો ભાવિ ક્યાં ટૂંકું હોય છે? (પ્ર૦ ઉપર મુજબ, કાચું; પૃ. ૮૦, રૂા. ૫)

તરસ : શ્રી રમેશ પંડયા 'આરસ'ની ગઝલો અને મુક્તકોનો આ પ્રથમ સંગ્રહ કવિનો સાચદિલ ભાવોન્મેષ કાવ્યરૂપમાં ઝિલાવા મથી રહ્યો છે તેની ગવાહી પૂરે છે. આધુનિક અભિવ્યક્તિ અને કાવ્યબાનીના શબ્દો અહીં આગવું વ્યક્તિત્વ ધારણ કરીને ઓછા આવ્યા છે. આમ છતાં કવિની, રૂપપરંપરામાં રહીને પણ, કાવ્ય સિદ્ધ કરવાની મથામણ અહીં અછતી રહેતી નથી. એમની આ 'તરસ' તીવ્રતર બનતાં નવીન મીઠાં પરિણામોનો તોષ આપે તો નવાઈ નહિ. (પ્રકા.ઉપર મુજબ, કાચું, પૃ. ૬૪, રૂ. ૩ાા)

વિદિશા : શ્રી જયંત શુક્લના આ કાવ્ય-સંગ્રહનાં ગીતો-ગઝલો-મુક્તકો એની લયસફાઈ અને નિરૂપણની સાહાઈથી આકર્ષણ બની રહ્યા છે. પ્રકૃતિનાં સુચારુ ભાવમઢ્યાં ચિત્રો અને અનેક સ્થળે સાચાં સંવેદનોની અભિવ્યકિત ભાવકચિત્તને પકડમાં લીધા વગર રહેશે નહિ. કવિ પાસે બાની, લય, ભાવ, અભિવ્યક્તિ બધું જ છે, અને એથી જ ઉત્તરોત્તર વધુ સારી કૃતિઓની 'વિદિશા' આ સંગ્રહ ચીંધી જાય છે. (પ્રકા. ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૬૪ રૂ. ૩-૭૫)

ગ્હેક નજરોની ગ્હેક સપનોની : શ્રી હેમન્ત દેસાઈના આ બીજા કાવ્યસંગ્રહની ૯૩ ગેય કૃતિઓમાં ૪૧ ગઝલો, ૩૨ ગીતો અને ૨૦ સંગીત રચનાઓ આવેલી છે. પ્રકૃતિ, પ્રણય અને પ્રભુને કેન્દ્રમાં રાખી રચાએલી આ કૃતિઓમાં બાની અને અભિવ્યકિતના પરંપરાગત સૌન્દર્ય સાથે આયાસનું તત્ત્વ પણ ભળી ગએલું જોવા મળે છે. કવિની લયસફાઈ અને નાજુક ભાવોની ચોટદાર અભિવ્યકિત આકર્ષક અને આનંદપ્રદ છે. રાષ્ટ્રભાવ કે શહાદત જેવા વિષયોને કેન્દ્રમાં રાખીને રચાએલી નૈમિત્તિક રચનાઓમાં કૃતકતાની માત્રા વધુ પ્રમાણમાં જોઈ શકાય છે. એકંદરે, અને સવિશેષે ગઝલો-

ઊર્મિની ઓળખ

નામી-અનામી ગુજરાતી ગઝલ-કારોનાં જીવન-કવનનો પરિચય

[૬૮]

કરાવનાર · **જલન માતરી**



શ્રી અકબરઅલી જસદણવાળા

ડૉ. જીવરાજ મહેતાના પ્રધાનમંડળના નાયબ મંત્રી, એ પછી પંચાયત સર્વિસ સિલેક્શન બોર્ડના અધ્યક્ષ, ભાષાપંચના સભ્ય, રજવાડાના સમય દરમ્યાન જસદણ રાજ્યના હજૂર સેક્રેટરી શ્રી અકબરઅલી જસદણવાળા જેટલા રાજકીય ક્ષેત્રે જાણીતા છે એટલા જ શે'રો શાએરીની દુનિયામાં પણ અચ્છા શાયર તરીકે ખ્યાતનામ છે.

એમની ગઝલનો શબ્દ બોલે છે ત્યારે 'અલ્લાહો અકબર'ની ધૂન જગાવે છે અને મૌન ધરે છે ત્યારે 'સોહમ્ સોહમ્'ના ધ્વનિમાં ડૂબી જાય છે. શ્રી અકબરભાઈ પાસે જેટલી ઉત્તમ ગઝલ છે તેટલી ઉત્તમ એની રજૂઆત પણ છે. આંખ બંધ કરીને અધર પર આછા સ્મિત સાથે જ્યારે અકબરભાઈ ગઝલો સંભળાવે છે ત્યારે વાતાવરણમાં ગઝલનો રંગ ભરી દેતા હોય છે. મુશાયરાની દુનિયામાં જે રીતે અકબરભાઈ સફળ શાયર તરીકે દાદ મેળવે છે તે રીતે શાયરોની પંગતમાં પણ સ્થાન અને માન પામ્યા છે. આજકાલ આ ખુદ્દાર તબીઅતના માલિક શાયર રાજકારણ અને મુશાયરાની દુનિયાથી દૂર જઈને વકીલાત કરે છે. ઈ. ૧૯૧૦ની સાલમાં જન્મેલા અકબરઅલી જસદણવાળા એમ. એ. એલએલ. બી.ની ઉપાધિ ધરાવે છે. એ સ્વભાવે રમૂજી પણ છે.

આબરૂ સાચવવા માટે પાંપણે મોતીઓ પરોવનારા, સમન્દરની તરફ વહેતા ઝરણ જેવું નિજનું જીવન હોવાની માન્યતા ધરાવતા, દિશા ભલે બદલાય પણ માર્ગને પકડી રાખનારા, નહિવત્‌નો એકરાર કરી આભ સામે મીટ માંડવાની હિંમત કરનારા આ બુઝર્ગ શાયરના શે'રોની મજા લઈએ:

કદી હું પાંપણે મોતી પરોવું છું,
કે મારે આબરૂ જવા નથી દેવી.

સમંદર પાર જાવું હોય તો આ વાત સમજી લે,
કે મોજું પણ વિના યત્ને કિનારે જઈ નથી શકતું.

તને હું કેમ સમજાવું સફર છે દૂરની 'અકબર',
ઉતારો છે, તને જે કાયમી રહેઠાણ લાગે છે.

'અકબર' ખરું કહું તો જગત બેકસૂર છે,
છે વાંક આપણો કે કોઈ આપણું નહિ.

જિંદગીને જીવતાં જો આવડે (તો),
જિંદગી કમ છે છતાં એ કમ નથી.

જીવનને આંગણે નિત નિત નવા મહેમાન આવે છે,
ખુશી આવે, ગમી આવે, પરોણાગત કરી લઉં છું.

તોફાનની મજાલ શી? સાગરનો વાંક શો?
મારી હતી ખતા કે કિનારો મળ્યો નહિ.

અંધારાંઓ ઉલેચી રાત આખી ટમટમી લીધું,
ઉષાના આગમન માટે હવે ઓલાઈ જાવું છે.

શમાએ થરથરીને પણ જીવનને જાળવી લીધું,
પતંગા! તેં પ્રણયનો પંથ ગોઝારો કરી મેલ્યો.

સિજદો કરી સ્વીકારું છું તારી બુલંદીઓ,
નીચે નમ્યા વિના હું તને આંબતો નથી.

સિતમને હોય છે કિન્તુ સબરને હદ નથી હોતી,
વ્યથાઓ હદ વળોટી ગઈ, છતાં સ્હેવાઈ ગઈ અંતે.

ખરું જોતાં ભર્યો ભંડાર ખાલીખમ હતો 'અકબર',
બધું ત્યાગી કરીને આપણે ભરપૂર થઈ બેઠા.

મજધારમાં ઝઝૂમવું, 'અકબર'નો ધર્મ છે,
થાવું ન થાવું પાર, મુકદ્દરની વાત છે.

બોલું તો અલ્લાહો 'અકબર,'
મૌન ધરું તો સોહમ્ સોહમ.

છલોછલ છે, (ને) છલોછલ આ જીવનગંગા વહી જાશે,
હૃદયના રંગનાં એંધાણ કાંઠા પર રહી જાશે;
વ્યથાઓ, આપદાઓ, સંકટો સ્હેજે સહી જાશે.
ધડકતું દિલ, ધબકતું દિલ કથા એની કહી જાશે;
ગઝલમાં ગુંજતી રહેશે હૃદયના રંગની વાતો.

હું છું કે આફતોની ઝડીને અમન કહું,
મૃતપ્રાય: થઈ ગયું છે છતાં મનને મન કહું;
ઓ પાનખર! તું બાગ ઉજાડી નહિ શકે,
તું શું કરે જો ખારને પણ હું સુમન કહું.

વિષમાં ને અમૃતમાં, સ્વાદ છે તે મારો છે;
આ જીવનનો મહેરામણ,
જો ગણું તો મીઠો છે, જો ગણું તો ખારો છે.

સંતર્પક છે. સંગ્રહને અંતે મુકાએલો 'કાવ્ય-સંગીત-રચના' નામક લઘુલેખ કવિની કાવ્ય અને સંગીત વિષયક મૌલિક વિચારણા રજૂ કરતો હોઈ તદ્‌વિદોને ઉપયોગી થઈ પડે તેવો છે. (પ્રકા૦ આદર્શ પ્રકાશન, રાયખડ રોડ, અમદાવાદ-૧; કાચું પૂઠું, પૃ. ૧૧૯, રૂ. ૭-૫૦)

આયનો : નવા અને આશાસ્પદ કવિ શ્રી આદમદ મકરાણીનો આ પ્રથમ ગઝલસંગ્રહ ગઝલના પરંપરાસિદ્ધ કાવ્યસ્વરૂપને સુપેરે રજૂ કરવાની સાથે નવા વિષયો ને આધુનિક અભિવ્યક્તિની લઢણો પણ આસ્વાદ્ય બની રહે તેમ પીરસી રહે છે. ક્યારેક તૈયાર પદાવલિઓ ભાવોર્મિને પ્રતીતિકારકતાથી નિરૂપવાને બદલે માત્ર કથી કે વર્ણવી જાય છે ત્યારે તે ખૂટ્યા વગર રહેતું નથી. એકંદરે કવિની સર્જકશક્તિને ઠીકઠીક સફળતાથી પ્રતિબિંબિત કરતો આ 'આયનો' સુભગ છે અને ઉત્તરોત્તર રમ્યતર રચનાઓ આપી રહેશે તેવી પ્રતીજ પાડે છે. (પ્ર. પ્રવીણ પુસ્તક ભંડાર, પાંજરાપોળ રોડ, ઉપલેટા; કાચું પૂઠું, પૃ. ૭૬, રૂ. ૪)

અન્ય પ્રકાશનો

ડૉ. વિક્રમ સારાભાઈ : ગરવા ગુજરાતી વિજ્ઞાની ડૉ. વિક્રમ સારાભાઈના જીવન અને કાર્યને રુચિર રીતે રજૂ કરતી ડૉ. ઉષા જોષી લિખિત આ પુસ્તિકા કિશોરો–યુવાનોને પ્રેરણાદાયી વાચન પૂરું પાડશે. (પ્ર. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી માર્ગ, અમદાવાદ-૧, કાચું પૂઠું, પૃ. ૧૨૪, રૂ. ૫)

અધીત : ગુજરાતીના અધ્યાપક સંઘની સ્થાપના થઈ ત્યારથી આજ ૨૫ વર્ષ સુધીમાં તેના ૧૩મા પ્રમુખસ્થાનેથી આજ પર્યંત અપાએલાં પ્રમુખ–વ્યાખ્યાનોનો આ સંચય ગુજરાતી સાહિત્યના અભ્યાસીઓને ઉપયોગી થઈ પડશે. આ વ્યાખ્યાનોના વ્યાખ્યાતા મુખ્યત્વે નીવડેલા અધ્યાપકો અને સાહિત્યકારો હોઈ તેમનું અધીત અહીં સુપેરે વ્યક્ત થયું છે. શરૂમાં શ્રી ચિમનલાલ ત્રિવેદીએ સંઘનો ઇતિહાસ આપી ગ્રંથની ઉપયોગિતામાં વધારો કર્યો છે. આ વ્યાખ્યાન-સંચયનું સંપાદન કર્યું છે ડૉ. ચિમનલાલ ત્રિવેદી અને ડૉ. ચિનુભાઈ મોદીએ. (પ્ર. ઉપર મુજબ, પાકું પૂઠું, પૃ ૨૯૪, રૂ ૧૫)

યતિસ્મૃતિ : યતિનો ધર્મ સમજાવવાની સાથે સાથે સામાન્ય મનુષ્યને જીવનમાં ઉચ્ચ પાથેય બંધાવે તેવા વિચાર અને વાર્તા-પ્રસંગને હિંદીમાં રજૂ કરતી સ્વામી શિવ-ગિરિની પુસ્તિકા. (પ્ર. સંન્યાસ આશ્રમ, કરણપરા, રાજકોટ; કાચું પૂઠું, પૃ. ૬૨, રૂ. ૧-૭૫)

બાલરંજન વાર્તામાળામાં શ્રી યશપુસ્તિકાઓ છે : **ફોફળશાનો ફકીરચંદ, કાળી કબડી એક રાજકુમારી, મેડકરાણી, સળગતો પહાડ અને ત્રણ તોફાની તિરિયા.** (ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ ૧ પ્રત્યેકનું કાચું પૂઠું, પ્રત્યેકનાં પૃ. ૪૮ પ્રત્યેકના રૂ. ૨-૧૦)

પરાક્રમી ચંદ્રલેખા : કિશોરો માટે હર્ષદરાય મહેતાએ તૈયાર કરેલી આ પરાક્રમપૂર્ણ વાર્તા કિશોરોને વાંચવી ગમે તેવી હોવા છતાંય તેની અસુઘડ છપાઈ ને લઈ ને ન પણ ગમે. આપણી બાળ કિશોર પુસ્તિકાઓની છપાઈ પરત્વે બેધ્યાન રહેવું કોઈ પ્રકાશકને હવે પાલવે નહિ. (પ્રકા. અર્ચના પ્રકાશન, ૫૨/૩, જયંત પાર્ક વટવારોડ, મણિનગર, અમદાવાદ–૮, કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૧)

વનપ્રવેશ–સ્મર ણિકા: પ્રા. રમેશ ગાનાકરે તૈયાર કરેલી સંસ્કારવ્યક્તિ શ્રી વિઠ્ઠલભાઈ પટેલના વનપ્રવેશ કાળે તેમના જીવનકાર્યની સૌરભ પ્રસારતી પુસ્તિકા. (પ્ર. 'જીવનદીપ', ગોપાળ બાગ પાસે, રેઈસ કોર્સ સર્કલ, વડોદરા–૭; કાચું પૂઠું, પૃ. ૮૦; કિં. જણાવી નથી.)

'આજ'નો વિશેષાંક

ઈ. ૧૯૨૦માં ભારતની આઝાદીનું આંદોલન પૂરા વેગથી આગળ વધી રહ્યું હતું ત્યારે માદરે વતનની એ જેહાદમાં પ્રજાજાગૃતિના ઉન્નત આશયથી સ્વ. શિવપ્રસાદ ગુપ્તે પત્રકારિત્વના ક્ષેત્રે નવીન ભાત પાડતું દૈનિક 'આજ' હિંદી ભાષામાં પ્રગટ કર્યું, તેની એકધારી ઉજ્જવલ કારકિર્દીને આ સાલ પંચાવન વર્ષ પૂરાં થયાં છે અને કાનપુરમાંથી એની બીજી આવૃત્તિનું પ્રકાશન શરૂ થયું છે તે અવસર પર પ્રસ્તુત દૈનિકે 'ભારત ૧૯૭૫' નામક દળદાર વિશેષાંક પ્રકટ કર્યો છે તે પણ એ પત્રની સન્નિષ્ઠ દેશદાઝનો પુરાવો બની રહે છે.

પાંચમી સપ્ટેમ્બર ૧૯૨૦ના રોજ જ્યારે એ પત્રનો પ્રથમ અંક પ્રકટ થએલો ત્યારે તેના સંચાલકોએ પોતાનું અને પત્રનું કર્તવ્ય આ શબ્દોમાં ઉદ્‌ઘોષિત કરેલું : "ભારતકે ગૌરવકી બુદ્ધિ ઔર ઉસકી રાજનીતિક ઉન્નતિ 'આજ' કા વિશેષ લક્ષ્ય હોગા." આમ, ભારતની આજનો જ એણે હમેશાં ખયાલ કરી એની વર્તમાન સકલ સ્થિતિને ઉન્નત બનાવવાના પ્રેરક પ્રયાસો કર્યા છે. ભારત આઝાદ થયા પછી એના નવઘડતરમાં જે નવીન દૃષ્ટિ જોઈએ તેને અનુલક્ષીને 'આજ'ના સંપાદનમાં ઉચિત પરિવર્તનો થતાં રહ્યાં છે.

આ વિશેષાંક એ વાતની ગવાહી પૂરે છે કે ચિત્ત ધર્યું છે. અહીં રજૂ થએલા અનેક લેખો આપણા દેશની વર્તમાન સ્થિતિને ધ્યાનમાં લઈને લખાયા છે. ભારતે રાજકીય, આંતરરાષ્ટ્રીય, આર્થિક, ઔદ્યોગિક, સામાજિક, શૈક્ષણિક વગેરે ક્ષેત્રે શું શું કર્યું છે અને હજુ શું શું કરવું ઘટે તેનો અહીં તદ્‌વિદ લેખકોએ સમ્યક્ ખયાલ આપ્યો છે. આચાર્ય વિનોબાજીનો 'ક્રાન્તિકી પ્રક્રિયા', મોરારજી દેસાઈનો 'ભારતકી સમસ્યાઓંકા મૂલ કારણ ભ્રષ્ટાચાર', ડૉ. શ્રીમન્નારાયણનો 'આધુનિક સમસ્યાઓંકા ગાન્ધીવાદી સમાધાન', ડૉ. કાલુલાલ શ્રીમાળીનો 'ભારતીય શિક્ષાકે સ્વરૂપ મેં પરિવર્તન આવશ્યક', શ્રી પૂર્ણાનન્દ વર્માનો 'ભારત આર્થિક વિઘટનકી ઓર' વગેરે અનેક ઉપયોગી લેખો અહીં રજૂ થયા છે. આધ્યાત્મિક–ધાર્મિક–સાંસ્કૃતિક વિચારપાથેય પૂરું પાડતા આચાર્ય કૈલાશચંદ્ર શાસ્ત્રીકૃત 'ભગવાન મહાવીર ઔર ઉનકા દર્શન', પંડિત ગોપીનાથ કવિરાજ લિખિત 'કાય સિદ્ધિ રહસ્ય', ઠાકુર જયદેવસિંહ લિખિત 'ભારતીય સંગીત કે પિછલે પચાસ વર્ષ', આચાર્ય વિશ્વનાથ પ્રસાદ મિશ્ર રચિત 'રામચરિત માનસકા સર્વોપરિ પ્રસંગ' વગેરે લેખો પણ મનનીય છે.

પ્રસ્તુત વિશેષાંકની વિસ્તૃત લેખસામગ્રી આ પત્રની રાષ્ટ્રભક્તિગર્ભ સંપાદનરીતિ અને નીતિની પ્રશસ્ય પરિણતિ છે. આ અંકની સામગ્રી જેટલી સંતોષપ્રદ છે તેટલી તેની છપાઈ સંતોષપ્રદ નથી એ પણ નોંધવું જોઈએ.

(પ્રકા. જ્ઞાનમંડલ યન્ત્રાલય, કાનપુર; સંપા. સત્યેન્દ્રકુમાર ગુપ્ત અને અન્ય; કાચું પૂઠું, મોટા કદનાં પૃ. ૨૭૨, રૂ ૫) (ધી. પ.)

—અને છેલ્લે

'સંસારમાં સ્વર્ગ' આદિ 'સ્વર્ગ'ના ગ્રંથોથી ગુજરાતભરમાં સાત્ત્વિક વિચારસરણી ફેલાવનાર સફેદ વસ્ત્રમાં સંન્યાસી જેમ રહેતા સોરઠના સંત પુરુષ સમા લેખક અમૃતલાલ સુંદરજી પઢિયાર એક વખત ભાવનગરમાં કવિ કાન્ત પાસે ગએલા તે ગાળામાં ભાવનગર તાબેના દરિયાકાંઠાના યાત્રાધામ ગોપનાથના મહંતની ગાદી ખાલી હતી. એ સ્થાન પઢિયાર જેવા સ્વીકારે તો ધામ ખરેખર પરમાર્થસાધક બની રહે એવા આશયથી ભાવનગરના મહારાજાએ ત્યારે ત્યાં યોગાનુયોગ આવી ચડેલા પઢિયારના પરિચિત મિત્ર કવિ નાનાલાલ દ્વારા પ્રસ્તાવ મોકલ્યો. પઢિયારે જવાબ દીધો : 'ગાદી હમેશાં રજોગુણ વધારે છે. વળી વહીવટની જંજાળ ઈષ્ટચિંતન થવા દેતી નથી; એટલે મારે એ સોનેરી પિંજરમાં પુરાવું નથી.'

વૃક્ષ-વેલ-પરિચય [૩૮] ચારોળી



મીઠાઈ વગેરે જેવાં વ્યંજનોમાં બદામ-પિસ્તા પછી ચારોળીનું મહત્ત્વ છે. કેટલીક દેશી દવાઓ તથા પાક વગેરેમાં પણ એનો ઉપયોગ થઈ. ચારોળી મધુર, વૃષ્ય, ગુરુ, સારક, મલસ્તંભક, સ્નિગ્ધ, શીતળ, ધાતુવર્ધક, કફકારક, ારક હોઈ વાત, પિત્ત, દાહ, તાવ, તૃષા, રક્તદોષ વગેરેનો નાશ કરનાર એક તેજનો છે.

ગુજરાતમાં ધરમપુર, વાંસદા, ડાંગ, સુરત, માંડવીના જંગલમાં એનાં વૃક્ષો સારા પ્રમાણમાં થાય છે. પાણી કાંઠાની જમીન તેમજ ડુંગરોની ખીણની પોચી જમીન તેને મ ફક આવે છે. ઉત્તર ભારતમાં સતલજથી નેપાળ સુધી ઉચ્ચ પ્રદેશોમાં પણ એ ઊગે છે તેમજ દક્ષિણમાં કોંકણ મલબારમાં પણ તે મળે છે.

ચારોળીનું વૃક્ષ આંબો અને કાજુના વર્ગનું છે. એ પંદર સોળ મીટર ઊંચું વધે છે. એનું થડ ધીંગું, પહોળું; છાલ જાડી ખરબચડી મુંજળી; કુમળી શાખાઓ પર રેશમી રુંવાંટી; પાન વેંત દોઢવેંત લાંબાં, લંબગોળ ને જાડાં. એનાં પત્રાળાં પણ બને.

શિયાળામાં ડાળીને છેડે લીલાશ પડતાં સફેદ નાનાં, દાંડીરહિત ફૂલોનાં ઝૂમખાં ઊગે. ચારોળીનું ફળ પાકે ત્યારે ઘેરા જાંબલી જેવા કાળા રંગનું ને કદમાં બોર જેવડું. અંદર કડણ ઠળિયામાંનું જે બીજ તે જ ચારોળી. તેલી હોવાને કારણે લાંબો સમય પડી રહે તો એ ખોરી થઈ જાય. ચારોળીના બીજમાંથી નીકળતું તેલ મધુર ને સહેજ સુગંધી હોય છે. અનેક દવા-મલમમાં તે કામ લાગે છે.

ચારોળીના થડ પર છેદ પાડવાથી નીકળતો ચીકણો ગુંદર પણ ઔષધીય ગણાય છે. ચારોળીનું લાકડું ખરબચડું, વજનમાં હળવું ને સામાન્ય ટકાઉ છે.





જેવી વહે શરદની સુપ્રસન્ન ગંગા
બંને તટે સભર ગંભીર નિસ્તરંગા
એવી સમૃદ્ધ ઊજળી પુરુષાર્થધારા
વ્હેજો ભરી જીવનજાહ્નવીના કિનારા.

—નાથાલાલ દવે


ગૂઢ વિદ્યાનાં જ્ઞાતા અલૌકિક નારી મૅડમ બ્લૅવેટ્સ્કી

છેલ્લા સૈકાના એક મહાન ધાર્મિક આંદોલન 'થીઓસૉફિકલ સોસાએટી'ના આદ્ય સ્થાપકોમાંનાં એક હતાં શ્રીમતી હેલેના પેટ્રોવના બ્લૅવેટ્સ્કી. ઈ. ૧૮૩૧ના ઑગસ્ટની ૧૧મીએ રશિયામાં જન્મી એમણે અમેરિકામાં થીઓસૉફિકલ સોસાએટીની સ્થાપના કરી, ભારતમાં એનું મુખ્ય કેન્દ્ર સ્થિર કર્યું. થીઓસૉફિસ્ટોમાં મૅડમ બ્લૅવેટ્સ્કી તરીકે જાણીતી આ વિદુષી નારીમાં નાનપણથી જ કોઈ દિવ્ય દૃષ્ટિનો પ્રાદુર્ભાવ થએલો. પરિણામે મોટાં મોટાં અમીર કુટુંબો પોતાની અંગત બાબતોમાં એમની સલાહ લેતાં. વળી, પોલીસ ખાતું પણ ગુનાઓની શોધ માટે એમની સહાય લેતું. આમ, ગૂઢ વિદ્યાનાં જ્ઞાતા તરીકે એમની નામના પ્રસરવા લાગી હતી.

એમણે ઈ. ૧૮૪૮ના જુલાઈમાં મોટી વયના જનરલ બ્લૅવેટ્સ્કી સાથે લગ્ન તો કર્યાં, પરન્તુ ટૂંક સમયમાં જ છૂટાછેડા લીધા. ત્યાર બાદ ૧૮૪૯માં એમણે ઇજિપ્તનો પ્રવાસ ખેડયો અને એક વૃદ્ધ જાદુગર પાસેથી જાદુઈ વિદ્યા શીખ્યાં. એ જ વર્ષે મેન્ટાનાના યુદ્ધમાં એ ગૅરીબાલ્ડી અને અન્ય યુરોપીઅન સ્ત્રીઓની સાથે સ્વયંસેવિકા તરીકે પણ જોડાયાં હતાં, જે દરમિયાન એક ખાઈમાં એમને મૃત્યુ પામેલાં માનીને ઊંચકી લેવામાં આવ્યાં હતાં. આમાં એમનો ડાબો હાથ બે જગ્યાએ ભાંગી ગયો હતો. જમણા ખભા અને પગમાં બંદૂકની ગોળીઓ ઊંડે ઊતરી ગઈ હતી, છાતીમાં પણ એક ઊંડો જખમ થયો હતો; આમ છતાં ય હિમ્મત હાર્યા વગર એ ધીરતાથી પોતાનું કાર્ય તો આગળ ધપાવતાં જ રહ્યાં.

ઈ. ૧૮૫૧માં પિતાની સાથે એઓ લંડનમાં ફરતાં હતાં ત્યારે એક ભવ્ય અને કદાવર રાજપૂતનાં તેમને દર્શન થયાં. આ વ્યક્તિના પ્રથમ દર્શને જ એમને લાગ્યું કે બાળપણમાં પોતાનાં દિવાસ્વપ્નોમાં જે વ્યક્તિ રક્ષણહાર તરીકે દેખાતી તે જ એ પુરુષ હતા. એ ભવ્ય પુરુષે એમને પૂર્વના ગૂઢ દેશોમાં જઈ, કેટલીક તાલીમ લઈ, પોતાના માર્ગદર્શન નીચે કેટલુંક મહાન કાર્ય કરવાનું છે એવો આદેશ આપ્યો. તદનુસાર ઈ. ૧૮૫૨ અને '૫૪માં એમણે તિબેટની સરહદમાં પ્રવેશ કરવાનો પ્રયત્ન તો કર્યો, પરંતુ એમાં સફળતા મળી નહિ.

પછી એમનું ધ્યાન પારી(સ) તરફ મંડાયું. ઈ. ૧૮૫૮માં ત્યાં ડૅનિયલ હોમ દ્વારા એમણે પ્રેતાવાહન મંડળનો સંપર્ક સાધ્યો, અને વૉલ્ટેરપંથી તેમજ શંકાવાદી પિતાને પણ એમણે પ્રેતાવાહન તરફ દોર્યા. ત્યાર પછી ૧૮૬૩ સુધી એઓ રશિયામાં જ પોતાના કુટુંબીજનો સાથે રહ્યાં અને પોતાની ઈચ્છાનુસાર ચમત્કારો સર્જવાની પોતાની અદ્‌ભુત અને અલૌકિક શક્તિને અનેક રીતે ખીલવી. આ દરમિયાન એમના મનમાં પણ પૂર્વ તરફ જવાના વિચારો તો ચાલુ જ રહ્યા હશે. પરિણામે ઈ. ૧૮૬૭થી '૭૦ના અરસામાં એઓ તિબેટ પહોંચ્યાં અને ત્યાં કુદરત તથા મનુષ્યમાં રહેલાં ગુપ્ત પરિબળોને ઉપયોગમાં લેવાની કળા હસ્તગત કરી. ઈ. ૧૮૭૦માં એક વહાણમાં જતાં હતાં ત્યારે એ વહાણ ભાંગતાં ડૂબ્યાં તો ખરાં, પણ આખરે બચી ગયાં. હવે જાણે નવું જીવન મળ્યું હોય તેમ જે જીવનકાર્ય એમને કરવાનું હતું તે પરત્વે તે વધુ ને વધુ સભાન અને સક્રિય બન્યાં.



ઈ. ૧૮૭૧માં ચમત્કારના પાયા ઉપર રચાએલી એક આધ્યાત્મિક સંસ્થા મિસરના કાહિરા (કૈરો)માં સ્થાપવાનો એમણે નિષ્ફળ પ્રયાસ કરેલો. તે પછી મૅડમ લૅરોના તખલ્લુસથી એમણે ઈટલી અને રશિયાની સફર ખેડી. ઈ. ૧૮૭૩માં પોતાના ભાઈ સાથે પારી(સ)માં રહીને ચિત્રો દોરવાનું, લેખો લખવાનું તેમજ કાર્ટૂનો આલેખવાનું વ્યવસાયકાર્ય એ કરતાં હતાં. એવામાં ગૂઢ મહાપુરુષો તરફથી એમને ન્યૂ યૉર્ક જવાનો અને બીજી સૂચનાઓની રાહ જોવાનો આદેશ મળતાં જ એ રવાના થયાં અને ૧૮૭૩ના જુલાઈની સાતમી તારીખે અમેરિકા પહોંચ્યાં. ત્યાં ૧૮૭૪માં એમને ચિટન્ડનમાં હોમસ્ટેડમાં જવાનો દૈવી આદેશ મળ્યો. અહીં એમને એમના ભાવિ સહકાર્યકર કર્નલ હેન્રી સ્ટીલ ઑલકૉટનો પ્રથમ મેળાપ થયો, ને એ બન્નેએ સાથે મળીને ઈ. ૧૮૭૫ના નવેમ્બરની સત્તરમી તારીખે થીઓસૉફિકલ સોસાએટીની સ્થાપના કરી અને અનેક લોકો એ તરફ આકર્ષાયા. ઈ. ૧૮૭૪થી '૯૧ દરમિયાન એમણે પોતાની ગુપ્ત શક્તિથી અનેક ચમત્કારો સર્જી બતાવ્યા હતા. આમ છતાંય પૈસા ખાતર એમણે કદી ચમત્કાર બતાવ્યો નહોતો. એક વાર એક રાજકુમારે એમને એક લાખ રૂપિયા આપવાનું કહેલું, પરન્તુ એ ખાતર એમણે ચમત્કાર બતાવવાની ચોખ્ખી ના પાડી દીધેલી. ચમત્કાર પાછળની આવી હતી એમની વિશુદ્ધ વૃત્તિ!

ઈ. ૧૮૭૫થી '૯૧ સુધી એમણે થીઓસૉફિકલ સોસાએટીનાં રેકૉર્ડિંગ સેક્રેટરી તરીકે એકધારું, પ્રશસ્ય અને સંગીન કાર્ય કર્યું. ધર્મ અને વિજ્ઞાનના જડવાદી વલણની આકરી ટીકા કરતું 'આઈસીસ અનવેઈલ્ડ' નામક પુસ્તક પણ એમણે ૧૮૭૭માં પ્રકટ કર્યું. એ પુસ્તકે એટલું બધું આકર્ષણ જમાવ્યું કે ફક્ત દસ જ દિવસમાં એની પહેલી આવૃત્તિ ખપી ગઈ. પછીના સાત માસ દરમિયાનમાં એની બીજી ત્રણ આવૃત્તિઓ થઈ અને ખપી પણ ગઈ! આમ છતાંય એમની ઉદાર બુદ્ધિ એવી કે આ પુસ્તકના વેચાણમાંથી થએલી સઘળી આવક તેમજ રશિયન વર્તમાનપત્રો અને સામયિકોમાં પ્રકટ થએલા લેખોની આવક રૂસો-ટર્કિશ યુદ્ધમાં ઘાયલ થએલા પોતાના દેશબંધુઓને સહાય કરવા માટે એમણે રેડક્રૉસ સંસ્થાને સમર્પી દીધેલી.

હવે આવે છે એમના ભારતાગમનની ભવ્ય ગાથા. દિવ્ય પુરુષોની આજ્ઞા અનુસાર કર્નલ ઑલકોટ અને બ્લૅવૅટ્સ્કી બન્ને ૧૮૭૮ના ડિસેમ્બરમાં ભારત જવા નીકળ્યા અને ૧૮૭૯ના ફેબ્રુઆરીમાં મુંબાઈના ઍપૉલો બંદરે ઊતર્યાં. ત્યાં એમણે થીઓસૉફિકલ સોસાએટીનું મથક સ્થાપ્યું અને એ જ વર્ષે ડિસેમ્બરમાં એમણે શરૂ કરેલું માસિક 'ધ થીઓસૉફિસ્ટ' અદ્યાપિ નિયમિતપણે પ્રકટ થાય છે. ઈ. ૧૮૮૦માં આ બન્ને સ્થાપકોએ બૌદ્ધ ધર્મના અભ્યાસ માટે સિલોનનો પ્રવાસ કરેલો અને પંચશીલની પ્રતિજ્ઞા લીધેલી. ઈ. ૧૮૮૨માં થીઓસૉફિકલ સોસાએટીનું વડું મથક મુંબાઈથી મદ્રાસમાં અડ્યાર ખાતે ખસેડયું અને એઓ થીઓસૉફિકલ સોસાએટીનાં ખજાનચી બન્યાં. પછી તો ૧૮૮૪ સુધી એમણે ભારતમાં અનેક વાર પ્રવાસ કર્યો અને થીઓસૉફીનો સંગીન પ્રચાર કર્યો. પરંતુ હવે એમની તબિયત લથડી ને ઈ. ૧૮૮૫માં એમને યુરોપ પાછાં મોકલી દેવામાં આવ્યાં. ત્યાં એમની તબિયતને કંઈક કરાર વળ્યો ને એમણે 'સીક્રેટ ડૉક્ટ્રીન' નામક પોતાના પુસ્તકનું લેખનકાર્ય આગળ ધપાવ્યું. ઈ. ૧૮૮૭ના ઉનાળામાં એ ઈંગ્લૅન્ડમાં નૉર્વૂડ ગયાં અને પછી ત્યાંથી લંડનમાં ઍવન્યુ રોડ પર જઈને રહ્યાં, જે સ્થળ યુરોપની થીઓસૉફિકલ સોસાએટીની પ્રવૃત્તિઓનું કેન્દ્ર બન્યું. ત્યાં કર્નલ ઑલકોટ પણ વારંવાર આવીને રહેતા. આમ, થીઓસૉફીનું કાર્ય આગળ ધપતું જ રહ્યું. ઈ. ૧૮૮૮માં પેલા પ્રસિદ્ધ પુસ્તક 'સીક્રેટ ડૉક્ટ્રીન'ના બે ભાગ પ્રકટ થઈ ગયા, જેણે એમની પ્રતિષ્ઠામાં ઓર ઉમેરો કર્યો. આવી રીતે થીઓસૉફિકલ સોસાએટીના સ્થાપનાકાળથી આરંભનાં મહત્ત્વનાં વર્ષોમાં પૂરા ઉત્સાહથી અને સામર્થ્યથી કામ કરતાં કરતાં ઈ. ૧૮૯૧માં મેની આઠમી તારીખે લંડન ખાતે એમનું દુ:ખદ અવસાન થયું.

—ઈન્દુમતી મહેતા

પટણાનાં ૨૫૦૦ વર્ષ

બિહારનું પાટનગર પટણા આ વર્ષે ગંગા અને સોન નદીના સંગમનું પાણી ઊભરાવાથી અરધાથી વધુ ડૂબી જતાં સમગ્ર દેશમાં અરેરાટી ફેલાઈ ગઈ. બિહારની નદીઓમાં આવાં વિનાશક પૂર આવે એ નવી વાત નથી, છતાં સાંપ્રત ઇતિહાસમાં તો આ પૂર અભૂતપૂર્વ જ ગણાય. વાયવ્યમાંથી પ્રવેશતી ગંગા અને નૈર્ઋત્યમાં વિંધ્યાચલમાંથી આવતી સોન નદીના સંગમ ઉપર, ગંગાના જમણા કાંઠે, મગધ સામ્રાજ્યના પાટનગર પાટલિપુત્રના અવશેષોની પર આજનું પટણા વસેલું છે. પાટલિપુત્ર અને પછી પટણા વસાવનારાઓએ ગંગાના ધોરી જલમાર્ગથી આકર્ષાઈને આ સ્થળ પસંદ કર્યું હશે, પરંતુ ગંગા અને સોન નદીના પ્રચંડ પૂરના પ્રકોપની શક્યતાની એમણે ગણતરી કરી નહિ હોય.

બૌદ્ધ સાહિત્ય પરથી જણાય છે કે પાટલિપુત્રનું નામ પાટલિગ્રામ હતું. પાટનગર રાજગૃહ હતું, જે આજે રાજગીર તરીકે ઓળખાય છે. રાજગૃહ અને નાલંદાથી પોતાની જન્મભૂમિ તરફ જઈ રહેલા ગૌતમ બુદ્ધે પાટલિગ્રામમાં વિશ્રામ લીધો હતો. તેના વિષે તેમણે ભવિષ્ય ભાખતાં પોતાના પટ્ટ શિષ્ય આનંદને કહ્યું કે પાટલિગ્રામની ઉન્નતિ થશે, તે સમૃદ્ધ થશે, મહાનગર બનશે, પરંતુ આગ, પૂર અને આંતરકલહથી તેને સહન કરવું પડશે અને તેની પડતી થશે. તે પછી ભગવાન બુદ્ધના સમકાલીન મગધરાજ અજાતશત્રુએ રાજગૃહમાંથી રાજધાની બદલીને પાટલિગ્રામને પોતાનું પાટનગર બનાવ્યું. તેના વારસ ઉદયને તેનો વિકાસ કર્યો અને હવે તે પાટલિપુત્ર તરીકે ઓળખાવા લાગ્યું.

પાટલિપુત્ર મૌર્ય સામ્રાજ્યનું પાટનગર હતું. સિકંદરના મૃત્યુ પછી પશ્ચિમ એશિયામાં તેના વારસ બનેલા ક્ષત્રપ સેલ્યુકસ નિકેટોરને મગધરાજ ચંદ્રગુપ્ત મૌર્યે હરાવ્યો હતો, અને એ ગ્રીક રાજાની કુંવરી સાથે લગ્ન કરીને દાયજામાં ઘણો પ્રદેશ મેળવ્યો હતો. તે પછી સેલ્યુકસ નિકેટોરે ઈ. સ. પૂર્વે ૩૦૨માં ચંદ્રગુપ્તના દરબારમાં મેગેસ્થેનિસ નામના ગ્રીક વિદ્વાનને પોતાના એલચી તરીકે મોકલ્યો હતો. મેગેસ્થેનિસે લખેલા સમકાલીન ઇતિહાસમાં આ મગધ સામ્રાજ્ય અને પાટલિપુત્રનું વર્ણન કર્યું છે. મેગેસ્થેનિસ ભારતમાં પહેલો યુરોપી એલચી હતો. મેગેસ્થેનિસે કરેલા વર્ણન પરથી જણાય છે કે આ નગર પાઘડી પને એટલે કે મુંબાઈ-સૂરત જેમ લાંબું અને સાંકડું હતું. પટણા પણ એવું જ છે. તેનો ઘેરાવો



સાડા પચીસ માઈલમાં હતો. તેનો રાજમહેલ બહુ સુંદર હતો અને અફઘાનિસ્તાન (ગાંધાર)થી બંગાળ સુધી ફેલાએલા મૌર્ય સામ્રાજ્યનું તે પાટનગર હતું. અશોકે અહીંથી સામ્રાજ્ય, ધર્મ ને સંસ્કૃતિ ફેલાવ્યાં. મેગેસ્થેનિસના લખવા ઉપરથી જણાય છે કે આધુનિક પટણાની વસતિ કરતાં પાટલિપુત્રની વસતિ લગભગ બમણી હતી!

ઈ. સ.ના ચોથા સૈકામાં ચંદ્રગુપ્ત બીજાએ પોતાની રાજધાની પાટલિપુત્રમાંથી અયોધ્યા ફેરવી. તે પછી પાટલિપુત્રની પડતી થઈ. તેનું પતન કેમ થયું તેનો ઉલ્લેખ ઇતિહાસમાં મળતો નથી, પરંતુ ખોદકામ કરતાં જણાય છે કે તે પૂરથી અને આગથી તારાજ થયું હતું. છઠ્ઠા સૈકામાં હૂણ લોકોએ તે લૂંટ્યું અને બાળ્યું હતું એવો ઉલ્લેખ મળે છે.

ઈસુની પાંચમી સદીમાં ગુપ્તવંશની રાજધાની પણ પાટલિપુત્રમાં હતી. ગુપ્ત સામ્રાજ્યમાં ચીનના વિદ્વાન ફાહિયાને ફરીને તેનું વર્ણન કર્યું છે. તેમાં તેણે પાટલિપુત્રનું પણ વર્ણન કર્યું છે તેમાં ત્યાં સ્થપાએલા એક વિશાળ ચિકિત્સાલયની તેણે નોંધ લીધી છે. આજની ઑસ્પિટલો જેવી જ એ હતી, જેમાં દેશના બીજા પ્રદેશોમાંથી પણ રોગીઓ આવતા હતા અને તેમના માટે રહેવા, ખાવાપીવા અને નિદાનચિકિત્સા કરવાની બધી સગવડ હતી. આ બધી સેવા વિના મૂલ્યે અપાતી.

પાંચમી અને સાતમી સદીની વચ્ચે ક્યારે પાટલિપુત્રનું પતન થયું. ક્યારે અને કેવી રીતે તે જાણવામાં નથી આવ્યું, પરંતુ ચીનના પ્રખર પંડિત હ્યુસેન ચાંગે સાતમી સદીમાં તેની મુલાકાત લીધી ત્યારે તે પડી ભાંગ્યું હતું. મંદિરો અને સ્તૂપો ભગ્ન અવસ્થામાં હતાં. મધ્ય એશિયામાંથી ચડી આવેલા હૂણોએ તેનો નાશ કર્યો હોવાનું માનવામાં આવે છે. તદુપરાંત ખોદકામ પરથી જણાય છે કે પાટલિપુત્ર પર ગંગાના કાંપના ઊંડા થર બાઝયા છે. તે બતાવે છે કે ગંગાનાં પૂર તેની ઉપર ફરી વળવાથી પાટલિપુત્રનો નાશ થયો હતો.

પાટલિપુત્રના અંગાર પર પટણા કોણે ક્યારે વસાવ્યું તેની નોંધ નીકળતી નથી, પણ જ્યારે ઈ. સ. ૧૧૯૭માં ખિલજી વંશના બાદશાહ બખ્ત્યારે બિહાર પર ચડાઈ કરી ત્યારે પટણા એક સમૃદ્ધ શહેર હતું. તેની સમૃદ્ધિ તેની ફળદ્રુપ ધરતી અને ગંગા તથા સોન જેવા ધોરી જલમાર્ગો પર આધારિત હતી. દિલ્હી અને બંગાળ વચ્ચે તે સૌથી મહત્ત્વનું ભૌગોલિક અને વ્યૂહાત્મક સ્થાન ધરાવતું હતું. આથી બખ્ત્યારે પટણા પર ચડાઈ કરી તે કબજે કર્યું, હિંદુ અને બૌદ્ધ ધર્મના હજારો સાધુઓની હત્યા કરી નાખી તથા મંદિરો અને વિહારોનો નાશ કરી નાખ્યો. (બૌદ્ધ વિહારો પરથી જ આ પ્રદેશનું નામ બિહાર પડ્યું છે.) કેટલાક ધર્મગુરુઓ ઉત્તરમાં નેપાળ તરફ ભાગ્યા, કેટલાક વિંધ્યાચલ ઓળંગીને દક્ષિણ સુધી ભાગ્યા. કેટલાક બૌદ્ધ સાધુઓ તિબ્બટ સુધી પણ ગયા. પટણા ફરી નિસ્તેજ અને નિષ્પ્રાણ થઈ ગયું.

તે પછી છેક સોળમા સૈકામાં પટણા પ્રકાશમાં આવે છે. મુઘલ શાહાનશાહ હુમાયૂંને પદભ્રષ્ટ કરનાર શેરશાહે ઈ. સ. ૧૫૪૧નાં પટણા જીતી લીધું અને ત્યાં એક કિલ્લો બાંધ્યો. શેરશાહના મૃત્યુ પછી પાછું મુઘલ સામ્રાજ્ય આવ્યું અને ઈ. સ. ૧૫૭૪માં અકબરે પટણા જીતી લીધું. ત્યારથી પટણા બિહારના મુઘલ સૂબાઓનું પાટનગર બન્યું.

પટણા વસાવનારાઓએ, શેરશાહે અને મુઘલોએ પટણાની પસંદગી તેના ધોરી જલમાર્ગ માટે કરેલી. એ જ હેતુથી અંગ્રેજો ને ડચોએ ત્યાં પોતાની કોઠીઓ સ્થાપી. ઈ. ૧૫૮૬માં રાલ્ફ ફીચ નામે અંગ્રેજે કરેલા વર્ણન પ્રમાણે ત્યારે પણ પટણા એક લાંબું ને વિશાળ શહેર હતું.

ઔરંગઝેબના અવસાન પછી મુઘલ સામ્રાજ્યનો અસ્તથવા લાગ્યો.

તેના પૌત્ર અઝીમે પટણાને પોતાના સામ્રાજ્યની રાજધાની બનાવવા તજવીજ કરી પોતાના નામ પરથી તેને અઝીમાબાદ નામ આપ્યું. પરંતુ તેના નસીબમાં મુઘલ સામ્રાજ્ય ન હતું તો નવી રાજધાની ક્યાંથી

સ્થપાય ? અંતે પટણા બંગાળના નવાબોના હાથમાં ગયું ને ઈ. ૧૭૬૩માં નવાબ મીર કાસિમ અલીખાન પાસેથી અંગ્રેજોએ પટણા જીતી લીધું. આરંભમાં તો તેમણે બિહારને બંગાળ સાથે જોડી દીધું પણ ઈ. ૧૯૧૧-માં બિહારનો જુદો પ્રાંત રચાયો ત્યારે પટણા તેની રાજધાની થયું.

એ જમાનામાં ઉત્તર પ્રદેશ, બિહાર અને બંગાળ વચ્ચેનો વેપાર મુખ્યત્વે ગંગા પર જ આધારિત હતો. આથી ગંગા નૌકાઓની અવર-જવરથી ભરચક રહેતી હતી. પરંતુ ૧૯મી સદીમાં રેલવે બંધાયા પછી માલ અને ઉતારુઓની અવરજવર મુખ્યત્વે રેલવે વડે થવા લાગી તેથી ઉત્તર ભારતના ધોરી જલમાર્ગ તરીકે ગંગાનું મહત્ત્વ ઘટી ગયું. આથી વ્યાપારી મથક તરીકે પટણાનું પણ મહત્ત્વ ઘટી ગયું. તેમ છતાં સામ-સામા કાંઠાનાં ગામડાંઓ વચ્ચે અને કાંઠાનાં નગરો વચ્ચે હજી ગણ-નાપાત્ર નૌકા-વ્યવહાર છે. એટલું જ નહિ પણ ગંગા ઉપર મધ્યમ કદની અને નાની સ્ટીમરો પણ હંકારાય છે.

ગંગા અને તેમાં મળનારી નદીઓ દર વર્ષે ઉત્તરે હિમાલયમાંથી અને દક્ષિણે વિંધ્યાચલમાંથી એટલો બધો કાંપ લાવે છે અને કાંઠાના મેદાનમાં પાથરે છે કે પાટલિપુત્ર ઉપર કાંપના થરના થર બાઝી ગયા છે, તેના અવશેષો ઊંડે દટાઈ ગયા છે. નાણાંના અભાવે જે કંઈ થોડું ખોદકામ ને સંશોધન થયું છે તેમાં વિસ્મયકારક અવશેષો મળી આવ્યા છે. તેમાં અશોકે બંધાવેલો એક વિશાળ ખંડ છે જેમાં ૧૦૦ થાંભલા હતા.

પૂર કરતાં પણ વધુ ભયાનક હોનારત પટણાએ તા. ૧૫ જાન્યુઆરી ૧૯૩૪ના બપોરે સવા બે વાગ્યે અનુભવી હતી. જ્યારે હિંદુસ્તાને ભોગવેલા સૌથી વધુ ભયાનક ભૂકંપો પૈકી એક ભુકંપમાં પટણા તારાજ થયું હતું. ૧૯ લાખ ચોરસ માઈલ જેટલા પ્રદેશમાં ફેલાએલા એ ધરતી-કંપમાં દસ હજાર માણસો માર્યા ગયાં હતાં. ભૂકંપની ઉગ્રતા જોતાં આ આંકડો ઓછો હતો તેનું કારણ બપોરનો સમય હતો.

પટણાની સૌથી જૂની ઈમારતોમાં બંગાળના બાદશાહ હુસેનશાહે ઈ. સ. ૧૪૯૯માં ચળકતી (glazed) લાદીઓ જડીને બંધાવેલી મ-સ્જિદ છે. મધપૂડાની યાદ આપતું ગોલઘર અથવા ગોલા ધાન્ય ભરવા માટે ઈ. સ. ૧૭૮૬માં બાંધવામાં આવ્યું. હતું તે ૯૬ ફૂટ ઊંચું છે. જોકે કશી ખામીના કારણે તેનો ઉપયોગ ન થયો. પૂરમાં સરોવર બની ગએલું ગાંધી મેદાન નગરના કેન્દ્રસ્થાને છે તેનો ઘેરાવો એક માઇલનો છે. સ્વાતંત્ર્યસંગ્રામની ઘણી સત્યાગ્રહી લડાઈઓ અહીં થઈ હતી.

ભારતની સંસ્કૃતિ અને તવારીખની ધબકતી જીવતી મૂર્તિ સમા પટણાના ૨૫૦૦ વર્ષના ભૂતકાળમાં પર્યટન કરવું હોય તો તે માટે લેખનાં થોડાં પાનાં કે પ્રવાસના થોડા દિવસો પૂરતા નથી. બિહારના વર્તમાન રાજકારણમાં સંક્ષુબ્ધ પટણા હમણાં તો ક્ષોભ, વિસંવાદ અને વિખવાદ ભૂલીને ગંગા તથા સોનનાં પૂરનાં પાણીમાંથી બહાર આવીને પોતાના જખમોની સારવાર કરી રહ્યું છે. જો પાટનગરના આવા હાલ થયા તો હજારો ગામડાંનું શું થયું હશે ? જે દશા પાટલિપુત્રની થઈ તેમાંથી પટણાને બચાવવું હોય તો પૂરની સમસ્યા ઉકેલવી જ રહી.
('સમર્પણ')

—વિજયગુપ્ત મૌર્ય

સૂરણ

પ્રાચીન આયુર્વેદમાં સૂરણને તેના અર્શ (હરસ) મટાડવાના ગુણને લીધે 'અર્શોઘ્ન' અને બધાં કંદશાકોમાં ઉત્તમ હોવાથી 'કંદનાયક' એવાં નામ અપાયાં છે. શ્રાવણ માસથી વાડીઓમાં વાવેલું નવું તૈયાર થએલું ભૂમિના નિરામય જળથી પરિતૃપ્ત તાજું સૂરણ ખોદાઈને બજારમાં વેચાવા આવે છે. બટાટા આપણે ત્યાં ખવાતા પરદેશી કંદ છે, જ્યારે સૂરણ આપણો ભારતીય કંદ છે. ઉપવાસમાં અને સામાન્ય શાકમાં આપણે ત્યાં સૂરણનો ઠીક ઉપયોગ થાય છે. ચોમાસાના ભેજને લીધે દેહમાં કફ તથા વાયુનો ઉપદ્રવ થાય તેનું શમન કરવાનો સૂરણનો ગુણ આયુ-ર્વેદમાં પ્રસ્થાપિત થએલો છે.

આયુર્વેદની દૃષ્ટિએ સૂરણ દીપક એટલે ભૂખ ઉઘાડનારું, લૂખું એટલે ઓછા તેલવાળું, ઝાડો બાંધનારું, સ્વાદે જરા તૂરું તીખું, પચવામાં હલકું તેમ જ કફ ને અર્શનો નાશ કરનાર છે. રાજનિઘંટુમાં તેને કૃમિ, વાયુ,

વાયુને લીધે પેટમાં ગોળો ચડતો હોય તો એ મટાડે છે. બધાં કંદશાકમાં તે શ્રેષ્ઠ મનાયું છે, પણ ચામડીના દાદર જેવા રોગથી પીડાતા માનવીને તથા રક્તપિત્તના અને કોઢના દર્દીને તે હિતકારક નથી. વૈદ્ય મનોરમામા પ્રમાણે અન્નનો ખોરાક ન ખાતાં એક માસ સૂરણ ખાઈ છાશ પીવાથી અર્શ જડમૂળમાંથી નાબૂદ થાય છે.

સૂરણ બે જાતનાં મળે છે: એક વાડીઓમાં વવાતું સૂરણ જે મીઠું સૂરણ કહેવાય છે, ને બીજું જંગલી સૂરણ જે જંગલોમાં અને ખેતરોની વાડોમાં કુદરતી રીતે પેદા થાય છે. તે અતિશય વળવળતું હોય છે. ખાવાથી મોં ખૂબ ચચરે છે. બજારમાં વેચાતા સૂરણમાં પણ કેટલુંક સૂરણ એવું હોય છે, કે તેમાં જરાતરા વળવળાટ હોય છે અને તે સમારતાં પણ આંગળાં પર વળવળાટ થાય છે. તેલમાં રાંધવાથી અને તેમાં દહીં, આમલી કે લીંબુની ખટાશ નાખવાથી એ વળવળાટ નાશ પામે છે.

તાજું સૂરણ ધીરે તાપે જે વાસણમાં રંધાય તેમાં થોડા પ્રમાણમાં તેલ નાખી, તે વાસણ ઉપર પાણી ભરેલું સપાટ ઢાંકણું ઢાંકી, થોડી થોડી વારે ખપ પૂરતું જ હલાવવાથી તેલપાણીની વરાળથી સારું મુલાયમ ચડી જાય છે. ચોમાસું વીત્યા પછી જેમ વખત જાય તેમ સૂરણમાં જળદ્રવ્ય સુકાતું જાય છે. એવા સૂરણને સમારી એકાદ કલાક પાણીમાં રાખી, નિતારી ઉપરની રીતે રાંધવાથી તે પણ સારી રીતે ચડે છે.

સારા પ્રમાણમાં તેલ નાખી તળેલું અને ખરું કરેલું સૂરણનું શાક ઓછું પૌષ્ટિક થાય છે. તે ઉપરાંત પચવામાં ભારે છે. વળી ખૂબ પાણીમાં બાફી, પાણી નિતારી, તેલમાં વઘારેલું સૂરણ પણ બફાએલા પાણીમાં તેમાંનાં ક્ષારવિટામિન મોટે ભાગે ચાલ્યાં જવાથી પૌષ્ટિકતા ઘણી ઓછી થાય છે. સૂરણ બાફી, તેનો છૂંદો કરી, તેમાં ગોળ અને જરૂરી મસાલા ભેળવી, દહીં કે લીંબુ નીચોવી, મેથીનો વઘાર કરી, ઉપર કોથમીર સમારીને નાખી જે છૂંદો બનાવાય છે, તે એક પોષક ને સ્વાદિષ્ટ વાની છે. સૂરણ અને પલાળેલી ચણાની દાળનું મિશ્ર શાક પણ ખવાય છે. પોષણની દૃષ્ટિએ આ શાક, સૂરણમાં જે નામનું પ્રોટિન છે તેમાં ચણાની દાળના પ્રોટિનથી સારા પ્રમાણમાં ઉમેરો થાય છે.

અર્શ માટે જંગલી વળવળતું સૂરણ સારું મનાય છે. તે બજારમાં વેચાતું નથી; પણ ગામડેથી મંગાવી શકાય છે. એ સૂરણમાં બહુ જ વળવળાટ હોય છે. એવા સૂરણના કંદને વાડામાં સૂકાં આમલીનાં પાન કે ડાંગરનાં છોડાંનો ઢગલો કરી, તેમાં મૂકી, પાન છોડાં સળગાવી, તેના અગ્નિમાં આઠેક કલાક ધીમે ધીમે બફાવા દેવામાં આવે છે. ટાઢું પડ્યે ઉપરનાં છોતરાં કાઢી તેમાં દહીં તથા જરૂરી મીઠું-મસાલો નાખી ખવાય છે. જંગલી સૂરણનાં પીતાં કરી સૂકવી તેનો લોટ બનાવી કેપ્સ્યુલમાં ભરી અર્શવાળાને તે કૅપ્સ્યુલ ગળાવાય છે, અથવા થોડા દહાડા સદા ખોરાક સાથે એના એક ચમચો લોટનો ઘી-ખાંડનો શીરો બનાવી ખવડાવાય છે.

વાડીનું સૂરણ જમીનમાંથી ખોદી કાઢતાં તેની ફરતાં ગાંઠા તૂટી જાય છે. આ ગાંઠા સૂરણ કરતાં બધી કિંમતે વેચાય છે. તે કોમળ હોવાથી જલદી અને ઓછા તાપે બટ ટાની માફક તેલમાં ચડવી શકાય છે. રોજની તુવેરની દાળમાં એ સમારી દાળ સાથે ચૂલે મૂકવામાં આવે તો એ દાળ પણ સ્વાદિષ્ટ બને છે દાળ ઓછી વપરાય છે ને ઘાટી બને છે.

('ગુજરાતમિત્ર') —જ. ઓ. કાનૂગા

દાંતના અનેક રોગોનું એક ઔષધ

જાતિપત્ર, પુનર્નવા, તિલકણા—કૌરંટ, મુસ્તા, વચાઃ,
શુંઠી, દીપ્ય, હરીતકી ચ સચૂર્ણમ્ ચૂર્ણ મુખે ધારયેત્.
વાતઘ્નં, કૃમિ, દંતશૂલ દહનં—સર્વામય—ધ્વંસનમ્.
દૌર્ગંધ્યાદિ સમસ્ત દોષહરણમ્ દન્તશ્ચ રોગાશનિઃ.

(ભૈષજ્ય રત્નાવલિ)

ચમેલીનાં પાન, સાટોડીનાં મૂળ, તલ, લીંડીપીપર, કાંટાશેળિયો (ઠળિયા કાઢી નાખીને) આ બધી ચીજો સરખે ભાગે લઈ, ચૂર્ણ કરી, કપડેથી ચાળી નાખી તેમાંથી ઉપયોગ પૂરતું થોડું ચૂર્ણ લઈ, તેને જરા ઘી નાખીને મિશ્ર કરી, નાની ગોળી કરી મોઢામાં રાખો. તેથી દાંતમાં કૃમિ પડીને પીડા થતી હોય, દાંતમાં વાયુથી પીડા થતી હોય, કોઈ પણ કારણે શૂળ આવતું હોય, મોઢાની દુર્ગંધ વગેરે દાંતની પીડા આ ચૂર્ણથી મટે છે.

આ ચૂર્ણની આખી બનાવટ એવી છે કે તેમાં દાંતમાં થતા લગભગ બધા જ વ્યાધિને આવરી લેવામાં આવ્યા છે. દાઢ કે દાંત સડી પીડા થતી હોય તો પીડાવાળે ભાગે નાની ગોળી જેવું કરી આ ચૂર્ણ દબાવી દેવું; પછી લાળ પડવા દેવી; એથી પેઢાં ઊપસી આવ્યાં હશે કે દાંતમાં કૃમિ પડ્યા હશે અથવા સખત સણકા મારતા હશે તો પણ દાંતની પીડા તરત શમશે. આ રીતે દિવસમાં ૪-૫ વાર દવા દુખતા ભાગે મૂકીને લાળ પડવા દઈ પાણીના કોગળા કરવાથી જરૂર લાભ થાય છે.

જો અવાળુ ફૂલ્યાં હોય તો તેલ અને મધમાં કે ફક્ત મધમાં આ દવા લઈ એ જગ્યાએ ચોપડીને લાળ પડવા દેવી. પછી સહેવાય તેવા જરા ગરમ પાણીના કોગળા કરવા. એથી વ્યાધિ તરત કાબૂમાં આવે છે. અવાળુ ફૂલવાથી કે દાઢ અથવા દાંતના દુખાવાને કારણે બહાર ગાલ ઉપર કે દાઢીના ભાગે જ્યાં સોજો આવ્યો હોય ત્યાં કાળીજીરી ને હળદર, બન્ને સરખે ભાગે લઈ તેમાં સહેજ મીઠું નાખીને સહેવાય તેવું ગરમ કરી તેનો લેપ બહારના ભાગે કરવો અને અંદરના ભાગે ઉપર કહ્યું તે ચૂર્ણ મૂકવું. ફક્ત એક જ દિવસમાં દાંતનો દુઃખાવો મટશે. જો સોજો વધારે પડતો આવ્યો હોય તો કાળીજીરી, હળદર ને રસવંતી ત્રણે સરખે ભાગે લઈ, તેમાં મીઠું નાખી બહાર લેપ કરવો અને મોઢામાં ઉપર શ્લોકમાં આપેલી દવા મૂકવી તેથી જરૂર લાભ થાય છે. જો દાંત કે દાઢનું કૅન્સર નહિ હોય તો ઉપરનાં બન્ને ઔષધો ગમે તેવા દાંતના વ્યાધિને એકથી બે દિવસમાં કાબૂમાં લઈ લેશે. (અવતરિત)

નવતર અંકચોરસ

૨૬	૭૮	૧૨૨	૧૯૭	૪૯	૧૫૩
૩૮૬	૪૩૮	૪૮૨	૫૫૭	૪૦૯	૫૧૩
૨૦૬	૨૫૮	૩૦૨	૩૭૭	૨૨૯	૩૩૩
૧૧૬	૧૬૮	૨૧૨	૨૮૭	૧૩૯	૨૪૩
૪૭૬	૫૨૮	૫૭૨	૬૪૭	૪૯૯	૫૦૩
૨૯૬	૩૪૮	૩૯૨	૪૬૭	૩૧૯	૪૨૩

એક પૈસાના પાંચ ચોરસ સિક્કા લો. આ અંક–ચોરસના છત્રીસ ખાનાંમાંથી કોઈ પણ એક ખાના પર એક પૈસો મૂકો. જે ખાના પર પૈસો છે તે ખાનાવાળી આડી ને ઊભી હારનાં બાકીનાં ખાનાં (અને એમાંની સંખ્યા પણ) રદ કરો. ધારો કે પહેલો પૈસો ૨૧૨ની સંખ્યા પર મૂકયો; તો એ સંખ્યાવાળું ખાનું જેમાં છે એ આડી હારનાં ખાનાં સાથે એમાંની ૧૧૬, ૧૬૮, ૨૮૭, ૧૩૯, ૨૪૩ની સંખ્યા અને ઊભી હારની ૧૨૨, ૪૮૨, ૩૦૨, ૫૭૨ અને ૩૯૨ની સંખ્યા રદ થશે. અંક–ચોરસમાં હવે પસંદગી માટે પચ્ચીસ ખાનાં બાકી રહ્યાં. એમાંથી ગમે તે એક પર બીજો પૈસો મૂકો. ધારો કે ૬૪૭ના ખાના પર એ મૂકયો; તો નિયમ પ્રમાણે એ ખાનાંવાળી આડી હારની ૪૭૬, ૫૨૮, ૪૯૯, ૫૦૩ અને ઊભી હારની ૧૯૭, ૫૫૭, ૩૭૭ અને ૪૬૭ની સંખ્યા રદ થશે. આડી–ઊભી હારમાં ૫૭૨ અને ૨૮૭ની સંખ્યા તો પહેલો પૈસો મૂકયો ત્યારની રદ થએલી છે. હવે બાકી રહેતાં ખાનાંમાંથી કોઈ પણ એક પર ત્રીજો પૈસો મૂકો અને એ ખાનાવાળી આડી ઊભી હારની સંખ્યા રદ કરો. આ જ રીતે પાંચે ય પૈસા મૂકયા પછી છેવટ એક જ ખાનું બાકી રહેશે. હવે પૈસા તળેની સંખ્યા અને છેલ્લે વધેલા ખાનામાંની સંખ્યાનો સરવાળો કરો. જવાબ ઈસુના આ વર્ષની ૧૯૭૫ જ આવશે.

અને આમ, જુદીજુદી કેટલી વાર આ જવાબ મેળવી શકાશે એ જાણો છો? $૬^૨×૫^૨×૪^૨×૩^૨×૨^૨×૧^૨$ એટલે કે ૩૬×૨૫×૧૬×૯×૪×૧=૫,૧૮,૪૦૦ વાર!

—કિશોર ન. ગોરધનદાસ


પરદેશનાં પત્રમિત્રો

[આ વિભાગમાં માત્ર પરદેશનાં અને વિદેશવાસી ભારતીય પત્રમિત્રોનાં જ નામ પ્રકટ કરવામાં આવે છે.]

(1) Magdy Al Shronbaby, El Emerican El Bahri Street 14, Tanta, Egypt, (M–23); Tourism, Judo, Sports; (2) Tini Seekatz, 5436 Westerburg, Nesutr, 19, West Germany (F–18); dancing, music, reading, sport.

'શોખજગત' નામે એક નવું ત્રૈમાસિક માર્ચ, જૂન, સપ્ટેમ્બર અને ડિસેમ્બર માસમાં પ્રકટ થઈ રહ્યું છે. ટિકિટસંગ્રહ, સિક્કાસંગ્રહ, પત્રમૈત્રી અને અન્ય વિવિધ શોખ વિષયક માહિતીપ્રદ ને માર્ગદર્શક લેખો, જુદા જુદા ગામમાં આવી પ્રવૃત્તિ ચલાવતાં મંડળોના સમાચાર, દેશદેશનાં પત્રમિત્રોનાં નામ-સરનામાં, પરિચયો તથા પત્રો અને પ્રકીર્ણ માહિતી આપતું આ સામયિક આ ક્ષેત્રે વ્યાપક એકવાક્યતા ને વિકાસ સાધવા ઈચ્છે છે. તંત્રી, સહતંત્રી : ડાહ્યાલાલ સી. પરમાર અને જગદીશ બિનીવાલે; ૬, કીર્તિનગર સોસા, ન્યૂ સિવિલ, અમદાવાદ-૩૮૦૦૧૬.

માસમાસના આકાશમાં
ઑક્ટોબર–નવેમ્બર



કેટલાક તારાઓ આકાશમાં એવી રીતે ગોઠવાએલા છે કે એથી રચાતા આકાર એક વાર જોયા પછી હમેશ માટે યાદ રહી જાય. આ સમયના આકાશમાં એક સરખા પ્રકાશિત ચાર તારાનો એક વિશાળ ચોરસ આવો જ એક આકાર છે. 'ખગાશ્વ' (Pegasus) તારામંડળમાં એનું સ્થાન છે. એના પૂર્વ તરફના બે તારા 'ઉત્તરા ભાદ્રપદા' અને બીજા બે તારા 'પૂર્વા ભાદ્રપદા' નક્ષત્રના તારા ગણાય છે, અને આ બે નક્ષત્રો મળી રચાતો સમગ્ર ચોરસ 'ભાદ્રપદાના ચોરસ' તરીકે જાણીતો છે. આકાશમાં એ સૌથી મોટી ચોરસ-આકૃતિ છે. પૂર્વા ભાદ્રપદાના બંને તારાને જોડતી રેખા ઉત્તરમાં લગભગ ધ્રુવ તરફ તકાએલી છે. પૂર્વા ભાદ્રપદાનો ઉત્તર તરફનો તારો 'અશ્વપદ' કહેવાય છે. પૂર્વા ભાદ્રપદાથી આગળ સહેજ નૈઋત્યે એક ચળકતો અને એક ઝાંખો તારો બાજુબાજુમાં દેખાય છે. એ બે તારા તે 'અશ્વમુખ'. ભાદ્રપદાના ચોરસમાંના દક્ષિણ તરફના બે તારાને ખગાશ્વની પીઠ કલ્પીએ તો પછી અશ્વમુખ અને અશ્વપીઠ વચ્ચે ખગાશ્વની ડોક કલ્પવી સરળ થઈ પડશે. આ જ રીતે અશ્વપદથી આગળના તારાઓ જોડી ખગાશ્વના પગ કલ્પતાં આ આકાશી અશ્વની આકૃતિ મગજમાં ઉતારી શકાશે. ગ્રીક પુરાણકથામાં 'પેગાસસ' એ એક આકાશચારી દેવતાઈ અશ્વનું નામ છે. એના પરથી જ કદાચ આપણે આકાશી અશ્વ–ખગાશ્વ નામ આપ્યું હશે.

હાલમાં ૨૨મી માર્ચે ઉત્તરા ભાદ્રપદા નક્ષત્રમાં વસંત સંપાત થાય છે. ક્રાંતિવૃત્ત અને વિષુવવૃત્ત એકબીજાને સામસામા બે બિંદુમાં છેદે છે. એ બેમાંનું એક બિંદુ તે 'વસંત' સંપાત' અને બીજુ 'શરદ સંપાત'. ખગોળની દૃષ્ટિએ આ બંને દિવસે પૃથ્વી પર દિવસરાત સરખાં લાંબાં હોય છે. વસંત સંપાત પછી દિવસની અને શરદ સંપાત પછી રાતની લંબાઈ વધે છે.

આ માસ (ઑક્ટોબર) ઇતિહાસમાં

પ્રસંગવિશેષ તા. ૧/૧૮૩૬ લૉર્ડ ઑકલૅન્ડે હિંદુસ્તાનમાં બ્રિટિશ સામ્રાજ્યની સીમા વિસ્તારવા જે પ્રયત્નો કર્યા તેનું એક ફળ તે અફઘાન-વિગ્રહ. અગાઉ લૉર્ડ બેન્ટિકે મહારાજા રણજિતસિંહને ભેટ મોકલવાના બહાને લશ્કરી દૃષ્ટિએ સિંધુ નદીની છૂપી તપાસ કરાવી લીધી હતી. વળી, અંગ્રેજોને રશિયાની બીક રહે છે તેવું બહાનું રજૂ કરી ઈ. ૧૮૩૨માં મધ્ય એશિયામાં પણ જાસૂસી માટે બર્ન્સને મોકલ્યો હતો. આમ એક તરફ દીર્ઘદૃષ્ટિયુક્ત પૂર્વતૈયારીઓ કરવા સાથે બીજી તરફ યોગ્ય તક માટે અંગ્રેજો ટાંપી રહ્યા હતા. અને એ તક મળી ગઈ. રણજિતસિંહે અફઘાનિસ્તાનનો પેશાવર તરફનો ફળદ્રુપ જિલ્લો જીતી લીધેલો. અંગ્રેજો એ જિલ્લો પાછો અપાવે તો રશિયા વિરુદ્ધ મદદ કરવાનો અફઘાનિસ્તાનના શાસક દોસ્તમહમદે પ્રસ્તાવ કર્યો. પણ અંગ્રેજો એ સમયે રણજિતસિંહની સામે ચાલવાની હિંમત કરી શકે તેમ નહોતા. એટલે એમણે આ સ્થિતિનો જુદી રીતે ઉપયોગ કર્યો. એમણે અફઘાનિસ્તાનના પદચ્યુત શાસક શાહ શુજાનો પક્ષ લઈને દોસ્તમહમદ સામે ઈ. ૧૮૩૯ની ૧લી ઑક્ટોબરે યુદ્ધ જાહેર કર્યું. શાહ શુજાને નામે અંગ્રેજોએ કાબુલ જીત્યું, અને દોસ્તમહમદને કેદ કરી હિંદુસ્તાન મોકલી આપ્યો. પરંતુ તે પછીનું વિગ્રહનું પાસું બહુ કરુણ નીવડ્યું. ઝનૂની અફઘાનોએ શાહ શુજા અને બર્ન્સનાં ખૂન કર્યાં. અંગ્રેજ એલચી મૅક્નૉટનને દોસ્તમહમદના પુત્ર અકબરખાંએ ઠાર કર્યો અને હારીને પાછી ફરતી વીસેક હજારની અંગ્રેજ સેનાના એકેએક જણને અફઘાનોએ માર્ગમાં જ રહેંસી નાખ્યો. બચ્યો એક માત્ર અંગ્રેજ ડૉ. બ્રાયડન. ગંભીર હાલતમાં માંડમાંડ એ જલાલાબાદ સુધી પહોંચી શક્યો હતો અને ત્યારે અંગ્રેજોને પોતાની સેનાના ખરા હાલની ખબર પડી હતી.

તા. ૭/૧૯૨૯ યુગોસ્લાવિયા અસ્તિત્વમાં આવ્યું. અગાઉ સર્બિયા, ક્રોએશિયા, બૉસ્નિયા-હર્ઝેગોવિના, મૅસિડોનિયા, સ્લૉવેનિયા અને મૉન્ટેનેગ્રોનાં અલગઅલગ રાજ્યો હતાં. મુખ્યત્વે તુર્કી તથા હંગેરી અને ઑસ્ટ્રીઆની સત્તા ત્યાં ચાલતી રહેલી. ઑસ્ટ્રીઆની ગાદીના વારસદાર, ફ્રાન્ઝ ફર્ડિનાન્ડનું સારાજીવોમાં ખૂન થતાં પહેલું વિશ્વયુદ્ધ ફાટી નીકળેલું. એમાંથી આ બધા દેશોને એક થવાની તક મળી. સર્બિયાનો રાજા પીટર એમનો રાજકર્તા બન્યો અને એના પુત્ર ઍલેક્ઝાંડરે સરમુખત્યારી જાહેર કરી નવા સંયુક્ત રાષ્ટ્રને 'યુગોસ્લાવિયા' નામ આપ્યું.

તા. ૪/૧૫૩૫ સૌ પ્રથમ અંગ્રેજીમાં છપાએલા બાઈબલનું કામ પૂરું થયું.

વ્યક્તિ-વિશેષ તા. ૮/૧૮૭૩ વીસમી સદીનાં આરંભનાં વર્ષોમાં સ્વામી વિવેકાનંદ પછી એટલો જ આદર પામનાર વેદાંત-તત્ત્વજ્ઞ સ્વામી રામતીર્થનો પંજાબના ગુજરાનવાલા ગામમાં ગોસાંઈ હીરાનંદજીને ત્યાં જન્મ. એમનું મૂળ નામ તીર્થરામ. સિયાલકોટ અને લાહોરની કૉલેજમાં ગણિતના પ્રાધ્યાપક બન્યા પછી બાવીસ વર્ષની વયે પત્ની તથા ત્રણ સંતાનોને છોડી તેઓ હિમાલય ચાલ્યા ગયા. એકાદ વર્ષ બાદ પાછા આવી ત્રણેક માસ એમણે 'અલેફ' નામે એક વેદાંતવિષયક માસિક ચલાવ્યું ને પછી ફરી હિમાલયમાં જઈ સંન્યસ્ત લઈ ને સ્વામી રામતીર્થ બન્યા. બચપણથી જ નબળા રહેતા શરીરને પ્રિન્સિપલની ટકોરથી કૉલેજકાળમાં વ્યાયામ વડે પોલાદી તો બનાવ્યું જ હતું, પણ



આધ્યાત્મિક શક્તિઓના વિકાસથી એમનામાં અજબ તેજ પ્રકટ્યું. મથુરાના ધર્મોત્સવ પ્રસંગ પછી પોતાનાં તેજ અને વ્યાખ્યાન-પ્રભાવથી તેઓ દેશખ્યાત બની ગયા. તેહરીના રાજાએ એમને જાપાન–અમેરિકાના વ્યાખ્યાન-પ્રવાસે મોકલેલા. ત્યાંથી પાછા ફરતાં એમણે મિસરમાં ફારસી ભાષામાં વ્યાખ્યાનો આપ્યાં. જનહૃદય જીતીને તેઓ ૧૯૦૫માં ભારત આવ્યા અને દેશપર્યટન કરતાકરતા હરદ્વાર જઈ રહ્યા. ત્યાં તબિયત બગડતી ચાલી. અંતે મૃત્યુ નજીક જાણી પોતાના ૩૪મા જન્મદિવસે એમણે ગંગામાં જળસમાધિ લીધી.

તા. ૧૦/૧૯૧૩ દુનિયાભરમાં મહત્ત્વના જળમાર્ગ પનામાની નહેરનું બાંધકામ પૂરું થયું. અમેરિકાની ઉત્તરદક્ષિણ જમીન જુદી પડી પણ પૂર્વપશ્ચિમ દુનિયાનું જોડાણ થયું.

તા. ૧૪/૧૯૫૫ આજે પાકિસ્તાન ગણાતા વિસ્તારની પશ્ચિમ પાકિસ્તાન તરીકે રચના થઈ.

તા. ૨૫/૧૬૦૫ અકબરનું અવસાન થતાં એનો શાહજાદો સલીમ નુરુદ્દીન મુહમ્મદ જહાંગીર નામ ધારણ કરીને મુઘલ સલ્તનતની ગાદીએ બેઠો.



વેપારાર્થે મોટા શહેરમાં આવેલા ભગાભાઈ રસ્તે તૈયાર થતી એક મોટી ઈમારત જોવા ઊભા રહ્યા. થોડી વાર પછી એણે જોયું કે સાધારણ દેખાતો એક માણસ ત્યાં ઊભો ઊભો સતત સિગારેટ પીધા કરતો હતો. આથી આખરે એણે પૂછ્યું: 'દિવસમાં કેટલી સિગારેટો પીઓ છો?'

'લગભગ વીસ.'

'એક સિગારેટ કેટલાની આવે છે?'

'૨૫ પૈસાની.'

'પચીસ પૈસાની એક એટલે રોજ પાંચ રૂપિયાની થઈ. કેટલાં વર્ષથી પીઓ છો?'

'લગભગ ત્રીસ વર્ષથી'

'ઓહો-હો! કેટલા બધા પૈસા તમે સિગારેટ પાછળ વેડફી નાખ્યા! એ બધા પૈસા બચાવ્યા હોત તો આજે તમે આ સામે બાંધ છે એ ઈમારતના માલિક થઈ શક્યા હોત.'

હવે એ માણસે પોતાના મોંમાંથી સિગારેટ કાઢી આશ્ચર્યથી પૂછ્યું: 'તમે કોઈ દિવસ સિગારેટ પીધી છે?' 'ના, કદી નહિ.'

'તમે આ સામેની ઈમારતના માલિક છો?'

'ના.'

'ખેર, હું એ ઈમારતનો માલિક છું.' સિગારેટનો એક દમ મારી એણે કહ્યું.

એક લેખકે પોતાની નવી કૃતિ પોતાની પત્નીને અર્પણ કરતાં અર્પણપત્રિકામાં લખ્યું: 'પ્રિય સોહિણીને—જેની ગેરહાજરી વિના આ પુસ્તક કદી પૂરું ન થઈ શક્યું હોત.'



જાગ! જે જાગ્યા નહિ તે ધૂળ ભેગા ધૂળ થઇ બેઠા; ન વીતી જાય વેળા:
સૂર્યનાં કિરણો સુધી જે જાય આગે, એમનાં ચરણે ઝગે છે રંગમેળા.

—મકરન્દ દવે

સ્વામી રામતીર્થે પૂર્વાશ્રમમાં પ્રોફેસર તીર્થરામ હતા ત્યારે એક વાર વર્ગમાં પાટિયા પર એક લીટી દોરીને તેને નાની કરવા કહ્યું. એક વિદ્યાર્થી ઊઠીને તેને ભૂંસવા જતો હતો તેને અટકાવીને તીર્થરામ બોલ્યા 'એને ઈજા પહોંચાડયા વિના નાની કરવાની છે.' થોડી વારે એક ચકોર વિદ્યાર્થીએ તેની નીચે તેનાથી મોટી લીટી દોરી. આથી પ્રસન્ન થઈ તીર્થરામજીએ તેની પ્રશંસા કરીને પોતાના પ્રશ્નનો મર્મ સમજાવતાં કહ્યું: 'જીવનમાં મહાન બનવા માટે કોઈને હાનિ પહોંચાડવાની જરૂર નથી. આપણે પોતે જ મહાન બનવું જોઈએ.'

કહેવતોના અર્થ: 'આપ સે આઈ સો હલાલ.' –સહજમાં, આપમેળે, વગર માગ્યે આવી મળે તે સુખદ અને ઉત્તમ એ દર્શાવતી આ કહેવતને મળતું એક બીજું કહેવત-કાવ્ય પણ છે: 'સહજ મિલા સો દૂધ બરાબર / માંગ લિયા સો પાની; / ખીંચ લિયા સો લહુ બરાબર... (આનું ચોથું ચરણ જે જાણતા હોય તે લખી મોકલે.)

અનેકાર્થી શબ્દ: **હાર** = પરાજય; ઓળ કે પંક્તિ; ગળામાં પહેરવાની માળા; પિંગળમાં એક છંદ; 'કરનાર' અર્થમાં વપરાતો પ્રત્યય—દા. ત. 'તારણહાર'; ટેક કે ગર્વ; વેદમાં રુદ્રનું એક નામ; ગણિતમાં ભાગનારો આંકડો--ભાજક; વન કે જંગલ; ઘોડી.


આપણા શરીરમાંના લોહીનું વજન શરીરના વજન કરતાં બારમા ભાગનું હોય છે.



કલાકણિકા: ઈ. સ. ૧૦૦ આસપાસનો, ગ્લૅડીએટરના શિરટોપ આકારનો આ ઇટાલીઅન દીપ ધાતુનો નહિ પણ માટીનો છે.

ગણિત-ગમ્મત: એક ત્રિઅંકી સંખ્યા લો. દા. ત. ૧૩૪. હવે એની એ સંખ્યા ફરી જમણી બાજુ લખો. એટલે ૧૩૪૧૩૪. આ છ-અંકી સંખ્યા ૭થી, ૧૧થી કે ૧૩થી નિઃશેષ ભાગી શકાય. ફરી એ છ અંકી સંખ્યાના અંકનો ક્રમ ઊલટાવીને લખો એટલે ૪૩૧૪૩૧. આ સંખ્યા પણ ઉપર પ્રમાણેના દરેક ભાજકથી નિઃશેષ ભાગી શકાશે. (મૂળજી જેઠુ જોષી)

કહેવાય છે કે ચામડીને મુલાયમ કરવામાં કાકડી ઉપયોગી છે. કાકડીનું પતીકું કાપીને ચહેરા, ગરદન વગેરે પર ઘસીને સુકાવા દેવું. આ રીતે મહિનો-માસ કરવાથી ચામડીને આરોગ્ય ને ઓજસ મળે છે. વળી છાલ સાથે કાકડી ખાવાથી વાળ પર ચમક આવે છે.



અભરાઈ પર ક્રમબદ્ધ ગોઠવાતી પહોળી પીઠની ફાઇલોને, ક્રમ તૂટવા દીધા વિના સરળતાથી યોગ્ય સ્થાને પાછી મૂકી શકાય એવી એક કલાત્મક યુક્તિ છે. એક મોટું સુંદર દશ્યચિત્ર કોઈ છાપા કે જૂના કૅલૅન્ડરમાંથી કાપી કાઢો. પછી તેને, તે ફાઇલોની પીઠના માપના ઊભા પટ્ટા રૂપે કાપી, ક્રમબદ્ધ ફાઇલોની પીઠ પર, એકેક કરીને ક્રમ વાર ચોડી દો; જેથી દૂરથી સળંગ દશ્ય દેખાશે. અને કોઈ ફાઈલ આડીઅવળી મુકાઈ હશે તો દશ્યમાં તૂટ પડીને એ ખામી તરત તરી આવશે.

સ્પેલિંગની કમાલ

અંગ્રેજી જોડણીની એક કમાલ જોવી હોય તો One, Two, Three, Four, Five .....Ten, Twenty...Hundred, આમ સો સુધીના શબ્દોમાં એકે a અક્ષર વપરાતો નથી! તપાસી જોજો. આ કમાલ છેક Nine hundred ninety nine સુધી રહે છે. છેક Thousand શબ્દમાં જ a વપરાય છે.

(અમદાવાદ) —નવીન જોશી

'ગઈ કાલ' એ કૅન્સલ થએલો ચેક છે—
એ વટાવી શકાવાનો નથી.

'આવતી કાલ' એ પ્રૉમિસરી નોટ છે—
એનો ભરોસો નહિ.

'આજ' એ હાથ પરની રોકડ છે—
એને કાળજીથી વાપરજો.



ટિકિટકથા: ચોરસ કે લંબચોરસ આકાર છોડીને ઈ. ૧૮૫૦માં બ્રિટિશ ગીઆનાએ સૌ પ્રથમ ગોળ ટિકિટ બહાર પાડેલી. ત્રણેક વર્ષે પછી પોતાના અભણ માણસો ઝટ પારખી શકે એ માટે કેઈપ ઑવ ગુડ હોપે દુનિયાની સૌ પ્રથમ ત્રિકોણ ટિકિટો બનાવી. કોલંબિયાએ ૧૮૬૯માં અસમભુજ ત્રિકોણ ટિકિટો કાઢી, ને કોસ્ટારિકાએ સકરપારા આકારની (મેસૂર ભાતની). પણ થેસલી (ગ્રીસ)ની આ અષ્ટકોણાકાર ટિકિટ ૧૮૯૮નું એક કૌતુક હતી. શોભનખંચિત ઈસ્લામી લેખનકળાનો એ એક સરસ નમૂનો છે.



'ઇલેક્ટ્રિક ઈલ' નામની માછલી લગભગ દસેક ફૂટ જેટલી લાંબી વધી શકે છે. એના શરીરમાં ત્રણ ઠેકાણે વીજળીના જેવા ઝાટકા લગાડે એવા અવયવો હોય છે, જેના વડે એ પોતાના શિકારને બેભાન બનાવી દે છે. જેટલી ઝડપે તે પાણીમાં આગે ધસી શકે છે એટલી જ ઝડપે તે પાછી પણ સરકી શકે છે, ને સંપૂર્ણ અંધકારમાં પણ એ આસપાસના શિકારને ઓળખી શકે છે.